
Tire Tire Narmada (Gujarati)

Amrutlal Vegad

નર્મદાત્રયીનું ત્રીજું પુસ્તક

તીરે તીરે નર્મદા



અમૃતલાલ વેગડ



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

eBook

જો પોણાંસો અથવા સો વરસ પછી કોઈ દંપતી નર્મદા-પરિક્રમા કરતું દેખાય, પતિના હાથમાં ઝાડુ હોય અને પત્નીના હાથમાં સૂંડલો અને ખૂરપી; પતિ ઘાટોની સફાઈ કરતો હોય અને પત્ની કચરાને લઈ જઈને દૂર ફેંકતી હોય અને બંને વૃક્ષારોપણ પણ કરતાં હોય, તો સમજી લેવું કે એ અમે જ છીએ-કાન્તા અને હું.

કોઈ વાદક વગાડતાં પેહલાં મોડે સુધી પોતાના સાજનો સૂર મેળવે છે, તેમ આ જન્મે તો અમે નર્મદા-પરિક્રમાનો સૂર જ લગાડી રહ્યાં હતાં. પરિક્રમા તો આવતે જન્મેથી કરીશું.

અમૃતલાલ વેગડ

તીરે તીરે નર્મદા

અમૃતલાલ વેગડ



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
પુસ્તક પ્રકાશક અને વિક્રેતા
૧૧૦/૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ
અર્થબાગ
મુંબઈ ૪૦૦ ૦૦૨
ટેલિ. (૦૨૨) ૨૨૦૧૩૪૪૧
"દ્વારકેશ"
રૉયલ ઍપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર
અમદાવાદ ૩૮૦ ૦૦૧
ટેલિ. (૦૭૯) ૨૫૫૦૬૫૭૩
Web : www.rrsheth.com
E-mail : sales@rrsheth.com

Tire Tire Narmada, *Travelogue*
Written by Amritlal Vegad
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.,
Mumbai □ Ahmedabad

EISBN

૧૮૩૬, રાઈટ ટાઉન, જબલપુર-૨ મ. પ્ર.

પ્રકાશક
ભગતભાઈ ભુરાલાલ શેઠ
આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.
મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧
Web : www.rrsheth.com
E-mail : sales@rrsheth.com



અર્પણ

ભણતર પૂરું કરીને શાંતિનિકેતનથી ઘરે આવતાં પહેલાં ગુરુ
આચાર્ય નન્દલાલ વસુના
આશીર્વાદ લેવા ગયો. ચરણસ્પર્શ કરીને બેઠો તો એમણે કહ્યું :
બેટા, જીવનમાં સફળ ન થજે, તારું જીવન સાર્થક કરજે.
ગુરુવર !
સૌંદર્ય જોવાની દૃષ્ટિ આપે આપી
પ્રકૃતિ પ્રત્યે વિસ્મયનો ભાવ પણ આપે જ જગાવ્યો
પરિક્રમા માટેનું પાથેય આપની પાસેથી જ મળ્યું.

આપની આજ્ઞાનું પાલન ઢંગથી ન કરી શક્યો;
તેમ છતાં, જેવાં છે તેવાં આ પરિક્રમા પુસ્તકો
આપની પાવન સ્મૃતિને અર્પણ કરું છું
અને પોતાને કૃતાર્થ અનુભવું છું.

લેખકનાં પુસ્તકો

ગુજરાતી : પરિક્રમા નર્મદા મૈયાની, સૌંદર્ય નદી નર્મદા, તીરે તીરે નર્મદા, થોડું સોનું થોડું રૂપું, સ્મૃતિઓનું શાંતિનિકેતન, નદિયા ગહરી નાવ પુરાની, સરોવર છલી પડ્યાં !

હિન્દી : સૌંદર્ય કી નદી નર્મદા, અમૃતસ્ય નર્મદા, તીરે તીરે નર્મદા

મરાઠી : સૌંદર્યવતી નર્મદા, અમૃતસ્ય નર્મદા, સ્મૃતિતીલ શાંતિનિકેતન, તીરે તીરે નર્મદા

બંગાળી : સૌંદર્યેર નદી નર્મદા, અમૃતસ્ય નર્મદા, તીરે તીરે નર્મદા

અંગ્રેજી : Narmada : River of Beauty (Penguin)

અમૃતલાલ વેગડ દેશના પહેલા ચિત્રકાર-લેખક છે જેમણે નર્મદાની પૂરી પરિક્રમા કરી છે અને પરિક્રમા-ચિત્રોનાં અનેક એકલ પ્રદર્શનો કર્યાં છે. આ પહાડી નદીમાં એક કવિતા છે જે વેગડે જોઈ છે અને પોતાની કૃતિઓમાં ઉતારી છે. એમનાં બે પુસ્તકો "પરિક્રમા નર્મદા મૈયાની" અને "સૌંદર્ય નદી નર્મદા' 'માં પ્રકૃતિનું – અને સંસ્કૃતિનું – મનોરમ ચિત્રણ છે. એમાં નર્મદાકાંઠાના જનજીવનની એક માર્મિક અંતઃછવિ પણ છે. "થોડું સોનું, થોડું રૂપું", "સ્મૃતિઓનું શાંતિનિકેતન", "નદિયા ગહરી, નાવ પુરાની" અને "સરોવર છલી પડ્યાં !" એમનાં નિબંધસંગ્રહો છે.



મૂળ વતન કચ્છ – ગુજરાત. જન્મ જબલપુર (મ.પ્ર.)માં ૩-૧૦-૧૯૨૮. શાન્તિનિકેતનના કલાભવનમાં ચિત્રકળાનો અભ્યાસ ૧૯૪૮થી ૧૯૫૩. નર્મદાકાંઠાની ૪૦૦૦ કિ.મી.ની કઠણ પદયાત્રા. ચિત્રકળા માટે મધ્યપ્રદેશ શાસનના પ્રતિષ્ઠિત "શિખર સન્માન"થી સન્માનિત. હિન્દી પુસ્તક "સૌંદર્યકી નદી નર્મદા"ને મધ્યપ્રદેશ સાહિત્ય પરિષદનો અખિલ ભારતીય પુરસ્કાર, હિન્દી પુસ્તકો "સૌંદર્યકી નદી નર્મદા" અને "અમૃતસ્ય નર્મદા" માટે મધ્યપ્રદેશ શાસનનું રાષ્ટ્રીય શરદ જોશી સન્માન. ગુજરાતી પુસ્તકો "પરિક્રમા નર્મદા મૈયાની" અને "સૌંદર્ય નદી નર્મદા' 'ને ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક. "સૌંદર્યની નદી નર્મદા' 'ને કેન્દ્રીય સાહિત્ય

અકાદમી દિલ્હીનો પુરસ્કાર. પરિક્રમાનાં હિન્દી પુસ્તકોને કેન્દ્રીય હિન્દી સંસ્થાનનો મહાપંડિત રાહુલ સાંકૃત્યાયનું પુરસ્કાર અને મ.પ્ર. હિન્દી ગ્રંથ અકાદમીનું ડૉ. શંકર દયાલ શર્મા સૃજન સન્માન. વારાણસીમાં વિધાનિવાસ મિશ્ર સ્મૃતિ સન્માન. ગુજરાત સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર.

૧૮૩૬, રાઈટ ટાઉન, જબલપુર-૨ (મપ્ર.)
ફોન : ૦૭૬૧-૨૪૧૦૪૩૪

પ્રસ્થાનત્રયી

કોણ જાણે કોણે અને ક્યારે નર્મદાની પ્રથમ પરિક્રમા કરી અને એક પરંપરાનો પ્રારંભ કર્યો. આમ પરિક્રમા અસ્તિત્વમાં આવી અને આજે પણ ચાલી રહી છે. આનો અર્થ એ થયો કે સમાજને એની જરૂર છે. એ નિરર્થક નથી. નિરર્થકતા સદીઓ સુધી ચાલી ન શકે.

શરૂનાં વર્ષોમાં આમાં કેવું તો જોખમ રહ્યું હશે ! ગાઢ જંગલ, હિંસક પશુ ને દુર્ગમ માર્ગ. આ ખતરો જોકે હવે ઓછો થઈ ગયો છે, છતાં સાવ ઓછો તો નથી જ થયો. ૩ વર્ષ, ૩ મહિના અને ૧૩ દિવસ સુધી ભિક્ષા માગતાં ને ઉઘાડે પગે ચાલતાં લગભગ પોણા ત્રણ હજાર કિલોમીટરનો પંથ કાપવો કાંઈ સાધારણ તપસ્યા તો નથી. ખરા બપોરની રેતી પરકમ્માવાસીના પગના તળિયામાં ફોડલા પાડી શકે છે. બાવળના કાંટા ભોંકાઈ શકે છે. સર્પદંશનો ભોગ થઈ શકે છે. કોઈ વાર ભૂખ્યાપેટે સૂવું પડે છે. આ અભિયાન આસ્થા, અપરિગ્રહ, ધીરજ અને કષ્ટ સહન કરવાની અપાર ક્ષમતાની માગ કરે છે. કુટુંબનો મોહ છોડવો પડે છે તેમ મૃત્યુના વરણ માટેય તૈયાર રહેવું પડે છે અને પરકમ્માવાસી આ કઠણ યાત્રા કરે છે નિજાનંદ ખાતર, પોતાના આત્માની સંતુષ્ટિ ખાતર. પરિક્રમા માટે એને કોઈ ચંદ્રક મળવાનો નથી તેમ છતાં દર વર્ષે હજારો ભાવિકો આનંદપૂર્વક આ કપરું કાર્ય કરી રહ્યા છે. કેટલાક તો બબ્બે, ત્રણ-ત્રણ કે એથીય વધુ વાર પરિક્રમા કરે છે.

મને લાગે છે કે આની પાછળ પુણ્ય અર્જિત કરવાની ધાર્મિક ભાવના ઉપરાંત "ચરૈવેતિ"ની આધ્યાત્મિક પ્રેરણા પણ રહી હશે. "ચરૈવેતિ"ની ભાવના માણસને દુર્ગમમાં દુર્ગમ સ્થળે લઈ જાય છે – ચાહે એ તીર્થાટનના રૂપે હો, પર્યટનના રૂપે હો અથવા પર્વતારોહણના રૂપે. આ યાત્રાઓ રહસ્યમય ઢંગથી આપણા જીવનને સમૃદ્ધ કરે છે. નિસ્સંદેહ આમાં જોખમ છે; પણ માણસ જોખમ ખેડવા ચાહે છે, પોતાના સામર્થ્યને ચકાસવા ઇચ્છે છે, પોતાનું પારખું કરવા ચાહે છે. ભ્રમણ-લાલસા સદૈવ રહી છે અને સદૈવ રહેશે. પરિક્રમા એનો જ પાવન પ્રકાર છે.

જ્યાં સુધી આ વિશાળ દેશને આપણે એની સમસ્ત ખૂબીઓ સાથે નજરે નહીં જોઈએ ત્યાં સુધી એના પ્રત્યેનો આપણો પ્રેમ શાબ્દિક જ રહેવાનો. પરિક્રમા, તીર્થાટન તેમ જ પર્યટન દ્વારા આપણે આપણા દેશ સાથે જોડાઈએ છીએ. પ્રકૃતિપ્રેમ દેશપ્રેમનું પહેલું પગથિયું છે.

આકાશનાં વાદળ આપણને અહીં ઘેરબેઠાં પાણી આપી જાય છે. પરંતુ જંગલ, નદી, પહાડ, હરિયાળાં ખેતરો અથવા રાતના તારા કાંઈ આપણા ઘેર નથી આવી શકતા. આપણે જ એમની પાસે – પ્રકૃતિ પાસે – જવું જોઈએ. આપણે માત્ર જડ નથી, ચેતન પણ છીએ. આ ચેતનને એનો ખોરાક નિસર્ગ પાસેથી જ મળશે. આપણી ભૌતિક જરૂરિયાતો બદલાતી રહે છે; પણ ભાવનાત્મક જરૂરિયાતો તો એની એ જ રહે છે. ભૌતિક જરૂરિયાતો ભલે શહેર પૂરી પાડે, પણ ભાવનાત્મક આવશ્યક્તાઓની પૂર્તિ માટે નિસર્ગ વચ્ચે જવું ખૂબ જરૂરી છે. નિસર્ગ એ ઈશ્વરનો છૂટો પડેલો અંશ છે.

નર્મદા પદયાત્રાઓનો આરંભ મેં ૧૯૭૭માં કરેલો અને ૧૯૯૯માં પૂરી પરિક્રમા કરી લીધી – એક સાથે નહીં, કટકે કટકે. આનાં બે પુસ્તકો આવ્યાં – પરિક્રમા નર્મદા મૈયાની અને


સૌંદર્યની નદી નર્મદા. પરંતુ હું નર્મદાના સંમોહનનો શિકાર થઈ ચૂક્યો હતો. નર્મદાના સૌંદર્યલોકમાંથી બહાર નીકળવા જ નહોતો ઇચ્છતો. એથી ૩ ઑક્ટોબર, ૨૦૦૨ના જેવું મને પંચોતેરમું બેઠું કે મેં નર્મદાની પદયાત્રાઓ ફરી શરૂ કરી દીધી. ત્રણ સહાયક નદીઓની પરિક્રમા પણ કરી. આ યાત્રાઓમાં પત્ની કાન્તા સાથે ચાલી. એ સવા હજાર કિલોમીટર પગે ચાલી. આ જ યાત્રાઓનું વૃત્તાંત છે આમાં. “પરિક્રમા નર્મદા મૈયાની”, “સૌંદર્યની નદી નર્મદા” અને “તીરે તીરે નર્મદા” – આ મારી પ્રસ્થાનત્રયી છે.

પ્રથમ પદયાત્રા ૧૯૭૭માં અને છેલ્લી ૨૦૦૯માં કરેલી. આ ૩૩ વર્ષોમાં ૪,૦૦૦ કિલોમીટરથીય વધુ ચાલ્યો. પ્રથમ યાત્રા વેળા ૫૦નો હતો અને છેલ્લી યાત્રા વેળા ૮૨નો. આજે જ્યારે એના વિશે વિચાર કરું છું ત્યારે મને જ આશ્ચર્ય થાય છે કે આ યાત્રાઓ હું કેમ કરીને કરી શક્યો. હું કાંઈ બલિષ્ઠ બાંધાવાળો પહેલવાન નથી. સળેખડા જેવું શરીર છે મારું. તેમ છતાં તાપ-તડકાની પરવા કર્યા વિના ચાલ્યો. પરંતુ હવે વધુ યાત્રાઓ કરવી મારે માટે સંભવ નથી. આ શરીર પાસે મારે આનાથી વધુની માગ કરવી ન જોઈએ. આ સિલસિલો આખરે ક્યાંક તો થોભવો જોઈએ. આ કામ હવે હું યુવકોને સોંપું છું.

નવી પેઢી તૈયાર થઈ ચૂકી છે. એવા કેટલાય લોકો છે જેઓ આ પુસ્તકોમાંથી પ્રેરણા લઈને નર્મદાની ખંડયાત્રાઓ કરી રહ્યા છે. (નર્મદાને સંક્ષિપ્ત યાત્રા પણ સ્વીકાર્ય છે.) નર્મદા પદયાત્રાઓમાં નવી નવી કૂંપળો ફૂટી રહી છે. પીળાં પડી ગયેલ પાંદડાંએ હવે ખરી જવું જોઈએ.

૧૮૩૬, રાઈટ ટાઉન,
જબલપુર-૨, મ.પ્ર.

અમૃતલાલ વેગડ



ग्रामे वा यदिवारण्ये रम्या सर्वत्र नर्मदा

ક્રમ

સહાયક નદીઓ

પરિશિષ્ટ

૧. મારા સહયાત્રી

પેલા વૃદ્ધ જો મારી સામે હોત, તો એમનાં ચરણોમાં મારું માથું હોત અને એમના આશીર્વાદ લઈને જ આ બીજી વારની પરિક્રમા પર નીકળત.

૧૯૮૦ની વાત છે. હું પરિક્રમામાં ચાલી રહ્યો હતો. સામેથી એક વૃદ્ધ પરકમ્માવાસી આવી રહ્યા હતા. મેં પૂછ્યું, ''તમે ઊલટા કેમ ચાલી રહ્યા છો ?'' એમણે કહ્યું, ''મારી જલેરી પરિક્રમા છે. આમાં સમુદ્ર ન ઓળંગાય. આથી બેવડી પરિક્રમા થાય છે.''

હું ચકિત. પંચોતેર વર્ષની ઉંમરના આ વૃદ્ધ કોઈના પણ સાથ-સંગાથ વિના કેવી કપરી પરિક્રમા કરી રહ્યા હતા ! એકલા ચાલવાનું સાહસ હું ક્યારેય ન કરી શક્યો અને આ વૃદ્ધ એકલા, અટૂલા, નિ:સંગ, અકિંચન ચાલી રહ્યા છે ! તે જ દિવસે નક્કી કર્યું કે જો હું ૭૫ સુધી પહોંચીશ તો નર્મદાકાંઠાની પદયાત્રા પર ફરીથી નીકળીશ. પરંતુ ૭૫ની ઉંમર ખૂબ દૂર હતી – ૨૨ વરસ દૂર ! ત્યાં સુધી પહોંચું અથવા ન યે પહોંચું !

સમય એની રફતારથી ચાલતો રહ્યો. ૩જી ઑક્ટોબર, ૨૦૦૨ના દિને ૭૫મા વર્ષમાં પ્રવેશ કરી ગયો. નર્મદાની પદયાત્રા ૧૯૭૭માં શરૂ કરેલી. એને આ વર્ષે ૨૫ વર્ષ પૂરાં થઈ જશે. પદયાત્રાની રજત જયંતી તો ફરી પરિક્રમા શરૂ કરીને જ ઊજવી શકાય. આ બે તિથિઓ યાત્રાની નિમિત્ત ભલે થઈ, પરંતુ વાસ્તવિક કારણ એ છે કે નર્મદા સૌંદર્યની સીમમાંથી હું બહાર નીકળવા જ નથી ઈચ્છતો. વારંવાર ત્યાં જ જવા ચાહું છું – વહાણનાં પંખીની જેમ.

કાન્તાએ પહેલેથી જ કહી રાખ્યું હતું કે હું સાથે ચાલીશ. અશોક તિવારી મારી જોડે પહેલાં પણ ચાલી ચૂક્યો છે. સાથે ચાલવા મુંબઈથી ચાર જણ આવી રહ્યાં છે. રમેશભાઈ શાહ, પત્ની હંસાબહેન, પુત્ર સંજય અને આ કુટુંબનાં મિત્ર ગાર્ગી દેસાઈ. એમણે મારાં પરિક્રમા પુસ્તકો વાંચ્યાં છે, આટલા પરથી જ આવી રહ્યાં છે. વાચક જો સહયાત્રી બને તો કોઈ પણ લેખક માટે આનાથી વધુ આનંદની વાત બીજી કઈ હોઈ શકે ?

દિલ્હીથી અપોલો હૉસ્પિટલના ડૉ. અખિલ મિશ્ર પણ આવવાના છે. એ મારાં હિન્દી પુસ્તકો વાંચીને આવી રહ્યા છે. એમનું દર વરસે કોઈ ને કોઈ સેમિનારમાં વિદેશ જવાનું થાય છે. રમેશભાઈ અને હંસાબહેન ૨૦ વર્ષ સુધી યુરોપમાં રહેલાં. ગાર્ગીબહેન ૧૪ વર્ષ રહેલાં. આ બધાં નર્મદાની દુર્ગમ કેડીઓ પર ચાલશે, ભોંય પર સૂશે અને ટાઢ-તડકો વેઠશે. કેટલું સુખ મળે છે એ જાણીને કે કોઈક બીજું – સર્વથા અપરિચિત – મારા પર ભરોસો કરે છે અને મારી સાથે ચાલવા તૈયાર છે. એ જોઈને પણ ખુશી થાય છે કે નર્મદા સૌંદર્યની છોળો દૂર દૂર સુધી જઈ રહી છે.

૫મી ઑક્ટોબર, ૨૦૦૨ના રોજ બપોરે બે વાગ્યે અમે બધાં બસ-સ્ટૅંડ જઈ પહોંચ્યાં. ત્રણ કલાકમાં મંડલા જઈ પહોંચ્યાં. ત્યાંથી વીસ કિલોમીટર દૂર આવેલ સંતોની ટેકરી જેવા ગુરુસ્થાને પહોંચતાં રાત થઈ ગઈ. મંદિરની ઓસરીમાં સૂતાં. થોડી વારમાં જ નસકોરાં સંભળાવા લાગ્યાં. એકનાં બંધ થતાં બીજાનાં શરૂ થઈ જતાં. નસકોરાંની અંત્યાક્ષરી જ જોઈ લો ! ક્યારેક જુગલબંધી પણ થઈ જતી. આ દોડમાં હું પણ સામેલ હતો. આપણને બીજાંનાં નસકોરાં તો સંભળાય, આપણાં પોતાનાં જ ન સંભળાય ! આ કેવો અન્યાય કહેવાય ! પરંતુ આપણે આપણો ચહેરો પણ ક્યાં જોઈ શકીએ છીએ ? જેમ આપણો ચહેરો બીજાઓ માટે છે

તેમ આપણાં નસકોરાં પણ બીજા માટે છે !

વહેલી પરોઢે નીચેનાં ખેતરો ઉપર લહેરાતા ધુમ્મસને જોતો રહ્યો. ધૂસર ધૂંધમાં ધુમ્મસ ઓઢેલાં ખેતરો કેટલાં પાવન લાગી રહ્યાં હતાં !

મને હંમેશાં લાગ્યું છે કે નિસર્ગના સૌંદર્યમાં એક પાવન ભાવ હોય છે. માનવ-નિર્મિત સૌંદર્યમાં સદા આવું નથી હોતું. પાવન હોવું તો દૂર, કેટલીયે વાર તો એ શ્લીલ પણ નથી હોતું. બલકે દિવસો દિવસ એનું મુખડું અશ્લીલતા ભણી થતું જાય છે. અને આપણે કાંઈ કહી પણ નથી શકતા કેમ કે આ બધું થાય છે કળાના નામે !

ફગનુ રાત્રે જ આવી ગયો હતો. સાઠ વરસનો છે પણ યુવાન જેવો બલિષ્ઠ અને કદાવર છે. દાંત પડી જવાથી ઉંમર કરતાં વધુ વૃદ્ધ લાગે છે. આ એ જ ફગનુ છે જે અંગ્રેજ પરિક્રમાવાસી મેરિઆટા મૅડ્રલ સાથે અમરકંટક સુધી ગયેલો. મેરિઆટાએ પોતાનું નામ મીરાં રાખ્યું છે. મીરાંએ જ મને કહેલું કે ફગનુને સાથે લેજો. પરંતુ અમને બે સહાયકોની જરૂર હતી એથી ઘનશ્યામને પણ લીધો. ફગનુ, ઘનશ્યામ અને ગરીબો ત્રણે ગોંડ છે.

આખો દિવસ ટેકરી ઉપર જ રહ્યાં. નાના આકારના લીધે આ ટેકરી પેપરવેટ જેવી જણાતી હતી. આજુબાજુનાં ખેતરો ક્યાંક ઊડી ન જાય એ માટે એના ઉપર રાખેલું પહાડી પેપરવેટ !

રાતનું અંધારું ઘેરાવા લાગ્યું. થોડી વારમાં દિલ્હીથી ડૉ. અખિલ મિશ્ર પણ આવી ગયા. એમને લઈને આવ્યાં છે અરવિંદ અને મંજરી. બંને મંડલાની કૉલેજમાં પ્રોફેસર છે. મેં એ પૂછવાની ધૃષ્ટતા ન કરી કે એ બેમાં કોણ સિનિયર અને કોણ જુનિયર. આમ કરવા જતાં ક્યારેક બહુ ગરબડ થઈ જાય છે. એક વાર અમારા પાડોશી વર્માજીને ઘેર ગયેલો. પતિ-પત્ની બંને વકીલ. મેં શ્રીમતી વર્માને પૂછ્યું, ‘‘કેમ વર્માજી દેખાતા નથી ?’’ તો કહે, ‘‘એ કોર્ટ ગયા છે.’’ મેં પૂછ્યું, ‘‘તમે કેમ નથી ગયાં ?’’ તો કહે, ‘‘મારી રજા છે.’’ વળી પૂછ્યું, ‘‘એમની કેમ નથી ?’’ તો મૃદુ હાસ્ય વેરતાં બોલ્યાં, “વર્માજી લોઅર કોર્ટમાં છે. હું તો હાઈકોર્ટમાં છું !’’ ત્યારથી હું નથી પૂછતો કે પતિ-પત્નીમાંથી કોણ સીનિયર અને કોણ જૂનિયર.

તા. ૭-૧૦-૨૦૦૨ની સવારે અમે ટેકરી પરથી નીચે ઊતર્યાં અને ત્રણ કિલોમીટર દૂર નર્મદા ઉપર આવેલા માનોટના પુલ તરફ ચાલી નીકળ્યાં.

નર્મદાને જોતાં જ મારું હૃદય માધુર્યથી છલકાઈ ગયું. કેવું વાત્સલ્ય વેરતી વહે છે એ ! ઘાટ પર સૌએ સ્નાન કર્યું, દીપ પ્રવાહિત કર્યા અને ‘‘નર્મદે હર !’’ના ઘોષ સાથે ચાલી નીકળ્યાં. હું હળવેથી બોલ્યો, ‘‘નર્મદા ! તું બીજાઓ માટે ભલે નર્મદા હો, મારે માટે તો મોક્ષદા છો !’’



૨. માનોટથી કુટરઈ

ક્ષણે-ક્ષણે દૃશ્ય બદલાતું રહે છે. હર પળે કોઈ નવો વળાંક, કોઈક નવી ભેખડ અથવા નાના ધોધ સામે આવી જાય છે. નર્મદા પોતાની અથક ગતિશીલતાની સાથે વહી રહી છે. પંખીઓનો કલરવ વાતાવરણને ભર્યું ભર્યું કરી દે છે. આપણે જો પ્રકૃતિ ભણી દોસ્તીનો હાથ લંબાવીએ, તો એ આપણને કેટકેટલું આપવા તત્પર હોય છે !

મારા સાથીઓનો હરખ માતો નથી. થોડા દિવસો પહેલાં જ તેઓ મહાનગરોની ધમાલમાં, ઘોંઘાટ અને કોલાહલમાં ગળાડૂબ હતા. હવે તેઓ વનો, પહાડો અને હર્યાંભર્યાં ખેતરો નિહાળી રહ્યાં છે. ફરફર હવા માણી રહ્યાં છે. નદીથી લાગેલી ઊબડખાબડ વાંકીચૂંકી પગદંડી પર પગે ચાલવાના સુખનું તો કહેવું જ શું ! વળી અમે એકલદોકલ પણ નથી. બાર જણાંનું હસતું રમતું ને કિલ્લોલ કરતું દળ છે અમારું. એક નાનીશી શોભાયાત્રા જ સમજોને !

સાંજે સંકરી પહોંચ્યાં. સરપંચના ઘરે રાત રહ્યાં. ડૉ. મિશ્ર સ્ટેથોસ્કોપ અને પુષ્કળ દવાઓ લઈને આવ્યા હતા. જેમ જેમ લોકોને જાણ થતી ગઈ કે અમારા દળમાં એક ડૉક્ટર પણ છે, તેમ તેમ રોગીઓની ભીડ વધતી ગઈ. એ એમને માત્ર તપાસતા જ નહીં, દવા પણ આપતા અને આ બધું તેઓ વિશુદ્ધ સેવાભાવથી પ્રેરાઈને કરી રહ્યા છે.

નવરાત્રિનો આજે પહેલો દિવસ છે. અમારા દળની ત્રણે મહિલાઓ ગુજરાતી છે. એટલે એમણે ગારમાટીના ઘરના ખુલ્લા આંગણામાં ગરબા લેવા શરૂ કર્યા. ત્યાંની સ્ત્રીઓ થોડી વાર સુધી તો કુતૂહલથી જોતી રહી, પછી એક એક કરીને આમાં સામેલ થઈ ગઈ. એમણે ત્યાંનાં લોકગીતો પણ સંભળાવ્યાં. સાંસ્કૃતિક આદાન-પ્રદાન !

સરપંચના ભત્રીજાએ એક વાત સંભળાવી–

દસેક વરસ પહેલાંની વાત છે. શિયાળાના દિવસો હતા. આજ આંગણામાં અમે આગ તાપી રહ્યાં હતાં. ત્યાં એક બાવો આવ્યો. કહે મને નોટ બમણી કરવાની વિદ્યા આવડે છે. અમે નોટ આપતા તો એ એને રાખની ઢગલીમાં દાટી દેતો, અમને આંખ બંધ કરવાનું કહેતો, મંત્ર ભણતો, પછી રાખમાંથી બેવડી નોટો કાઢી દેતો ! મારા તાઉજી (મોટા બાપુજી) લાલચમાં લપટાણાં. જ્યાં ત્યાંથી માગીને વીસ હજાર રૂપિયા લઈ આવ્યા. એણે એ રાખમાં દાટી દીધા. અમને સૌને આંખો બંધ કરવાનું કહ્યું. થોડી વાર પછી કહે કે એક જડીની કમી થકી નોટોમાં રંગ નથી આવી રહ્યો. એ લેવા મારે જંગલ જવું પડશે. કોઈકને મારી સાથે મોકલો. એક જુવાનને એની સાથે મોકલવામાં આવ્યો. ઘણી વાર થઈ તોય એ પાછો ન આવ્યો. અમને શક ગયો. આંખો ખોલીને રાખની ઢગલી ફંફોસી તો એમાંથી કાંઇ ન નીકળ્યું ! સાથેના જુવાનને થાપ આપીને એ નાસી ગયો હતો. આમાં તાઉજીનું એક ખેતર વેચાઈ ગયું.

ગ્રામીણોના અજ્ઞાનનો ફાયદો ઉઠાવનારા ઠગોની કમી નથી. માત્ર ગામડાંઓમાં જ આવું નથી થતું; શહેરોમાં, બજારોમાં, બૅન્કોમાં, ટ્રેનોમાં, ફ્લૅટોમાં – કઈ જગ્યા આ ધૂર્તોની ચુંગલમાંથી બચી શકે છે ? જ્યાં લોભી હશે ત્યાં ધુતારા રહેવાના જ – શું ગામ, શું શહેર.

સવારે ચાલી નીકળ્યાં. થોડી વારમાં ગાઢ જંગલ શરૂ થઈ ગયું. નદીના બંને કાંઠે હરિયાળાં વૃક્ષો છે. સામેનો વનાચ્છાદિત કાંઠો સાવ નજીક આવી ગયો છે. મહિલાઓ વહેલી સવારે જ નાહી લે છે, પરંતુ આ મનોરમ સ્થળે એમણે ફરી સ્નાન કર્યું. આપણા દેશની

મહિલાઓ બહાર ખુલ્લામાં એવી રીતે સ્નાન કરી શકે છે કે એમના શરીરના એક પણ અંગને દેખાવા ન દે. સારા ગદ્યમાં પણ આ જ વાત હોય છે. એ પોતાના ભીતરની કવિતાનો દેખાડો ન કરે.

નદીકાંઠેનાં ઘટાદાર વૃક્ષો નીચે મહિલાઓએ રાંધ્યું-પકવ્યું. આ હતું અસલી વનભોજ !

રાત દુપટાસંગમમાં રહ્યાં. સવારે ચાલવું શરૂ કર્યું. નદી પડખેની કેડી ખૂબ ખતરનાક હતી – એટલી સાંકડી ને લપસણી કે રમેશભાઈ તો ત્યાં ચાલી જ ન શકે. એમના પગના અંગૂઠામાં ફોલ્લો નીકળી આવ્યો હતો અને બહુ પીડી રહ્યો હતો. સંજોગવશાત ત્યાં જ એક હોડકું મળી ગયું. જાણે ખાસ રમેશભાઈ માટે આવેલ ચાર્ટર્ડ હોડકું !

ત્રીજે પહોરે ચકદેહી પહોંચ્યાં. આજે ત્યાંનું સાપ્તાહિક બજાર છે. આગળ ચાલવું સંભવ ન હોવાથી રમેશભાઈ અને હંસાબહેન અહીંથી જબલપુર ચાલ્યાં જશે.

સામેના કાંઠેથી કેટલાય ગ્રામીણો નર્મદાને પગપાળા ઓળંગીને બજાર કરવા આ કાંઠે આવી રહ્યા હતા. સાંજ થતાં મારા બચપણના મિત્ર પ્રેમદાસ શર્મા અમારા ખબરઅંતર પૂછવા ઠેઠ દિલ્હીથી આવ્યા. સવારે ખાપા સુધી અમારી જોડે પગપાળા ચાલશે, પછી એમની જીપમાં પાછા જશે. અમે એમની જીપમાં રમેશભાઈ અને હંસાબહેનને અત્યારે જ જબલપુર મોકલવાની ગોઠવણ કરી. સાથે સંજય જશે. મધરાત પહેલાં તો મૂકીને પાછો આવી જશે.

વિદાય લેતી વેળા રમેશભાઈએ મને ગળે લગાડ્યો. એમની આંખોમાંથી આંસુ ટપકી પડ્યાં. હું પણ ભાવ-વિહ્વળ થયો. અવરુદ્ધ કંઠે બોલ્યો, “તમે મારો કેટલો ભરોસો કર્યો !”

રમેશભાઈ દરેક વાત માટે હંસાબહેન ઉપર નિર્ભર રહેતા. જ્યાં પગદંડી ખતરનાક થઈ જતી, ત્યાં હંસાબહેન એમને સહારો આપતાં અને કાળજીપૂર્વક એ જગ્યા પાર કરાવી દેતાં. એક પળ માટે પણ સાથ નહોતાં છોડતાં. અમે એ બંનેના પ્રેમ અને સમર્પણના ભાવ જોઈને મુગ્ધ થયા વગર રહી ન શક્યા.

પ્રભાતને ચઢતે પહોરે ચાલી નીકળ્યાં. ખાપાની ગામઠી શાળામાં કોઈક કાર્યક્રમ હતો. શિક્ષકો અને વિદ્યાર્થીઓ એકઠા થયા હતા. શાળા-પ્રાંગણને ધજાપતાકાથી શણગારવામાં આવ્યું હતું. અમને મુખ્ય અતિથિનું ભાષણ પણ સાંભળવા મળ્યું. જ્યારે એ અમને અંતહીન લાગ્યું ત્યારે અમે ત્યાંથી ચાલતાં થયાં. આપણા દેશના વક્તાઓના ભાષણનો આરંભ તો હોય છે, પણ અંત નથી હોતો.

પગદંડીની ધારે ખિલેલાં જંગલી ફૂલોની શોભા જોતાં આગળ ચાલ્યાં. સાંજે ફડકીઘાટ જઈ પહોંચ્યાં. જે કુટીમાં અમે રહ્યાં, એ નર્મદાની ઊભી કરાડમાં બનેલી હતી. ત્યાં ચાર-પાંચ બાવા લાઉડસ્પીકર લગાવીને ચોપટ સૂરમાં ભજન ગાઈ રહ્યા હતા. એમનો કાર્યક્રમ મોડે સુધી ચાલશે અને અમને લાઉડસ્પીકરની ઊંચી ઘરઘરાટમાં જ સૂવું પડશે.

પહાડો વચ્ચેથી વહેતી નર્મદાએ અહીં કેવો તો સુંદર વળાંક લીધો છે ! આ કુટી જાણે નર્મદા સૌંદર્ય જોવાનો ઝરૂખો ન હોય !

અહીંથી પગદંડી ખૂબ સાંકડી, ચઢઊતરવાળી અને વળાંકદાર છે. અણિયાળા પથ્થરોના લીધે પડી જવાનો ભય રહે છે. નવાઈની વાત એ છે કે મહિલાઓને કેડી ક્યાંય અઘરી ન જણાઈ. કેમ જાણે એમનામાં કોઈ દૈવી શક્તિ આવી ગઈ ન હોય !

આ નીરવ, નિર્જન સંસારમાં અમારાં સિવાય કોઈ જ નથી દેખાતું. ગાર્ગી, સંજય અને ડૉક્ટર હિમાલયમાં ખૂબ ફર્યાં છે. તેઓ કહે છે કે અહીં જેવું નિભૃત એકાંત છે, એવું તો હિમાલયમાંય નથી. ત્યાં ઠેકઠેકાણે પર્યટકોનાં ધાડાં મળશે.

બપોરે મોહનબાબાની કુટીએ પહોંચ્યાં. નર્મદાકાંઠે એક હજામ કોઈકની હજામત કરી

રહ્યો હતો. તિવારીએ એને કહ્યું કે આના પછી મારી હજામત કરજે. પેલાએ કહ્યું, "અમે કાંઈ હજામ નથી, દોસ્ત છીએ, એકબીજાની હજામત કરી રહ્યા છીએ. તમે પણ કોઈકને લઈ આવો, કાંસકો-કાતર અમે આપશું." હવે તિવારીથી ભલા કોણ હજામત કરાવે !

કાંકરિયાળી ને ધૂળથી ભરેલી સડક પર ચાલીને સાંજે કુટરઈ પહોંચ્યાં. ટેકરી ઉપર વસેલું છે એથી આને ટિકરાકુટરઈ કહે છે. રહેવા માટે પ્રાથમિક શાળાની ઓસરી મળી. સામે દુર્ગા પ્રતિમાની સ્થાપના કરવામાં આવી છે. મંચ બનાવવામાં આવ્યો છે. રોજ રામલીલા થાય છે. આજે તાડકાવધ થશે. ગામના છોકરાઓ જ પોતાના કામચલાઉ સાજ-સામાનના સહારે આ કાર્યક્રમો આપે છે. દર્શકોને વિદૂષકની બીહડ હરકતોમાં ખૂબ મજા આવી રહી હતી. જે રામ બન્યો હતો, એ જ દશરથ બન્યો હતો. જે ઊંચો-પૂરો પડછંદ છોકરો તાડકા બન્યો હતો, એ જ વચ્ચે વચ્ચે દાનદાતાઓનાં નામોની ઘોષણા પણ કરતો રહેતો – અમુક તરફથી બે રૂપિયા, અમુક તરફથી પાંચ રૂપિયા. ત્યાં જ એક ધમાકો થયો – મુંબઈથી પધારેલા મહેમાનો તરફથી દોઢ સો રૂપિયા ! આ ઈનામ દિલ્હીથી આવેલા ડૉ. મિશ્રે આપેલું, પરંતુ તાડકાએ એને મુંબઈવાળાઓના ખાતામાં નાખી દીધું. ડૉ. મિશ્ર ત્યાં જ બેઠા હતા, પરંતુ એમને ભૂલસુધારની કોઈ જરૂર ન જણાઈ.

કાર્યક્રમ હજી અડધે જ પહોંચ્યો હતો ત્યાં વીજળી ચાલી ગઈ. એથી તાડકાનો વધ મોકૂફ રાખવો પડયો.

ડૉક્ટર, સંજય અને ગાર્ગી અહીંથી ચાલ્યાં જશે. એમની જોડે કાન્તા પણ જશે. એક લગ્નમાં એનું ગુજરાત જવું જરૂરી છે.

ડૉક્ટર દાદા-નાના બની ચૂક્યા છે, પણ આજેય યુવાન લાગે છે. ખૂબ જ મળતાવડા અને હસમુખા. ચાલવામાં આગળ રહેતા અને પાછળથી આવનારાઓનું તાળીઓ પાડીને સ્વાગત કરતા. રોજ સાંજે એમનો સેવા-યજ્ઞ શરૂ થઈ જતો. આપણા દેશને આવા જ માનવતાવાદી ચિકિત્સકોની જરૂર છે. ડૉક્ટર અને સંજય વચ્ચે પહેલા જ દિવસથી સહજ મૈત્રી બંધાઈ ગઈ હતી. બંને બહુ સારા તૈરાક છે. કલાકથી વહેલા તો પાણીમાંથી નીકળતા જ નહીં. સંજય "આર્ટ ઑફ લિવિંગ"ને સમર્પિત છે અને દેશ-વિદેશમાં એના ક્લાસો લે છે. ૩૯નો છે છતાં એના માટે શરણાઈ બજવાની બાકી છે. અમે રાહ જોઈ રહ્યાં છીએ કે ક્યારે એને – આવા રૂડા રૂપાળા જવાનને – કોઈક યુવતી જોડે પ્રેમ થઈ જાય અને એની કુંવારી જિંદગીનો અંત આવે. દૂબળી-પાતળી ગાર્ગી થોડા સમય પછી સાસુ બનશે, પણ જોવામાં કૉલેજ-ગર્લ જેવી લાગે છે. ગજબની સ્ફૂર્તિ છે. પતંગિયાની જેમ ઊડતી રહે છે. અમે જ્યારે થાકીને લોથ થઈ જતાં ત્યારે એ રસોઈ બનાવવાના કાર્યમાં લાગી જતી.

આ સૌ અહીંથી ચાલ્યાં જશે. આ એ લોકો છે જેમને એક અઠવાડિયા પહેલાં હું જાણતો સુધ્ધાં નહોતો. પારકાં હતાં પણ છ દિવસમાં જ કેવાં પોતાનાં થઈ ગયાં હતાં ! મને ગુરુદેવની એક પંક્તિ યાદ આવી – દૂરકે કોરિલે નિકટ, પરકે કોરિલે ભાઈ. દૂરને નજીક આણ્યાં, પારકાંને પોતાનાં કીધાં.

નર્મદા આ જ તો કરી રહી છે.



૩. કૂટરઈથી છિનગાંવ

"નર્મદે હર ! મિટ્ઠુ, નર્મદે હર !"

જે પણ સામે મળતું, ફગનુ એને "નર્મદે હર !" જરૂર કહેતો. આમાં એ મનુષ્ય અને પક્ષી વચ્ચે ભેદ નથી કરતો. એક ગામમાં પોપટને કહે, "નર્મદે હર ! મિટ્ઠુ, નર્મદે હર !" કદાવર ફગનુનો અવાજ સ્ત્રીઓ જેવો ઝીણો છે અને જ્યારે એ "ન...ર્મ...દે...હ...ર !"શબ્દોને ખેંચીને કહે છે, ત્યારે હજુ વધુ મહીન થઈ જાય છે. હસતી વેળા એનો અવાજ ઝીણો થતાં થતાં ગાયબ જ થઈ જાય છે, પરંતુ ત્યારે જ એનું બોખું મોં બેહદ પ્યારું લાગે છે. ગરીબા જોડે એને સારી મૈત્રી બંધાઈ ગઈ છે.

ફગનુની સવારની દિનચર્યા તપસ્વીઓ જેવી અનુશાસનબદ્ધ છે. ગમે તેટલી ટાઢ હોય, ફગનુ અને ઘનશ્યામ અંધારામાં જ નાહી લે. ફગનુ આખો દિવસ ઉઘાડે ડિલે રહે છે. કચ્છા ઉપર ગૂડા સુધીનો ગમછો (અંગૂછો) રહે છે, બસ. નહાઈને એક હાથની હથેળીમાં બીજા હાથેથી ગોપીચંદન ઘસીને શરીર ઉપર ઠેકઠેકાણે ટીલાંટપકાં કરે છે અને પૂજા કરે છે. ઘનશ્યામ ન તો ઉઘાડે ડિલે રહે છે, ન ઠેરઠેર ટીલાં કરે છે, પરંતુ થોડી વાર માટે પૂજા એ પણ કરે છે. જ્યારે તેઓ પૂજા કરે, ત્યારે વાતાવરણ અગરની સુગંધથી મહેકી ઊઠે. ધોમ તડકામાં ધરતી લોઢી જેવી તપી જાય, છતાં બંને ઉઘાડે પગે ચાલે છે. ફગનુ મજબૂત હાડકાંનો છે. એની છાતીનું પંજર ખૂબ મોટું છે અને પેટને ઠેકાણે મોટો ખાડો છે. દાંત નથી, માત્ર બે રાક્ષસી છે. ખાવામાં જો કોઈ કઠણ ચીજ હોય તો એનો ખાંડણી-દસ્તો હાજર જ છે – પ્યાલાની ખાંડણી અને લાઠીનો દસ્તો ! શીંગાની ચીકીને એ આ રીતે કૂટીને ખાય છે. એની સાથે એક જ ગરબડ છે – એને રાતે ખૂબ ઊધરસ આવે છે, પણ તંબાકુનો એવો બંધાણી છે કે એને છોડી નથી શકતો. મળી જાય તો ગાંજો પણ પી લે.

સિલગી નદી ઓળંગીને કનેરી પહોંચ્યાં. ત્યાં રહેવાની વ્યવસ્થા તો થઈ ગઈ પણ બળતણ નહોતું મળતું. તરત જ ફગનુ વાંદરાની જેમ એક ઝાડ ઉપર ચડી ગયો અને ઈંધણનો ઢગ ખડકી દીધો. દરેક ઝાડમાં સુકાયેલી ડાળખીઓ હોય જ છે. એ જે ઝડપથી ઝાડ ઉપર ચડ્યો હતો એ જોઈને લાગ્યું કે ઘડપણ એની પાસે આવવાની હિંમત નથી કરી શક્યું, પરંતુ ભોળો ઘનશ્યામ તો એનાથીય બે ડગલાં આગળ છે. એક દિવસે પૂછ્યું "ઘનશ્યામ, તારી ઉંમર કેટલી ?"

"હશે સાઠેક વરસ."

"શું કહી રહ્યો છે ?" ફગનુ બોલ્યો, "બાસઠનો તો હું છું અને તું મારાથી બાર વરસ મોટો છે."

સાંભળીને બહુ નવાઈ લાગી. લગભગ મારી ઉંમરનો ઘનશ્યામ કેવો તો ચપળ અને ચુસ્ત છે !

સવારે ચાલતા થયા. કેડીની બંને બાજુ દેખાતાં સિંદૂરી રંગનાં ફૂલ ખૂબ મોહક લાગતાં હતાં. ફગનુ કહે, "આને રામફૂલ કહે છે. બરમસિયા પણ કહે છે કેમ કે એ બારે માસ રહે છે. આની સોટીથી છાપરું છવાય તેમ વાડ પણ થાય."

જેતપુરીમાં કોઈકના ઘરેથી મરઘાની બાંગ સંભળાઈ એટલે ફગનુ બોલ્યો, "નર્મદે હર

! મુર્ગા, ન...ર્મ...દે...હ...ર !'' અહીં એક ઘરેથી એને દહીં મળ્યું. એ ખૂબ જ ખાટું હતું. આને તો એ જ ખાઈ શકે. કહે, ''કાલે છાશ મળી હતી, આજે દહીં મળ્યું તો કાલે ઘી મળશે.'' કેવો પ્રચંડ આશાવાદ !

ખેતરોની હરિયાળી જોતાં ધરાતા નથી. સરસવનાં પીળાં ખેતરો એવાં તો ઝળાંહળાં થઈ રહ્યાં છે કે એની પાસે સોનું બિછાવ્યું હોય તો એ પણ ઝાંખું લાગે !

મારા હાથમાં એક લાઠી આપીને ફગનુ કહે, ''તમને આપવા માટે એક બાબાએ આપી છે. કહે, તમારા સૌના હાથમાં તો લાઠી છે, જેમની પાસે હોવી જોઈતી હતી, એ ઘરડા દાદા પાસે જ નથી. એમને આપજો.'' લાઠી એકાદ દિવસ જ મારી પાસે રહી, પછી આપોઆપ છૂટી ગઈ.

દૂબામાં એક ઘરની બહાર ગલીમાં ઘણી બધી સ્ત્રીઓ બેઠી હતી અને આંગણામાં કેટલાય પુરુષો આપસમાં ગળે મળી રહ્યા હતા. અમને એમ કે આ નવરાત્રનો કાર્યક્રમ હશે, પણ ખબર પડી કે આ તો દશગાત્રનો કાર્યક્રમ હતો. જેના ઘેર ગામલોક એકઠું થયું હતું એણે જ અમને કહ્યું કે માત્ર ત્રણ દિવસના તાવમાં મારો જુવાનજોધ દીકરો મરી ગયો. એનો દુઃખથી વિદીર્ણ ચહેરો જાણે આખાયે ઈલાકાની વેદનાનો પ્રતીક હતો.

આ ઈલાકાના એકે એક કણમાંથી સૌંદર્ય ફૂટે છે, પણ અહીં બધું જ મધુર અને સુંદર નથી. ઘણા ખરા લોકોનાં શરીર હાડકાનાં માળખાં જેવાં છે અને અલ્પ આયુમાં જ મોતનો કોળિયો બની જાય છે. પ્રાથમિક ચિકિત્સાની કંઈ જ સગવડ નથી. લોકો તાવ, ઊલટી અને ઝાડા જેવા સાધારણ રોગોથી ત્રસ્ત રહે છે. આખી યાત્રામાં મને માત્ર એક જ માણસ મળ્યો જેના ઘરે પચીસ વરસ પહેલાં હું રાત રહ્યો હતો, પરંતુ એને લકવો લાગી ગયો હતો અને એના જીવનની જ્યોત લડખડાઈ રહી હતી.

આ બાજુની પથરાળ જમીનમાં કોદો-કુટકી જેવું જાડું અનાજ જ ઊગે છે. કઠણ જમીન, ઓછો વરસાદ અને સિંચાઈનાં સાધનોના અભાવને લીધે ખાસ કંઈ પેદા નથી થતું. ખેતરોમાં હરિયાળી તો છે, પણ ઊપજ નથી. દુકાળ અવારનવાર ખેતીને તહેસનહેસ કરી જાય છે. ગરીબ ખેડૂત કોઈ રીતે પોતાનાં નાનાં ખેતરો ઉપર જીવી રહ્યા છે.

થોડી વારમાં ટાકિનઘાટ (કજલાસંગમ) પહોંચી ગયાં. અહીંનું એકાંત સ્તબ્ધ કરી દેનારું હતું. નર્મદા અહીં પહાડોથી ઘેરાઈ ગઈ છે, જાણે કોઈએ એને પહાડોના વાડામાં પૂરી દીધી ન હોય. આગળ વધવાનો કોઈ માર્ગ ન દેખાતાં એક પળ માટે તો એ ખચકાઈને ઊભી રહી જાય છે, પણ બીજી જ પળે એક તીખો વળાંક લઈને, પહાડોને ન ગણકારતાં, આગળ વધી જાય છે. આના લીધે સામેનો કાંઠો ટાપુ જેવો લાગે છે.

બધું તો છે અહીં – ઊભા પહાડ, નિભૃત એકાંત, બંકો વળાંક, મોટાં વૃક્ષો અને ચારે કોર પથરાયેલો સન્નાટો. નિસર્ગના સૌંદર્યનો આવો થાળ ભલા બીજે ક્યાં મળશે ? અહીં બપોર પહેલાં જ આવી ગયા હતા, આગળ જઈ શકતા હતા, પણ અહીંનું સૌંદર્ય એવું તો લોભામણું હતું કે અહીં જ રહી ગયા. ફક્કડબાબાના શિષ્ય ફટ્ટીવાલે બાબાની કુટી ઊભી પહાડની જરીક અમથી જગ્યામાં બની છે. ફટ્ટીવાલે બાબા પાસેના ગામેથી લાવેલી ભિક્ષા ઉપર નિર્વાહ કરે છે. ભિક્ષામાં આજે એમને મકાઈનાં કણસલાં મળ્યાં હતાં. ભિક્ષાની આ પદ્ધતિ સ્વાગત યોગ્ય છે. તૈયાર લોટ નહીં પણ કણસલાં. આવી ભિક્ષામાં લેનારને ભાગે પણ કરવા માટે કંઈક કામ હોય છે. વાતો થવા લાગી તો બાબા કહે – ગુરુ બિન કોન સહાઈ નરકમેં, ગુરુ બિન કોન સહાઈ. આને સમજાવતાં કહે, ''અદાલતમાં તો વકીલ હોય છે, નરકમાં કોણ છે ? ત્યાં ગુરુ જ આપણો વકીલ છે. એ જ કહે છે કે આ મારો શિષ્ય છે, આને આટલું કષ્ટ ન આપવામાં આવે.''

આપણા દેશમાં કોણ જાણે કેટલીયે રીતે ગુરુવંદના કરવામાં આવી છે. ગુરુને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સુધ્ધાં કહેવામાં આવ્યા છે. ફટ્ટીવાલે બાબા કહે છે કે ગુરુ જઈ રહ્યા હતા સ્વર્ગમાં, પણ પોતાના શિષ્યને નરકમાં જોઈને એ પણ ત્યાં ગયા. એમની આ ઉપમા કેવી તો નવી છે, એકદમ તાજાદમ !

અડધી રાતે પહાડ પાસે અર્ધ ચંદ્રને જોઈને વિશ્વાસ જ ન બેઠો કે આ ચાંદો છે – લાલ ચોળ ચાંદો ! (અડધી રાતે આવો લાલ રંગ ક્યાંથી આવ્યો ?) કેમ જાણે કોઈએ એને ભઠ્ઠીમાં નાખીને તપાવ્યો અને જ્યારે લાલઘૂમ થયો, ત્યારે એને પહાડની એરણ ઉપર રાખી દીધો. પરંતુ એના ઉપર સૂરજનો ઘણ પડે એ પહેલાં જ ચાલ્યો ગયો.

આ સુંદર સ્થળ જોઈને થયું કે આ બની જ ન શકે કે પ્રાચીનકાળના કોઈ ઋષિની નજર આ શાંત, નિર્જન સ્થળ પર પડી ન હોય અને અહીં એણે તપ ન કર્યું હોય. તેમ છતાં કોઈ ઋષિનું નામ આની સાથે સંકળાયેલું નથી કે નથી કોઈ દંતકથા. થયું, હું જ એક વહેતી કાં ન કરું ?

પોતાના હિમાલય-પ્રવાસ પછી ઋષિ દયાનંદ કાશી ગયા અને ત્યાંથી નર્મદા-ઉદ્‌ગમ ભણી ગયા. નર્મદાક્ષેત્રમાં તેઓ ૧૮૫૬થી ૧૮૫૯ એમ ત્રણ વરસ રહેલા. કિંવદંતી માટે આટલો આધાર પૂરતો છે. આજથી હું આ દંતકથા વહેતી મૂકું છું કે ઋષિ દયાનંદ અહીં આવ્યા હતા અને અહીંનું નિર્જન સૌંદર્ય એમને એટલું બધું ગમી ગયું કે અહીં ચાર માસ સુધી રહેલા. પહાડોની સોડમાં લપાયેલી અહીંની નર્મદાને તેઓ "પર્વતગર્ભા" કહેતા. ૧૮૫૭ની ક્રાન્તિના વીરો એમનું માર્ગદર્શન લેવા અવારનવાર આવતા.

શું મારી આ દંતકથા એટલી જ આત્મનિર્ભર અને દીર્ઘજીવી નીવડશે જેટલી પ્રાચીન દંતકથાઓ છે ?

ના. દીર્ઘજીવી તો દૂર, એ અલ્પજીવી પણ નહીં થાય. કિંવદંતીએ કવિતા આપવી જોઈએ, યથાર્થ નહીં. એ અડધી સાચી ને અડધી ખોટી હોવી જોઈએ. જ્યારે આ તો લગભગ સાચી છે. જ્યારે દયાનંદ નર્મદાક્ષેત્રમાં ત્રણ વરસ સુધી રહ્યા, ત્યારે એ વાતની પૂરી સંભાવના છે કે તેઓ અહીં પણ આવ્યા હોય અને રહ્યા હોય. આમાં કિંવદંતી ક્યાં રહી ? કિંવદંતીનું કમળ ખીલે છે કલ્પનાના સરોવરમાં, જ્યારે આ કિંવદંતી આવી છે ઈતિહાસની વખારમાંથી. ના ભાઈ, કિંવદંતી ઘડવા માટે તો બાળકો જેવી કલ્પનાશીલતા હોવી જોઈએ અને એ મારામાં નથી. જોકે આ બૌદ્ધિક યુગમાં કલ્પનાશીલતા બચી જ ક્યાં છે ?

સવારે નીચે ઊતરીને નદીકાંઠે જઈ બેઠો. ચટ્ટાનોથી ઘસાઈને વહેતા પ્રવાહના શ્વેત જલબિંદુ સવારના તડકામાં મોટાં મોતી જેવાં ઝળહળી રહ્યાં હતાં. એ એટલાં મોટાં અને નોખનોખાં હતાં કે મને થયું કે આને તો હું ગણી શકું, પરંતુ એ એવા તો વેગથી જઈ રહ્યાં હતાં કે ગણી ન શક્યો. થયું, આને જો ખોબામાં લઉં તો કદાચ ગણી શકું. પરંતુ ખોબામાં લેતાં જ એ પાણી બની ગયાં ! જ્યાં સુધી નદીમાં હતાં, ત્યાં સુધી મોતી હતાં, જેવો કબજે કરવા ગયો, તો વેરાઈ ગયાં. જાણે નવલખા મોતીનો હાર વીખરાયો !

મૂળ નામ મેરિએટા મૅડ્રલ. બાર વર્ષ ભારતમાં રહ્યાં. નામ રાખ્યું મીરાં. એમણે ઉઘાડે પગે ભિક્ષા માગીને નર્મદાની પરિક્રમા કરેલી. એમણે જ મારા પરિક્રમા પુસ્તકનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો. આ ઈલાકામાં ફગનુ એમની સાથે ચાલ્યો હતો. હવે એ અમારી જોડે ચાલી રહ્યો છે. એક ઝૂંપડી બતાવીને કહે, આમાં મીરાંબહેન રહ્યાં હતાં. દિવસમાં ત્રણ-ચાર વાર મારા મોંમાંથી નીકળી જાય છે, "જ્યારે પચીસ વરસ પહેલાં હું અહીંથી નીકળ્યો હતો..." તરત ફગનુ શરૂ થઈ જતો, "જ્યારે બે વરસ પહેલાં મીરાંબહેન સાથે હું નીકળ્યો હતો..." જો હું મારો ઢોલ પીટું, તો ફગનુ પોતાનું નગારું શા માટે ન વગાડે !

સાંજે કન્હૈયાસંગમ પહોંચી ગયાં. મંદિરમાં રહેવાની વ્યવસ્થા થઈ ગઈ એટલે ગોસ્વામીજીને મળવા ગયા. પચીસ વરસ પહેલાં એમના ઘરે જ રહ્યા હતા. ઘરની વહુથી એ જાણીને ખૂબ દુઃખ થયું કે બંને ભાઈ હવે ન રહ્યા. એટલું જ નહીં, ત્રીજા ભાઈ જે સૌથી નાના હતા ને જબલપુરમાં લેક્ચરર હતા, એ પણ ન રહ્યા. "છેલ્લી વાર જ્યારે આવેલા ત્યારે કહ્યું કે હું રિટાયર થઈ ગયો છું, હવે દીકરા પાસે બેંગલોર જઈને રહીશ. થયું, જતાં પહેલાં જનમભોમકાને જોઈ આવું, કોણ જાણે ફરી ક્યારે અવાય. કલાકો સુધી નર્મદામાં નહાતા રહેતા. જતી વેળા આંગણાની ધૂળને માથે ચડાવી અને બાળકની જેમ ધ્રુસકે ધ્રુસકે રડ્યા. થોડા દિવસો બાદ બેંગલોરમાં હાર્ટફેલથી એમનું અવસાન થયું. જાણે માભોમને જોવા જ આવ્યા હતા."

સાંભળીને મન ઉદાસ થઈ ગયું. અમે જવા લાગ્યા તો રોકાવાનો ખૂબ આગ્રહ કર્યો. "મારા સસરા ન રહ્યા તો શું થયું, અમે તો છીએ. મારાં સાસુ પણ છે. વળી તમે તો જબલપુરથી આવો છો. જબલપુરમાં મારું પિયર છે. તમે આવ્યા છો તો લાગે છે કે મારાં પિયરિયાં આવ્યાં છે." મન પ્રસન્ન થઈ ગયું. કેવી આત્મીયતા ! પરંતુ એ ભોળી બહેને બીજી જ પળે જે વાક્ય કહ્યું, એ સાંભળીને મારી પ્રસન્નતા વિલાઈ ગઈ. કહે, "પિયરથી તો કૂતરું આવે ને તોય વહાલું લાગે."

આ જૂની કહેવત છે અને સાચી પણ છે, પરંતુ એ કહેવાનું આ ટાણું કે ઠેકાણું નહોતું. ભૂલથી એની આંગળી ગલત સૂર પર પડી ગઈ હતી.

સવારે કનઈ નદી ઓળંગીને આગળ વધ્યા. આજે મારા પર છિનગાંવ જવાની ધૂન સવાર છે. ત્યાંની એક ગોંડ આદિવાસી સ્ત્રીની યાદ આજેય મારા મનમાં ખુશબોની જેમ લહેરાય છે. એને મળવા હું ખૂબ ઉત્સુક હતો. નદીના કાંઠેથી નીકળીને અમે એક પહાડી ઉપર ચડ્યા. ઘણી વાર પછી છિનગાંવ આવ્યું. મને આશ્ચર્ય થયું કે પચીસ વર્ષ પહેલાં આવા દુર્ગમ પહાડી ગામમાં અમે કેમ કરીને આવી ગયા હતા. અહીં રહેવા માટે જે ઓરડો મળ્યો એની સામે જ દુર્ગા-પ્રતિમાની સ્થાપના કરવામાં આવી હતી. સામે માંડવો બાંધ્યો હતો અને કથા સાંભળવા માટે ૩૦-૩૫ માણસો એકઠા થયા હતા. કથા શરૂ થવામાં હજી વાર હતી એટલે મેં શ્રોતાઓને કહ્યું કે પચીસ વરસ પહેલાં હું તમારા ગામમાં આવ્યો હતો અને રાત રહ્યો હતો. પછી મેં મારી હિંદી ચોપડીમાંથી પૂરો પ્રસંગ વાંચી સંભળાવ્યો –

અહીં આવતાં અંધારું થઈ ગયું હતું. કમનસીબે બે શરાબીઓને લીધે ગામના લોકો અમને અઠંગ ચોર સમજી બેઠા અને કોઈએ પણ અમને આશ્રય ન આપ્યો. છેવટે એક ગોંડ સ્ત્રીને અમારા ઉપર દયા આવી અને એણે પોતાના બહારના આંગણામાં અમને સૂવાની રજા આપી. થોડી વારમાં પેલા શરાબીઓ પણ ત્યાં આવી પહોંચ્યા ને એ મહિલાને ધમકાવવા લાગ્યા, પરંતુ એ ટસથી મસ ન થઈ. નમ્રતાથી પણ પૂરી દૃઢતાથી અમારો બચાવ કરતી રહી. જો એણે અમને આશ્રય ન આપ્યો હોત તો કોણ જાણે અમારી શી વલે થાત.

કલ્પનામાંય નહોતું કે છિનગાંવમાં બનેલો પ્રસંગ પચીસ વરસ પછી છિનગાંવમાં જ વાંચીને સંભળાવીશ. – તેય ઠીક દશેરાના દિવસે. પછી પૂછ્યું, "એ ભેંકાર રાતે એ બાઈએ અમારું એ જ રીતે રક્ષણ કર્યું હતું જે રીતે એક મા પોતાના બાળકનું કરે છે. હું એને મળવા આવ્યો છું. શું તમે મને એનું ઘર બતાવી શકશો ?"

ત્યાં યુવકોની સંખ્યા વધુ હતી. એમણે કહ્યું, "પચીસ વરસ પહેલાં તો અમારો જન્મ પણ નહોતો થયો."

વૃદ્ધોએ કહ્યું, "ગામમાં ચાર ટોલા છે. તમે કયા ટોલાની વાત કરો છો ?" મેં કહ્યું, "આ જ ટોલાની. થાકીને લોથ થઈ ગયા હતા. આગળ જવાની હામ જ નહોતી રહી. એના ઘર

પાસેથી જ આગળના ગામે જવાનો રસ્તો જતો હતો.''

જે સૌથી વૃદ્ધ હતા, એમણે કહ્યું ''એ બાઈ તો હવે ન રહી.''

મારું હૈયું બેસી ગયું. જોકે આ અશુભ સમાચારની આશંકા તો હતી. આ ઈલાકામાં લાંબું આયુષ્ય બહુ ઓછા લોકોને મળે છે. તેમ છતાં એ મમતામયી નારીને મળવાની અને એની યત્કિંચિત સેવા કરવાનું ખૂબ મન હતું. એક ઊંડો નિશ્વાસ નાખીને હું મૌન થઈ ગયો. એના ચહેરાને યાદ કરવાની ઘણી કોશિશ કરી પણ કોઈ રીતે યાદ ન કરી શક્યો. રાતના અંધારામાં માત્ર એનો અવાજ જ સાંભળ્યો હતો. સવારે જરૂર જોઈ હતી, પણ થોડી વાર માટે જ. આટલા પરથી કેમ યાદ રહે. જ્યાં સ્મૃતિ સાથ ન આપે ત્યાં કલ્પનાની મદદ લઈ શકાય. હું એને મારી ૭૫ વર્ષોની ઘરડી આંખોથી ભલે ન જોઈ શકું, મનની આંખોથી તો જોઈ શકું છું.

મને લાગ્યું કે એનો ચહેરો એવો જ હતો જેવો મારી માનો હતો. અથવા સામે રાખેલ દુર્ગા જેવો. બની શકે છે કે આ મારા મનનો વહેમ હોય. જો એમ હોય તો પણ હું ચાહું છું કે મારો આ ભરમ જીવનના છેલ્લા શ્વાસ સુધી ટકી રહે.



૪. છિનગાંવથી ઠાડપાથર

છિનગાંવનો કૂવો ગામની બહાર એક નાની ખીણમાં હતો. મારા સાથીદારો ત્યાં વહેલી સવારે જઈને નાહી આવ્યા. હું ગયો જરૂર પણ નહાયો નહીં. ટાઢને લીધે હિંમત જ ન થઈ. બોલ્યો, "બાબો નહાશે તો નર્મદામાં, કૂવા-તળાવડાંમાં નહીં નહાય. કૈ હંસા મોતી ચુગૈ, કૈ ભૂખે રહિ જાય !" (હંસ ચણશે તો મોતી, નહીં તો ભૂખ્યો રહેશે.)

છિનગાંવથી બરછા. ધૂળવાળી કાચી સડકથી ઊતરવા લાગ્યા ત્યાં તો નીચેના મેદાનમાં દૂર સુધી લહેરાતી નર્મદા દેખાણી. એના ઉપર બનેલો સડકનો પુલ પણ દેખાણો. આટલા દિવસો સુધી અમે જંગલ અને પર્વતમાં ભમી રહ્યા હતા. અહીંથી પહાડ ખતમ, સુરમ્ય વનપ્રદેશ પણ ખતમ. અહીંથી અમરકંટક સુધી નર્મદા મેદાનમાં થઈને વહે છે.

પુલની પાસે જ છે જોગીટિકરિયા. હસમુખ અને ખુશમિજાજ સ્વભાવનો પંચમનાથ પૂજારી કોઈક પ્રહસનના પાત્ર જેવો લાગતો હતો. એ દરેક વાત હસીને કહેતો. મેં એને પૂછ્યું કે અહીંથી કેવા કેવા બાવા નીકળે છે તો હસીને કહે–

બધા જ રંગના. કેટલાક બાબા બહુ કડક હોય છે. આવતાં જ કહેશે, "ચીની લાવ, દૂધ લાવ, ઘી લાવ, લોટ લાવ ને ગાંજો પણ લાવ." કોઈ કહેશે, "હળદર લાવ, ધાણા લાવ, મરચાં લાવ, ઘી લાવ ને ઘી ન હોય તો તેલ લાવ." હું કહું, "ગામમાં જાવ, ત્યાં મળશે. મારી પાસે નથી." એટલે કંઈ પણ લીધા વિના આગળ નીકળી જાય. એક વાર એક બાબો આવ્યો. કહે, "સદાવ્રત આપ. કાલનો ભૂખ્યો છું." મારી પાસે જે હતું એ આપ્યું તો કહે, "શુદ્ધિ કહાં હૈ ?" શુદ્ધિ એટલે ઘી. મેં કહ્યું "ઘી નથી મહારાજ." તો બધું પડતું મૂકીને ચાલ્યો ગયો. એક બાબાએ કેટલીયે ચીજો માગી. મેં કહ્યું કે નથી તો કહે, "ધૂણા માટે મોટું લાકડું જ લઈ આવ." મેં કહ્યું કે એ પણ નથી. સાંભળતાં જ ગજર્યો "વળી ના પાડી ? હું કાંઈ ન જાણું, ગમે ત્યાંથી લઈ આવ, નહીં તો તને માર્યા વિના નહીં મૂકું." મેં હાથ જોડીને કહ્યું "મારી લો મહારાજ, પણ લાકડું નથી તો ક્યાંથી લાવું ?" આમ કહીને દરવાજો બંધ કરીને સૂઈ ગયો. એણે દમ ભિડાવ્યો, "સવારે તને મારીને જ જઈશ. કેટલાય આશ્રમધારીઓને મારી ચૂક્યો છું." પરંતુ સવારે બહાર નીકળું એ પહેલાં એ ચાલ્યો ગયો હતો. આ ગરીબ પ્રદેશ છે. સદાવ્રતમાં આપવા માટે મારી પાસે માત્ર લોટ જ રહે છે. એ આપું તો કહેશે, "શું હું તારા લોટ માટે આવ્યો છું ? કિસ નંગે જિલેમાં આ ગયા હૂં, જહાં કુછ ભી નહીં મિલતા !" આમ કહીને ચાલ્યા જાય.

પંચમનાથ પૂજારી પાસે બાબાઓ તેમ જ પકમ્માવાસીઓનાં અનેક સંસ્મરણો છે. એક કિસ્સો – એક સાંજે બે બાબા આવ્યા. આ જ ઓસરીમાં એક ખૂણે એક બાબાએ પથારી કરી અને બીજે ખૂણે બીજા બાબાએ. થોડી વારમાં એક કૂતરો આવ્યો અને એક બાબાના પાથરણા ઉપર સૂવા લાગ્યો. બાબાએ એને ભગાડવાનો પ્રયત્ન કર્યો, પણ એ ન ગયો ત્યારે હળવેથી લાઠી મારી. બીજો બાબો ખૂબ જ ગુસ્સે થયો. "તેં એને લાઠી મારી જ કેમ ? આખરે એનામાં પણ જીવ છે." પહેલાએ કહ્યું કે મારા બિછાનામાં સૂવા જતો હતો, મારું નહીં તો શું કરું ?" બંને વચ્ચે જીભાજોડી શરૂ થઈ અને વાત મારામારી સુધી પહોંચી. સારું થયું કે એટલામાં બજરંગબાબા આવી ગયા અને બંનેને શાંત કર્યા.

એક વૃદ્ધ બાબાનો કિસ્સો સંભળાવતા બોલ્યો – એમણે અહીં ચાતુર્માસ કરેલો.

ભિક્ષા માગવા માત્ર પાંચ ઘેર જતા. જો પાંચે ઘરેથી કાંઈ ન મળે તો ઉપવાસ કરતા પણ છઠ્ઠે ઘેર ન જતા. એક યુવાન પરકમ્માવાસી પોતાની વૃદ્ધ માતાને કાવડમાં બેસાડીને પરિક્રમા કરી રહ્યો છે. ૪૫ કિલોનાં માતારામ, એટલું જ વજન બીજા પલ્લામાં. આમ એ લગભગ ૯૦ કિલો વજન ઊંચકીને ચાલી રહ્યો છે.

હજી એક વાત કહી – નર્મદાકાંઠે એક નાનો આશ્રમ. જે બાબાનો એ આશ્રમ હતો, એ ત્યાગી સંપ્રદાયના હતા. એક વાર પાંચ પરકમ્માવાસી આવ્યા. એ પણ આ જ સંપ્રદાયના હતા. બાબાએ આગ્રહ કરીને એમને બે દિવસ વધુ રોક્યા અને જ્યારે જવા લાગ્યા ત્યારે દરેકને અગિયાર-અગિયાર રૂપિયા આપ્યા. એકે લેવાથી ઈનકાર કરી દીધો. કહે, મારા એકાવન રૂપિયા થાય. શા માટે ? તો કહે, ‘‘કેમ કે હું મહાત્યાગી છું !’’

સાંજે ગામના લોકો નર્મદામાં દુર્ગા પ્રતિમાનું વિસર્જન કરવા આવ્યા. જેવી પ્રતિમાને પ્રવાહમાં વહાવી કે બે જુવાન એના પર ગિદ્ધની જેમ તૂટી પડ્યા. એમાં લાગેલાં પાટિયાં, કપડાં તથા નાની મોટી અન્ય વસ્તુઓ માટે મંડ્યા મૂર્તિને ચૂંથવા-પીંખવા. થોડી વાર પહેલાં જે મૂર્તિનું પૂજા-અર્ચના સાથે વિસર્જન કરવામાં આવ્યું હતું, એ જ હવે પીંખવાની વસ્તુ બની ગઈ હતી. દેવી એ ત્યાં જ સુધી હતી, જ્યાં સુધી એનું વિસર્જન નહોતું થયું. હવે એ ભંગાર છે.

સામે કાંઠે ભૂતનાથબાબા રહે છે. ફગનુ એમને ઓળખે છે. એ ત્યાં જઈને એમને મળી આવ્યો.

સાંજ થતાં તો ઝરમર ઝરમર વરસાદ શરૂ થઈ ગયો. રાત્રે થોડા સમય માટે ઝડી લાગી ગઈ તો અમારું છાપરું ટપકવા લાગ્યું. બીજે દિવસે પણ લગાતાર પાણી પડતું રહ્યું. અમને ત્યાં જ રોકાઈ જવું પડયું. પરંતુ ખેડૂતો ક્યારના આ વરસાદની વાટ જોઈ રહ્યા છે. એમનો પાક સુકાઈ રહ્યો છે. આ વર્ષાથી એને નવું જીવન મળશે. ખેડૂતોને તો આનાથી વધુ વરસાદની અપેક્ષા છે. વાદળોને રીઝવીને નીચે જમીન પર લઈ આવવાની વિધા કાં તો ઊંચા પહાડો પાસે છે કાં ગાઢ વનો પાસે. અને આપણે વધુ પડતા વનોનો નાશ કરી ચૂક્યાં છીએ. આપણા ખરા ભગીરથ તો વન છે, જેમના થકી વરસોવરસ વર્ષાવતરણ થાય છે.

ત્રીજે દિવસે ચાલી નીકળ્યા. વાતાવરણ વાદળિયું હતું, પણ વરસાદ રોકાઈ ગયો હતો. સફેદ રંગનાં વાદળાં આકાશમાં ડોલી રહ્યાં હતાં અને લગાતાર પોતાનો આકાર બદલી રહ્યાં હતાં. પગદંડી ખાલી અને ખામોશ હતી અને ક્યાંક કીચડ પણ થઈ ગયો હતો.

બપોરે લુકામપુર પહોંચી ગયા. અહીંની ધર્મશાળામાં એક સંન્યાસી પહેલેથી જ હતો. બિચારાને મેલેરિયાએ રાંક બનાવી દીધો હતો. એને દવાની ટીકડીઓ આપીને તિવારીએ કહ્યું, ‘‘પહેલે દિવસે ૪, બીજે દિવસે ૩, ત્રીજે દિવસે ૨ અને ચોથે દિવસે ૧ ગોળી ખાજે. વચ્ચેથી મૂકી ન દેતો, નહીં તો મેલેરિયા અધકચરો રહી જશે અને ખાલી પેટે ન ખાજે, નહીં તો ગોળીઓ પેટ ફાડી નાખશે.’’ બીજે દિવસે સંન્યાસીએ કહ્યું, ‘‘તાવ હાથપગમાંથી ચાલ્યો ગયો છે, માત્ર છાતીમાં છે.’’

છાણાં મળ્યાં તો ફગનુ અને ઘનશ્યામે બાટી બનાવી. રાતે છાણાંની ગરમ રાખ ઉપર ગૂંચળું વળીને કૂતરું સૂતું.

રાતના પાછલા પહોરથી જ ઝાકળ પડવું શરૂ થઈ ગયું હતું. એક તો ગજબની ટાઢ, ઉપરથી ઝાકળની બુંદનિયા ! સવારે ગાઢ ધુમ્મસ પણ હતું. અમે ધુમ્મસના ઓગળવાની ઘણી વાર રાહ જોઈ, પણ જ્યારે એ વીખેરાયું નહીં તો ધુમ્મસ અને ઝાકળની રેશમી ફરફરમાં જ ચાલી નીકળ્યા.

ખેતરો ધોયેલાં ધોયેલાં જણાતાં હતાં. લીલા રંગનો તો સમુદ્ર જ છે જાણે. ખેતરોનો લીલો જુદો, વૃક્ષોનો લીલો જુદો. અરે એકેએક વૃક્ષનો લીલો જુદો ! લીલા રંગની કેટલી તરજો

છે અહીં. વળી સરસવનો પાકો ઘૂંટાયેલો પીળો તો મારી અંદર અજબ ઉત્તેજના જગાવતો. પીળાં ખેતરોમાંથી ચાલીએ ત્યારે લાગે કે જાણે વાન ગૉગના ખેતરમાંથી જઈ રહ્યો છું. બસોહલી કલાકારોની જેમ વાન ગૉગને પણ પીળો રંગ અત્યંત પ્રિય હતો. વળી થયું, શ્રીકૃષ્ણે સરસવનું ખેત જ તો નહીં ઓઢી લીધું હોય !

ચાલતાં ચાલતાં ચોપાસના સૌંદર્યને મનમાં ઉતારતો રહેતો. એમ પણ વિચારતો કે શું આ સૌંદર્યનો ગુંજારવ હું મારી કૃતિઓમાં પેદા કરી શકીશ ? પરંતુ આની ચિંતા હમણાં શા માટે કરું ? હમણાં તો એને માણું, અંતરમાં ઉતારું અને પાકવા માટે ત્યાં જ રહેવા દઉં. સમય આવ્યે એ પોતે બહાર આવશે. આમાં સમય લાગશે, પરંતુ જો હું કલાકાર હોઉં તો મારામાં ધીરજ હોવી જોઈએ. ઉતાવળે કળા ન પાકે.

બપોરે રસોઈ નથી કરતા, પરંતુ રામઘાટના નાના નાના પ્રપાતોને જોઈને થયું કે જો આ પ્રપાતોની ઉપસ્થિતિમાં રસોઈ બનાવીએ તો એમને વધુ સમય સુધી જોઈ શકીએ. એથી તાપ તડકાની પરવા કર્યા વિના અમે ત્યાં જ રાંધ્યું અને ત્યાં જ જમ્યા.

સાંજે દૂધીસંગમ પહોંચ્યા, પરંતુ નર્મદાનો સીસઘાટ ગામથી બે કિલોમીટર દૂર છે, ત્યાં દૂધી નર્મદાને મળે છે અને ધર્મશાળા પણ ત્યાં જ છે. થાકીને લોથ થઈ ગયા હતા, પરંતુ ત્યાં ગયા સિવાય ઉપાય નહોતો. ઊભા મોલવાળાં ખેતરોના શેઢે શેઢે ચાલીને જ્યારે સીસઘાટ પહોંચ્યા ત્યારે થાકેલો સૂરજ આથમી રહ્યો હતો. અહીંની ધર્મશાળામાં માત્ર બે જ ઓરડા હતા. એકમાં એક ક્રોધી બાવો રહેતો હતો અને બીજામાં એક પાગલ. ક્રોધી અમારા ભણી આંખો ફાડી ફાડીને જોવા લાગ્યો. હાંડલા જેવા મોઢાવાળો પાગલ તાપણાની રાખમાં એક લાકડી વડે આંકડા માંડી રહ્યો હતો. ન તો એ ક્રોધી જોડે રહેવું સંભવ હતું, ન ગાંડા જોડે. શું કરવું એની સૂઝ પડતી ન હતી. ત્યાં એક ગ્રામીણે કહ્યું કે તમે દૂધી ઓળંગીને હર્રા જાવ. ત્યાં ક્યાંક ને ક્યાંક તમારી રહેવાની વ્યવસ્થા થઈ જશે. આજે આખો દિવસ ચાલ ચાલ કર્યું હતું. ઘવાયા છોલાયા હતા. શ્રાંત-ક્લાંત થઈ ગયા હતા. આગળ જવાની જરાય ઈચ્છા નહોતી, પણ એ સિવાય ઉપાય પણ નહોતો.

રાતના અંધારામાં અજાણી ભેંકાર જગ્યામાં ચાલવું કેવું રોમાંચક હોય છે ! તમરાંના અવાજ સિવાય બીજો કોઈ અવાજ નહોતો. રસ્તો ખૂબ જ ગૂંચવાડાભર્યો હતો. વારે વારે અટકવું પડતું. તારાના ઝાંખે અજવાળે જેમ-તેમ કરીને હર્રા પહોંચ્યા, પરંતુ જેમને ત્યાં રહેઠાણ મળવાની શક્યતા હતી, ત્રણ દિવસ પહેલાં જ એમને ત્યાં કોઈકનું મોત નીપજ્યું હતું. મોત અહીં પણ પોતાની ફસલ વાઢવા આવી ગયું હતું. અમે વિમાસણમાં પડયા. ત્યાં એ જ ઘરમાંથી એક ભાઈ બહાર નીકળ્યા અને બહુ પ્રેમથી પોતાને ઘેર લઈ ગયા. અમને એમણે જે ઓરડો આપ્યો, એના એક ખૂણે ચૂલો હતો એટલે બહાર ટાઢમાં રસોઈ કરવી ન પડી.

સવારે આગળ વધ્યા. હજી હર્રામાં જ હતા ત્યાં દૂધની ખોજમાં તુલસીરામને ઘરે જઈ પહોંચ્યા. હું એના આંગણામાં બેઠો હતો ત્યાં મારું ધ્યાન એના ઘરનાં બારણાં પર ગયું. એનાં બંને કમાડ ઉપર કેવાં સરસ પશુ-પક્ષી, ફૂલ-વેલ ને માણસ કોતર્યાં હતાં ! તુલસીરામે કહ્યું, "આ મારા દાદાનાં બનાવેલાં છે."

એના દાદાએ તો આ કમાડને કમાડ સમજીને જ બનાવેલાં, પરંતુ એ બની ગયાં કલાકૃતિ ! કેટલીક વાર કલાકૃતિઓ અજાણતાં જ ગુપચુપ બની જાય છે. જ્યારે કલાકાર કમ્મર કસીને, કસમ ખાઈને કહે છે કે હું એક મહાન કલાકૃતિની રચના કરીને જ ઊઠીશ, ત્યારે મોટે ભાગે એને નિરાશા જ મળે છે. કલાકૃતિને તો લાડકોડથી ઉછેરવી જોઈએ, બળજબરીથી નહીં.

સાંજે ચંદનઘાટ પહોંચ્યા. અહીં ધર્મશાળા પાસે જ નર્મદા ઉપર સડકનો નાનો પુલ છે,

પાછળ સુંદર વાંસવન અને તેની પાછળ નર્મદા. અહીંનો પૂજારી યુવાન અને પહેલવાન છે. કહે કે જો કોઈ બાવો અહીં ગાંજો પીએ, અપશબ્દ બોલે અથવા લડાઈ ઝઘડા કરે તો હું એને મારીને ભગાડી મૂકું. કેટલાય બાવાઓને મારી ચૂક્યો છું. જોગીટિકરિયાના પૂજારીને એક બાબાએ કહ્યું હતું કે કેટલાય આશ્રમધારીઓને મારી ચૂક્યો છું. આ આશ્રમધારી કહી રહ્યો છે કે કેટલાય બાબાઓને મારી ચૂક્યો છું. ખાતું સરભર !

અડધી રાતે ઊઠ્યો ત્યારે આકાશમાં શરદ પૂનમનો ચાંદો હતો. ચંદનનો ઘાટ અને શરદ પૂનમનો ચાંદ !

મારી નર્મદા પરિક્રમા દરમિયાન મને અનેક શરદ પૂર્ણિમાઓ જોવાનો અવસર મળ્યો છે. દર વખતે નવી નવી ઉપમાઓથી ચંદ્રની અભ્યર્થના કરી છે. એને વિવિધ રૂપે વિવિધ વર્ણે વર્ણવ્યો છે. એટલે સુધી કે મારા પરિક્રમા પુસ્તકના મરાઠી અનુવાદની પ્રસ્તાવનામાં શ્રી માધવ ગડકરીએ લખ્યું કે ચંદ્ર તો જાણે આ પુસ્તકનો નાયક ! પરંતુ હવે હું ખાલી થઈ ગયો છું. હવે મારી પાસે કોઈ નવી ઉપમા નથી. હું કાંઈ મોટા ગજાનો લેખક નથી કે મને નવી નવી ઉપમાઓ સૂઝ્યા જ કરે. આ તો લખતાં લહિયો થયો છું, એટલું જ.

પરંતુ આમ કહીને ક્યાંક મારા આળસને ઉત્તેજન તો નથી આપી રહ્યો ? મારે પ્રયત્ન તો કરવો જ જોઈએ. જો શબરી વિચારત કે રામને દેવા માટે મારી પાસે ન તો અનાનસ છે, ન દાડમ. હું ભલા એમને શું આપી શકવાની હતી ? આમ વિચારીને એ બેસી રહેત તો એ શું યોગ્ય થાત ? શબરી પાસે બોરની જ આશા રાખવામાં આવે છે, અનાનસ કે દાડમની નહીં. મારી પાસે પણ લોકો મારા સ્તરની ઉપમાની આશા રાખે છે. મોટા મૂર્ધન્ય લેખકના સ્તરની નહીં. મારે કોશિશ કરવી જોઈએ.

લો, ઉપમા મળી ગઈ. ચકલી જ્યારે ઇંડાંને સેવે ત્યારે એમાંથી બચ્ચું નીકળે. ચંદ્ર જ્યારે સૂરજનાં કિરણોને સેવે ત્યારે એમાંથી ચાંદની પ્રગટે. તો ચાંદો છે સૂરજની હૅચરી !

પોતાની ઉપમા વાચક સમક્ષ રજૂ કરતાં પહેલાં આજના કવિને વૈજ્ઞાનિક પાસેથી અનાપત્તિ પ્રમાણપત્ર લેવું પડશે. જૂનો જમાનો ન રહ્યો કે જે મનમાં આવ્યું એ લખી દીધું.

પ્રમાણપત્ર તો મળી જશે, પણ આવી લુખ્ખી, નીરસ ઉપમાથી સૂક્ષ્મ રસબોધ ધરાવતા વાચકોને અણગમો જ ઊપજશે. મારે બીજી ઉપમા શોધવી જોઈએ.

ફરી મેં કવિતાદેવીનાં બારણાં ખખડાવ્યાં. “ઓ કવિતા દેવી ! તમારી પાસે તો ઉપમાઓના ઢગ ખડકાયા હશે. એમાંથી એક મુલાયમ ઉપમા આપોને ! તમારા સુવર્ણ ભંડારમાંથી એકાદ નાનું શું કોમળ કલ્પન આપોને !

વાહ ! કશા જ ખબર આપ્યા વિના એકાએક એક સાવ નવી ઉપમા મળી ગઈ ! પંદર દિવસ સુધી ચાંદની વધે પછી પંદર દિવસ સુધી ઘટે. આ વધ-ઘટ એટલે ભરતી અને ઓટ ! હવે ભરતી-ઓટ તો સમુદ્રમાં આવે, કાંઈ તળાવ-કૂવામાં નહીં. તો ચંદ્ર ! તું તો સમુદ્ર છો. આ સૂરજ-તારા તો કૂવા-તળાવડાં છે ! ભરતી-ઓટના ખેલમાં એ શું સમજે !

બસંતપુર અને કંચનપુર થઈને ઠાડપાથર આવી ગયા. અહીં જે કમરામાં રહેવા મળ્યું એમાં બલ્બ તો હતો પણ કરંટ નહોતો. ઘરધણીએ એક વાંસ વડે ઘરના વીજળીના તારને સડકના તાર સાથે જોડી દીધો એટલે કમરામાં પ્રકાશ પથરાયો. આ કામ એ પરકમ્માવાસીઓ પૂરતું જ કરે છે બાકી એનાં ઘરમાં તો લાલટેન છે. આ ચોરી એણે મારે માટે કરી હતી. (આ તો દાન આપવા માટે ચોરી કરવા જેવું થયું.) સમજાતું નથી કે આની ગણતરી ચોરીમાં થવી જોઈએ કે નહીં. જો થાય તો પોણા ભાગની ચોરી મારે ખાતે મંડાશે.

સામે નર્મદા વહેતી હતી. આ વેળાની યાત્રામાં એક સુખદ પરિવર્તન જોવા મળી રહ્યું છે. ઘણાં ખરાં ગામોમાં પ્રાથમિક શાળાઓ ખૂલી ગઈ છે અને બાળકો ભણી પણ રહ્યાં છે.

જ્યાં પણ શાળા મળતી, અમે ત્યાં જતા અને શિક્ષકની રજા લઈને હું બાળકોને નર્મદા વિશે કહેતો. બાળકો મોટાં હોય તો મારી ચોપડીમાંથી એમના ગામથી સંબંધિત અંશ વાંચી સંભળાવતો. ક્યારેક વક્તાની મુદ્રા ધારણ કરીને સંક્ષિપ્ત ભાષણ પણ આપતો. મને ભાષણ કરવાનો જરા શોખ છે અને જો શાળાના બાળકો મળી જાય તો તો પૂછો મત. ઠાડપાથરની પાઠશાળા જોતાં જ હું રંગમાં આવી ગયો. દીનદુનિયાને ભૂલીને શરૂ થઈ ગયો–

વહાલાં બાળકો, દરેક બાળકને સૌથી વધુ પ્યાર પોતાની માથી હોય છે. મા જ એનું સર્વસ્વ છે, મા વગર એ રહી જ ન શકે. આથી થયું એવું કે કોઈ પણ વસ્તુ, જે આપણને અતિશય વહાલી હોય, એને આપણે માતા કહેવા લાગ્યા. જેમ કે આપણો દેશ – ભારત માતા. એવી જ રીતે આ જે નર્મદા વહી રહી છે એ પણ આપણને એટલી વહાલી છે કે એને પણ આપણે મા કહીએ છીએ – નર્મદામૈયા. બાળકો, તમે કેટલાં ભાગ્યશાળી છો કે નર્મદામૈયાના ખોળામાં ઊછરી રહ્યાં છો. કોણ જાણે મોટાં થઈને તમે આ જ ગામમાં રહેશો કે બીજે ક્યાંક જશો. જ્યાં પણ જાવ પોતાની આ નદીને કદી ભૂલતા નહીં. આની સાથે તમારું બચપણ સંકળાયેલું છે. તમે જ્યાં પણ જશો, આ નદીનો એક અંશ તમારી સાથે જશે.

બાળકોની સાથે શિક્ષકો પણ મારી વાત રસપૂર્વક સાંભળતા. (એક વાર તો મારા ભાષણથી પ્રસન્ન થઈને એક શિક્ષિકાએ અમને સદાવ્રત પણ આપેલું.) જો હું શિક્ષક હોત તો બાળકોનાં દિલોમાં સૌંદર્યના બીજ વાવત, સૌંદર્ય પ્રત્યે અનુરાગ જગાડત. સૌંદર્ય પ્રત્યેનો આ અનુરાગ કાલાંતરમાં એમની સમક્ષ કળા, સાહિત્ય, સંગીત, નૃત્ય અથવા પુસ્તકોનો સંસાર ખોલી દેત. મને લાગે છે કે હું પ્રાથમિક શાળાનો બહુ સારો શિક્ષક થઈ શક્યો હોત. દુર્ભાગ્યથી મારી આ અદ્ભુત ક્ષમતાની જાણ મને ત્યારે થઈ છે, જ્યારે મારો ચાદર બદલવાનો સમય નજીક આવી ગયો છે.



૫. ઠાડપાથરથી અમરકંટક

આસપાસનું દૃશ્ય એટલું આત્મવિભોર કરી દેનારું હોય છે કે અમને એ વાતથી કોઈ મતલબ ન રહેતો કે અમે રસ્તો ભટકી ગયા છીએ અથવા ક્યાં જઈ રહ્યા છીએ અથવા અમારે ક્યાંય જવું પણ છે કે નહીં. અમને નદી અને ધરતીનું આદિમ સૌંદર્ય જોવા મળી રહ્યું છે. અહીં નર્મદા આજે પણ એવી જ અક્ષુણ્ણ છે, જેવી હજારો વર્ષો પૂર્વે હતી. અહીં માણસે પ્રકૃતિના લયને તોડ્યો નથી. આ પ્રદેશ આજેય અૌદ્યોગિક પ્રગતિનાં દુષ્પરિણામોથી મુક્ત રહી શક્યો છે. નર્મદાને નિજી સંપત્તિ સમજીને એમાં પોતાનાં કારખાનાંઓની ગંદકી વહાવનાર મહાનુભાવોનું આગમન અહીં જરા પણ નથી થયું. એથી જ નર્મદા પોતાના સ્વચ્છ જળને – પોતાના મૂળ તત્ત્વને – સુરક્ષિત રાખી શકી છે. મને આશા નહોતી કે આટલાં વર્ષો પછીય આ ઈલાકાને અવિકૃત જોઈ શકીશ.

ખેતરોમાં પાક હિલોળા લઈ રહ્યો છે. સરસવનો પીળો તો મારા અંતરતમને એવો તો ઉલ્લસિત કરી દે છે કે થાય છે એમાં કૂદી જાઉં ને ત્યાં જ રહી જાઉં.

વાંક-વળાંક વાળી ગામઠી સડક પર ચાલીને સાંજે બિલાસપુર પહોંચ્યા. નરસિંહના ઘેર રહ્યા. એ ઘરે નહોતો, એના મોટા ભાઈ હતા, ખૂબ વૃદ્ધ હતા. મેં પૂછ્યું "શું તમે સૌથી મોટા ભાઈ છો ?"

"ના. સૌથી મોટો તો વાપસ થઈ ગયો." "વાપસ થઈ ગયો" એટલે દેવ થઈ ગયો. "હું વચેટ છું."

સોનસિંહ ગામમાં ખૂબ જ લોકપ્રિય છે. કેટલાંય વર્ષો સુધી ગામનો નિર્વિરોધ સરપંચ ચૂંટાતો રહ્યો. ગામની બહાર એક નાની ટેકરી ઉપર એણે એક મંદિર બાંધ્યું છે, સાથે સરસ બગીચો પણ લગાવ્યો છે. ત્યાં જ રહે છે. અડધો ગૃહસ્થ અને અડધો સંન્યાસી છે.

સાંજે લટાર મારવા નીકળ્યો. એ જ વેળા સ્કૂલની રજા પડી. શિક્ષકો તેમ જ વિદ્યાર્થીઓ પોતપોતાને ઘેર જઈ રહ્યા હતા. શિક્ષકો મારા ભણી કુતૂહલથી જોવા લાગ્યા એટલે મેં એમને મારો પરિચય આપ્યો અને મારું પુસ્તક "સૌંદર્યકી નદી નર્મદા" બતાવ્યું. એ જોતાં જ એક શિક્ષકે કહ્યું કે આ તો હું વાંચી ચૂક્યો છું. અમારી શાળામાં ભોપાલથી આવેલું.

હું સમજી ગયો. મધ્યપ્રદેશ શાસનના આદિમ જાતિ કલ્યાણ વિભાગે આની ૨૦૦૦ નકલો ખરીદી હતી અને ગામડે ગામડે પહોંચાડી હતી. ત્રણ-ચાર દિવસ પહેલાં રસ્તામાં એક શિક્ષક મળ્યા હતા. મારી ચોપડી જોઈને કહે, "હું આને ખરીદવા ચાહું છું." મેં કહ્યું કે હું આને બીજાઓને પણ બતાવવા ઈચ્છું છું, નહીં તો તમને સપ્રેમ ભેટ આપી દેત."

મેં જોયું કે ગામડાંઓમાં એવા લોકો છે જે પુસ્તકો વાંચવા ચાહે છે, પરંતુ એ એમને મળતાં નથી. જો મારી ઉંમર નાની હોત તો હું એક રેંકડી પર પુસ્તકો લાદીને ગામડે ગામડે એની ફેરી કરત. સાથે રચના-પાઠ પણ કરત.

સવારે ચાલી નીકળ્યા. સોનસિંહનું મંદિર અમારા રસ્તા પર જ હતું. એને મળવા ગયા. મંદિર તો ખાસ નહોતું, પણ કેવો તો સુંદર બગીચો ! એ ટેકરીના ઢોળાવ પર હતો. વૃક્ષોમાં હરિયાળી લહેરાતી હતી. બાર વરસ પહેલાં આ ભૂખંડ અવ્યવસ્થિત અને વેરાન હતો. જમીન કાંકરાવાળી અને કસ વગરની હતી. બધા કહેતા કે આ જમીનમાં કાંઈ પાકવાનું નથી, પણ

સોનસિંહે તો કમ્મર કસી, બાંયો ચઢાવી અને કામે વળગ્યો. એકલે હાથે કોદાળી-પાવડો લઈ ખોદવા માંડ્યું અને આ નંદનવન ઊભું કર્યું. એ અહીં જ રહે, આખો દિવસ કામ કર્યા કરે. ચુસ્ત-ચપળ હાથોમાં આવીને કોદાળી કેવો ચમત્કાર સર્જી શકે છે !

સાંજે ભીમકુંડી પહોંચ્યા. નર્મદાકાંઠેની ધર્મશાળાના નાના ઓરડે રહ્યા. અહીંના બેઠી બાંધણીના બાબાનો ચહેરો બીહામણો હતો. એના હોઠ કઠોર મુદ્રામાં બીડાયેલા રહેતા અને એનો અવાજ પણ કર્કશ હતો, પરંતુ દિલનો એટલો જ ઉમદા હતો. અમને જરા પણ તકલીફ થવા ન દીધી.

પાસે જ આંગનવાડી હતી. ત્યાંનાં બાળકો જમી લીધાં પછી થાળી માંજવા નર્મદા આવ્યાં હતાં અને પાણીમાં થાળીઓની ફેંકાફેંક કરી રહ્યાં હતાં. થાળીઓ ઉડનતશ્તરીની જેમ હવામાં લહેરાતી અને પછી પ્રવાહની સાથે વહેવા લાગતી. બાળકો દોડીને પકડી પાડતાં અને વળી ફેંકતાં. પાણી બાળકોના ગોઠણ સુધીય નહોતું. હું હસતાં રમતાં કિલ્લોલ કરતાં બાળકોને જોતો રહ્યો. તેમ એમની ઊછળકૂદને લીધે નદીના જળમાં જે ચેતના આવી ગઈ હતી, એનેય જોતો રહ્યો.

નર્મદા પણ હવે આંગનવાડીની – મેકલદાદાની આંગનવાડીની – બાળકી જ છે ને ! (અમરકંટકનું નામ મેકલ પણ છે. એથી નર્મદા મેકલસુતા પણ કહેવાય છે.)

સવારે ઊઠીને આગળ ચાલ્યા. હવે અમારો રસ્તો શાલવનમાંથી છે. અમરકંટકનો પહાડ શરૂ થઈ ગયો છે. ઘુઘવામાં રાત રહ્યા. સવારે આગળ ચાલ્યા. હવે આવશે ફરીસેમર. ચોવીસ વરસ પહેલાં જ્યારે અહીંથી નીકળ્યો હતો ત્યારે દિવાળી નજીક આવી ગઈ હતી અને ગામની બૈગા સ્ત્રીઓએ પોતાનાં ઘરોની દીવાલોને સુંદર ચિત્રોથી શણગારી હતી. ચાલતાં ચાલતાં મેં એના સ્કેચ પણ કરેલા. આજે પણ કરીશ. જરૂર પડ્યે ત્યાં જ રહી જશું. આદિવાસી કળા જોવાની ઉત્કંઠામાં મારી ચાલ આપોઆપ તેજ થઈ ગઈ.

ચોવીસ વરસ પહેલાં જોયેલું બૈગાઓનું એક ચિત્ર મને આજે પણ યાદ છે. એમાં કાલ્પનિક પશુઓ હતાં – કંઈક હરણને મળતાં. એકમાં કૂદકો મારતા વાંદરા જેવું જાનવર હતું. મુખ્ય વાત એ કે એમાં પશુ ગૌણ અને લય મુખ્ય હતો. શું પ્રાગૈતિહાસિક કળા કે શું આદિવાસી કળા – બંનેમાં વાસ્તવ જગતના આકારો કલ્પનાલોકમાં થઈને, દ્વિજ થઈને, અવતરે છે. એ કળામાં જે સુગંધ છે એ આ કલ્પના લોકની છે. આ જ વાત મૉડર્ન આર્ટમાં પણ છે. સંસારની સૌથી પ્રાચીનકળા – પ્રિહિસ્ટોરિક આર્ટ – અને સૌથી અદ્યતન કળા – મૉડર્ન આર્ટ – બંનેનું ગોત્ર એક છે.

જેમ જેમ ફરીસેમર નજીક આવતું ગયું, તેમ તેમ મારી ઉત્કંઠા વધતી ગઈ, પરંતુ આ શું, એના ઘરોની દીવાલો ઉપર એક પણ ચિત્ર નહોતું !

બની શકે છે કે બૈગા સ્ત્રીઓ એ થોડા દિવસ પછી બનાવે, કેમ કે દિવાળીને હજી દસેક દિવસની વાર છે. અથવા એમ પણ બની શકે છે કે એમણે એમની આ પારંપરિક કલાનો ત્યાગ કરી દીધો હોય. આ જ ઈલાકામાં મને બૈગા સ્ત્રીઓનાં શરીર છૂંદણાંથી છલકાતાં જોવાં મળ્યાં હતાં. આ વેળા બહુ ઓછી છૂંદણાવાળી સ્ત્રીઓ જોવા મળી. એમનો પારંપરિક વેશ પણ ઓછો જ જોવા મળ્યો. નવરાત્રિના દિવસો દરમિયાન દરેક ઠેકાણે કર્ણકટુ લાઉડસ્પીકરો પૂરી તાકાતથી ગળું ફાડીને બરાડતાં હતાં. માત્ર એક જ ઠેકાણે ચાર સ્ત્રીઓને ગાતાં સાંભળેલી–

નરબદા મૈયા ક્વાંરી બહિન હો *(વહે છે)*
ક્વાંરી બહિન, દૂધેકી ધારા હો
નરબદા મઈયા...

કેવું તો સારું લાગ્યું હતું. એમનું ગળું મીઠું અને સ્વર કોમળ હતો. એ બહુ સહજતાથી ગાઈ રહી હતી. બરછા ગામની એ બહેનોનાં મેં નામ પણ લખી લીધાં હતાં – તુલસી, ચિરૌંજી, કોસી અને ફૂલમતી. પરંતુ જોઈ રહ્યો છું કે નગરોની સભ્યતા ગ્રામ-સંસ્કૃતિને લગાતાર પાછળ ધકેલી રહી છે. મહાનગરોની સભ્યતામાં એવી તો ભયાનક તાકાત હોય છે કે એ બધાને ચગદીને એક જ બીબાંમાં ઢાળી દે છે. આપણે વિવિધતામાં એકતાની વાતો તો કરીએ છીએ, પરંતુ વિવિધતા ખતમ થઈ રહી છે.

વનવિભાગની કાચી સડક પરથી જઈ રહ્યા છીએ. એ શાલવનમાંથી જાય છે. મને થયું, વન તો ઈશ્વરની દેન છે, ઈશ્વરની થાપણ છે. તેમાંય શાલ તો દુર્લભ વૃક્ષ. અમરકંટકનો આખો પહાડ અને આસપાસનો સમસ્ત પ્રદેશ શાલવનથી આચ્છાદિત છે. પરંતુ માણસે પોણા ભાગના વન તો કાપી નાખ્યાં છે. જે છે એય વધુ દિવસ નથી રહેવાનાં. આજના માણસનો કજિયો છે પ્રકૃતિ જોડે, પર્યાવરણ જોડે, વનો અને નદીઓ જોડે ! એ શિકારલોલુપ દાનવની જેમ કહી રહ્યો છે – પ્રકૃતિ ગંધાય, પ્રકૃતિ ખાઉં !

માણસને પ્રકૃતિ અળખામણી અને વિકૃતિ વહાલી થઈ પડી છે !

ફરીસેમર વટાવ્યા પછી વેંત એકના ઝરણાને જોઈને ખચકાઈને ઊભા રહી ગયા. હવે બહુ સાવચેતી રાખવી પડે છે. ક્યાંક એવું ન થાય કે આ ઝરણું નર્મદા હોય અને અમે એને વહેળો સમજીને ઓળંગી બેસીએ. નર્મદા એટલી કોમળ અને નાજુક છે કે વિશ્વાસ જ ન બેસે કે આ ઝીણું ઝરણું નર્મદા છે. એક વાર તો પૂછવાનું મન થયું કે ઓ વહેળા ! અમે કેમ કરીને માનીએ કે તું નર્મદા જ છો ! શું તારી પાસે પ્રમાણપત્ર કે ઓળખપત્ર જેવું કાંઈ છે ?

હવે જો હું બીજના ચંદ્રને કહું કે બીજા તારાઓ કરતાં સહેજ લાંબો થયો એમાં પોતાને ચંદ્ર કહેવડાવે છે ? ક્યાં થાળ જેવો પૂનમનો ચાંદો ને ક્યાં સળેકડા જેવો તું ! તો ચંદ્ર આવા મોંમાથા વિનાના સવાલનો જવાબ આપવાને બદલે મૌન રહેવાનું જ પસંદ કરશે. નર્મદાએ પણ એ જ કર્યું.

સાંજે દમગઢ પહોંચી ગયા. ગિરિ-તળેટીમાં આવેલું ટચૂકડું ગામ છે દમગઢ. ડિંડોરીથી જે મેદાન શરૂ થયું હતું એ અહીં પૂરું થયું. અહીં ત્રણે બાજુ પહાડ છે. છેક ગુજરાતથી નર્મદાને ઉત્તરકાંઠે વિન્ધ્યાચળ અને દક્ષિણ કાંઠે સતપુડા ચાલ્યા આવતા હતા. એ અહીં મળીને એક થઈ જાય છે. એ જ અમરકંટક.

દમગઢમાં સૂવા માટે અમને જે ઓરડો મળ્યો, એમાં ત્રણ દીવાલ તો આખી હતી, પણ ચોથી અડધી જ હતી. રાત્રે ઠંડા પવનના સપાટા મારી શાલમાં ઘૂસી જતા તો ધ્રૂજી જતો. ક્યાંક એવું ન થાય કે સવાર સુધીમાં હું ઠરીને ઠીકરું થઈ જાઉં. મારા સાથીદારો પાસે તો ઓઢવા-પાથરવાનું નામનું જ છે. પાછલી રાતનો ઠંડો પવન એમનેય કંપાવી જતો. હમણાં આ સ્થિતિ છે તો ડિસેમ્બર-જાન્યુઆરીની ટાઢમાં પરકમ્માવાસીઓના શા હાલ થતા હશે. આ ઠિઠુરનમાં જ્યાં એક રાત કાઢવી મુશ્કેલ છે, ત્યાં તેઓ દિવસોના દિવસો સુધી કેમ રહેતા હશે. બની શકે છે કે કષ્ટ સહન કરતાં કરતાં એમની સહનશક્તિ વધી જતી હોય. એક બાબાએ કહ્યું હતું, ‘‘કષ્ટ અમ પરકમ્માવાસીઓને મૈયાની વધુ નજીક લઈ જાય છે.’’

મારા મિત્રો કહે છે કે અમને શિયાળો ખૂબ ગમે છે. એટલું જ નહીં, અમે શિયાળાને માણીએ પણ છીએ. વાત એમ છે કે એમની પાસે શિયાળાનો સામનો કરવા માટેનાં બધાં જ સાધનો છે. એમની પાસે પ્રચુર ગરમ કપડાં છે અને પૌષ્ટિક આહારની પણ કમી નથી. શિયાળો એમને કોઈ પણ જાતની ઈજા નથી પહોંચાડી શકતો, પરંતુ ગરીબો માટે શિયાળાનો અર્થ તદ્દન જુદો હોય છે.

વહેલો જાગી ગયો હતો એથી આકાશના તારા જોવા લાગ્યો. રાત્રિનું આકાશ મારા

માટે કોઈ તીર્થસ્થળથી કમ નથી. મારું માનવું છે કે આકાશને પોતાનો માલ વેચતા નથી આવડતું, માર્કેટિંગ નથી આવડતી, નહીં તો રોજ રાતે કરોડો લોકો આકાશને – બ્રહ્માંડના સૌથી મોટા સંગ્રહાલયને – રસપૂર્વક નિહાળતા હોત. ચંદ્ર, તારા, ગ્રહ, નક્ષત્ર, આખી ને આખી આકાશગંગા – કેટલું બધું જોવાનું છે ત્યાં !

કોઈ જો આકાશને ખોદવું શરૂ કરે તો એમાંથી અબજો આકાશગંગાઓ નીકળશે ! અને આકાશગંગાઓ પણ કેવી હૃષ્ટપુષ્ટ કે એકેએકમાં ખરબો ખરબો તારા ! હું મુગ્ધભાવે આકાશગંગાને નિહાળતો રહ્યો. એવું લાગ્યું કે ધીરે ધીરે મારા અને તારાઓ વચ્ચેનું અંતર ઓછું થઈ રહ્યું છે. એ મારા નજીક આવી ગયા છે. બની શકે છે કે મને એમનો કલબલાટ પણ સાંભળવા મળે ! થાય છે, આ નક્ષત્ર લોકમાંથી એકાદ તારો ચોરાવી લઉં તો ! ત્યાં શો ફેર પડવાનો હતો ! પરંતુ ટાઢ એટલી હતી કે હું તરત ઘરની અંદર આવી ગયો અને આકાશમાંથી કશુંક ચોરવાની મારી તૈયારીઓ તૂટી પડી.

વળી આકાશના આ બધા જ માનવંતા સભાસદો અમરપટ્ટો લઈને આવ્યા છે. આપણી પૃથ્વી પણ આ વિશ્વકુટુંબની જ સભ્ય છે, પરંતુ માણસ થકી એનો અમરપટ્ટો ખતરામાં આવી ગયો છે. એવું લાગે છે કે આપણી પૃથ્વી, સંધ્યાની તારલી શી, ઘડીકને માટે ઊગીને આથમી જશે. માણસ એને જીવવા નહીં દે. જ્યારે આપણે સંકટમાં હોઈએ છીએ ત્યારે કહીએ છીએ કે મારા ગ્રહ સારા નથી ચાલી રહ્યા, પરંતુ આજે તો ગ્રહ(પૃથ્વી)ના જ ગ્રહ સારા નથી ચાલી રહ્યા – માણસના દુરાગ્રહને લીધે. આ બધી મિસાઈલો છેવટે તો પૃથ્વીનો જ સંહાર કરશે ને ?

સવારે ટાઢ જ્યારે સહેજ ઓછી થઈ ત્યારે દમગઢની ચડાઈ માટે નીકળી પડ્યા. અમરકંટક કંઈ મોટો પહાડ નથી. બે કલાકમાં તો ઉપર પહોંચી જશું. દમગઢથી અમરકંટક સુધી કાચી સડક છે. કેટલાક સાઈકલથી જાય છે. સવારે જઈને સાંજે પાછા આવતા રહે. જતી વેળા તો સાઈકલ કામ ન આવે, પણ વળતી વખતે જોતજોતાંમાં નીચે પહોંચાડી દે. સડકમાં વાંક-વળાંક છે, પગદંડી સીધા ચઢાણવાળી છે. મનમાં નર્મદા ઉદ્ગમ સ્થળે પહોંચવાની ઉત્તેજના હતી અને ઉત્તેજનામાં – ખાસ કરીને ઉલ્લાસપૂર્ણ ઉત્તેજનામાં – માણસમાં નવી તાકાત આવી જાય છે.

સૂરજ નિરભ્ર આકાશમાં તપી રહ્યો હતો. મારા સાથીઓને વારે વારે પરસેવો લૂછવો પડતો હતો. હું હાંફી રહ્યો હતો. પરંતુ બે કલાકમાં ઉપર આવી ગયા. શાલવૃક્ષોથી આચ્છાદિત મેદાન પાર કરીને કપિલધારા આવી ગયા. કપિલધારા નર્મદાનો પહેલો ધોધ છે અને સૌથી ઊંચો પણ. નર્મદા હજી તો કુલ સાત જ કિલોમીટર ચાલી છે ત્યાં પિતા મેકલ એને કહે છે કે આ ઊંડી ખીણમાં કૂદીને બતાવ ! આગળ તને પહાડી ઢોળાવો અને પથરાળ ભૂમિમાંથી માર્ગ કંડારવો પડશે, વન વીંધવા પડશે, ભૂસકા મારવા પડશે, જોઉં તો ખરો કે તું છલાંગ લગાવી શકીશ કે કેમ !

એક સરિતા, જે હજી બાળકી જ છે, જેની પાસે કૂદવાનો કોઈ અનુભવ નથી, એની કેવી કઠણ પરીક્ષા લેવામાં આવી રહી છે ! પરંતુ નર્મદા પણ તો પર્વતકન્યા છે, મેકલસુતા છે, શિવ-તનયા છે. આગળ પાછળનો વિચાર કર્યા વિના એ ભૂસકો મારી દે છે. પિતા મેકલ રાજી રાજી થઈ જાય છે – આટલી નાની ને આટલી બહાદુર !

ખાઈ-ખંદકથી નર્મદાની આ પહેલી ભિડંત છે.

પ્રપાત – જાતજાતના પ્રપાત – એ તો જાણે પિતા મેકલ પાસેથી નર્મદાને મળેલો કરિયાવર !

મારા સાથીઓ કપિલધારામાં નાહ્યા, હું નીચેના નાની દૂધધારામાં. એક આદિવાસી

નારી જડીબૂટી વેચી રહી હતી. તિવારીએ એની પાસેથી કોઈક બૂટી ખરીદી. તિવારીને જડીબૂટીની સમજ છે.

સાંજે અમરકંટક પહોંચી ગયા. કેડ સીધી કરવા હું જરા આડે પડખે થયો ત્યાં તો ઓચિંતાનો ગરીબો મારા પગ દબાવવા લાગ્યો. મેં તરત રોકી દીધો. “ના બેટા, થાક્યો જરૂર છું, પણ એટલો નહીં કે કોઈને મારા પગ દબાવવા પડે.” પહેલે દિવસેથી જ આ ગોંડ કિશોર સૌનો માનીતો થઈ ગયો હતો. મહિલાઓ એને પુત્રવત્ સ્નેહ કરવા લાગી હતી. “ગરીબા આ લાવ, ગરીબા તે લાવ” સંભળાતું જ રહેતું. એની સેવાપરાયણતા વિસ્મયજનક છે. જો ફગનુ અને ગરીબા જેવા સાથીઓ હોય તો દુર્ગમમાં દુર્ગમ સ્થળે જઈ શકાય.

એક વિચિત્ર વાત એ છે કે આ બીજી વારની પરિક્રમામાં પ્રથમ પરિક્રમાની કોઈ પણ સ્મૃતિ કામ ન આવી. માત્ર બે કે ત્રણ સ્થળ જ એવાં હતાં કે જ્યાં લાગ્યું કે હું અહીં આવી ચૂક્યો છું. કોઈ પરિચિત ધર્મશાળા પણ ન મળી – કપિલધારાની પેલી ધર્મશાળા પણ નહીં, જેમાં ચાંચડ-માંકડની ભરમાર હતી. ગારમાટીની એ ધર્મશાળા ખંડેર થઈ ગઈ હતી અને ત્યાં માટીના ઢગ સિવાય કાંઈ નહોતું. એવું લાગ્યું જાણે આ પ્રદેશમાં હું પહેલી વાર આવ્યો છું. જાણે આ યાત્રા નવેસરથી કરી રહ્યો છું.

યાત્રા દરમિયાન હું દાઢી ન કરું. તિવારી કહે, “તમારી દાઢીમૂછ એટલી તો વધી ગઈ છે કે તમને અંદાજ નહીં હોય કે તમારો ચહેરો કેવો દેખાય છે.” આપણે જે સાજ-સજાવટ કરીએ છીએ એ બીજાઓ માટે, ખાસ તો પરિચિતો માટે. અહીં મને કોઈ ઓળખતું નથી. અહીં હું ગમે તેટલો લાલબુઝક્કડ કાં ન લાગું, મને એથી શો ફેર પડવાનો છે !

મૂછોના મામલામાં તિવારી પહેલેથી જ મારાથી ઘણો આગળ છે. એ મોટી મૂછો રાખે છે એટલું જ નહીં, લાડકોડથી એણે એને રમણીય બનાવી દીધી છે. તેમાં આ ચોવીસ દિવસનો ઉમેરો. હવે એને કોણ કહે કે ભાઈ, તારી મૂછો તો આભને આંબી રહી છે ! તારી મૂછો માટે તો sky is the limit !

બીજે દિવસે પરોઢે પરકમ્માવાસીઓની જેમ પહેલાં માઈકી બગિયા ગયા. શાંત તપોવન જેવું સ્થળ. ખૂબ હર્યુંભર્યું. ગુલદાવદીના છોડ. ગેરૂ ઉપરણાવાળા એક બાબાએ કહ્યું, “સત્ય એક એવો હીરો છે કે જેને તમે ત્રણે લોકમાં વટાવી શકો. જૂઠને નહીં વટાવી શકો.”

એની આ વાતનું અનુમોદન ભલા કોણ નહીં કરે !

અહીંથી પહાડની ધારે ધારે થતી એક કાચી કાંકરિયાળી સડક સોનમુડા જાય છે. વચ્ચે વચ્ચે પહાડની નીચે વિસ્તરેલી ઉપત્યકા દેખાતી રહે છે. શાલ વનની ઠંડકનો અનુભવ કરતા અમે સોનમુડા જઈ પહોંચ્યાં. અહીં સોન(શોણભદ્ર)નું મૂળ છે. ઉદ્ગમથી નીકળતાંની સાથે જ સોન અહીંના ઊભા પહાડ ઉપરથી ભૂસકો મારે છે. પહાડની નીચે દૂર સુધી ફેલાયેલાં હરિયાળાં ખેતરો ખૂબ મોહક લાગી રહ્યાં હતાં. એના પર સવારનાં સૂર્યનાં મૃદુ કિરણો ખેલી કૂદી રહ્યાં હતાં. અમરકંટક સૌમ્ય પહાડ છે. એક વાર ઉપર આવી જઈએ, પછી લાગે જ નહીં કે આપણે પહાડ ઉપર છીએ. સર્વત્ર સમતલ ભૂમિ. જ્યારે સોનમુડા આવીએ અને ત્યાંથી નીચેની વિસ્તૃત ઉપત્યકાને જોઈએ, ત્યારે જ ખ્યાલ આવે કે આપણે પહાડ ઉપર છીએ.

અમરકંટકમાં એક સૌંદર્ય ત્રિભુજ રચાય છે. માઈકી બગિયા, સોનમુડા અને કપિલધારા. ત્રિભુજ નહીં બલકે ચતુર્ભુજ. સૌંદર્યની ચોથી ભુજા છે અહીંનું સુંદર, સર્વવ્યાપી શાલવન. પૂરો પહાડ ઉત્તુંગ શાલવૃક્ષોથી આચ્છાદિત છે. અમરકંટકનું નામ લેતાં જ નર્મદાના ઉગમની સાથોસાથ અહીંના શાલવનની એક સજીવ છબી મારા મનમાં ઊભરે છે.

ત્યાંથી નર્મદાકુંડ આવ્યા. આ કુંડમાંથી નર્મદા પોતાની યાત્રા આરંભ કરે છે. આ એનું પ્રસ્થાન-બિંદુ છે. કુંડની ચોમેર કેટલાંક નાનાં નાનાં દેરાં છે. કુંડના પરિસરની બહાર સહેજ

ઊંચાણ પર કળાત્મક પ્રાચીન મંદિરો છે. એ પણ જોયાં.

બીજે દિવસે વહેલી પરોઢે ગાઢ ધુમ્મસમાં એકલો જ નર્મદા કુંડ માટે જવા નીકળ્યો. નર્મદા જોડે થોડી જરૂરી વાતો કરવી છે. ચોવીસ વરસ પહેલાં જ્યારે અહીં આવેલો ત્યારે દિવાળીની રાત્રે કુંડમાં દીપ પ્રવાહિત કરીને બોલ્યો હતો, "મા નર્મદે, બદલામાં તું પણ દીપ જલાવજે, મારા હૃદયમાં. બહુ અંધારું છે ત્યાં, કેમેય જતું નથી. તું જો દીપ પ્રગટાવે તો દૂર થઈ જાય." પરંતુ એણે હજુ સુધી દીપ નથી જલાવ્યો. આ જ બારામાં વાત કરવી છે. રસ્તામાં જ વિચારી લીધું હતું કે આ વેળા જરા ચતુરાઈથી કામ લઈશ. વિનયપૂર્વક કહીશ, "મા, હું તો તારો ટપાલી છું. તારા સૌંદર્યની ચિઠ્ઠીઓ વહેંચતો ફરું છું. ટપાલી તો ખેર હું સારો છું, પણ શું તું નથી ચાહતી કે એક સારા ટપાલીની સાથે સાથે હું એક સારો માણસ પણ બનું ? મારા ભીતરનું અંધારું તું દૂર કાં નથી કરતી ?"

મારી વાત કહેવા માટે હું વ્યાકુળ હતો. શૂન્ય નજરે ચોપાસ જોતો જોતો જઈ રહ્યો હતો. ધુમ્મસ વધુ ગાઢ થયું હતું.

પરંતુ હેરતની વાત એ થઈ કે કુંડ સુધી પહોંચતાં મારો વિચાર જ બદલાઈ ગયો ! જો નર્મદા કહેત (અને આની જ સંભાવના વધુ હતી) કે "બેટા, તું જાતે કાંઈ ન કર ને આશા રાખ કે હું જ બધું કરું; તું નવા નવા કલુષ એકઠા કરતો રહે અને હું એને ઉલેચતી રહું; તો આ કેવી રીતે બની શકે ? તું મારી જોડે સહયોગ નથી કરી રહ્યો." જો એ આમ કહેત તો પહેલાં તો જરૂર માઠું લાગત, પણ પછી સમજાઈ જાત કે મારી પ્રાર્થના એ પ્રાર્થના જ નથી ! આ તો જેમ શિક્ષક વિદ્યાર્થીને હોમવર્ક આપે, તેમ મેં નર્મદાને કરવા માટે હોમવર્ક આપ્યું ને લંબી તાણીને સૂઈ ગયો ! મારી પ્રાર્થના કેવળ જિહ્વાથી છે, અંતરતમથી નહીં. તો આવી અધમ પ્રાર્થનાથી કશું વળવાનું નથી. મારી જવાબદારીમાંથી હું છટકી રહ્યો છું. ગુનેગાર હું પોતે છું.

જો આપણે દૂધ-ચોખા લઈને પ્રભુ પાસે જઈશું તો પ્રભુ એમાં સાકર ઉમેરીને ખીર બનાવી દેશે. પરંતુ ખાલી હાથે જઈને કહીએ કે પ્રભુ, ખીર ખવડાવ (અને આને પ્રાર્થના કહીએ !), તો પ્રભુ હસીને કહેશે કે જો તું દૂધ-ચોખા લાવ્યો હોત તો હું એમાંથી ખીર બનાવી દેત, પણ હવામાંથી ખીર બનાવવાની વિદ્યા તો હું યે નથી જાણતો !

આજ સુધી હું ઊંઘી રહ્યો હતો. નર્મદાએ મને ઊંઘમાંથી જગાડી દીધો. હું નવેસરથી પ્રયાસ કરીશ. નર્મદાએ મારા અંતરમાં જે બીજ વાવ્યું છે, એ કોઈક ને કોઈક દિવસે ઊગશે જરૂર. હું એને જતનથી ઉછેરીશ. મેં એક નવી સ્ફૂર્તિનો અનુભવ કર્યો.

મારું માનવું છે કે મારામાં બૂરાઈ બહુ નથી, પરંતુ ક્ષુદ્રતાઓ, ક્ષુલ્લકતાઓ ઘણી બધી છે. એનાથી જ શરૂ કરીશ. એ બૂરાઈની સૌથી કમજોર કડી છે. એને કાબૂ કરવી આસાન રહેશે. ઢીલી ભોંયમાંથી જેમ ઘાસનું ભોથું ઊખડી આવે, તેમ એ ઊખડી આવશે. પછી બૂરાઈનો વારો.

હવામાં હજુય આછું ધુમ્મસ હતું. લોકો આવતા થયા હતા. મંદિરોમાં આરતીના ઘંટ વાગવા લાગ્યા હતા. આવી ટાઢમાંય એક સ્ત્રી નહાવા માટે કુંડમાં ઊતરી રહી હતી.

અહીં આવ્યે આજે ત્રીજો દિવસ છે. બપોર પછી બસ પકડીને ઘેર જશું. ફગનુ પોતાના સુરીલા અવાજમાં ગરીબાને કહી રહ્યો છે, "ચલો મિટ્ઠુ ! અબ ઘર ચલો !" ૭૫ વર્ષની વયે હું લગભગ એટલું જ ચાલ્યો હતો, જેટલું ૫૦ની વયે ચાલ્યો હતો. મારા સામર્થ્યમાં મારો વિશ્વાસ વધ્યો.

બસમાં છ માસના પૌત્ર વંશજની બહુ યાદ આવી રહી હતી. ચોવીસ દિવસની દાઢીમૂછ લઈને ઘરે પહોંચ્યો. વંશજને જોતાં જ બોલ્યો, "નર્મદે હર ! મિટ્ઠુ, ન...ર્મ...દે... હર !"



૬. અમરકંટક

અમરકંટક કંઈ મોટો પહાડ નથી, પરંતુ ત્યાંથી એક નહીં પણ બે નદીઓ નીકળે છે – નર્મદા અને શોણભદ્ર. (બલકે ત્રણ, નટખટ જુહિલા પણ ત્યાંથી જ નીકળે છે.) બંનેના ઉદ્ગમ વચ્ચેનું અંતર લગભગ એક કિલોમીટર છે, પરંતુ–

પત્તા ટૂટા ડાલસે, લે ગઈ પવન ઉડાય
અબકે બિછુડે કબ મિલેંગે, દૂર પડેંગે જાય.

એક પાંદડું તૂટીને ખંભાતની ખાડીમાં પડયું, બીજું બંગાળની ખાડીમાં. નર્મદાને પહાડનો પશ્ચિમી ઢાળ મળ્યો તો એ તે તરફ ઢળી અને શોણભદ્રને પૂર્વી ઢાળ મળ્યો તો એ તે તરફ ગયો. લગભગ એક જ સ્થળેથી નીકળેલી બે નદીઓ – એક નદી અને બીજો નદ – વિરુદ્ધ દિશાઓમાં વહીને ખૂબ દૂર જઈ પડી.

આ તો થઈ ભૂગોળની વાત, પરંતુ કોઈક અજ્ઞાત કવિને આ ભૂગોળમાં પણ કવિતા દેખાઈ. એણે કહ્યું – નર્મદા અને શોણભદ્ર પાડોશમાં રહેતાં હતાં. એકબીજાને ચાહતાં હતાં. બંનેનાં લગ્ન થવાનાં હતાં. એક વાર નર્મદાએ પોતાની દાસી જુહિલા જોડે શોણ માટે કંઈક સંદેશ મોકલ્યો. ઘણી વાર થઈ છતાં જુહિલા પાછી ન આવી ત્યારે નર્મદા જાતે ગઈ. એણે જોયું કે શોણ જુહિલા સાથે પ્રેમક્રીડા કરી રહ્યો છે ! એને અત્યંત ક્રોધ આવ્યો અને કદી લગ્ન ન કરવાની પ્રતિજ્ઞા સાથે પશ્ચિમ ભણી ચાલી નીકળી. નિરાશ અને હતાશ શોણ પૂર્વ ભણી ગયો. ચિરકુમારી હોવાને લીધે નર્મદા અત્યંત પવિત્ર માનવામાં આવી. એથી જ ભાવિકો એની પરિક્રમા કરે છે.

મેઘને અંગે કવિ કાલિદાસે મેઘદૂતની કલ્પના કરી તો એક અજ્ઞાત કવિએ એક નદીના ચિરકુમારી હોવાની કલ્પના કરી. મેઘદૂત એક વિરહી પ્રેમી યુગલની કહાની છે તો આ કથા એવા પ્રેમીઓની છે, જે યુગલ થતાં પહેલાં જ હંમેશને માટે નોખાં થઈ ગયાં. એ સાચું કે કાલિદાસની કલ્પના કવિઓ તેમ જ સાહિત્યરસિકો દ્વારા જેટલી પ્રશંસા પામી છે, એટલી આ લોકકવિની નહીં. સાહિત્ય જગતમાં તો આ કલ્પનાની નોંધ સુધ્ધાં નથી લેવામાં આવી. પરંતુ કાલિદાસના પ્રશંસકો માત્ર પ્રશંસા કરીને બેસી રહ્યા. એમાંથી એક પણ પ્રશંસક જે પથેથી મેઘ ગયો હતો, એ પથ પર ચાલ્યો નહીં. પગપાળા ચાલવું તો દૂર હવાઈજહાજથીય ન ગયો. (જરા કલ્પના કરો, આ કેટલા મોટા સમાચાર થાત કે કાલિદાસના કાવ્યનો એક પ્રેમી હવાઈજહાજથી ઠીક એ જ માર્ગે ગયો, જે માર્ગેથી મેઘ ગયો હતો અને આ પ્રવાસનું સચિત્ર વૃત્તાંત પણ પ્રસિદ્ધ કર્યું.) મૂળે તો યક્ષ આળસુ હતો. એના વાચકો પણ આળસુ જ હોય ને !

પેલી બાજુ એક અજ્ઞાત કવિના નર્મદાને ચિરકુમારી કહેવાથી લાખો માણસો નર્મદાની પરિક્રમા પર નીકળી પડયા ! આ કવિને લીધે નર્મદાને જે ગૌરવ મળ્યું, એવું ગૌરવ તો સંસારમાં એક્કેય નદીને નથી મળ્યું ! આખી દુનિયામાં એકમાત્ર નર્મદાની જ પરિક્રમા થાય છે. પેલો અજ્ઞાત લોકકવિ કોણ હતો, ક્યાંનો હતો, ક્યારે થયો હતો વગેરે વાતો વિશે આપણે કંઈ જ જાણતા નથી. તેમ છતાં આપણે એટલું તો કહી શકીએ કે એનામાં એક ભૌગોલિક તથ્યને

કાવ્યાત્મક સત્યમાં બદલવાની અદ્ભુત પ્રતિભા હતી. અમે ૪ એપ્રિલ, ૨૦૦૩ની સાંજે અમરકંટક પહોંચ્યાં. પહોંચતાની સાથે જ મેં કહ્યું, "હે અજાણ્યા કવિ, તને અંતર્મનથી પ્રણામ !"

રહેવાની વ્યવસ્થા કલ્યાણ આશ્રમમાં થઈ ગઈ. પ્રથમ નર્મદા પરિક્રમા દરમિયાન હું આ જ આશ્રમમાં રહેલો. ત્યારે અહીં ગારમાટીની કાચી ઝૂંપડીઓ હતી. હવે તો વિશાળ ભવન બની ગયાં છે. અમે આશ્રમના મંદિરની સાયં-આરતીમાં સામેલ થયાં. મારા એક સાથીએ કહ્યું, "આગળ ગોવિંદાચાર્ય ઊભા છે." ગોવિંદાચાર્ય જ હતા. આરતી પૂરી થઈ. અમે સૌ બહાર આવ્યાં. વાતો થવા લાગી. એમની વાતોથી એમની મેધા પ્રગટ થતી હતી. સરસ હિન્દી બોલી રહ્યા હતા. મારા એક સાથીએ એમને મારા વિશે કહ્યું તો તરત મારા પુસ્તકની પ્રશંસા કરવા લાગ્યા !

મને થયું, કોણ જાણે એમણે મારી ચોપડી જોઈ પણ હશે કે કેમ ! પ્રશંસા તો વગર વાંચ્યે પણ થઈ શકે. નેતાઓ આમાં નિપુણ હોય છે. એટલે મેં એમને કહ્યું, "તમે હમણાં મારી ચોપડી વિશે જે કહ્યું, એ હાથમાં ગીતા લઈને ફરીથી કહી શકો ?"

"હું ""'સૌંદર્યકી નદી નર્મદા''" સાથે લઈને ચાલ્યો છું. કહો તો હમણાં મંગાવીને બતાવું."

હવે કંઈ કહેવાપણું રહ્યું નહીં. આમને તો મારી ચોપડીનું નામ સુધ્ધાં યાદ છે. હા, બીજા પુસ્તક વિશે એમને કોઈ જાણકારી નહોતી. પરંતુ આનાથી મોટું વિસ્મય હજુ બાકી હતું. મારા એક સાથીએ એમને કહ્યું કે વેગડજી નર્મદાની પૂરી પરિક્રમા કરી ચૂક્યા છે, પરંતુ પંચોતેરમા વર્ષમાં પ્રવેશ કરતાંની સાથે જ ફરીથી નીકળ્યા છે. સાંભળતાં જ એ મને પગે લાગ્યા ! આ એમણે શું કર્યું ! એક પળમાં આ થઈ ગયું. આ એટલું તો અપ્રત્યાશિત હતું કે એમને રોકવાનો મને સમય જ ન મળ્યો. હું સંકોચને લીધે ખોડાઈ ગયો. આવડો મોટો માણસ અને આવી વિનમ્રતા !

વિનમ્રતા દરેકમાં સારી લાગે છે, પરંતુ જ્યારે એ કોઈ મોટા માણસમાં સહજ-સ્વાભાવિક રૂપે પ્રગટ થાય છે ત્યારે એની ધુતિ કંઈક ઓર હોય છે. એવું લાગે કે એ જાણે પીઠી ચોળીને સ્નાન કરીને આવી ન હોય !

રાજનીતિ અને માનવીય સંબંધ – આ બે અલગ અલગ ચીજ છે. હું ગોવિંદાચાર્યની નીતિઓથી અસહમત થઈ શકું છું, પરંતુ એક ઈનસાનના નાતે એમને ચાહી પણ તો શકું છું.

અમારા દળના બારામાં તો બતાવતાં ભૂલી જ ગયો. કાન્તા, ગાર્ગી અને ડૉ. અખિલ મિશ્ર તો પાછલી યાત્રામાં પણ સાથે હતાં. શરદ નવો સભ્ય છે. ખૂબ જ ખુશમિજાજ અને રમૂજી. પાર્થિવ શાહ દિલ્હીથી આવ્યા છે. એ મોટા ફોટોગ્રાફર છે અને પ્રસિદ્ધ ચિત્રકાર હકુ શાહના પુત્ર છે. કુંદનસિંહ પરિહાર કૉમર્સ કૉલેજના પ્રિન્સિપાલ હતા તેમ સારા લેખક પણ છે. મારો નાનો પુત્ર નીરજ છે, પરંતુ પાર્થિવ અને નીરજ અમરકંટકથી જ પાછા ચાલ્યા જશે. ફગનુદાદા તો છે પણ ગરીબો નથી. એની જગ્યાએ મારો જૂનો ને વિશ્વસ્ત સાથી છોટુ છે.

ટાઢ વધી ગઈ હતી. અમે સૌ પ્રસન્નતાની સ્નિગ્ધ શાંતિમાં સૂઈ ગયાં.

બીજે દિવસે બપોર સુધીમાં નર્મદાકુંડ, સોનમૂળા, માઈકી બગિયા અને કુંડ પાસેનાં કલ્ચુરીકાલીન પ્રાચીન મંદિરો જોઈ લીધાં. નમતે પહોરે કપિલધારા ગયાં. નીચેની દૂધધારામાં નહાઈને કુંડથી લગભગ સાત કિલોમીટર દૂર આવેલ ભૃગુકમંડળ ગયાં. અહીં એક ચટ્ટાનની ઊભી દીવાલમાં એક છેદ છે, જાણે ચટ્ટાનનું ખિસ્સું ન હોય ! આશ્ચર્યની વાત એ છે કે એની અંદર હાથ નાખવાથી આ ઉનાળામાં પણ એમાં પાણી મળ્યું ! આ જ છે ભૃગુકમંડળ.

રાત્રે વળી પાછા નર્મદાકુંડ ગયાં, આરતી જોવા. કુંડ અને એનું પ્રાંગણ સ્વચ્છ છે, પરંતુ કુંડ-પરિસરમાંથી બહાર નીકળતાંની સાથે જ લોકોએ નર્મદાની જે દુર્ગતિ કરી છે એ

જોઈને ખૂબ ગ્લાનિ થઈ. ભગવાન જેટલા મંદિરમાં રહે છે એટલા જ સ્વચ્છતા અને શુચિતામાં રહે છે. આપણા સંતો જો આ વાતનો જોરશોરથી પ્રચાર કરે તો પ્રભુસેવાની સાથે સાથે આ એમની બહુ મોટી દેશસેવા પણ થશે. ધર્મ અને ગંદકી એક સાથે ન રહી શકે.

ત્રીજે દિવસે સવારે પાર્થિવ અને નીરજ પાછા ચાલ્યા ગયા. પાર્થિવને આવતે મહિને જર્મની જવું છે. ત્યાં એના ચુનંદા ફોટોગ્રાફોનું પ્રદર્શન છે. બાકીના અમે આઠ નર્મદાના દક્ષિણ કાંઠાની પદયાત્રા માટે નીકળી પડ્યાં. કેટલી નાની છે નર્મદા ! શું અગ્નિશિખાની જેમ જલશિખા અથવા સરિતશિખા શબ્દ થઈ શકે ? નાની જલશિખા જેવી આ નદી સમુદ્ર સુધી પહોંચતાં પહોંચતાં તો મશાલનું રૂપ લઈ લે છે. જે નદીને અહીં એક બચ્ચું પણ ટપી જાય, એ જ નદીનો પટ ત્યાં જઈને ૨૦ કિલોમીટર પહોળો થઈ જાય છે ને સામેનો કાંઠો દેખાતો નથી.

કુંડથી કપિલધારા સુધી નર્મદા સપાટ મેદાનમાં થઈને વહે છે. એ સહેજે સીધી રેખામાં વહી શકી હોત, પરંતુ એ તો વહે છે આડી ટેડી. એક ઠેકાણે એ એવો તો વળાંક લે છે કે લોકોએ એ જગ્યાનું નામ રાખ્યું છે ચક્રતીર્થ. આ સમતલ મેદાનમાં નર્મદા અકારણ આવી આડીતીરછી વહે છે. આનું એક જ કારણ હોઈ શકે – નર્મદાની વક્રગતિપ્રિયતા ! આ એની શૈલી છે. સીધી રેખામાં વહેવું ગંગાની શૈલી છે.

કુંડથી કપિલધારા સુધીનો માર્ગ આસાન છે, પરંતુ ઘણા ખરા પરકમ્માવાસીઓ કપિલધારા સુધી નથી આવતા, સડક પકડીને ડિંડોરી ચાલ્યા જાય છે. કપિલધારા પાસેથી એક પગદંડી શાલવનમાં થઈને, લગભગ નર્મદાની સાથે સાથે જ, પકરીસોઢા સુધી જાય છે. અમે આ વનમાર્ગેથી ચાલ્યાં. અહીંનું શાંત સૌંદર્ય જોતાં ધરાતાં નથી. જાણે નીરવતાના કોઈક મોહક સંસારમાં આવી ગયાં હોઈએ.

ધીરે ધીરે વન સઘન થતું ગયું. બધાં વૃક્ષો શાલનાં હતાં અને ફૂલોથી લચી પડ્યાં હતાં. નીચે પડેલાં સૂકાં પાંદડાંઓથી જમીન ઢંકાઈ ગઈ હતી. એમનો રંગ લાલાશ પડતો પીળો હતો અને વૃક્ષ પરનાં લીલાં પાંદડાંથી સહેજ પણ ઓછાં આકર્ષક નહોતાં. ઉપેક્ષિતોનું પણ પોતાનું આગવું સૌંદર્ય હોય છે. એ નિસ્તેજ હતાં પણ નિરર્થક નહોતાં.

વચ્ચે વચ્ચે નર્મદા દેખાઈ જતી. એના કાંઠે બાબાઓની બે-ત્રણ કુટી પણ મળી. આશ્ચર્યની વાત એ હતી કે અમે પહાડ ઊતરીને નીચે મેદાનમાં આવી ગયાં, પણ અમને ખબરેય ન પડી કે અમે પહાડ ઊતરી ગયાં છીએ. દમગઢની ઘાટીએથી જ્યારે ચઢ્યાં હતાં ત્યારે સીધાં ચઢાણ હતાં અને લાગતું હતું કે પહાડ ચડી રહ્યાં છીએ. ઊતરતી વેળા લાગ્યું જ નહીં કે પહાડ ઊતરી રહ્યાં છીએ. હા, વચ્ચે બે''ક ઠેકાણે રસ્તો ગૂંચવાડાભર્યો હતો, ભુલભુલામણી જેવો, એથી અટકવું પડતું હતું.

પહાડ ખતમ તો ખૂબસૂરત શાલવન પણ ખતમ. અમરકંટક હર્યોભર્યો પહાડ છે, નીચેથી છેક ઉપર સુધી શાલનું પરિધાન પહેરીને (અથવા શાલ ઓઢીને) ઊભેલો ભદ્ર પહાડ. અમરકંટકનું નામ મેકલ પણ છે. મને જો એનું હજુ એક નામ રાખવાની અનુમતિ આપવામાં આવે તો હું એનું નામ રાખીશ શાલભદ્ર. શાલભદ્ર નામ લેતાંની સાથે જ શોણભદ્રનું સ્મરણ થઈ આવ્યું. પહાડનો આ પશ્ચિમી છેડો છે. પેલી બાજુ પૂર્વી છેડા પર છે શોણભદ્ર – ઉપેક્ષિત અને અપમાનિત.

મારું માનવું છે કે જેણે પણ નર્મદા પરિક્રમાની પરંપરા ચલાવી, એણે શોણ પ્રત્યે જરા ઉદારતા બતાવવી જોઈતી હતી. એણે નિયમ બનાવવો જોઈતો હતો કે અમરકંટકનો પહાડ ઊતરતાંની સાથે પરકમ્માવાસી પહાડને અડીને પડેલા મારગ પર ચાલીને શોણ સુધી જશે. એને એક ઝલક જોઈને પાછો ત્યાં જ આવશે પછી આગળ વધશે. એ જો પરકમ્માવાસીને માંડુ મોકલી શકે છે – જે નર્મદાથી ઠીક ઠીક દૂર છે – તો શોણ સુધી કેમ નહીં ? આખરે તો ક્યારેક

નર્મદા અને શોણ વચ્ચે મધુર સંબંધ હતા. બંનેનાં લગ્ન થવાનાં હતાં અને અમરકંટકમાં તો તેઓ આજે પણ એકબીજાના પાડોશી છે. આ નાની પદયાત્રાનું અનુમોદન તો સ્વયં નર્મદા પણ કરી દેશે. નર્મદા આખરે મા છે અને મને પૂરી વિનમ્રતાની સાથે કહેવા દો કે હવે તો એ શોણની પણ મા છે.

પરંતુ જે થઈ ગયું એ થઈ ગયું. હવે એને બદલી ન શકાય. મારા સાથીઓ આગળ નીકળી ગયા હતા. હું ઝડપથી એમના ભણી વધ્યો.



૭. અમરકંટકથી ડિંડોરી

રાત પકરીસોંઢામાં રહ્યાં. પ્રભાતને ચઢતે પહોરે ચાલી નીકળ્યાં. માર્ગમાં કિંરગી આવ્યું. પહેલી પરિક્રમા દરમિયાન હું અહીં જેમને ઘેર બે દિવસ રહ્યો હતો એમનું નામ હતું કેહરસિંહ. થયું એમને મળતા જઈએ. એ તો ક્યાંક ગયા હતા, પણ એમનાં પત્ની મળ્યાં. એમને મળીને આગળ ચાલ્યાં. સાંજે પચધાર પહોંચ્યાં. રાત અહીં જ રહેશું.

દોઢેક કલાક પછી પ્રસન્નતા અને ઉલ્લાસથી ઊભરાતી બે કિશોરીઓ આવી અને અમને સૌને મંડી પગે લાગવા ! અમે કંઈ સમજ્યા નહીં ત્યારે એમાંથી એકે કહ્યું, ''હું કેહરસિંહજીની બેટી છું. તમે જ્યારે અમારે ત્યાં આવ્યાં હતાં ત્યારે તેઓ ઘેર નહોતા. જ્યારે આવ્યા ત્યારે માએ એમને તમારે વિશે કહ્યું. ખૂબ ખુશ થયા અને મને કહ્યું કે તું જઈને એમને આપણે ઘેર લઈ આવ. આજે આપ સૌ અમારે ઘેર અમારા મહેમાન રહેશો. આપને ચાલવું જ પડશે.''

પારકાંથી આવો પ્યાર ? બંને તડકામાં ચાર કિલોમીટર ચાલીને આવી હતી અને આટલું જ પાછા જતાં ચાલવું પડશે. અમે દ્રવિત થયાં. કેહરસિંહની બેટીનું નામ છે મુહતી. શ્યામલ, સુંદર ચહેરાવાળી એની સહેલી એટલી તો શરમાળ છે કે પૂછવાથી માત્ર ડોક હલાવે છે. મુહતી એના ભાવપૂર્ણ સ્વરમાં વારે વારે એક જ વાત કહી રહી છે – આપ સૌને અમારે ઘેર ચાલવું જ પડશે. એનો ઉમળકો ઊભરાઈ રહ્યો હતો. કાન્તાનું હૈયું ભરાઈ આવ્યું. એણે મુહતીના કપોલોને ચૂમ્યા. માથું સૂંઘ્યું અને એને પોતાની બંને ભુજાઓમાં ભરી લીધી. હું મા-દીકરીના પ્યારને જોતો રહ્યો. પછી એને સ્નેહથી સમજાવતાં બોલ્યો કે જેમ નદીનાં પાણી પાછાં ન જઈ શકે, તેમ પરકમ્માવાસી પણ પાછો ન જઈ શકે. પછી કહ્યું, બેટા જમીને જજો, પરંતુ હમણાં નવરાત્ર ચાલી રહ્યાં છે, બંનેનું વ્રત છે. અમારી પાસે ફળાહારની વ્યવસ્થા હતી. એમને નિરાશ પાછા વાળવા અમારે માટે પણ કંઈ ઓછું કષ્ટપ્રદ નહોતું.

મુહતી બેટા ! તારે ત્યાં ન આવી શક્યા એનું દુઃખ તો આજે પણ સાલવે છે.

લોકગીતો સાંભળવાની હોંશ રહે જ છે. આ ગામની છોકરીઓ અમને ગીતો સંભળાવવા તૈયાર થઈ ગઈ. સહેલાઈથી તૈયાર નહોતી થઈ. અહીં ખુશમિજાજ અને મળતાવડા શરદનું કૌશલ કામ કરી ગયું. એને થોડાં લોકગીત આવડતાં હતાં. એણે એક ગીત ગાવું શરૂ કર્યું અને લાગ્યો નાચવા ! અમારા દળની મહિલાઓએ પણ ગીતો ગાયાં. આટલી વારમાં ગામની છોકરીઓનો સંકોચ દૂર થઈ ગયો હતો. એમણે આ ''સુઆગીત'' શરૂ કર્યું–

સીતાલા હરકે લૈગે રાવન, સીતાલા હરકે રાવન
દે માઈ મોલા ભિક્ખા મોર સુઆ હો, દે માઈ મોલા ભિક્ખા.
ભિક્ખા લેકે નિકલે સીતા, રાવન ચુરાકે લૈગે મોર સુઆ હો.
દૌડો દૌડો બચાવ લછમન, દૌડો દૌડો બચાવ લછમન
રાવન ચુરાકે લૈગે મોર સુઆ હો. (સુઆ એટલે પોપટ.)

જ્યારે છોકરીઓ પોતાના કોમળ કરુણાર્દ્ર સ્વરમાં ''દૌડો દૌડો, બચાવ લછમન''

કહેતી ત્યારે શ્રોતા ભાવ-વિહ્‌વળ થઈ જતા. રામાયણ-મહાભારતનો આ કેવો તો રાષ્ટ્રવ્યાપી પ્રભાવ છે કે દૂર-દરાજનાં ગામડાં પણ એનાથી અલિપ્ત ન રહી શક્યાં. પરંતુ લોકગીતના જાદુને ગ્રામીણ પરિવેશ – જેમ કે ચાંદની રાત, તાપણું, ઝાડ-છોડ અથવા ઢોરઢાંખરથી નોખું ન કરી શકાય. ત્યાં એનું માધુર્ય કાંઈક ઑર હોય છે. પરિવેશથી અળગું થઈને એ પોતાનું ઠીક ઠીક સૌંદર્ય ખોઈ બેસે છે.

અમારી પાસે સામાન ઘણો છે. એકલો છોટુ ઉપાડી નહીં શકે. અમને એક સહાયકની જરૂર છે. તપાસ કરતાં એકને બદલે બે મળ્યા. સવારે આવી જશે. થોડી વાર પછી એમાંની એકની પત્ની આવી અને બોલી, “અમારે ચાર બાળકો છે અને ઘરમાં ખાવા કાંઈ નથી. તમે મને જો થોડી પેશગી (બાનું) આપો તો હું ખાવાની કંઈક વ્યવસ્થા કરું.” એને સો રૂપિયા આપવામાં આવ્યા.

બીજે દિવસે સાંજે સિવનીસંગમ પહોંચ્યાં. અહીં સિવની નદી નર્મદામાં મળે છે. અહીં કોઈ ગામ નથી, માત્ર મંદિર અને ધર્મશાળા છે. વડ અને પીપળાનાં મોટાં મોટાં વૃક્ષો છે, મોટા મોટા ચબૂતરા છે. પ્રથમ પરિક્રમા દરમિયાન હું અહીં ચાર દિવસ રહેલો. ચોવીસ વર્ષ પછી પણ અહીંના તિવારીજી મને ભૂલ્યા નહોતા. એમનાં પત્ની, દીકરો, વહુ બધાં અમારી આગતા-સ્વાગતામાં લાગી ગયાં. અમારા માટે એમની પાસે બસ પ્યાર જ પ્યાર હતો. દિલ્હીના ડૉ. અખિલ મિશ્ર અને મુંબઈનાં ગાર્ગી દેસાઈ ચકિત છે કે સર્વથા અજાણ્યા લોકોનું પણ આવું આત્મીય સ્વાગત થઈ શકે છે. સૌની રસોઈ સાથે બની અને અમે સૌ સાથે જ જમ્યાં. સાથે બોજો ઊંચકવા માટે જે બે ગ્રામીણ ચાલ્યા હતા, એ માંહોમાંહે કહી રહ્યા હતા, “કેટલા દિવસો બાદ આજે પેટ ભરીને જમવા મળ્યું.”

એક બાજુ ગામડાંઓમાં અનાજના એક એક દાણા માટે તલસતા ગ્રામીણો છે, બીજી બાજુ શહેરોમાં તેજીથી વધતો મોટાપો છે – ઓબેસિટી. ઓબેસિટી બહુ સાર્થક શબ્દ છે – એ સિટીની પેદાશ છે. નર્મદાકાંઠે મને ભાગ્યે જ કોઈ જાડિયો કે ફાંદાળો માણસ મળ્યો હોય.

અમે ચબૂતરા પર બેસીને વાતો કરી રહ્યાં હતાં, ત્યાં અંધારાને ચીરતી ને તેજ રોશની ફેંકતી એક મોટી કાર આવીને ઊભી રહી. અમને નવાઈ લાગી. ત્યાં તો એમાંથી ઉતાર્યા મેજર જનરલ રહી ચૂકેલા મારા બાલબન્ધુ પ્રેમદાસ શર્મા ! અમારી ખોજ-ખબર લેવા ઠેઠ દિલ્હીથી આવ્યા હતા. મારી સમજમાં ન આવ્યું કે એને સલામી આપું કે બાથમાં લઉં.

પ્રેમદાસ કાલનો દિવસ અમારી જોડે પગે ચાલશે. પરમ દિવસે પાછા ચાલ્યા જશે.

બીજે દિવસે સાંજે પથરકુચા પહોંચ્યાં. નર્મદાકાંઠે આવેલી રામકલીબાઈ અને એના દીકરાઓની ઝૂંપડીઓ એટલી ગમી ગઈ કે ત્યાં જ રહી ગયાં. પદયાત્રાનું આ મોટું સુખ છે – જ્યાં મન કરતું ત્યાં રોકાઈ જતાં. નદીએ નહાવા ગયાં. પાણી જરા પણ ઊંડું નહોતું. પાણીમાં ચટ્ટાનો છે. એક જગ્યાએ એક સપાટ ચટ્ટાન ઉપર શરદે નદીના પ્રવાહમાં જ શીર્ષાસન લગાવી દીધું – માથું પાણીની અંદર, ધડ બહાર !

રામકલી અને એનું કુટુંબ અમારા એમને ઘેર રોકાવાથી ખૂબ ખુશ છે. એના દીકરાઓએ વૃક્ષો સાથે એક મોટી ચાદર બાંધીને આંગણા ઉપર છાયા કરી આપી. આ ચંદરવો જોઈને કાન્તાએ કહ્યું, “લાગે છે અહીં કોઈનાં લગ્ન થવાનાં છે.”

રામકલી મનિહારિન છે. આસપાસનાં ગામડાંઓમાં બંગડી વેચે છે. સાંજ થતાં એણે કાન્તાને લાલ બંગડીઓ પહેરાવી. સિંદૂર આપીને કહે, “આને સેંથામાં ભરી લે.” એનું મન રાખવા કાન્તાએ એમ કર્યું. આ જ ઘરમાંથી હવનપાત્ર મળી આવ્યું, એટલે એમાં અગ્નિ પ્રજ્વલિત કરવામાં આવ્યો. હવનપાત્રને ચંદરવાના નીચે, આંગણાની વચ્ચે રાખવામાં આવ્યું. પડખોપડખ બે પાટલા ઢળાયા. શરદે અમને કહ્યું “હમણાં નવરાત્ર ચાલી રહ્યા છે. મૈયાને

કાંઠે હવન થઈ જાય. આપ અમારા સૌના વડીલ છો, એથી અમે બધાં ઈચ્છીએ છીએ કે આ કાર્ય આપના દ્વારા સંપન્ન થાય."

કર્મકાંડથી હું દૂર જ રહું છું. ચોખ્ખી ના પાડી દીધી. પરંતુ જ્યારે સૌએ આ જ વાત કહી ત્યારે કંઈક ખીજ ને કંઈક અકળામણ સાથે પાટલા ઉપર બેઠો. પાસેના પાટલા ઉપર કાન્તા બેઠી. શરદે કહ્યું કે હું જ્યારે "સ્વાહા" બોલું ત્યારે તમે બંને અગ્નિમાં આહુતિ દેજો. મને એ જોઈને બહુ નવાઈ લાગી કે શરદને કેટલાય સંસ્કૃત શ્લોકો કંઠસ્થ હતા. શ્લોકોની વચ્ચે જેવો એ "સ્વાહા" બોલતો એવા અમે આહુતિ આપતા. ગામના ઠીક ઠીક લોકો આ કૌતુક જોવા એકઠા થઈ ગયા હતા.

ત્યાં અચાનક હવનને રોકીને શરદે ઘોષણા કરી, "કેટલાય લોકો લગ્નની પચાસમી વર્ષગાંઠ ધામધૂમથી ઊજવે છે. કેટલાક એ જ લગ્ન ફરીથી કરે છે. આપણા વેગડજીના લગ્નને પચાસ વર્ષ પૂરાં થવામાં બસ બે જ વરસની વાર છે. લગ્નની એ પચાસમી વર્ષગાંઠને નર્મદા મૈયાના સાન્નિધ્યમાં આપણે આજે જ શા માટે ન ઊજવીએ ?"

શરદનું ષડ્યંત્ર હવે સમજાયું ! આની જાણકારી માત્ર અમને બેને જ નહોતી. એટલે સુધી કે એણે રામકલીબાઈના પૂરા કુટુંબને આમાં સામેલ કરી લીધું હતું. એથી જ તો રામકલીના દીકરાઓએ ચંદરવો બાંધ્યો હતો અને એણે કાન્તાને બંગડીઓ પહેરાવી હતી અને સેંથામાં સિંદૂર પૂરવા કહ્યું હતું. ગામમાં જઈને એ કેટલાક લોકોને નોતરાં સુધ્ધાં આપી આવ્યો હતો ! હવે તો અમે પણ આ નાટકમાં હોંશે હોંશે સામેલ થઈ ગયાં. કાન્તા બિલકુલ દુલહન જેવી લાગતી હતી અને હું ? કેટલો નજીવો ને વામણો લાગતો હતો હું !

ત્યાં શરદે ઘોષણા કરી, "હવે દુલ્હાની પગડી-રસ્મ થશે."

મેં ગભરાઈને કહ્યું, "પગડી-રસ્મ તો મર્યા પછી થાય, હું તો હજી જીવતો છું !"

"માફ કરજો. દુલ્હાને સાફો બાંધવામાં આવશે." ગાર્ગીબહેનની સરસ છીંટવાળી ઓઢણીથી ડૉ. મિશ્રે સાફો બાંધવો શરૂ કર્યો. આ કામ એમને એટલા માટે સોંપવામાં આવ્યું કેમ કે એમને દરદીઓને પાટાપિંડી કરવાનો અનુભવ હશે જ, પરંતુ એ જ્યારે એકલા પાટો એટલે કે સાફો ન બાંધી શક્યા, ત્યારે બે-ત્રણ જણાએ મળીને કચકચાવીને બાંધ્યો. કાન્તાએ કહ્યું, "ભારે રૂડા લાગો છો !"

શરદે કહ્યું, "હવે પરિહારજી દુલ્હાનું ટીકાકરણ કરશે."

ટીકાકારણ એટલે વેક્સીનેશન. મેં ફરી કહ્યું, "ટીકાકરણ તો ડૉક્ટર દરદીનું કરે. લગ્નનું વેક્સીનેશન નીકળ્યાનું તો સાંભળ્યું નથી."

"ક્ષમા ચાહું છું. પરિહારજી દુલ્હાને તિલક કરશે."

શરદના સંસ્કૃત શ્લોકોનો પાઠ પણ ચાલતો રહેતો. એટલું સારું હતું કે એ ગાયત્રી મંત્ર હતા. જો એને ગરુડ-પુરાણ યાદ હોત તો એનાથી જ અમારી શાદી કરાવી દેત ! આના પછી એણે એક જબર્દસ્ત ઘોષણા કરી, "દિલ્હીથી પધારેલ મેજર જનરલ પ્રેમદાસ શર્મા કન્યાદાન કરશે." પ્રેમદાસ મારાથી એક વર્ષ નાના છે. કન્યાદાનની વિધિ પૂરી થઈ એટલે કાન્તાએ શર્માજીને કહ્યું "શર્માજી , આજથી તમે મારા વાલિદ થયા." પરિહારજીના અંગૂછાથી અમારી છેડાછેડી બાંધવામાં આવી. ગાર્ગીએ ગુજરાતી લગ્નગીત ગાયું. સ્થાનીય મહિલાઓએ ત્યાંનાં લગ્નગીત ગાયાં, અમે એકબીજાને માળા પહેરાવી, અગ્નિની પ્રદક્ષિણા કરી એટલે લગ્ન પતી ગયાં. ઝર ઝર અવાજે નાની નર્મદા એટલી નજીક વહી રહી છે કે એવું લાગ્યું જાણે અમારાં લગ્ન નર્મદાના દીવાનખાનામાં સંપન્ન થયાં. શરદે પુરોહિત અને ઉદ્ઘોષકની બેવડી ભૂમિકા ભારે કુશળતાથી બજાવી હતી. એ જ આ નાટકનો સૂત્રધાર પણ હતો.

હવે મેં "કન્યા" તરફ ધ્યાનથી જોયું. નહોતો ગળામાં સોનાનો હાર, નહોતાં પગમાં

ઝાંઝર કે નહોતી બનારસી સાડી. સોળે શણગારમાંથી એક્કેય શણગાર નહોતો. તેમ છતાં ચંપાના ફૂલ જેવી સુંદર ! યુવકોને કેમ કરીને સમજાવું કે બુઢાપામાં પણ આવો પ્રેમ સંભવ છે.

અમારી પાસે ગોળપાપડી હતી. એનાથી વેડિંગ કેકનું કામ લેવામાં આવ્યું. બીજે દિવસે સવારે જવા લાગ્યાં તો રામકલીબાઈએ મને કહ્યું, ''અમારી દીકરીનું આણું હમણાં નહીં વાળીએ, બાદમાં લેવા આવજો.''

ભારે તેજ સાસુ નીકળી આ તો ! મેં કહ્યું, ''એને મોકલવાની શી જરૂર, હું ઘરજમાઈ થઈને રહેવા તૈયાર છું !''

શિવ હિમાલય(કૈલાસ)માં રહે છે. હિમાલય શિવજીનું સાસરું છે. વિષ્ણુ સમુદ્ર પર સૂએ છે. સમુદ્ર વિષ્ણુનું સાસરું છે. સસરાઓની કમાણી ઉપર જમાઈઓની મોજ ઉડાવવી કોઈ નવી વાત નથી !

ખેર, બે વર્ષ પછી અમારાં લગ્નને પચાસ વર્ષ પૂરાં થશે. એ પ્રસંગે અમારે ઘેર કોઈક ને કોઈક આયોજન થશે જ, પરંતુ એ એવું જ હશે જેવાં હજારો હોય છે – એક અૌપચારિક, ચીલાચાલુ આયોજન. એમાં કૌતૂહલ અથવા વિસ્મયનો કોઈ ભાવ નહીં હોય. એમાં ન તો શરદ જેવો અનાડી પુરોહિત હશે અને ન તો રામકલીબાઈ જેવી સ્નેહમયી સાસુ. ન પગડીરસ્મ હશે, ન ટીકાકરણ અને ન તો પ્રેમદાસ જેવો કન્યાનો પિતા. એમાં નાટકીયતાનું કોઈ તત્ત્વ નહીં હોય, ત્યારે એમાં માધુર્ય ક્યાં રહેશે ? એ હશે આયોજન, આ છે ઉત્સવ – નર્મદાકાંઠે સહસા ઊગી આવેલો ઉત્સવ.

રામકલીબાઈને કાન્તા જોડે એવો તો સ્નેહ બંધાઈ ગયો છે કે કરબેમટ્ટા સુધી એ સાથે ચાલશે. ત્યાં એનું પિયર અને એની બે દીકરીઓનાં સાસરાં છે. કરબેમટ્ટા પાસે જ છે. ત્યાં એક ટેકરી ઉપર મેં અદ્ભુત સુંદર ત્રિશૂલ જોયેલાં. જેમ થડમાંથી ડાળ નીકળે અને ડાળમાંથી ડાંખળીઓ, તેમ મોટાં ત્રિશૂલમાંથી નાનાં અને એમાંથી વળી એનાથીય નાનાં ત્રિશૂળો નીકળતાં જોઈને ચકિત રહી ગયેલો. આજે ફરીથી જોઈશ.

પરંતુ જ્યારે ઉપર ગયાં તો જોયું કે પેલાં મોટાં કલાત્મક ત્રિશૂલોમાંથી એક પણ નહોતું ! વિદેશના કોઈક સંગ્રહાલયની શોભા વધારી રહ્યાં હશે.

અહીંથી પ્રેમદાસ એમની કારમાં ચાલ્યા ગયા. એમની સાથે ગાર્ગી, ડૉ. મિશ્ર અને પરિહારજી પણ ચાલ્યાં ગયાં. રામકલીબાઈ પોતાને પિયર ગઈ. જતાં પહેલાં વારે વારે કહેતી રહી, ''માયા-મમતા બનાએ રખના.'' અમે પાંચ આગળ વધ્યાં. ત્રીજે પહોરે લિખની પહોંચ્યાં. ખંડેર જેવી અવાવરુ ધર્મશાળામાં રહ્યાં. સાંજે કેટલીક સ્ત્રીઓ નર્મદામાં જવારા તારવા આવી. એમાંથી એકે કહ્યું, ''બહેન, અમારા ઘરે ટીવી છે, જોવાનું મન થાય તો આવજો.'' કાન્તાએ કહ્યું, ''અમને ટીવીની નહીં, ઢિબરી (દીવડી)ની જરૂર છે.'' ટીવી પર ઢિબરી ભારી પડી. થોડી વારમાં એ આવી ગઈ.

આગળ ગોમતી આવી. નાનો વહેળો. એની મુખ્ય ધારામાં લીલને લીધે પગ લપસતા હતા. ધારા સાંકડી જ હતી. હું એને ઠેકી ગયો, પરંતુ કાન્તા માટે આમ કરવું શક્ય નહોતું. પ્રવાહમાં પગ મૂકીને જ ઓળંગી શકે. એણે હાથ લંબાવ્યો, મેં એ ઝાલ્યો. પ્રવાહમાં પહેલાં એણે લાઠી રાખી પછી પગ મૂક્યો, પણ મૂકતાં જ લપસ્યો અને અમે બંને બેઢબ પડ્યાં ! પાણી ઊંડું નહોતું. જેમ તેમ કરીને ઊભાં થયાં. કોઈને જરા પણ વાગ્યું નહોતું. કાન્તાએ કહ્યું, ''હું તો પડી જ, તમને પણ પાડ્યા.''

વાત સાચી હતી, પણ અત્યારે સત્ય કરતાં જૂઠ વધુ જરૂરી હતું. બોલ્યો, ''તું ભલે ગુરુત્વાકર્ષણને લીધે પડી હો, હું તો બીજા જ કોઈ આકર્ષણને લીધે પડ્યો છું.'' કેડ સુધીનાં જ કપડાં ભીંજાયાં હતાં. ભીને કપડે ચાલી નીકળ્યાં. થોડી વારમાં તો સુકાઈ પણ ગયાં.

રાત લછમનમડવામાં રહ્યાં. અહીં પેલાં સાધ્વીજીની યાદ સહેજે આવી ગઈ જેમને મેં કહ્યું હતું કે નોકરીને લીધે હું સળંગ પરિક્રમા નથી કરી શકતો, રજાઓમાં કટકે કટકે કરું છું. તો એમણે કહ્યું હતું, ''બેટા, આનો રંજ ન કરતો. બુંદીનો લાડવો – પૂરો ખાઓ તો મીઠો લાગે, ચૂરો ખાઓ તો મીઠો લાગે !''

બપોર પહેલાં ડિંડોરી પહોંચી ગયાં. નીમાબાઈની ધર્મશાળામાં રહ્યાં. નીમાબાઈના શામળા સોહામણા મુખડામાં દૂધ જેવા સફેદ દાંત હતા – જાણે મોતી મઢ્યા હોય. એ બહુ માયાળુ ઢબે હસતી. એનો સુંદર ચહેરો જેટલો કોમળ હતો, એનું હાસ્ય એટલું જ પવિત્ર હતું.

અમારી આ વેળાની યાત્રા પૂરી થઈ.

અમરકંટકથી ડિંડોરી સુધીની પૂરી યાત્રામાં કાન્તા સાથે ચાલી. મને ખુશી છે કે ૬૭ વર્ષની વયે એ આ યાત્રા કરી શકી. પરંતુ માર્ગ પણ સરળ હતો, લગભગ મેદાનમાં જ ચાલવાનું થયું. પરંતુ આગળ ડિંડોરીથી મંડલા સુધીનો માર્ગ ખૂબ અઘરો છે. અહીં નર્મદા પહાડોમાં થઈને વહે છે. પગદંડી ઊબડખાબડ ને ખતરનાક છે. ઊંચી-નીચી કેડી પર ચઢ-ઊતર કરતાં ચાલવું ખૂબ મુશ્કેલ રહેશે. યાત્રાની કઠણાઈ જોતાં હું ચાહું છું કે એ ન ચાલે અને એ કહે છે કે હું જરૂર ચાલીશ. ''માર્ગના ખતરાથી ડરીને ન ચાલું – એ ભરોસે ન રહેતા.''

સાચી વાત એ છે કે આ ઉંમરે એ મને એકલો જવા દેવા નથી ચાહતી. ઘરમાં રહેશે તો એને મારી જ ચિંતા થયા કરશે. એ મારી હિફાજત માટે સાથે ચાલવા ઈચ્છે છે. એ વાત જુદી છે કે કાલે જ ગોમતી ઓળંગતી વેળા પોતે તો પડી જ હતી, મને પણ પાડ્યો હતો. પરંતુ એને સમજાવવું વ્યર્થ છે, એ ચાલશે જરૂર.

એક વાર પરિક્રમા દરમિયાન પરકમ્માવાસીઓનું એક દળ મળ્યું હતું. એમાં બે યુવાન બહેનો પણ હતી. મેં એમને પૂછ્યું હતું, ''રસ્તામાં કોઈ તકલીફ ?''

''કેવી તકલીફ ! મૈયાએ અમને ફૂલની જેમ રાખી છે.''

મા નર્મદે ! આ જિદ્દી ઓરતને પણ ફૂલની જેમ જ રાખજે !



૮. આવા સ્નેહી સાથી ક્યાં મળશે !

નર્મદાની તો જાણે મેં સીઝન ટિકિટ જ લઈ રાખી છે – એક ઑક્ટોબર-નવેમ્બરની, બીજી માર્ચ-એપ્રિલની. પદયાત્રા માટે આ સમય સૌથી વધુ અનુકૂળ હોય છે. ન વધુ ટાઢ ન વધુ ગરમી. પરંતુ ભારે વરસાદને લીધે ગયા ઑક્ટોબરમાં જઈ નહોતા શક્યા. નર્મદામાં મોટું પૂર આવ્યું હતું. પૂર તો ઓસરી ગયું, પણ કાદવને લીધે નદીકાંઠે ચાલવું સંભવ નહોતું.

અમે તો ન ગયાં પણ સ્કૉટલેંડનો માઈકલ ગયો. એ સ્કૉટલેંડથી નર્મદા પરિક્રમા કરવા માટે અહીં આવ્યો છે. એનો જન્મ મુંબઈમાં થયેલો એથી એને બચપણથી જ ભારત પ્રત્યે લગાવ છે. એણે પટિયાલા અને અજમેરની કૉલેજોમાં અધ્યાપન કાર્ય કરેલું. ૨૦૦૦માં એણે સાગર-સંગમથી ઉગમ (અમરકંટક) સુધીની ઉત્તર-કાંઠાની પરિક્રમા કરેલી. હવે ઑક્ટોબર ૨૦૦૩માં અમરકંટકથી સાગર-સંગમ સુધીની દક્ષિણ કાંઠાની યાત્રા માટે આવ્યો છે. જ્યારે અમારે ઘેર આવ્યો ત્યારે મૂશળધાર વરસાદ વરસી રહ્યો હતો. એથી અમે એને રોકી લીધો, પણ એની પાસે સમય સીમિત હતો અને એનું વાપસીનું રિઝર્વેશન પણ થઈ ચૂક્યું હતું. એથી એ વરસતા વરસાદે અમરકંટક ગયો. પરંતુ કરંજિયાથી એનો ફોન આવ્યો કે કાદવથી લદબદ કેડીઓ ઉપર ચાલવું સંભવ ન હોવાથી હું સડક માર્ગે ચાલી રહ્યો છું. પછી ડિંડોરીથી ફોન આવ્યો કે સડક પર હું લપસીને પડી ગયો અને હવે એક હોટલમાં પડ્યો છું. અમે પરિક્રમામાં જવાનું માંડી વાળ્યું.

પરંતુ માર્ચ ૨૦૦૪માં ચાલ્યાં. પહેલાં સાથે ચાલવા માટે લોકોને વીનવવા પડતા. હવે એટલા બધા ચાલવા ચાહે છે કે ના પાડવી પડે છે. અનાવૃષ્ટિની જેમ અતિવૃષ્ટિ પણ સુખદ સ્થિતિ નથી. યાત્રીદળ સીમિત હોય તો જ યાત્રાનો પૂરેપૂરો આનંદ માણી શકાય, પરંતુ સહયાત્રીઓ એટલા આત્મીય છે કે એમને ના પાડવીય સંભવ નથી. એમાં પ્રમુખ છે તપેન ભટ્ટાચાર્ય અને એમનાં પત્ની દીપ્તિ. બંને પર્યટનના ખૂબ પ્રેમી છે. હિમાલયમાં ખૂબ ફર્યાં છે. તપેનબાબુને બંગાળીની અસંખ્ય કવિતાઓ કંઠસ્થ છે, ખાસ તો રવીન્દ્રનાથની. મારાં બંને પરિક્રમા પુસ્તકોના બંગાળી અનુવાદ એમણે જ કર્યા છે.

અમદાવાદથી ફોટોગ્રાફર જોગેશ ઠાકર આવ્યા છે. "પરિક્રમા નર્મદા મૈયાની" વાંચીને એ નર્મદા-લોકમાં ખોવાઈ જ ગયા. પુસ્તકના કેટલાક અંશ એમને એટલા ઉદ્વેલિત કરતા રહ્યા કે એમનાથી રહેવાયું નહીં અને મને મળવા જબલપુર આવ્યા. જ્યારે મેં એમને કહ્યું કે મારી પદયાત્રાઓ હજુ ચાલુ છે ત્યારે એમને ખૂબ જ આનંદ થયો અને મારી જોડે જોશીપુર(હોશંગાબાદ)થી સાંડિયા સુધી પગપાળા ચાલ્યા. નર્મદા-સૌંદર્યથી એટલા અભિભૂત થયા કે પછી તો દૂરદરાજના પ્રદેશોમાં સ્વતંત્રરૂપે જવા લાગ્યા – ક્યારેક એકલા તો ક્યારેક કુટુંબ સાથે – અને નર્મદાકાંઠેની દૃશ્યાવલીને પોતાના કૅમેરામાં કેદ કરતા રહ્યા. આ વેળા એમની સાથે એમનાં પત્ની પૂનમબહેન, બેટી ચાંદની અને ભાણેજ મૌલિકા પણ આવ્યાં છે.

ઠાકર એમની સાથે મૂવી કૅમેરો લાવ્યા છે, યાત્રાનું ફિલ્માંકન કરતા ચાલશે. પરંતુ એ અને બેટી ચાંદની ચાર જ દિવસ સુધી ચાલી શકશે. ઠાકર પર ધંધાકીય દબાણ છે અને ચાંદનીની પરીક્ષાઓ શરૂ થવાની છે. પૂનમબહેન અને મૌલિકા પૂરી યાત્રામાં સાથે રહેશે. ચાંદની ખૂબ વાતો કરે છે, મૌલિકા ભાગ્યે જ બોલે છે. બંને સલવાર-કુર્તા પહેરે છે. એમને આ

વેશ શોભે પણ છે. દીપ્તિ અને પૂનમબહેનને અમે હંમેશાં સાડીમાં જ જોયાં હતાં, પરંતુ એમણે પણ સલવાર-કુર્તા પહેર્યાં છે. યાત્રા માટે આ વેશ છે પણ ઘણો સગવડભર્યો. માત્ર કાન્તાએ જ સાડી પહેરી છે. એણે ક્યારેય સલવાર-કુર્તા નથી પહેર્યા. ૬૮ની ઉંમરે પહેરવા ન તો એને ગમશે ન મને. જો પહેરશે તો એવું લાગશે જાણે ગાય ઉપર જીન કસ્યું હોય.

દુર્ગથી આવેલા કાન્તિ સોલંકીને શરૂમાં સાહિત્યથી લગાવ હતો, પણ પછી ફોટોગ્રાફીથી પ્યાર થઈ ગયો. મૃદુભાષી અને વિનોદી સ્વભાવના કાન્તિ જરા બહેરા છે. મારું માનવું છે કે બહેરાઓ લગભગ ભલા હોય છે. મેં આજ સુધી એવો માણસ નથી જોયો જે બહેરો હોય અને બૂરો હોય. (અંધા ખંધા થઈ શકે છે, જેમ કે ધૃતરાષ્ટ્ર.) આનું કારણ કદાચ એ હશે કે દુનિયાની ઘણી બધી ગંદકી સાંભળવાથી એ બચી જાય છે. બહેરાપણું સારા માણસ થવામાં મદદરૂપ છે. જો મંથરા બહેરી હોત તો રામને વનમાં ન જવું પડ્યું હોત.

ખુશમિજાજ શરદ વગર તો અમારી યાત્રા થઈ જ ન શકે. એની વિનોદી વાતોનો અમને ઇંતેજાર રહે છે. આ પ્રદેશ એટલો તો વિપન્ન છે કે ઘણાં ખરાં ગામોમાં નથી મંદિર, નથી ધર્મશાળા. અમારે ગ્રામીણોનાં ઘરોમાં જ રહેવું પડશે. પોતાના મિલનસાર સ્વભાવને લીધે રાતનો ઉતારો શોધવો શરદ માટે ડાબા હાથનો ખેલ છે. જમણા હાથે એ હિસાબ લખે છે. હિસાબ અંગે એ ખૂબ ચોક્કસ છે. ગમે તેટલો થાકેલો કાં ન હોય, આમાં જરા પણ પ્રમાદ નથી કરતો. દળનો કોષાધ્યક્ષ એ જ છે.

મારો ભાણેજ આનંદ એની યુવાન પત્ની રિતુ અને બેટી સેજલને ઘરે મૂકીને એમની ઈચ્છા વિરુદ્ધ આવ્યો છે. એની મા અને મારી બહેન ભાગીરથી કહે છે કે સિદ્ધાર્થની જેમ બંનેને સૂતાં મૂકીને એ તમારી સાથે ચાલ્યો છે. ૧૯૭૭માં જ્યારે મેં મારી નર્મદા-પદયાત્રાઓનો આરંભ કર્યો હતો, ત્યારે આનંદના પિતા અને મારા બનેવી હરિભાઈનો મને ભરપૂર સાથ મળ્યો હતો. તેઓ તો હવે ન રહ્યા, પણ એમના બંને પુત્રોનો મને એમનાથીય વધુ સહકાર મળી રહ્યો છે.

સાથે ત્રણ સહાયક છે. ગરીબો તો અમારી જોડે પહેલાં પણ ચાલી ચૂક્યો છે. અમે જાણતા હતા કે સભ્યો વધુ હોવાથી સામાન પણ વધુ થશે અને એકલા ગરીબાથી કામ નહીં ચાલે. એથી એના જ ગામના અને એની જ ઉંમરના એના બે દોસ્તોને પણ સાથે લીધા છે. નામ છે કમલેશ અને શિવદીન. ત્રણે ગોંડ છે.

અમે બધાં ધોમ તડકામાં ડિંડોરી પહોંચ્યાં. સીધા નર્મદાકાંઠે નીમાબાઈની નાની શી ધર્મશાળામાં ગયાં. મારા સાથીઓ મારા પ્રવાસ-વર્ણનમાં નીમાબાઈની “પવિત્ર મુસ્કાન” વિશે વાંચી ચૂક્યા હતા અને એને મળવા ખૂબ ઉત્સુક હતા. મને ડર હતો કે ક્યાંક તેઓ નીમાબાઈને જોઈને એમ ન કહે કે મેં અતિશયોક્તિથી કામ લીધું છે અને મારું વર્ણન સત્યથી દૂર છે. મારી શાખ દાંવ પર લાગી હતી. મને એ જોઈને ખૂબ ખુશી થઈ કે મારા સાથીઓ નીમાબાઈથી મારાથીય વધુ પ્રભાવિત થયા. ઠાકર તો એટલા બધા કે નીમાબાઈ પર એક નાની વીડિયો ફિલ્મ બનાવવાનું વિચારી રહ્યા છે. નીમાબાઈ અને એની નાની બહેન બંને વિધવા છે અને નિઃસંતાન છે. બંનેએ પોતપોતાનાં ખેતરો વેચીને આ ધર્મશાળા બંધાવી છે. પકમ્માવાસીઓને સદાવ્રત આપે છે તેમ ભોજન પણ કરાવે છે. અમને સૌને જમવા બેસાડી દીધાં. ભોજન ઘર જેવું જ હતું. અમે પંદર જણાં હતાં. સાંજે ફગનુદાદા આવી ગયા એટલે સોળ થયા. ફગનુદાદા અડધા ગૃહસ્થ અને અડધા સંન્યાસી છે. આ ઈલાકાના સારા જાણકાર છે.

અમે જોયું કે જ્યારે વધુ સંખ્યામાં પરકમ્માવાસીઓ આવી જાય છે ત્યારે નીમાબાઈનાં વાસણ નાનાં પડે છે. અમે એને બજારમાંથી એની પસંદનાં બે મોટાં તપેલાં લઈ દીધાં. દુકાનદારે કહ્યું કે આના ઉપર તમે તમારું નામ લખાવી લો, તો મેં સાફ ના પાડી અને નીમાબાઈનું જ નામ લખાવ્યું. અમારા આવડા મોટા કાફલાને એણે જે ભોજન કરાવ્યું હતું, શું

એના ઉપર એણે પોતાનું નામ કોતરાવ્યું હતું ?

જોકે માર્ચનો મધ્ય છે, પણ રાત્રે બહુ ટાઢ પડે છે. ધર્મશાળાનો ઓરડો મોટો હતો તેમ છતાં સોળ જણ માટે જરા નાનો હતો. એટલે પાસે પાસે સૂતા. રાતે ભયંકર ગર્જના સંભળાઈ તો ઊંઘમાંથી સફાળો જાગી ગયો. ધ્યાન દઈને સાંભળ્યું તો સમજાયું કે આ તો ભટ્ટાચાર્યનાં નસકોરાં બોલે છે !

તેઓ રાગ ભીમપલાસી પ્રસ્તુત કરી રહ્યા હતા. અજબ સંગીત-સભા હતી – ગાયક ઊંઘતો હતો ને શ્રોતા સૂતાં હતાં !

શાન્તિનિકેતનના આરંભના દિવસોમાં ત્યાં દીનુબાબુ રહેતા હતા – દિનેન્દ્રનાથ ઠાકુર, ગુરુદેવ રવીન્દ્રનાથના પરમ પ્રિય ભત્રીજા અને રવીન્દ્ર-સંગીતના ભંડારી. એમનું ઘર સડકની ધારે હતું. ત્યાં દિવસ-રાત બળદગાડાની અવરજવર રહેતી. ત્યાંથી રાત્રે પસાર થતા ગાડાવાળાઓની કોશિશ રહેતી કે એમના ઘરની સામેથી અડધી રાત પહેલાં નીકળી જઈએ. અડધી રાત પછી એમનાં નસકોરાં શરૂ થતાં. ગાડાખેડુઓનું કહેવું હતું કે એમનાં નસકોરાંને વાઘની ગર્જના સમજીને એમના બળદ ભડકીને આમતેમ ભાગવા લાગતા !

ભટ્ટાચાર્યે દીનુબાબુની પરંપરાને માત્ર જીવિત જ નથી રાખી બલકે આગળ વધારી છે. એ અડધી રાતની વાટ નથી જોતા, સૂતાં જ શરૂ થઈ જાય છે. એમનાં નસકોરાં ઘરઘરાટથી શરૂ થતાં અને ગડગડાટમાં થઈને થરથરાટમાં સમાપ્ત થતાં. પછી નીરવ શાંતિ છવાઈ જતી, પરંતુ થોડી વાર પછી પાછો વિસ્ફોટ થતો. આખી રાતમાં આની કુલ પ્રસારણ અવધિ એકાદ કલાકથી વધુ ન રહેતી, પણ જેવી નસકોરાંની એક ખેપ પૂરી થતી કે મન સતત ફફડ્યા કરતું કે બીજી ખેપ આવી કે આવી ! આ જ આશંકામાં રાત વીતતી. જોકે એમનાં નસકોરાંમાં એક સાંગીતિક અનુશાસન રહેતું. શરૂનો ગર્જનાસભર નિનાદ બાદમાં લયાત્મક ધ્વનિમાં બદલાઈ જતો. એ સાચું કે નસકોરાં અમારાં સૌનાં બોલતાં – આ દોડમાં મહિલાઓ પણ સામેલ હતી – પરંતુ ક્યાં રાજા ભોજ અને ક્યાં ગંગો તેલી ! ભટ્ટાચાર્યનાં નસકોરાંની ટક્કરનાં નસકોરાં અમારા કોઈની પાસે નહોતાં. અમારાં નસકોરાં તો બસ આ આવ્યાં ને આ ગયાં !

સવારે શરદે મને કહ્યું કે તમે દળના મુખિયા છો. તમારે ભટ્ટાચાર્યનાં નસકોરાં પર રોક લગાવતો અધ્યાદેશ જારી કરવો જોઈએ. આ પ્રસ્તાવને નામંજૂર કરતાં મેં કહ્યું કે આમ કરવાથી અભિવ્યક્તિની સ્વતંત્રતાના મૌલિક અધિકારનું હનન થશે. આ બારામાં હું કાંઈ ન કરી શકું.

બંગાળી વાઘ જેવો ચહેરો પણ મધ શી મીઠી જબાનવાળા તપેનબાબુ અને નમણી દીપ્તિની આંખોમાં એકબીજાને માટે શુભ્ર સ્નેહ છે. પરંતુ અમે જ્યારે તપેનબાબુનાં નસકોરાંનો ગુણાનુવાદ કરીએ, ત્યારે દીપ્તિ એમનો પક્ષ ન લેતાં અમારા દળમાં સામેલ થઈ જાય છે અને આગળ પડતો ભાગ લે છે. કહે, જ્યારે એમનાં નસકોરાંનો નાદ સાંભળું ત્યારે જ મને ઊંઘ આવે. ખોટું લગાડવું તો દૂર, ભદ્ર પુરુષ ભટ્ટાચાર્ય અમારી વાતોનો રસ લેતા અને આછું સ્મિત રેલાવતા. તેઓ મોટે ભાગે વિશ્વશાંતિની વાતો કરે છે. આ એમનો પ્રિય વિષય છે, પરંતુ રાત્રિની શાંતિ ભંગ કરનારાઓએ કમ સે કમ વિશ્વશાંતિની વાત ન કરવી જોઈએ.

ઠાકર અને એમનું કુટુંબ અમરકંટકથી સાંજે આવશે. એથી અમે અહીં આજે પણ રોકાશું. આજે રામઘાટ જઈને ત્યાંના પ્રપાતોને ફરીથી જોઈ આવીએ. એથી સામે કાંઠે ગયાં અને નાનાં નાનાં ગામોમાં થઈને ખરા બપોરે રામઘાટ પહોંચ્યાં. આ કાંઠે રામઘાટ, સામે કાંઠે લછમનમડવા. અમારા સાથીઓ નહાવા માટે પ્રપાતની નજીક જવા લાગ્યા તો ભટ્ટાચાર્ય પણ જવા લાગ્યા. દીપ્તિએ મોટેથી કહ્યું, “બહાદુરી બતાવવાની જરૂર નથી, અહીં કાંઠે બેસીને જ નાહી લો.” પરંતુ ભટ્ટાચાર્ય ન માન્યા, ત્યાં જ ગયા. પછી તો ખુદ દીપ્તિ પણ ત્યાં જઈને નહાઈ. પાણી જરા પણ ઊંડું નહોતું. સાંજ સુધીમાં પાછાં ડિંડોરી આવી ગયાં. નીમાબાઈના રસોડામાં

શાનદાર ગરમાગરમ ભોજન તૈયાર હતું – શીરો, પૂરી, આલુ-કોબીનું શાક અને રાયતું – ક્યા ખૂબ !

રાત્રે ખૂબ ટાઢ હોવા છતાં કેટલાક ચતુર-સુજાણ બહાર ખુલ્લામાં સૂતા, પરંતુ કાન્તિભાઈ ભટ્ટાચાર્યની બાજુમાં સૂતા. એ જરા બહેરા છે, ભટ્ટાચાર્યનાં નસકોરાં એમનું કાંઈ નહીં બગાડી શકે. કાન્તિભાઈની પાસે શરદ સૂતો. આ ત્રણેય એક જ ધ્વનિ-સંપ્રદાયના સદસ્યો છે. ક્યારેક આ ત્રણેયનાં નસકોરાં સમૂહ-ગાનનું રૂપ લઈ લેતાં ત્યારે એ ત્રિવેણી-સંગમમાં સ્નાન કરીને અમે ધન્ય થઈ જતાં. એવું લાગતું જાણે પુરાણકાળના રાજાઓની જેમ મહારાજ તપેન ભટ્ટાચાર્ય એમની સેના સાથે દિગ્વિજય કરવા નીકળી પડ્યા છે. ચૌદે ભુવનને હચમચાવી દેતા એમના નસકોરાના એક જ ઝાપટામાં અમે એમના શરણે થઈ જતાં.

નર્મદાની પદયાત્રાઓ શરૂ કરતાં પહેલાં હું કેટલીય વાર ડિંડોરી આવી ચૂક્યો છું. અહીં નર્મદાને ઓળંગતા અસંખ્ય ગ્રામીણ સ્ત્રી-પુરુષો જોવા મળતાં. સાપ્તાહિક બજારને દિવસે તો એમનો તાંતો લાગ્યો રહેતો. માથા ઉપર ગઠરી અથવા બળતણનો ભારો રાખેલી આદિવાસી સ્ત્રીઓ, હટાણું કરીને ઘેર જતા ગોંડ અને બૈગાઓ અથવા મુખ્ય પ્રવાહની જોશભેર વહેતી જલધારા આવતાં એકબીજાનો હાથ પકડીને ધીમે ધીમે આગળ વધતાં સ્ત્રી-પુરુષો – રેખાંકન માટે કેવા તો સરસ વિષય ! કોઈ વાર કોઈનો પગ ડગમગાતો ને એ પડી પણ જતો, પણ બીજી જ ક્ષણે હસતાં હસતાં ઊભો થઈ જતો ને ભીનાં લૂગડે આગળ વધતો. માણસ અને નદી વચ્ચેની આ ખેંચાખેંચમાં કેવો તો રોમાંચ હતો ! એમના ઘાટીલા તંદુરસ્ત અંગોમાં એવું તો સૌષ્ઠવ રહેતું કે મને થતું કે એમના દેહના લયને મારાં રેખાંકનોમાં અને એમના સૌષ્ઠવને મારાં ચિત્રોમાં લાવી શકું તો ધન્ય ! નદી ઓળંગતા ગ્રામીણોને લીધે નદી સચલ, સજાગ અને સજીવ બની જતી. નાના નાના ટાપુ પર પથરાયેલા ઊંચા ઘાસની આડશમાં સ્ત્રીઓ નહાતી ને કપડાં બદલતી. કેવું લાવણ્ય-ભરપૂર ચિત્ર !

પરંતુ હવે આમાંનું કાંઈ ન રહ્યું. નદીની એક બાજુ છે ચૅકડૅમ (નદી માટે જાણે "રસ્તો બંધ"), બીજી બાજુ છે મોટો પુલ અને અહીં પાકો લાંબો ઘાટ. પુલને લીધે લોકોને નદી ઓળંગવામાં સગવડ થઈ ગઈ છે, પરંતુ વહેલી સવારથી મોડી રાત સુધી અહીં જે નાટક ભજવાતું રહેતું, એ બંધ થઈ ગયું છે. નર્મદાનું સૌંદર્ય છિન્નભિન્ન થઈ ગયું છે. સભ્યતાના પૂરને હવે ખાળી શકાય તેમ નથી. જે થોડીઘણી પ્રકૃતિ હજુ બચી છે, પ્રકૃતિનું સૌંદર્ય બચ્યું છે, એને નેસ્તનાબૂદ કરવા માટે વિજ્ઞાનનું બુલડોઝર થનગની રહ્યું છે.

વહેલી સવારની નર્મદામાં તાજગીની સુંવાળપ જોઈને મારું હૈયું આનંદથી તર બન્યું. નાહીને દીવો જલાવીને નર્મદામાં વહેતો કર્યો. ઊગતા સૂર્યને હાથ જોડ્યા અને નર્મદાના આશીર્વાદનું ભાથું લઈને સોળ જણાંનું અમારું દળ ૧૭ માર્ચ, ૨૦૦૪ની સવારે પોતપોતાનો સામાન પીઠ પર લાદીને, નર્મદાકાંઠેની પદયાત્રા માટે નીકળી પડ્યું. ચાલ્યા તો હતા બહુ જોરશોરથી; પણ જલદી જ સમજાઈ ગયું કે અમારી પાસે પુષ્કળ સામાન છે અને આ ત્રણ સેવકોના વશની વાત નથી. આવડો બધો સામાન લઈને ચાલવું અમારી મજબૂરી છે. સાત-આઠ દિવસ સુધી એવું એકેય ગામ નહીં મળે જ્યાંથી અમે કાંઈ ખરીદી શકીએ. એથી આવડા મોટા દળ માટે પૂરતું રેશન અને સૂકો નાસ્તો લઈને ચાલવું જરૂરી હતું. અમે ડિંડોરીમાં જ બે સહાયકની શોધ કરી હતી, પરંતુ ખેતરોમાં ઘઉં વઢાઈ રહ્યા હતા, એથી કોઈ ન મળ્યું. જેમ તેમ કરીને ચાલ્યા તો ખરા, પણ જલદી જ સમજાઈ ગયું કે બે નહીં તો એક સહાયક તો મળવો જ જોઈએ. સામે જે મળતું એને જ પૂછતા, પરંતુ જ્યારે અમારી સાથે ચાલવા કોઈ પણ તૈયાર ન થયું, ત્યારે એક ઠેકાણે બેસી ગયાં અને વિમાસણમાં પડી ગયાં કે આગળની યાત્રા કેમ કરીને થશે.



૯. ડિંડોરીથી સારસડોલી

પરંતુ ચાલવા સિવાય છૂટકો નહોતો. ગરીબા અને કમલેશે એક તરકીબ શોધી કાઢી. એક લાઠી પર જેટલા થેલા લટકાવી શકાય, એટલા લટકાવીને બંને લાઠીનો એક એક છેડો પકડીને ચાલ્યા. પેલા બે હંસ જેમણે આવી જ રીતે લાઠીમાં એક કાચબાને લટકાવીને આકાશની સહેલ કરાવેલી, આ દૃશ્ય જોઈને જરૂર ખુશ થયા હશે.

પરંતુ સમસ્યાનો આ કોઈ ઉકેલ નહોતો.

સામેથી એક ગ્રામીણ આવતો દેખાયો. મને એ જોઈને બહુ નવાઈ લાગી કે એ અને ઠાકર બહુ પ્રેમથી વાતો કરી રહ્યા હતા અને થોડી વારમાં એ અમારો સામાન ઉપાડીને ચાલવા તૈયાર પણ થઈ ગયો ! ઠાકરે એવો તે શો મંત્ર ફૂંક્યો કે એ આટલી સહેલાઈથી અમારી મદદ કરવા તૈયાર થઈ ગયો !

ઠાકર અમારે ઘેરથી બે દિવસ વહેલા નીકળ્યા હતા, જેથી કુટુંબીજનોને અમરકંટક બતાવી શકાય. અમરકંટકની બસ ડિંડોરી થઈને જાય છે. ત્યારે બસમાં જ આનાથી ઓળખાણ થયેલી. નામ છે જીવન. મહેનત મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. આજે ફરી મુલાકાત થઈ. ઠાકરે એને અમારી મુશ્કેલી જણાવી તો એ તરત તૈયાર થઈ ગયો. બે જ દિવસ પહેલાં થયેલી આકસ્મિક મુલાકાત આજે બહુ કામ આવી.

આગળ એક પહાડી આવી. એના ઉપરથી દૂર સુધી જતી નર્મદા અત્યંત સ્વચ્છ અને શુભ્ર લાગી રહી હતી. ઢોળાવ પર ઘઉં વાવેલા હતા. જ્યારે હવા વહેતી તો છોડ ઝૂમવા લાગતા. ઢોળાવ પરથી ઊતરતા અને સોનેરી પાક વચ્ચેથી પસાર થતા અમારા દળનું ઠાકર ફિલ્માંકન કરી રહ્યા હતા ત્યાં શરદ અચાનક ગબડ્યો અને છેક નીચે જઈ પડ્યો ! અમે ગભરાઈ ગયાં, પણ બાદમાં અમારો ગભરાટ આનંદમાં ફેરવાઈ ગયો, જ્યારે જાણવા મળ્યું કે શરદે આ કરતબ જાણી જોઈને કરેલું જેથી ફિલ્મ જીવંત બને ! દુર્ભાગ્યથી એ સમયે ઠાકરના કૅમેરાનું ફોકસ નદી ભણી હતું એથી આ લોમહર્ષક દૃશ્ય ફિલ્મમાં આવવાથી રહી ગયું.

રાત કરનઘાટમાં રહ્યાં. ચાલતાં-ચાલતાં આપોઆપ જોડી બની જતી – ભટ્ટાચાર્ય અને દીપ્તિ, કાન્તા અને પૂનમ, ઠાકર અને આનંદ, મૌલિકા અને ચાંદની, ફગનુ અને હું. જે સાથે ચાલતાં એ વાતો કર્યા વગર રહી ન શકતાં, પણ થોડા કલાક પછી ચાલવું મુખ્ય અને બોલવું ગૌણ થઈ જતું. સાંજે તો અમે માત્ર હોંકારા પર આવી જતાં.

પથરાળ કેડી પરથી જઈ રહ્યાં હતાં. દુર્ભાગ્યથી ભટ્ટાચાર્યનો પગ એક પથ્થર પર પડતાં જ લપસ્યો અને મજબૂત કદ-કાઠીના ભટ્ટાચાર્ય ધમ્મ કરતા પડ્યા. થોડી વાર સુધી તો એમ જ બેઠા રહ્યા. જ્યારે કળ વળી ત્યારે એમને સહારો આપીને ઊભા કર્યા. એમનો સામાન બીજાઓએ લઈ લીધો. કોઈકે એમને લાઠી આપી. એ જોકે ધીરે ધીરે ખોડંગાતા ચાલી રહ્યા હતા, તેમ છતાં એમણે પોતાની યાત્રા જારી રાખી.

પહેલે જ દિવસેથી એક કૂતરો અમારી સાથે ચાલી રહ્યો હતો. એ રામઘાટ પણ ચાલેલો અને કરનઘાટ પણ આવેલો, પરંતુ તે પછી ન દેખાયો. આનંદે કહ્યું કે સવારે એ પાસેના ગામે ગયો હતો અને ત્યાં એણે મોટો હાથ માર્યો – એક મરઘાને મારી નાખ્યો. મરઘાના માલિકે એને એવડો માર માર્યો કે અધમૂઓ થઈ ગયો અને કણસતો-કરાહતો પાછો ચાલ્યો ગયો. એને

મરઘાનો શિકાર મોંઘો પડ્યો. કેમ જાણે આની ભરપાઈ કરવા માટે આવ્યો હોય એમ એક બીજો કૂતરો આવી ગયો. પરંતુ એને અમારો વહેવાર એની પ્રતિષ્ઠાને અનુરૂપ નહીં લાગ્યો હોય, એથી અમને ભગવાન ભરોસે મૂકીને એ પણ ચાલ્યો ગયો.

ખરમેર સંગમ પહોંચતાં સાંજ થઈ ગઈ. સંગમ પર જે કુટી હતી એમાં તાળું લાગ્યું હતું. આગળ જવા સિવાય ઉપાય નહોતો. અંધારું ઊતરતાં પહેલાં બીજે ગામ પહોંચી જવું જોઈએ. તરત ચાલ્યાં, પણ થોડુંક જ ચાલ્યાં હતાં ત્યાં કુટીના બાબા મળી ગયા. "ક્યાંય નથી જવું. અહીં જ રહો. બધી વ્યવસ્થા થઈ જશે."

અમે બધાં માટે રૅશન તેમ જ સૂકો નાસ્તો લેતાં, તેમ છતાં સૌને કહેતાં કે તમે પણ થોડો નાસ્તો લેતા આવજો. આમ એ લઈ તો આવતા, પણ કાઢતા નહીં ! બે"ક દિવસ પછી એમને એનો ભાર લાગવો શરૂ થતો. પછી બધાં એકસાથે કહેતાં કે અમારો નાસ્તો લો ! આમ આટલા દિવસ સુધી જે નાસ્તો પ્રાઈવેટ સેક્ટરમાં રહેલો, એ આપોઆપ પબ્લિક સેક્ટરમાં આવી જતો ! થોડા દિવસ પછી તો એક રૂમાલ પણ બોજ લાગતો.

કાન્તિભાઈ શાહી સ્વભાવના માણસ છે. સવારે ઊઠતાંની સાથે પહેલાં આળસ મરડે, પછી બગાસાં ખાય અને જો ચામાં મોડું થાય તો છીંક ખાય. એક્યુપ્રેશરના સારા જાણકાર છે. કોઈનું માથું દુ:ખે છે, કોઈના પગમાં દુખાવો છે, કોઈના ખભામાં કળતર છે; કોઈ પણ તકલીફ હોય, એ પોતાના રોગીઓના પૉઈન્ટ દબાવતા. દુખાવો ગમે ત્યાં હોય, પૉઈન્ટ તો પગના તળિયામાં જ હોય. એ દબાતાં રોગીના મોંમાંથી હળવી ચીસ નીકળી જતી અને એને વેદના તેમ જ રાહતનો અનુભવ એકસાથે થતો – વધારે તો રાહતનો. રોજ સાંજે એમનો આ કાર્યક્રમ ચાલતો. બે-ત્રણ જણા તો એમના સ્થાયી મરીજ બની ગયા છે. મને થયું ચિકિત્સાની આ પદ્ધતિમાં બગાસાંનું પણ કોઈક પૉઈન્ટ રહેતું તો હશે. જોકે સવારની ખુમારીને દૂર કરવાની આ એમની શૈલી છે અને આમાં કોઈને વાંધો ન હોવો જોઈએ.

ખરમેરસંગમના બાબા બહુ પહેલાં નર્મદાની પરિક્રમા કરી ચૂક્યા છે. શૂલપાણ ઝાડીની વાત નીકળતાં કહે – બોરખેડીથી નીકળ્યે પહેલો જ દિવસ હતો. લૂંટાતા લૂંટાતા મારી પાસે માત્ર એક શાલ બચી હતી. થાક્યો-હાર્યો સાંજે એક ભીલની ઝૂંપડીએ પહોંચ્યો. એણે રહેવા આપ્યું, ખાવા જુવારનો રોટલોય આપ્યો. સવારે આગળ ચાલ્યો. હજુ તો અડધો કિલોમીટર પણ નહીં ચાલ્યો હોઉં, ત્યાં સામેથી એ જ ભીલ આવ્યો અને ચાદર ભણી ઈશારો કરીને બોલ્યો – મૂક ! મેં ચાદર તો દઈ દીધી, પણ હસવું આવી ગયું. કહ્યું – કાલે હું તારે ઘેર જ તો રહ્યો હતો. ચાદર કાલે જ લઈ શક્યો હોત, આવડી જહેમત ઉઠાવવાની શી જરૂર હતી તો કહે, કાલે તું મારો મહેમાન હતો !

કાલે જે મહેમાન હતો, આજે એ શિકાર છે !

ખરમેર પાર કરતી વેળા શરદ ઓચિંતાનો લપસ્યો ને નદીમાં પડ્યો. અમને એમ કે ફિલ્મને રોચક બનાવવા ખાતર એ જાણી જોઈને પડ્યો હશે, પણ આ વેળાએ ખરેખર પડ્યો હતો. એક ચટ્ટાને એને ટંગડી મારી હતી. ટંગડી જોકે હલકી હતી, એથી ખાસ વાગ્યું નહોતું.

હવે નદીના બંને કાંઠે પહાડો છે. આ રમણીય પાર્વતીય પ્રદેશ તો જાણે બીજી શૂલપાણની ઝાડી ! જોકે ત્યાં હરિયાળીનું નામનિશાન નથી જ્યારે અહીં લીલોતરીનો પાર નથી. કેટલેક ઠેકાણે પાણીના પછડાટથી પથ્થરો ઉપર અવનવા પૅટર્ન બની ગયા છે. એ પ્રકૃતિના શિલાલેખ છે.

નદીકાંઠે ચાલવાના લીધે બે દિવસથી અમને એક પણ ગામ જોવા નથી મળ્યું, એટલે વિચાર્યું કે બપોર પછી ઉપરથી ચાલશું. ઉપર જવા માટે કાંટાળી ઝાડીમાંથી જવું પડ્યું, બધાને ઉઝરડા આવ્યા. મરવારીઘાટ પહોંચતાં સાંજ થઈ ગઈ. વૃક્ષો નીચે બનેલા ચબૂતરા પર સૂતાં.

સવારે નીકળવા તો ઈચ્છીએ છીએ મરઘાની બાંગની સાથે; પણ નીકળી નથી શકતા. ફોટોગ્રાફી માટે સવારનો સમય સૌથી ઉત્તમ હોય છે. ઊઠતાંની સાથે જ ઠાકર પોતાનું કામ શરૂ કરી દેતા. આમાં મોડું થતું.

ચાલવામાં મૌલિકા સૌથી આગળ રહે છે અને દીપ્તિ સૌથી પાછળ. દીપ્તિને છેડવાના ઉદ્દેશથી ભટ્ટાચાર્ય બોલ્યા, "ક્યારેક ઢાકામાં ઘોડાગાડીનો બહુ રિવાજ હતો. એકનો ઘોડો એવો તો મરેલ જેવો હતો કે હંમેશ પાછળ રહી જતો. એ કહેતો – છે ને શેરનો બચ્ચો ! બધાને હાંકી કાઢ્યા !" દીપ્તિએ આ સાંભળ્યું જરૂર, પણ કંઈ બોલી નહીં.

રાત કનઈસંગમમાં રહ્યાં. પચીસ વર્ષ પહેલાંની એક ઘટના સહેજે યાદ આવી ગઈ. અહીં અમે જેમને ઘેર રાત રહ્યા હતા એમને ગાવા-વગાડવાનો શોખ હતો. જમ્યા પછી એમણે અમને ભજન સંભળાવવા શરૂ કર્યાં. થોડી વાર સુધી તો સાંભળતા રહ્યા, પણ આખો દિવસ ચાલ્યા હતા, એથી ખૂબ થાકી ગયા હતા. નીંદનાં ઝોકાં પણ આવી જતાં; પણ એ થોભવાનું નામ નહોતા લેતા. વળી એમનું ગળું બેસૂરું હતું. મન મારીને સાંભળતા રહ્યા. એમની સાથે એમનો નોકર પણ હતો. જેવું ભજન પૂરું થતું કે નોકરને કહેતા – તું પણ તો ગાય છે. એક ભજન તું સંભળાવ. કહેતા જરૂર, પણ તરત બીજું ભજન શરૂ કરી દેતા ! એને મોકો જ ન આપતા. જ્યારે એમણે જોયું કે સાંભળતાં સાંભળતાં અમે ત્યાં જ ઢળી પડશું, ત્યારે એમણે નોકરને ગાવા માટે કહ્યું. એની પ્રથમ પંક્તિથી જ અમારી ઊંઘ ઊડી ગઈ. કેવું તો સૂરીલું ગળું ! તન્મય થઈને સાંભળતા રહ્યા. અમે ચાહતા હતા કે હજુ સંભળાવે, સૂર્યોદય સુધી સંભળાવતો રહે, અમે મટકુંય નહીં મારીએ. ત્યાં જ એમણે કહ્યું, "તમે થાકી ગયા હશો. કાર્યક્રમ સમાપ્ત કરીએ છીએ." એને માત્ર એક જ ભજન ગાવા દીધું. નોકર જો માલિકથી વધુ સારું ગાશે, તો એને આની સજા ભોગવવી જ પડશે.

બીજે દિવસે ઠાકર, એમની બેટી ચાંદની અને આનંદ ઘરે ચાલ્યાં ગયાં. આનંદ ચાર-પાંચ દિવસ પછી પાછો આવી જશે.

સાંજે સકરીટોલા પહોંચ્યાં. ગણતરીનાં ઘર. મંગલસિંહનું ઘર સહેજ મોટું હતું, એને ત્યાં રહ્યાં. પાંચ ભાઈઓનું કુટુંબ સાથે રહે છે. ઘરમાં બધી જાતનાં જાનવરો હતાં – ઘોડો, ગાય, બળદ, બકરી, સૂવર, ઘેટાં, કૂતરાં અને બિલાડી. આંગણામાં મરઘા-મરઘી કૂકડેકૂક કરતાં ઘૂમી રહ્યાં હતાં. એક મરઘો ભારે રુઆબથી છાતી ફુલાવીને ઘૂમી રહ્યો હતો જાણે ઘરનો માલિક એ જ હોય. જ્યાં અમે રસોઈ બનાવી, એ બકરી બાંધવાની જગ્યા હતી અને જ્યાં સૂતાં એ ગાય બાંધવાની. ગાયો આકારમાં બકરીઓથી સહેજ જ મોટી હોય છે. ગામમાં સો સવા સો ગાયો હશે, પરંતુ દૂધ પાંચ લિટર પણ નથી થતું. ક્યાંય હરિયાળી નથી. સર્વત્ર પથરાળ, બંજર, અનુર્વર જમીન છે. માણસને જ ખાવા નથી, જાનવરોને ક્યાંથી ખવડાવે.

રાત્રે જમી રહ્યાં હતાં. દીવડીનો પ્રકાશ પૂરતો નહોતો. અંધારામાંથી એક બિલાડી આવી અને મારી થાળીમાંથી રોટલી ઉપાડી ગઈ ! મારી દરિયાદિલી બતાવવા ખાતર મેં એક રોટલી હજી ફેંકી, પરંતુ એ એણે ન લીધી. કદાચ એનું સ્વાભિમાન ઘવાયું હશે. એ ખાઉધરી ઓછી અને સ્વાભિમાની વધુ હતી.

આ પશુ-પક્ષી આખરે આપણાં નાનાં ભાઈબહેન જ તો છે. જ્યારે ઋષિએ "વસુધૈવ કુટુમ્બકમ્" કહ્યું હતું, ત્યારે આ કુટુંબમાં એમણે સમસ્ત પશુ-પક્ષીઓને પણ સામેલ કર્યાં જ હશે.

રાત્રે જેને જ્યાં જગ્યા મળી ત્યાં લંબાવ્યું. અડધી રાતે ઊઠ્યો ને દબાતે પગલે બહાર આવીને બેઠો. અંધકાર ઓઢીને ઊભેલા સામેના ડુંગરા પોતાના વાસ્તવિક આકાર કરતાં મોટા લાગી રહ્યા હતા. ત્યાં ચાંદો નીકળ્યો. ડુંગરાઓએ એનું સુંદર આતિથ્ય કર્યું. આ ડુંગરાઓ સાથે

તો એની રોજની ઊઠબેસ છે.

મને થયું, દિવસનું આકાશ છે પુરુષ, રાતનું આકાશ છે નારી. રાત્રિનું આકાશ ચાંદાનું ટીલું કાઢે છે ને તારાના ત્રાજવાં ત્રોફાવે છે ! નારીમાં પોતાને શણગારવાની વૃત્તિ પૃથ્વીનો જન્મ થયો, એ પહેલાંની છે.

વેરાન વાટ કાપતાં જઈ રહ્યાં હતાં. બપોર થતાં તો સૂરજ સળગવા લાગ્યો. બધાંના ચહેરા કાળા પડી ગયા હતા. દીપ્તિને છેડવા ખાતર ભટ્ટાચાર્યે કહ્યું "તારો ચહેરો કેવો તો બિહામણો લાગી રહ્યો છે !"

"સાંભળ્યું દીદી, શું કહ્યું આમણે ? કાલે મને વાઘણ કહી હતી, આજે બિહામણી. કાલે કદાચ ભૂતડી કહે. અરે આમણે આવી વાતો કરવી જોઈએ કે મને ચંદ્રમુખી કહીને મારો ઉત્સાહ વધારવો જોઈએ ?"

કાન્તાએ કહ્યું, "દીપ્તિ, તું નાની બની ચૂકી છો. નાનીઓ શું ચંદ્રમુખી હોય ?"

"તો શું બિહામણી હોય ?" દીપ્તિની વાતો મજેદાર હોય છે. હિન્દી એ બંગાળી લહેજામાં બોલે છે. એની હિન્દીમાં બંગાળીનો વઘાર હોય છે.

મૌલિકા, શરદ અને કાન્તિભાઈ કન્હારી સૌ પહેલાં પહોંચ્યાં. માલોબાઈએ પોતાનાં ઘરમાં રહેવાની રજા એ શરતે આપી કે તમે મૈયાની પરકમ્મા કરી રહ્યાં છો એથી પહેલાં હું તમારા સૌના પગ પખાળીશ પછી રહેવા દઈશ. શરદે કહ્યું કે તમારા જેવી ભોળી ને નિષ્પાપ મહિલાના પગ તો અમારે પખાળવા જોઈએ. આ વિવાદ ચાલતો હતો ત્યાં અમે જઈ પહોંચ્યાં. મેં કહ્યું "અમે સોળ જણાં છીએ. તું કોના કોના પગ પખાળીશ ? તારું બહુ મન છે તો અમારા દળમાં આ જે કન્યા છે, એના પગ પખાળ. કુમારી કન્યાઓ આમેય પૂજ્ય ગણાય છે."

ભાગ્યથી એ આને માટે રાજી થઈ ગઈ, પણ મૌલિકા તૈયાર ન થઈ. મૌલિકાને સમજાવવાનું કામ પૂનમબહેનને સોંપવામાં આવ્યું. પૂનમબહેન પોતાની ભત્રીજીને બેટીથી કમ નથી ચાહતાં. મૌલિકા ક્યારેક એમના ખોળામાં માથું રાખીને સૂઈ જતી અને પૂનમબહેન મૃદુતાથી એના માથા પર હાથ ફેરવતાં. મૌલિકા એમને ના ન કહી શકી. માલોબાઈએ બહુ ભાવથી મૌલિકાના પગ પખાળ્યા, ત્યારે અમને રહેવા મળ્યું. અમારો લોટ ખતમ થઈ ગયો હતો. એણે એ પણ આપ્યો. રોજેરોજ અમને નવા નવા ગ્રામીણોનો સ્નેહ મળતો રહે છે. એના લીધે અમારો એકેએક દિવસ પ્રકાશવંત બની જાય છે.

રાતે ભજનોનો કાર્યક્રમ થયો. શરૂઆત ફગનુદાદાએ કરી. માલોબાઈએ રીના ગીતો સંભળાવ્યાં. સવારે દૂર સુધી વળાવવા આવી.

સારસડોલી વહેલાં જ પહોંચી ગયાં. ગામનું નામ એવું તો ગમી ગયું કે અહીં જ રહી ગયાં. ગામના લોકોએ કહ્યું કે પહેલાં અહીં સેંકડો સારસ નદીના પટમાં ચરવા આવતા, એથી ગામનું નામ સારસડોલી પડ્યું. પરંતુ હવે નથી આવતા. કદાચ માણસના પેટમાં ચાલ્યા ગયા. આ ગામમાં થોડી નાની નાની દુકાનો છે અને એક દુકાનદાર પાસે ફોન પણ છે. કાન્તિભાઈ તો રાજીના રેડ ! વારે વારે ફોન કરવા ચાલ્યા જતા. કહે, અહીં ફોન બહુ સોંઘો છે ! કેટલાકને તો એમણે આ કહેવા માટે જ ફોન કર્યા કે અહીં ફોન બહુ સસ્તો છે !

નર્મદા કાલે પણ નહોતી મળી, આજે પણ ન મળી. નર્મદાકાંઠો એવો તો દુર્ગમ છે કે અમારે એ નછૂટકે છોડવો પડેલો. પરંતુ અહીંથી પાંચ કિલોમીટર દૂર સલૈયાઘાટમાં નર્મદા છે. માર્ગ ખૂબ અઘરો છે, પણ અમારે ખાલી હાથે જ તો જવું છે. બપોર પછી નીકળીએ તો પણ સાંજ સુધીમાં પાછાં આવી જઈએ. ત્યાં જવા માટે સાત જણ તૈયાર થયાં – ફગનુદાદા, ભટ્ટાચાર્ય, દીપ્તિ, પૂનમબહેન, શરદ, કાન્તા અને હું. કેડી પહેલાં તો આસાન રહી, પણ જેમ જેમ આગળ વધતાં ગયાં, અમારી મુશ્કેલી વધતી ચાલી. ગોળમટોળ પથ્થરોને લીધે

લપસવાનો ડર રહેતો. અહીં ચાલવું મુશ્કેલ અને પડવું સહેલું હતું. મને થયું કે ખોડંગાઈને ચાલતા ભટ્ટાચાર્યને અહીં લાવીને હું નાદાની કરી બેઠો છું, પરંતુ જેમ જેમ કેડી ખતરનાક થતી ગઈ તેમ તેમ ભટ્ટાચાર્યની દૃઢતા વધતી ગઈ. હવે અમે એક ખીણમાં ઊતરી રહ્યાં હતાં. ઘણી વાર પછી પહાડોની વચ્ચે નદીનો નાનો શો ટુકડો દેખાણો. થોડી વારમાં સહસા નર્મદાકાંઠે પહોંચી ગયાં.

નર્મદા કેવી તો દબાતા પગલે વહે છે ! નદી એટલી ધીમી વહે છે કે જાણે વહેતી જ ન હોય. આકાશમાં પંખી પોતાની પાંખોને સ્થિર કરી લે, તેમ છતાં એનું ઉડ્ડયન તો ચાલુ જ હોય. એ જ રીતે સ્થિર હોવા છતાં નદી વહી તો રહી જ છે. વચ્ચે વચ્ચે નર્મદા આવા કોમળ વિરામ લેતી રહે છે. આ શાંત એકાંત સ્થળમાં જરૂર કોઈક ઋષિએ તપશ્ચર્યા કરી હશે. આકાશની ચકલી એને ખાવાનું લાવી આપતી હશે અને વનનાં પશુ એની આજ્ઞાનું પાલન કરતા હશે. અહીં જે પણ આવતું હશે, અહીંનું પવિત્ર વાતાવરણ એના આત્માને રોમાંચિત કરી દેતું હશે અને એ અહીંથી નવી ઊર્જા લઈને જતું હશે. તેઓ એક સુગંધના રૂપમાં તો આજે પણ અહીં વિદ્યમાન હશે. મન અકથનીય તૃપ્તિથી ભરાઈ ગયું. મહિલાઓએ કહ્યું કે અહીં આવવામાં એમણે જે જોખમ ખેડ્યું હતું, એ બિલકુલ ઉચિત હતું.

અહીં કોઈ નહોતું. એકલદોકલ માછીમાર પણ નહીં. હા, ચિતાનાં અડધાં સળગેલાં લાકડાં અને રાખ જરૂર પડ્યાં હતાં. આવું ભવ્ય, ભેંકાર પહાડી એકાંત કાં તો ટાકિનઘાટમાં હતું, કાં અહીં છે. અહીં સ્મશાનની સગવડ પણ છે, જે ટાકિનઘાટમાં નહોતી. બંને આધ્યાત્મિક એકાંતવાસ માટે ઉત્તમ સ્થળ છે. બસ, આનું નામ જરા ન રુચ્યું. સલૈયાઘાટને બદલે શ્રીઘાટ હોવું જોઈતું હતું. "શ્રી"માં જેવો વળાંક છે એવો જ વળાંક અહીં નર્મદામાં છે, પણ ઝટ કોઈક કહેશે – નામમાં તે વળી શું બળ્યું છે !

ચારે બાજુ ભયપ્રેરક નિસ્તબદ્ધતા હતી. ત્યાં તો આખે શરીરે કાળાં કપડાં પહેરેલો એક યુવાન દેખાણો. ક્યાંક મડદાં જલાવનાર મસાણિયો તો નહીં હોય ! પણ એ તો હતો એક યુવાન પરકમ્માવાસી. એકદમ કાંઠે કાંઠે ચટ્ટાનોને કૂદતો ફલાંગતો આવી રહ્યો હતો. એ કોણ છે, ક્યાંથી આવી રહ્યો છે – આ બધું જાણવાની બહુ ઈચ્છા હતી, પરંતુ એ કોઈની જોડે વાત કરવા નહોતો ઈચ્છતો. જોતજોતામાં આંખોથી ઓઝલ થઈ ગયો. કેટલાક જાન હથેળી પર રાખીને પરિક્રમા કરતા હોય છે.

અહીંથી જવાનું મન નહોતું થતું; પણ સંધ્યાનાં અંધારાં ઊતરવા લાગ્યાં હતાં. મોડું કરવું ઠીક નહીં. તેમ છતાં મહિલાઓ પોતાને રોકી ન શકી, ત્રણે નદીમાં માથાબોળ નાહી અને ભીનાં કપડાંમાં જ ચાલવા લાગી. અંધારું ખીણને વ્યાપી વળે એ પહેલાં અમે પગદંડીનો ખતરનાક હિસ્સો પાર કરી લેવા ઈચ્છતા હતા. નિસ્તબ્ધ ખીણમાં ચૂપચાપ જઈ રહ્યાં હતાં – મૂંગાની જેમ. શબ્દ કેટલા અનાવશ્યક હતા !



૧૦. સારસડોલીથી મહારાજપુર (મંડલા)

અડધેય નહોતાં પહોંચ્યાં ને સૂરજ આથમી ગયો. અંધારું ઘેરાવા લાગ્યું. અંધારું ગમે તેટલું ગાઢ કાં ન હોય, સંપૂર્ણ અંધકાર ક્યારેય નથી હોતો. અંધારામાં અંધારી રાતે પણ તારાઓનો કોમળ પ્રકાશ રહે જ છે. આટલા પ્રકાશમાં અમને અમારી પગદંડીનો સંકેત મળી રહેતો. વળી અમે એનો ખતરનાક ભાગ પાર કરીને મેદાનમાં આવી ગયાં હતાં. હવે પગદંડી સીધી, સમથળ અને પહોળી થઈ ગઈ હતી. જ્યારે રહેઠાણે પહોંચ્યાં ત્યારે રાત થઈ ગઈ હતી. અમારા સાથીઓ ટૉર્ચ અને લાઠી લઈને અમારી ખોજમાં નીકળવાવાળા હતા. અમને જોઈને એમણે નિરાંતનો શ્વાસ લીધો.

બીજે દિવસે દોઢ કલાકમાં મેંહદવાની પહોંચી ગયાં. રહેવા માટે એક ઘરમાં સરસ જગ્યા મળી ગઈ. આ જરા મોટું ગામ છે. અહીં સાપ્તાહિક બજાર ભરાય છે અને બસ પણ આવે છે. આજે રાત્રે મારો ભાણેજ આનંદ આવશે, એથી અહીં રોકાઈ ગયાં. અહીં હોટેલ તો છે પણ ફોન નથી. ફોન ન હોવાનું દુ:ખ કાન્તિભાઈએ હોટેલનાં ભજિયાં ખાઈને દૂર કર્યું. કચોરીની સંભાવનાથી પણ ઇનકાર ન થઈ શકે. અડધી રાતે આનંદ તો આવ્યો જ, નાનો પુત્ર નીરજ પણ આવ્યો. બંને અમારે માટે પ્રચુર ખાદ્ય સામગ્રી લાવ્યા છે. રસદ ઠીક સમય પર આવી.

મચકોડની પરવા કર્યા વિના ભટ્ટાચાર્ય લાઠીને ટેકે લંગડાતા-ખોડંગાતા ચાલી રહ્યા હતા, પરંતુ કાલથી દીપ્તિ પણ ખોડંગાતી ચાલી રહી છે. સવારે ભટ્ટાચાર્યે કહ્યું, "અમે ઘેર જવાનું નક્કી કર્યું છે. મને મારી ચિંતા નથી, પણ દીપ્તિનો પગ પણ મચકોડાઈ ગયો છે અને એની તકલીફ વધતી જાય છે. એથી અમારે જવું પડશે." અહીંથી એમને બસ મળી જશે. ત્યાં દીપ્તિ આવી ગઈ. કાન્તાનો હાથ પોતાના હાથમાં લઈને બોલી, "દીદી, જવું જરાય નથી ગમતું પણ શું કરું, ચાલવું સંભવ નથી." કહેતાં કહેતાં રોઈ પડી. આંખોમાં આંસુ ઊભરાયાં.

"આ શું, દીપ્તિ, તું રડે છે ?"

"ના, હું ક્યાં રડું છું ?" આંસુ લૂછતાં બોલીને ફરીથી રડી પડી. આંસુ કાન્તાની આંખોમાં પણ હતાં. હઠાત્ કાન્તાએ એને પોતાની બથમાં લઈ લીધી. અવરુદ્ધ કંઠે બોલી, "તારું ધ્યાન રાખજે. મળવા આવતી રહેજે. તમે બંને હવે અમારાં કુટુંબીજનો છો." અમે એમને દૂર સુધી વળાવવા ગયાં. શેષ યાત્રામાં એવો એક પણ દિવસ એવો નહોતો, જ્યારે અમે અમારા આ પ્યારા સાથીઓને યાદ ન કર્યા હોય. એવું ભાગ્યે જ થયું હોય કે એક લેખક તથા એની પત્ની તથા એનો અનુવાદક ને એની પત્ની – ચારેય એક નદીની સાથે દસ દિવસ સુધી સાથે ચાલ્યાં હોય. હવે એ માત્ર અનુવાદક જ નથી પણ જે પુસ્તકનો અનુવાદ કરશે, એમાં પોતે પણ રહેશે.

એમને વળાવ્યા પછી અમે પણ ચાલી નીકળ્યાં. થોડી વારમાં ઠેલાઘાટ આવી ગયાં. ડુંગરની ટોચ ઉપર બનેલી જે પાકી કુટીમાં હું રાત રહ્યો હતો, એ ખંડેર થઈ ચૂકી હતી. અહીંથી દેખાતી નર્મદાની શોભા સ્તબ્ધ કરી દેનાર હતી. જ્યારે કોઈ સુંદર દૃશ્ય જોઉં, ત્યારે થાય કે આને હંમેશને માટે મનના પડદા પર અંકિત કરી લઉં. પરંતુ થોડી વારમાં એનાથીય સુંદર દૃશ્ય જોવા મળતું અને ત્યાર બાદ એનાથીય સુંદર ! ત્યારે થતું કે હું તો સૌંદર્યના ખળામાં આવી ગયો

છું. અહીં સૌંદર્યના એક એક દાણાનો હિસાબ ક્યાં રાખવો !

વધુ ને વધુ ખીણ-ખંદક આવી રહ્યાં હતાં. નર્મદાને પહાડી અવરોધોનો મુકાબલો કરતાં બરાબર આવડે છે. એ પહાડો અને ચટ્ટાનો જોડે લડે-ઝઘડે છે, તેમ એમને હુલરાવે છે, લાડ લડાવે છે અને ચકિત પણ કરે છે.

રાત બિસવાનીમાં રહ્યાં. ત્યાં પહોંચતા સાંજ થઈ ગઈ હતી છતાં નર્મદા નહાવા ગયાં. કાલે કાળા લેબાસમાં જે પરકમ્માવાસી મળેલો, એ અહીં પણ મળ્યો. વાત અહીં પણ ન થઈ. એ કાંઠે કાંઠે જ આવ્યો હશે. નર્મદાની જેમ એ પણ પહાડી અવરોધોને નથી ગણકારતો.

સવારે નીકળવા માટે તૈયાર થઈ રહ્યાં હતાં. બાજુની ઝૂંપડીના યુવાન પતિ-પત્ની અમને કુતૂહલથી નિહાળી રહ્યાં હતાં. પાસે જ એમનો નાનો દીકરો રમી રહ્યો હતો. ઘરધણીએ અમને કહ્યું, "બાજુની ઝૂંપડીમાં આની ઘરડી મા એકલી રહે છે. વહુ-દીકરાનો વહેવાર સારો નથી એથી નોખી રહે છે. એને પોતાની રસોઈ તો કરવી જ પડે છે, દૂરને કૂવેથી પાણી પણ લાવવું પડે છે. બહુ દુખિયારી છે. તમે વહુ-દીકરાને સમજાવી જુઓ, કદાચ તમારા સમજાવવાની અસર પડે."

ત્યાં જ ડોશી ઝૂંપડીમાંથી બહાર નીકળી. નાનું શું સુકાયેલું શરીર, કરચલીવાળો ચહેરો, વિખરાયેલા વાળ. કમર જરા વધુ જ ઝૂકી ગઈ હતી. જોઈને લાગ્યું જાણે એની જિંદગીમાંથી બધા જ રસ સુકાઈ ગયા હતા. એ ઉદાસ, નિર્વિકાર નજરે અમને જોવા લાગી. એને જોઈને દુ:ખ થયું, પણ એના વહુ-દીકરાને અમે ભલા શું સમજાવીએ.

અમારા દળના સભ્યો ગામનાં બાળકોને ટૉફી આપતા રહેતા. કોઈકે ટૉફી આપવા માટે પેલા છોકરાને બોલાવ્યો. એ બીતો-બીતો આવ્યો. ટૉફી લઈને જતો હતો, ત્યાં મેં એના હાથમાં દસની નોટ મૂકી. એ દોડીને ગયો ને નોટ પોતાની દાદીને આપી ! દાદીએ એને ખોળામાં લીધો. અમે ભીતર સુધી ભીંજાયાં. દીકરાએ ભલે માને તરછોડી હોય, પણ પોતરાએ દાદીને નહોતી ત્યાગી. દાદીની એકમાત્ર ખુશી છે એનો પોતરો. એના ચહેરાની કરચલીઓ જાણે ઓછી થઈ, આંખોમાં જાણે નવું તેજ આવ્યું. આ પાવન દૃશ્યના પ્રભાવથી એનો દીકરો પણ અલિપ્ત ન રહી શક્યો. માને ભેટી પડ્યો. "મા, આજથી તું અમારી સાથે જ રહીશ, હંમેશને માટે." મારે કાંઈ કહેવું ન પડ્યું. પેલા અબોધ બાળકે મારું કામ વધુ પ્રભાવશાળી ઢંગે કરી દીધું હતું, પોતાના ભટકી ગયેલ માબાપને સાચે રસ્તે લઈ આવ્યો હતો.

બપોરા ડોકરઘાટમાં કર્યા. સાંજે શક્તિઘાટ પહોંચ્યાં. અહીં નથી કોઈ ગામ કે નથી કોઈ ઘાટ. નદી પાસેની થોડી જમીન બહુ સારી છે એથી પાસેના મુંડી ગામનો એક ખેડૂત પોતાના કુટુંબ સાથે અહીં રહે છે અને ખેતી કરે છે. અમે એની ઝૂંપડી ભણી ગયાં ત્યારે એક બાળક સૂકી રોટલી ખાઈ રહ્યું હતું. અમને જોતાં જ ઘરમાં ઘૂસી ગયું. થોડી વારમાં એક વૃદ્ધા બહાર આવી. મહિલાઓને જોઈને આશ્વસ્ત થઈ અને બેસવા માટે એક મોટી ચટાઈ બિછાવી દીધી. અમે આંગણામાં સૂઈ શકીએ છીએ. આંગણું ખૂબ મોટું છે અને એના ઉપર ડાળ-પાંદડાંથી છવાયેલો માંડવો પણ છે. આ લોકો ચોમાસામાં પોતાને ઘેર ચાલ્યાં જાય છે અને આ સ્થળ જળમગ્ન થઈ જાય છે.

સાંજથી જ વાદળાં થઈ રહ્યાં હતાં. અડધી રાતે વરસાદ શરૂ થયો. પહેલાં નાનાં ફોરાં, પછી મોટાં ટીપાં. વરસાદે જોર કર્યું. ઠેકઠેકાણે પાણી ટપકવા લાગ્યું. ટમ ટમ થતો દીવોય બુઝાઈ ગયો. અમારી પાસે મીણબત્તી હતી એ જલાવી; પણ વાછટની સાથે પવનનો એક ઝપાટો આવ્યો ને એ પણ ઓલવાઈ ગઈ ! અંધારે ઝૂંપડે તમરાંનો અવાજ સાંભળતાં ચૂપચાપ બેસી રહ્યાં. ત્યારે લાગ્યું કે અભાવની સ્થિતિમાં પણ રહી શકાય છે.

સવારે વાદળ વિખરાઈ ગયાં હતાં અને હવા પણ શાંત હતી. રાત ગોરખપુરમાં રહ્યાં.

અહીંથી માર્ગ સરળ છે. સરળ એટલા માટે કે અમે નદીનો કાંઠો છોડી દીધો છે. એ બહુ દુર્ગમ છે. આ માર્ગ પણ સુરમ્ય વનપ્રદેશમાં થઈને જાય છે. ઠેકઠેકાણે મહુડાનાં ફૂલોની સુગંધ અમારું સ્વાગત કરતી. સાંજે દેવગાંવ પહોંચ્યાં. અહીં નર્મદા અને બુઢનેરનો સંગમ છે. રસ્તે ચાલતાં અમે જે સહાયક લેતાં એ આવતા જતા રહેતા; પરંતુ આધેડ ઉંમરનો બુદ્ધુલાલ અને યુવાન ગોવિંદો અહીં સુધી આવ્યા હતા. બુદ્ધુલાલને બરાબર સંદેહ રહેતો કે ઉપાડવા માટે એને સૌથી ભારે ગઠરી આપવામાં આવી છે. એથી એ બીજાઓની જોડે અદલાબદલી કર્યા કરતો. અંતે એને સમજાતું કે એનો બોજ જ સૌથી હલકો હતો ! એને હંમેશ પોતાનો બોજો ભારે અને બીજાનો હલકો લાગતો. મને પણ હંમેશાં મારા દુ:ખોની ગઠરી ભારે અને બીજાની ગઠરી હલકી લાગે છે. જો આની પણ અદલાબદલી થઈ શકતી હોત તો મને પણ સમજાઈ જાત કે મારા જ દુ:ખની ગઠરી સૌથી હલકી છે ! દુ:ખ જોખી શકાય એવો કાંટો ક્યાંથી લાવવો !

ગરીબાએ મને કહ્યું હતું કે ગોવિંદો બહુ સારું ગાય છે. પણ એ એવો તો શરમાળ છે કે કોઈની ઉપસ્થિતિમાં ગાતો નથી. અમે એને ગાવા માટે કેટલીયે વાર કહ્યું, બક્ષિસની લાલચ આપી, પણ એ કોઈ રીતે તૈયાર ન થયો. છેવટે કાલે મેં એને ગાતા સાંભળી જ લીધો. એ બહુ ધીમા અવાજે, મંદ મંદ સ્વરમાં ગાઈ રહ્યો હતો. એના કંઠમાં અદ્ભુત મીઠાશ હતી. એના બોલમાં વેદનાનો પડઘો હતો. હું એના સ્વચ્છ, સૂરીલા અવાજના ઘૂંટ પર ઘૂંટ પીતો રહ્યો. એનું ગીત પૂરું થાય એ પહેલાં ત્યાંથી ખસી ગયો જેથી એને એમ ન થાય કે કોઈકે એના ગીતને એઠું કરી દીધું.

અહીંથી એ બંને પણ ચાલ્યા ગયા.

પરોઢે સામે કાંઠેનાં ઝાકળ-ધોયાં સુંવાળાં ખેતરો જોતો રહ્યો. ચટ્ટાનો પરથી વહેતી બુઢનેર ઝાકળમાં ઝબોળેલ પાંદડી જેવી લાગતી હતી. સુંદરતા માટે કેટલું ઓછું જોઈએ – નદી અને ચટ્ટાન, બસ !

સાંજે રામનગર પહોંચ્યાં. ક્યારેક આ ગોંડ રાજાઓની રાજધાની હતી. અહીં નર્મદાકાંઠે ગોંડ રાજા હૃદયશાહે ૧૭મી સદીમાં બંધાવેલો મોટો મહેલ છે. હવે એ ખાલી પડ્યો છે. મહેલની બહાર નર્મદાકાંઠે દર મંગળવારે સાપ્તાહિક બજાર ભરાય છે. કાલે મંગળવાર છે. કાલે પણ અહીં જ રહેશું. ખાસ બજાર માટે બનાવેલી છાપરી જેવી દુકાનો ખાલી પડી છે – લીંપેલ-ગૂંપેલ, ચોક્ખી-ચણક. એમાંથી એકમાં રહી ગયાં. દુકાનદારો તો કાલે આવશે. ત્યાં સુધી તો રહી જ શકીએ છીએ.

ત્યાં જ અમને શોધતા એક વૃદ્ધ આવ્યા. બોલ્યા, ‘‘મંડલાથી તમારે માટે એક ચિઠ્ઠી છે. ત્યાંથી એક ભાઈ આવ્યા હતા એ આપી ગયા છે.’’ ચિઠ્ઠી પૂનમબહેન માટે હતી. એમાં પરેશાન કરવાવાળા સમાચાર હતા. એમના એંશી વર્ષના પિતાની તબિયત બગડી ગઈ છે ને એમને હૉસ્પિટલમાં દાખલ કર્યા છે. મૌલિકા એમની લાડકી પૌત્રી છે. એથી બંનેએ તરત અમદાવાદ આવી જવું જોઈએ. હવે અમે અહીં કાલે નહીં રોકાઈએ. મહેલ જોઈને તરત નીકળી જશું.

સવારે મહેલ જોવા ગયાં. આ મહેલ બોલી શકતો હોત જો ! કેટલું બધું જાણવા મળત ! એ તો સંભવ નથી, પણ હું કલ્પના તો કરી જ શકું છું :

મહેલ બાંધતી વેળા વાસ્તુકારોએ એ વાતનું ધ્યાન રાખ્યું હશે કે એમાં હવા અને પ્રકાશની આવન-જાવન અબાધ ગતિથી થતી રહે. રાજપરિવારનો પ્રત્યેક સદસ્ય રોજ સવારે નર્મદાનું દર્શન કરતો હશે. ચોમાસામાં પૂર ટાણે નદીના રૌદ્ર રૂપનાં દર્શન કરવા આખું કુટુંબ સૌથી ઉપરના માળે એકઠું થતું હશે. મહેલના પ્રાંગણમાં સ્નાન કરવા માટે બનેલા હોજના પાણીનો કલકલ ધ્વનિ વાતાવરણમાં તાજગી ભરતો હશે. સવાર હો યા સાંજ, ગીત-સંગીતના

સ્વરો બરાબર સંભળાતા હશે.

પ્રજા પોતાના રાજાને સહેલાઈથી મળી શકતી હશે. રાજાનો નાનો ભાઈ પ્રધાનમંત્રી અથવા સેનાધ્યક્ષ રહેતો હશે. રાતનું અંધારું ઊતરતાં જ મહેલ અસંખ્ય દીપો અને મશાલોથી ઝળાંહળાં થઈ જતો હશે. પ્રવેશદ્વારનાં કમાડ બંધ થઈ જતાં હશે અને મહેલ ઉપર શાંતિ છવાઈ જતી હશે.

પહેલી નજરે લાગે કે આદિવાસી રાજા માટે આવડા મોટા મહેલની શી ઉપયોગિતા રહી હશે. પરંતુ આમાં માત્ર રાજા અને એનું કુટુંબ જ નહીં રહેતું હોય. એમનાં દાદા-દાદી, નાના-નાની, કાકા-મામા, કાકીઓ, ફોઈઓ, માસીઓ, પિત્રાઈ ભાઈબહેન – બધાં જ રહેતાં હશે. પારિવારિક બંધન ખૂબ સશક્ત રહ્યાં હશે. એમને હળીમળીને સાથે રહેવું ખૂબ ગમતું હશે. કલબલાટ કરતાં બાળકોની ભરમાર રહેતી હશે. હૃષ્ટપુષ્ટ કિશોરો ધનુર્વિદ્યા અને ઘોડેસવારી શીખતા હશે. સાંજ ટાણે મહેલની મહિલાઓ નર્મદાકાંઠે ટહેલવા નીકળતી હશે. લોકો માટે કોઈ પણ સ્થળે અને કોઈ પણ સમયે હરવું-ફરવું નિરાપદ રહેતું હશે. અપરાધ નામ માત્રના થતા હશે. પહાડ અને જંગલ, ઝાડ અને ઝરણાં વચ્ચે રહેતા આ લોકો પ્રકૃતિ સાથે સહયોગ કરતા હશે, સ્પર્ધા નહીં. તેઓ પોતાને ભૂમિના પુત્ર માનતા હશે, સ્વામી નહીં. એમનો વિશ્વાસ હશે કે ભૂમિમાં આત્મા હોય છે અને જો આપણે એનું સન્માન કરશું તો એ આપણને માલામાલ કરી દેશે. વરસાદનું પાણી સંઘરવા ઠેકઠેકાણે તળાવ અને કૂવા ખોદાવતા હશે. વૃક્ષારોપણ એમનો પ્રિય શૉખ રહ્યો હશે. આંબા, શાલ અને મહુડા એમના પ્રિય વૃક્ષો રહ્યાં હશે. તેઓ જડીબૂટીનું સારું જ્ઞાન ધરાવતા હશે.

કસાયેલા મજબૂત શરીરવાળા ગોંડ અને બૈગા સ્ત્રીપુરુષોનાં દાંત દૂધ જેવા સફેદ અને સ્ત્રીઓનાં શરીર છૂંદણાંથી છલોછલ હશે. નર્મદાકાંઠે ભરાતા મેળાઓમાં ઉલ્લાસનું વાતાવરણ રહેતું હશે. કલાકાર અને કારીગર વચ્ચેનું અંતર નહીંવત્ હશે. છૂંદણાં ત્રોફાવવા માટે સ્ત્રીઓ પડાપડી કરતી હશે. છૂંદણાં એ જ એમનાં દાગીનાં ! ક્યાંક ઢોલ-નગારાં પર નૃત્ય થતાં હશે તો ક્યાંક મદારી અથવા બજાણિયા પોતાના ખેલ બતાવતા હશે. દોરા-ધાગા અને તાવીજ-માદળિયાંવાળા ઓઝા પણ રહેતા હશે. યુવક-યુવતીઓ પોતાના જીવનસાથીઓને શોધી લેતાં હશે. લોકો સીધા, સરળ, મહેનતુ અને રૂઢિવાદી હશે. તેઓ જેવા હતા, એવા જ રહેવા માગતા હશે.

કંઈક આવું રહ્યું હશે ચારસો-પાંચસો વર્ષ પહેલાંનું જનજીવન. જે મહેલ ક્યારેક મદમસ્ત ગોંડ નરનારીઓના તરેહતરેહના ક્રિયાકલાપોથી ગુંજતો હશે, એ જ મહેલ આજે ઉજ્જડ અને વેરાન પડ્યો છે અને એમાં રહેતાં નરનારીઓ સમયની ધૂંધમાં ખોવાઈ ગયાં છે. જ્યારે પચીસ વરસ પહેલાં અહીં આવેલો ત્યારે અહીં વાંદરાં અને ચામાંચીડિયાંની ભરમાર હતી, પરંતુ હવે એની સારસંભાળ લેવામાં આવી રહી છે અને પહેલાં કરતાં સારી સ્થિતિમાં છે.

મંડલા અહીંથી ૨૨ કિલોમીટર દૂર છે. ત્યાં સાંજ સુધી પહોંચવું જરૂરી છે. એથી મહેલ જોઈને તરત ચાલી નીકળ્યા. સાપ્તાહિક બજાર જોવાનો લોભ જતો કરવો પડ્યો. આગળ એક પહાડ દેખાણો. નામ છે "કાલા પહાડ". અમને ઉતાવળ ન હોત તો ત્યાં જરૂર જાત. આખો દિવસ કંટાળાજનક સડક પર ચાલતાં રહ્યાં. માથે બળતો સૂરજ, હરિયાળીનું નામ નહીં, પરંતુ જેમ જેમ મંડલા નજીક આવતું ગયું, તેમ તેમ હરિયાળી વધતી ચાલી. રસ્તો હવે સઘન આમ્રકુંજમાં થઈને હતો. ખેતરોમાં શેરડીના વાઢ અને નદીકાંઠે શાકભાજીના બગીચા. આખરે અમને નર્મદાનું "ગ્રીન કાર્ડ" મળી ગયું !

મહિલાઓની ઉર્જા પર હું ચકિત છું. વિજન વાટો પર લાંબા અંતર કાપ્યાં, થાકીને લોથ થઈ, છતાં રસોઈ બનાવવાના કામમાં લાગી ગઈ અને સૌને જમાડ્યા પછી જ જમી. આ

યાત્રા થકી ખુદ મહિલાઓને પણ પોતાની શક્તિ ઉપરનો વિશ્વાસ દૃઢ થયો હશે. તેઓ ધાર્યા કરતાં ઘણું વધુ કરી શકે છે.

મહારાજપુર (સામે કાંઠે મંડલા) પહોંચ્યાં, ત્યાં જ આકાશ વાદળોથી ઘેરાઈ ગયું અને ભીનો પવન ફૂંકાવા લાગ્યો. અમે ઝટ-ઝટ બંજર-નર્મદા સંગમમાં સ્નાન કર્યું. હોડીથી સામે કાંઠે મંડલા જશું, પણ ત્યાં જ વરસાદ તૂટી પડ્યો. હવાને લીધે નદીમાં મોજાં ઊછળવાં લાગ્યાં. જે છોકરો નાવ ચલાવતો હતો – હું એનાથી વાત પણ કરી ચૂક્યો હતો : માણસ દીઠ બે રૂપિયા અને જો મામા ભાણેજ હોય તો એમના અગિયાર-અગિયાર રૂપિયા. હું એ માટેય તૈયાર હતો કેમ કે મારો ભાણેજ આનંદ સાથે હતો. પણ આ વરસાદ અને વાવંટોળમાં એ ભાગી ગયો હતો. જો હોત, તો પણ મોસમનો મિજાજ જોતાં અમે એની નાવમાં જવાની હિંમત ન કરી હોત.

લગભગ અડધા કલાક પછી વાયરો શમ્યો ને પછી વરસાદ પણ રોકાઈ ગયો, પરંતુ પેલો નાવવાળો છોકરો ન આવ્યો. અમે વિમાસણમાં હતાં કે હવે શું કરવું ને ક્યાં જવું. ત્યાં એક દિવ્ય પુરુષ પ્રગટ થયા – નરેશચંદ્ર અગ્રવાલ. જ્યારે સામે કાંઠેથી નર્મદાની બીજી વારની પરિક્રમાનો શુભારંભ કરેલો ત્યારે એમનું આખું કુટુંબ અમને વળાવવા આવેલું. અત્યારે નરેશચંદ્ર અને પુત્ર વિજય બે કાર લઈને અમને લેવા આવેલા. મોટો ફેરો ખાઈને, પુલ ઉપર થઈને એમને ઘેર ગયાં. તરત જ જમવા બેસાડી દીધાં. અમે પણ અૌપચારિકતાના ફેરમાં ન પડતાં ભોજન પર તૂટી પડ્યાં. ઠાંસીઠાંસીને ખાધું. ઘરની મહિલાઓ જરૂર રાજી થઈ હશે. આવા કદરદાન તો ક્યારેક જ મળે ને !

જ્યારે સારું થાય છે, ત્યારે સર્વ દિશામાંથી સામટું થાય છે. ઘરે આવતાં જ એક પછી એક સારા સમાચારો મળવા લાગ્યા. પૂનમબહેનના પિતાજીની હાલતમાં સારો સુધારો છે અને જલદી જ ઘરે આવી જશે. દીપ્તિનો પગ બિલકુલ ઠીક થઈ ગયો છે અને ભટ્ટાચાર્યનું ખોડંગાવું લગભગ સમાપ્ત થઈ ગયું છે. કાન્તિભાઈ દાદા બની ગયા છે. એમનાં પુત્રવધૂએ દીકરાને જન્મ આપ્યો છે. આકાશવાણીનું જબલપુર કેન્દ્ર મારા હિન્દી પુસ્તક "સૌન્દર્યકી નદી નર્મદા"નું ધારાવાહી પ્રસારણ કરવાનું છે. એક ટીવી ચૅનલ અમારી પદયાત્રાના સમાચાર દેવા ઈચ્છે છે. એથી એનો સંવાદદાતા અને કૅમરામૅન અમને નર્મદાકાંઠે લઈ ગયા અને ત્યાં અમને ઊબડખાબડ ચટ્ટાનો ઉપરથી ચાલતાં ફિલ્માવ્યા. પછી પ્રશ્નો પૂછ્યા. કાન્તાને પૂછ્યું, "વેગડજી તો નર્મદા પ્રત્યેના લગાવને લીધે આ યાત્રાઓ કરી રહ્યા છે, તમે શા માટે ચાલો છો ?"

"વેગડજીને નર્મદાથી લગાવ છે તો મને વેગડજીથી લગાવ છે."

દુર્ભાગ્યથી આ વાક્ય રૅકર્ડ ન થઈ શક્યું. એથી એણે આ જ પ્રશ્ન ફરીથી પૂછ્યો. આ વેળા એણે કહ્યું, "જો સીતાજી રામની પાછળ ચૌદ વરસ વનમાં ચાલ્યાં, તો હું ચૌદ દિવસ તો ચાલું."

આ એ નારીના શબ્દ છે જેણે વિગત ૪૯ વર્ષોથી મને ઘડવામાં પોતાનું સર્વસ્વ હોમ કરી દીધું છે અને આ એ નારીના શબ્દો પણ છે જેને સાથે લઈ જવામાં હું ગલ્લાંતલ્લાં કરી રહ્યો હતો !

કબૂલ કરું છું કે હું સારો પતિ નથી. પરંતુ આ દેશમાં માત્ર સારી પત્નીઓ જ થાય છે, સારા પતિઓ નહીં. રામથી લઈને ગાંધી સુધી કોઈ તો સારા પતિ નહોતા. પછી હું એકલો જ શી રીતે કસૂરવાર ઠરું છું !



૧૧. જબલપુરથી છોટી બરમાન

રાહુ એક બિલાડો છે અને ચંદ્ર છે ખીરનો કટોરો. મોકો મળતાં જ એ ખીર ખાવાના ઈરાદાથી એના ઉપર ત્રાટકે છે. ક્ષીર-ગ્રહણની આ કોશિશ જ છે ચંદ્ર-ગ્રહણ. આજે શરદ પૂર્ણિમા છે, ચંદ્રગ્રહણ છે અને આજે જ અમે નર્મદા પદયાત્રા પર નીકળી રહ્યાં છીએ. પરંતુ વાદળાંને લીધે ગ્રહણ ભાગ્યે જ જોવા મળે.

આ વેળા અમારું દળ કૃષ્ણપક્ષના ચંદ્ર જેવું છે – ક્રમશ: ઘટતું જશે. હમણાં નીકળતી વેળા ૪૦ છીએ, પણ રાત્રે જ ૨૦ રહી જશું. વીસ તો અમને વિદાય આપવા આવ્યા છે. ઘાટ ઉપર ઊભા રહીને જ વિદાય નહીં આપે, પણ સાત કિલોમીટર પગે ચાલશે, રાત્રે અમે બધાં સાથે ભોજન લેશું, પછી જશે.

૧૭ ઑક્ટોબર, ૨૦૦૫ના અમે બધાં જબલપુરના ગ્વારીઘાટમાં એકઠાં થયાં. આખો દિવસ રહી રહીને વરસાદ વરસતો રહ્યો. એથી ત્રીજે પહોરે જ નીકળી શક્યાં. નાવ દ્વારા નર્મદાને ઓળંગીને સામે કાંઠે ગયાં અને "નર્મદે હર !"ના ઘોષની સાથે યાત્રાનો આરંભ કર્યો. રાતનો પડાવ અમારા સ્નેહી શ્રી ચૌહાણના ફાર્મ-હાઉસમાં રહ્યો. સૌના ભોજનની વ્યવસ્થા પણ એમના તરફથી જ હતી. ત્યાં પહોંચતાં રાત થઈ ગઈ. અમને હતું કે ત્યાં જતાં જ ભોજન તૈયાર મળશે, પરંતુ એ હજુ શરૂય નહોતું થયું ! વાત એમ છે કે અમારા સ્નેહી જરા કર્મકાંડવાળા છે. જ્યારે ગ્રહણ પૂરું થશે, ઘરનાં સૌ નહાઈ લેશે, તે પછી જ રસોઈ બનાવવાનું કામ શરૂ થશે. જોકે ઘટાટોપ વાદળોને લીધે ન ચાંદો દેખાણો, ન ગ્રહણ. એથી શું થયું, વાદળોના પડદાની પાછળ તો આ નાટક ભજવાયું જ હશે. જમવામાં મોડું જરૂર થયું, પણ ભોજન એવું તો સ્વાદિષ્ટ થયું કે અમે અમારા રોજિંદા ખોરાક કરતાં દોઢગણું ખાઈ ગયાં. જો ક્વાલિટી હોય તો ક્વૉન્ટિટી વધી જ જાય – ભોજન-સંહિતાનો આ સર્વમાન્ય નિયમ છે. પરંતુ એ પણ સાચું કે બાદમાં આપણે આપણને પોતાને જ અપરાધી અનુભવીએ છીએ. ત્યારે થાય કે જીભની ભંભેરણીમાં આવીને આપણે પેટ ઉપર અત્યાચાર કરી બેઠા.

અમારી સાથે જોકે ત્રણ સેવક ચાલી રહ્યા છે તેમ છતાં સામાન વધુ હોવાથી ઓછામાં ઓછા બે સહાયક હજુ હોવા જોઈએ. ભાગ્યથી એ સહેલાઈથી મળી ગયા. બંને એક સાઈકલ લઈને આવ્યા. કહે – સામાન અમે સાઈકલ પર લાદશું. મેં કહ્યું કે આગળ ચઢાણ-ઉતારવાળી કેડીઓ આવશે, ખાડા-ટેકરા આવશે, નદી-નાળાં આવશે, સાઈકલ એને કેવી રીતે પાર કરી શકશે ? એમણે કહ્યું કે એક ઘોડેસવારને જેટલો ભરોસો પોતાના ઘોડા ઉપર હોય છે, એટલો જ ભરોસો અમને અમારી સાઈકલ પર છે.

થોડી વારમાં ભેડાઘાટ પહોંચી ગયાં. પહેલાં ધુંવાધાર આવ્યો – નર્મદાનો સૌથી સુંદર અને સૌથી પ્રસિદ્ધ પ્રપાત. આજે અમે એને નર્મદાના દક્ષિણ કાંઠેથી જોઈ રહ્યાં છીએ. જોસભેર પડતા પાણીનો વિકલ ઉન્માદ જોવા જેવો હતો. એ મનમાં ઉલ્લાસ પણ જગાવતો અને ભય પણ પેદા કરતો. પવનનો ઝપાટો આવતો, ત્યારે ધોધમાંથી ઊડતાં જલબિંદુ અમને ભીંજવી દેતાં. જે મોટા ખાડામાં નદી ભૂસકો મારે છે, એનો આકાર કટોરા જેવો છે. એવું લાગ્યું કે સંગેમરમરના ખડકોએ અહીં જાણે નર્મદા સમક્ષ પોતાનું ભિક્ષાપાત્ર ધર્યું છે. (જો પાણી ન હોય તો આ ખડકોનું સૌંદર્ય કેટલું ?) પરંતુ નર્મદાએ એને એવું તો છલકાવી દીધું છે કે એ

ભિક્ષાપાત્ર ન રહેતાં અક્ષયપાત્ર બની ગયું છે.

નર્મદાનાં પાણી ઘૂમરી ખાતાં દોડ્યાં જાય છે.

નર્મદા થકી આ ખડકોની છાતી ચિરાઈ ગઈ છે, પરંતુ એના થકી જ તો તેઓ વિશ્વપ્રસિદ્ધ થયા છે. નર્મદાએ આ ખડકોને પહેલ પાડેલા હીરા જેવા બનાવી દીધા છે. અમે આ ખડકોના વિવિધ વર્ણ, વિવિધ રૂપ, વિવિધ આકાર જોતાં જોતાં તન્વંગી નર્મદાની જોડાજોડ ચાલ્યાં. થોડી વારમાં બંદરકૂદની આવી પહોંચ્યાં. અહીં નર્મદા સૌથી વધુ સાંકડી છે. અહીં નર્મદાનું વળી જુદું જ રૂપ જોવા મળે છે. જે નદી ધુંવાધારમાં બાવરી બની હતી, એ જ અહીં ઠાવકી બનીને નિ:શબ્દ વહે છે. આ સૌંદર્યલોકને જોવા પર્યટકો નાવમાં બેસીને આવતા જ રહે છે. આ ખડકો "માર્બલ રૉક્સ"ના નામથી પ્રસિદ્ધ છે. અહીં આપણને આ જોઉં, પેલું જોઉં એમ થયા જ કરે. એમ પણ થાય કે નર્મદા આટલી સંકડાશમાં સમાતી શી રીતે હશે ? કોઈ વાર નાની શી વાદળી આવડા મોટા સૂરજને ઢાંકી નથી દેતી ? સંગેમરમરની આ સાંકડી ખીણે થોડી વાર માટે નર્મદાને પોતાનામાં છુપાવી લીધી છે. ભેડાઘાટના સરસ્વતીઘાટ પછી નર્મદાનો પટ પાછો પહોળો થઈ જાય છે.

રાત બગરઈમાં રહ્યાં.

નર્મદાની સહાયક નદી બુઢનેરની વિકટ યાત્રામાં પ્રદીપ પૂરી યાત્રામાં અમારી સાથે ચાલ્યો હતો. પત્ની મંજુને એમ કહીને આવ્યો હતો કે ત્રણ-ચાર દિવસમાં આવી જઈશ. જો સાચું કહેત તો આવવા ન મળત. અમે ચાહતા હતા કે આ વેળા પણ એ પૂરી યાત્રામાં સાથે રહે. પ્રદીપ પણ આ જ ઈચ્છતો હતો. પરંતુ મંજુ બીજી વાર ગફલતમાં રહે એવી નારી નથી. એ અમારી સાથે ચાલી જ એટલા માટે છે કે પ્રદીપ છટકી ન જાય ! સવારે થોડું જ ચાલ્યાં ત્યાં એક નાવ દેખાણી. મંજુ આની જ તો રાહ જોઈ રહી હતી ! ઝટ પ્રદીપ તથા બંને બાળકોને લઈને નાવમાં બેસી ગઈ ! બિચારો પ્રદીપ ! કેમ જાણે પેરોલ પર ન આવ્યો હોય ! જોકે મંજુ ગલત પણ નહોતી. કામકાજી મહિલાઓની પોતાની સમસ્યાઓ હોય છે. એમને ઘર જોવું પડે છે, નોકરી કરવી પડે છે અને બાળકોના ભણતર ઉપર પણ ધ્યાન દેવું પડે છે. પિતા તો પિતૃ-દાયિત્વમાંથી બચી શકે છે, પણ માતા માતૃ-દાયિત્વમાંથી કેવી રીતે બચી શકે ?

થોડી વાર માટે એક સંન્યાસીનો સાથ થઈ ગયો. આ એની ચોથી પરિક્રમા છે. પહેલી દસ વરસની ઉંમરે દાદાની સાથે કરેલી. કહે, પરિક્રમામાં જ્યાં સુધી પગમાં કાંટો ન વાગે, ત્યાં સુધી મજા ન આવે.

સાંજે ધરતીકછાર પહોંચ્યાં. અહીં પરકમ્માવાસીઓ ઝાડ નીચે બનેલા મોટા ચબૂતરા પર રહે છે. અમે સૂતાં જ હતાં ત્યાં વાદળ ગરજ્યાં, વીજળી ચમકી અને ઝમાઝમ પાણી પડવા લાગ્યું. ભાગીને પાસેના મકાનના વરંડામાં શરણ લીધું. અજવાળું થતાં ચાલ્યાં. સનેરમાં ઠીક ઠીક પાણી હતું અને પગ પણ લપસતા હતા. કેટલાક પડ્યા પણ ખરા, પરંતુ સાઈકલવાળા સેવકો બોજા સાથે આરામથી નદી ઓળંગી ગયા. ખતરનાક કેડીઓ પર પણ સાઈકલ લઈ જતાં એમને જરાય પરેશાની નથી થતી. સાઈકલને રાષ્ટ્રીય વાહન ઘોષિત કરી દેવું જોઈએ.

સાંજે ઝાંસીઘાટ પહોંચ્યાં. અહીંથી મારી બહેન ભાગીરથી મુંબઈથી આવેલાં ગાર્ગીબહેન અને એમનાં ભાવિ પુત્રવધૂ મૈત્રી ઘેર ચાલ્યાં ગયાં. અમારી સાથે પતિ-પત્ની, પિતા-પુત્ર, મા-દીકરો, ભાઈ-બહેન, દેરાણી-જેઠાણી ચાલી ચૂક્યાં છે. સાસુ અને થનાર પુત્રવધૂ પહેલી વાર ચાલ્યાં.

બીજે દિવસે સાંજે બેલખેડી પહોંચ્યાં. ટેકસિંહને ઘરે રહ્યાં. એણે એક આપવીતી સંભળાવી – આંખોમાં ખૂબ જ દુખાવો રહેતો. એના લીધે માથું સખત દુખતું. જબલપુરના ડૉક્ટરે તો મને ભગાડી જ મૂક્યો. કહે, ફરી ન આવતો, આનો કોઈ ઈલાજ નથી. છેવટે ઈન્દોર

ગયો. ત્યાંના મોટા ડૉક્ટરે કહ્યું કે તારી બંને આંખો કાઢવી પડશે, નહીં તો તું પાગલ થઈ જઈશ. ઑપરેશનનો દિવસ પણ નક્કી થઈ ગયો. આખું બ્રહ્માંડ ફરતું લાગ્યું. મને થયું, અંધો થઈને જીવવા કરતાં મરી જવું સારું. ભાગીને પાછો ઘરે આવ્યો. સીધો નર્મદાકાંઠે ગયો. નદીમાં પાગલની જેમ નહાતો રહ્યો અને બોલતો રહ્યો – મૈયા, કાં તો મારી આંખો ઠીક કરી દે, કાં મને લઈ લે. મારે નથી જીવવું. રોજ નર્મદામાં નહાતો ને રોજ આ જ પ્રાર્થના કરતો. ધીરે ધીરે આંખો સારી થવા લાગી અને બે મહિનામાં તો બિલકુલ સારી થઈ ગઈ. આને આજે આઠ વરસ થયાં.

થોડી વાર રહીને બોલ્યા – પરંતુ તે દિવસ જેવી પ્રાર્થના હું આજે નહીં કરી શકું. તે દિવસે તો હું મરણિયો થયો હતો. મારી પ્રાર્થના રોમેરોમમાંથી નીકળી હતી. જે અસંભવ હતું, આસ્થાને લીધે એ સંભવ થયું.

ઉત્કટ પ્રાર્થના અને છદ્મ પ્રાર્થના વચ્ચે આ જ તો ફેર છે. પ્રાર્થના આવેદન છે. આવેદનને સ્વીકારવું અથવા ન સ્વીકારવું એ પ્રભુની ઇચ્છા પર છે, પરંતુ આપણી પ્રાર્થના જ એવી નિર્મળ હોવી જોઈએ કે પ્રભુને એ સ્વીકારવી જ પડે. જ્યારે પ્રાર્થના પાવન પણ હોય છે અને ઉત્કટ પણ હોય છે, ત્યારે એ અહીંથી નીકળતી વેળા ભલે ગંગોત્રી હોય, પણ પ્રભુ સુધી પહોંચતાં પહોંચતાં ગંગાસાગર બની જાય છે. પ્રભુથી એની અવહેલના થઈ જ ન શકે. પરંતુ, પ્રાર્થનાના ઝૂમખે ઝૂમખાંમાં આવી પ્રાર્થના તો એકાદ જ હોય છે.

સવારે અમારા દળના છ સભ્યો ઘેર ચાલ્યા ગયા. એમાં પાંચ તો એક જ કુટુંબના છે – મારા સહયાત્રી રહી ચૂકેલ અમદાવાદના ફોટોગ્રાફર જોગેશ ઠાકરનો પુત્ર રુદ્ર, પુત્રી ચાંદની તથા એમની દૂરની ત્રણ બહેનો અને દુર્ગથી આવેલા કાન્તિ સોલંકી. અહીં રુદ્ર વિશે સહેજ વિસ્તારથી કહેવું જરૂરી છે. રુદ્ર મજબૂત બાંધાનો, હૃષ્ટપુષ્ટ કિશોર છે. હમણાં પંદર વરસનો છે, પણ વજન ૮૦ કિલો છે. કહે, "મારું વજન મારા ક્લાસ મુજબ વધે છે. જ્યારે પાંચમા ધોરણમાં હતો, ત્યારે મારું વજન ૫૦ કિલો હતું. છઠ્ઠા ધોરણમાં ૬૦ કિલો, સાતમામાં ૭૦ કિલો અને આઠમા ધોરણમાં ૮૦ કિલો હતું. તે પછી મેં વજનને વધતું રોકી દીધું. તરેહતરેહના વ્યાયામ કરીને વજનને સ્થિર કરી દીધું છે."

જ્યારે નદીનાળાં ઓળંગવાનો પ્રસંગ આવતો, ત્યારે રુદ્ર બધાની મદદ કરતો. પરંતુ એક વાર એક નદી ઓળંગતા એ પોતે જ પડી ગયો. એના મામાની દીકરી કિંજલ કહે, "હવે આને કોણ ઊભો કરે !" પરંતુ એ પોતે જ ઊભો થયો અને નદી ઓળંગવામાં કિંજલની મદદ કરવા લાગ્યો.

રુદ્ર એટલો વિનોદી છે કે એની વાતો સાંભળીને હસીહસીને અમે બેવડ વળી જતાં. જ્યારે એ પોતાના પપ્પાના ગુસ્સાનું વર્ણન કરતો, ત્યારે તો હસીહસીને પેટ દુખવા લાગતું. "પપ્પાની અદાલતમાં તમને તમારો પક્ષ રાખવાનો અવસર જ ન મળે. એ તો સીધા ઝૂડવા જ માંડે ! તકલીફ માર ખાવામાં નહીં, પણ માર શરૂ થતાં પહેલાંની ખામોશીમાં હોય છે. થાય કે તમાચો હમણાં પડશે કે હમણાં પડશે. આ સસ્પેન્સ બહુ ત્રાસદાયક હોય છે. વળી એ પણ નક્કી નથી હોતું કે એ કઈ બાજુએથી આવશે. ગમે તે બાજુથી પડી શકે છે. તમે તમારો બચાવ નથી કરી શકતા કેમ કે બંને હાથ સાવધાનની મુદ્રામાં નીચે રહેવા જોઈએ. જો બચાવમાં હાથ ઉપર ઊઠી ગયો તો આની સજા જુદી મળે. વાંક ચાહે મારો હોય, ચાહે ચાંદનીનો, માર તો મારે જ ખાવાનો. તેમ છતાં મજાની વાત એ છે કે પપ્પા જોડે મારા સંબંધ મિત્રવત્ છે. એક વાર હું બે વિષયમાં ફેલ થયો હતો. સારો મેથીપાક મળેલો. બે જ દિવસ પછી મિત્રો જોડે પ્રવાસે જવું હતું. પપ્પાએ જવાની રજા તો આપી જ, ધાર્યા કરતાં પૈસા પણ વધુ આપ્યા."

મેં પૂછ્યું, "તારા પપ્પાનું આ વર્ણન મારી ચોપડીમાં આપું તો ?"

"તો તમે આને તમારી છેલ્લી ચોપડી સમજજો."

ના, મારા ઉપર કોઈ ખતરો નથી ઘુમરાઈ રહ્યો. ઠાકર જેટલા કઠોર છે, એટલા જ નરમ દિલ ઈનસાન પણ છે. એમનો ગુસ્સો તો આ આવ્યો ને આ ગયો !

ઘણા પુત્રોએ, ખાસ કરીને જૂના જમાનાના પુત્રોએ, પિતાના હાથનો માર જરૂર ખાધો હશે, પરંતુ એમાંથી આવું સુંદર કાવ્ય તો રુદ્ર જ ઉપજાવી શકે. મને રુદ્રનો અભિષેક (રુદ્રાભિષેક) કરવાનું મન થયું !

રુદ્ર સ્કેચ સરસ કરે છે. સ્કેચ કરવાની એની નિજી શૈલી છે. કહે, "હું માત્ર ધડ બનાવું છું, કેમ કે મને માથું બનાવતાં નથી આવડતું. જ્યારે માથાં બનાવતાં આવડી જશે, ત્યારે બધાં ધડ ઉપર માથાં બેસાડી દઈશ." મારી અસહમતિ વ્યક્ત કરતાં મેં કહ્યું કે તું ધડાધડ ધડ બનાવી રહ્યો છે એ સારી વાત છે, પણ વગર માથાનાં ધડ બનાવવાથી આત્માની અવમાનના થાય. જ્યાં સુધી તું માથાં નહીં બનાવ, ત્યાં સુધી એમના આત્મા ભટકતા રહેશે."

"આત્મા શું માથામાં હોય ?"

એના સવાલે મને મૂંઝવી દીધો. પરંતુ આ છોકરાથી હાર પણ તો ન માની શકાય ને ! જેમતેમ કરીને બોલ્યો, "ના, માત્ર માથામાં નહીં, તેમ માત્ર ધડમાં પણ નહીં. બંને હોવાં જોઈએ." ખુશમિજાજ રુદ્રે અમારાં સૌનાં દિલ જીતી લીધાં છે. એ જ્યાં હોય ત્યાં આનંદ-ઉલ્લાસની છોળો ઊડતી હોય. એણે તો દરેક યાત્રામાં ચાલવું જોઈએ.

(મારું માનવું છે કે રુદ્રની પદ્ધતિને ગલત ન કહી શકાય. સ્વયં વિધાતા પણ તો આમ જ કરે છે ! સોળમી સદીના ધડ ઉપર એકવીસમી સદીનાં માથાં બેસાડતો રહે છે ! ચારસો કે હજાર વરસ પહેલાંના માણસના મસ્તિષ્ક અને આજના માણસના મસ્તિષ્ક વચ્ચે જમીન આસમાનનું અંતર છે, પરંતુ હૃદયના આવેગો તો એના એ જ છે, જે હજારો વર્ષો પૂર્વે હતા. લાગે છે વિધાતાએ પહેલેથી ધડ બનાવી રાખ્યાં છે, સદી મુજબ માથાં બેસાડતો રહે છે !)

છ સદસ્યો ચાલ્યા ગયા તેમ છતાં અમે સાત બચ્યાં છીએ. મીનલ ફડણીસ ઈન્દોરથી આવ્યાં છે. એમણે મારાં બંને પરિક્રમા પુસ્તકોના મરાઠીમાં સુંદર અનુવાદ કર્યા છે. મીનલબહેન પોતે પણ સુંદર છે – ૬૫ની વયે પણ અત્યંત સુંદર. યુવાનીમાં જો કોઈ સુંદર હોય તો એ કિરતારની દેણ છે, પણ જો આધેડ ઉંમરે કે ઘડપણમાંય સુંદર હોય તો એ એની પોતાની સરજત છે. આનો અર્થ એ થયો કે એ નિયમ-સંયમથી રહ્યો છે. એણે સાત્ત્વિક જીવન જીવ્યું છે અને એણે ભલાઈનાં કામ પણ કર્યાં છે.

શરદ અમારી જોડે બે વાર ચાલી ચૂક્યો છે. એ જેટલો વિનોદી છે, એટલો જ સેવાભાવી છે. એની વાતોમાંથી અમને સારી પેઠે કૌતુક મળી રહે છે. મીનલબહેન, શરદ, કાન્તા, હું અને અમારા ત્રણ સેવક – આમ અમે હજુ સાત છીએ.

રસ્તો નદીમાં થઈને છે. પાછળથી એક દંડી સ્વામી આવ્યા. એમણે પણ ગ્વારીઘાટ(જબલપુર)થી જ પરિક્રમા શરૂ કરેલી. અમારાથી બહુ પહેલાં તેમ છતાં પાછળ રહી ગયા હતા. મેં પૂછ્યું, "આટલા પાછળ કેમ રહી ગયા ?"

"હું કોઈ બળદ નથી કે ખેતર ખેડતો ફરું."

"તમે ગ્વારીઘાટથી જ પરિક્રમા શા માટે શરૂ કરી ?"

"મારા મનની મોજ."

એ અમને ગઈ કાલે મળ્યા હતા, પણ વાત નહોતી થઈ. ટ્રાન્ઝિસ્ટર લઈને ચાલ્યા હતા જે સતત વગડતું રહેતું, પણ આજે બંધ હતું. પૂછ્યું, "ટ્રાન્ઝિસ્ટર કેમ બંધ છે ?"

"આજે હું ખુદ બજી રહ્યો છું. નર્મદાના તારથી તાર મિલાવીને ચાલી રહ્યો છું." કેવા તો સંઘેડાઉતાર જવાબ ! આટલું કહીને એ મનમોજી સંન્યાસી ચાલ્યો ગયો.

આકાશમાં શરદઋતુનાં વાદળ છે. પહાડો પર પડતા એમના પડછાયાને હું જોતો

રહેતો. પાણી જેવા પાત્રમાં રાખવામાં આવે, એવા આકારનું થઈ જાય. એવી જ રીતે પડછાયા પણ જેના ઉપર પડે, એના જેવા થઈ જાય. પહાડના આરોહ-અવરોહ પડછાયાના આરોહ-અવરોહ બની જાય. વાદળના પડછાયા ચઢાણ ચડી જાય, ખીણમાં કૂદી જાય અને પાણી ઉપર સીધા સપાટ સૂઈ જાય. જાણે આકાશમાં વિહરતાં વાદળ પોતાના પડછાયા દ્વારા નીચે ધરતી ઉપર કઠપૂતળી નાચ ન બતાવી રહ્યા હોય !

બીજે દિવસે સાંજે કરહૈયા પહોંચ્યાં. આશ્રયની ખોજમાં ફૌલાદસિંહના ખળામાં જઈ પહોંચ્યાં. ખળું ગામમાં જ હતું અને ત્યાં પાકું મકાન પણ હતું. એમણે કહ્યું કે તમે અહીં જ રહો. તમારી બધી વ્યવસ્થા થઈ જશે. પછી નોકરને કહ્યું કે આ લોકોને સદાવ્રત આપ. હું કહેવા જતો હતો કે એ અમારી પાસે છે. એની જરૂર નથી. પરંતુ જે ઢોલિયા ઉપર એ બેઠા હતા ત્યાં જ એક બંદૂક પણ રાખેલી હતી. બંદૂકની બીકે સદાવ્રત લઈ લીધું. એ બે દિવસ માટે પૂરતું હતું. થોડી વાર પછી બીતાં બીતાં પૂછ્યું, ‘‘અહીં નથી ચોર-ડાકુ કે નથી જંગલી જાનવર, તેમ છતાં તમે આ બંદૂક શા માટે રાખી છે ?’’

‘‘મને બચપણથી જ બંદૂકનો બહુ શૉખ હતો, એ હજુ સુધી ગયો નથી. આનો કોઈ ઉપયોગ નથી, તેમ છતાં એ મારી પાસે રહેવી જોઈએ.’’

ઉપયોગ કેમ નથી, બંદૂકની બીકે જ તો અમે સદાવ્રત લીધું હતું !

સવારે ચાલ્યાં. રસ્તામાં એક સ્ત્રી મળી. એ ઘઉં દળાવવા સામે કાંઠે જઈ રહી હતી. આવતાં-જતાં છ કિલોમીટર થશે. નાવવાળાનેય પૈસા આપવા પડશે. આવડી કઠણાઈથી એ જે લોટ લઈ આવશે, એમાંથી પરકમ્માવાસીઓને સદાવ્રત પણ આપશે.

આગળ છોટા ધુંવાધાર પડ્યો. અહીં નાના નાના ધોધ છે અને સંગેમરમરની ચટ્ટાનો પણ છે. પાણીની ઊછળકૂદને લીધે જળમાં ચેતન આવી ગયું હતું. સાંજે ઘૂરપુર પહોંચ્યાં. સાહબસિંહને ઘરે રહ્યાં. રાત્રે પાસેના શેરડીના મોટા ખેતરમાંથી શિયાળોનું ‘‘હુઆં હુઆં’’ સંભળાતું રહ્યું. સાહબસિંહે કહ્યું, ‘‘ખેડૂતો પહેલાં સોયાબીન વાવતાં, હવે શેરડી વાવે છે. શેરડી વાવતાં જ શિયાળ પાછાં આવી ગયાં.’’ પાડોશમાં મોડી રાત સુધી મહિલાઓ ઢોલકની સાથે ભજન ગાતી રહી. શેરડીના વાઢમાંથી જે રીતે શિયાળવાં લાંબી તાનમાં ‘‘હુઆં હુઆં’’ કરી રહ્યાં હતાં, એનો અર્થ ‘‘વાહ વાહ !’’ જ થઈ શકે.

સવારે એક કઠિયારો મળ્યો. માથે લાકડાંનો ભારો હતો. અમે એની સાથે થોડી વાતો કરી એટલે ભારો નીચે ફેંકીને બોલ્યો, ‘‘જુઓ, હું દરેકની સાથે વાત નથી કરતો. જે મને વાત કરવાને લાયક લાગે, માત્ર એમની સાથે જ વાત કરું છું. મને તમે મારી સાથે વાત કરવાને યોગ્ય લાગ્યાં, એથી આ ભારો ફેંક્યો, જેથી નિરાંતે વાત કરી શકું.’’ અમને આવું પ્રમાણપત્ર અનાયાસ મળી ગયું, એથી અમે ખૂબ રાજી થયાં. એના ભારામાં કેટલાંક લાકડાં વાંકાચૂંકા ને ગાંઠોવાળાં હતાં. શરદે કહ્યું, ‘‘આવાં લાકડાં બળતણમાં ન આપજે, કલાકૃતિ તરીકે શહેરમાં ઊંચા ભાવે વેચાઈ જશે.’’ તરત બોલ્યો, ‘‘પૈસા કમાવાનો મને શૉખ નથી.’’

હતો તો કઠિયારો પણ મિજાજથી શહેનશાહ હતો.

સાંજે છોટી બરમાન પહોંચ્યાં. નવી ધર્મશાળામાં સરસ જગ્યા મળી. પરંતુ સોયાબીનનાં ખેતરોમાં થતા કાળા કીડાઓએ બહુ પરેશાન કર્યાં. ઝુંડના ઝુંડ વીજળીના બલ્બની આસપાસ ઘુમરાતા રહેતા. નીચે મરેલા કીડાઓની જાજમ બિછાઈ ગઈ. હાલવું ચાલવું મુશ્કેલ થઈ ગયું. અમે જ્યારે એમની અવહેલના – અને અવમાનના પણ – કરતાં શીખી ગયાં, ત્યારે જ રાંધી શક્યાં અને જમી શક્યાં.

મીનલબહેન ખૂબ થાકી ગયાં હતાં અને બે દિવસથી એમને ઝીણો તાવ પણ રહેતો હતો. એથી એમણે ઘેર જવાનો નિર્ણય લીધો. સામે કાંઠેથી એમને બસ મળી જશે. એમને

સ્થૂલકાય તો ન કહી શકાય, પણ અમારાં જેવાં કૃશકાય પણ નથી. વાયદો કર્યો કે હવે આવીશ ત્યારે વજન ઓછું કરીને આવીશ.

એવું ભાગ્યે જ બને છે કે એક લેખક અને એનો અનુવાદક દસ દિવસ સુધી સાથે પગે ચાલે. આ બાબતમાં હું ખૂબ ભાગ્યશાળી છું. પહેલાં મારા બંગાળી અનુવાદક તપન ભટ્ટાચાર્ય અને એમનાં પત્ની દીપ્તિ અમારી સાથે ચાલ્યાં અને હમણાં મરાઠી અનુવાદિકા મીનલબહેન ચાલ્યાં. વચ્ચે વચ્ચે હું કહેતો રહેતો, ''મીનલબહેન, શું તમને પેલો પ્રસંગ યાદ છે ? એ અહીં બનેલો.'' અથવા ''મીનલબહેન, આ દેખાય પેલી ધર્મશાળા જેની ઓસરીમાં ટાઢને ભગાડવા હું મીણબત્તી જલાવીને સૂતો હતો.'' એક સંતના ધૈર્યથી એ મારી વાતો સાંભળતાં અને એના બારામાં વિસ્તારથી કહેતાં, પરંતુ હવે એમનામાં તાકાતનો એક રેશોય નથી રહ્યો. અમે પણ એમના નિર્ણયનું સમર્થન કર્યું. એમને મૂકવા અમે બંને નાવ સુધી ગયાં. જ્યારે એમને નાવમાં બેસાડીને પાછાં આવ્યાં ત્યારે લાગ્યું કે બેટીને વળાવીને આવ્યાં છીએ.

મન ભારે હતું, ત્યાં શરદના મોબાઈલ પર ખબર આવ્યા કે જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા લેખક નિર્મલ વર્મા ન રહ્યા. સાંભળીને મન વિષાદમાં ડૂબી ગયું. નિર્મલજીએ મારા હિન્દી પુસ્તક ''अमृतस्य नर्मदा'' (ગુજરાતીમાં ''સૌંદર્યની નદી નર્મદા'')ની અત્યંત સુંદર પ્રસ્તાવના લખી હતી. એમણે ગણતરીનાં પુસ્તકોની જ પ્રસ્તાવના લખી છે – ત્રણ કે ચાર – એમાંથી એક મારું છે. એમાંથી થોડા શબ્દો આપું છું :

> અમૃતલાલ વેગડથી ઊંડી ઈર્ષ્યા થાય છે કે એમણે એક નદીની યાત્રામાં ભારતની કેટલી છબીઓ, દૃશ્ય, લોક – એક આખી સંસ્કૃતિની રાસલીલાનું અમૃત ધરાઈને પી લીધું. શું વેગડજીને નર્મદાથી અને નર્મદાને વેગડજીથી અલગ કરીને જોઈ શકીએ છીએ ? જો ગણેશજી પોતાનાં માતા-પિતાની આસપાસ ફરીને ધરતીની પરિક્રમા કરી શકે, તો શું આપણે વેગડજીના પુસ્તક પર ''ચાલતાં'', ઘરનો ઉંબર ઓળંગ્યા વિના, નર્મદામૈયાની પરિક્રમા કરવાનું પુણ્ય નથી લૂંટી શકતા ?

એમને રૂબરૂ મળવાનો અવસર ક્યારેય ન મળ્યો. એમને મળવાની બહુ ઈચ્છા હતી, પરંતુ હવે એ સદાને માટે અધૂરી રહી ગઈ. આ પણ કેવો સંયોગ કે મારા નર્મદા પરિક્રમાના પુસ્તકની પ્રસ્તાવના લખનાર નિર્મલ વર્માના દેહાવસાનના સમાચાર મને નર્મદાકાંઠે જ મળ્યા. નર્મદાના નિર્મલ જલમાં ઊભા રહીને, પૂર્વ ભણી મોં કરીને અને ખોબામાં જળ લઈને મેં નિર્મલજીને શ્રદ્ધાપૂર્વક અર્ઘ્ય આપ્યો.



૧૨. છોટી બરમાનથી હોશંગાબાદ

ક્યારેક ખાડા-ટેકરા ઓળંગતાં તો ક્યારેક કાંટાળી ઝાડીમાંથી પસાર થતાં અમે જલદી જ યાત્રાના લય-તાલમાં ખોવાઈ ગયાં. જ્યાં મન કરતું ત્યાં બેસી જતાં. એક ઠેકાણે વિસામો લેવા બેઠાં. ત્યાં એક ગ્રામીણે પોતાના ગુરુની પ્રશંસા કરતાં કહ્યું, ‘‘બહુ વિકટ છે મારા ગુરુ. નામ જ છે હરહર બાબા મહાદુષ્ટ. ન કંઠી ન માળા, ન દાઢી ન મૂછ, પરંતુ જટા શંકર જેવી. એમનું કહેવું છે કે પુરુષનો ગુરુ સ્ત્રી છે અને સ્ત્રીનો ગુરુ પુરુષ. પુરુષે શક્તિની ઉપાસના કરવી જોઈએ – દુર્ગાની અથવા નર્મદાની. એ પોતે પુરુષ છે એથી એને પુરુષની ઉપાસના કરવાની જરૂર નથી. સ્ત્રીઓએ રામ અથવા હનુમાનની ઉપાસના કરવી જોઈએ. સ્ત્રીઓને દેવી અથવા શક્તિની ઉપાસના કરવાની જરૂર નથી.’’ કેવો નિર્મમ તર્ક !

પછી કહે, ‘‘મારા ગુરુનું નાનુંશું બે માળનું મકાન છે. નોકર માટે સાઈકલ ખરીદેલી. એક વાર એ નાગપુર ગયેલા. સૂના ઘરમાંથી કોઈક સાઈકલ ચોરાવી ગયું. કોઈકે એમને ફોનથી જાણ કરી કે નીચેના મજલાનું તાળું તોડીને કોઈક તમારી સાઈકલ લઈ ગયું છે તો એમણે કહ્યું કે એને જરૂર હશે એથી લઈ ગયો. તને કોઈ ચીજની જરૂર હોય તો ઉપરના માળનું તાળું તોડીને તું લઈ જા ! આવા ફક્કડ છે મારા ગુરુ !’’

બીજે દિવસે ઢાના આવ્યું. અહીં હું ધન્નુના ઘરે રહેલો એથી એને ત્યાં ગયાં. ખૂબ રાજી થયો. એની પત્નીને તો એ પણ યાદ હતું કે એનાં આંગણામાં બેસીને મેં સ્કેચ કરેલા.

એક ગામની બહાર અડધો બળેલો સાપ જોયો. એનું દુર્ભાગ્ય હતું કે એ જીવતો હતો. ત્રીજે પહોરે ભટેરા પહોંચ્યાં. પહેલાં પાઠશાળા આવી. એના પ્રાંગણની ચોમેર કાંટાળા તારની વાડ હતી અને ઝાંપા ઉપર તાળું માર્યું હતું. નવાઈની વાત એ હતી કે અંદર બાળકો ભણી રહ્યાં હતાં ! પૂછતાં કોઈકે કહ્યું કે અહીંના સરપંચ ઘણા કડક છે. શાળા શરૂ થતાં જ એમનો નોકર આવીને ગેટ બંધ કરીને તાળું મારી જાય અને સાંજે શાળા બંધ થવાને સમયે આવીને ગેટ ખોલી દે, જેથી કોઈ ભાગી ન શકે – ન વિદ્યાર્થી, ન શિક્ષક !

આવો સરપંચ દરેક ગામને મળો ! આવો સરપંચ દરેક ધારાસભાને મળો ! લોકસભાને મળો !

નર્મદાકાંઠેનાં મંદિરે ગયાં. મંદિરના બાબાનો શણગાર જોવા જેવો હતો. ગળામાં જાતજાતની ને ભાતભાતની માળાઓ. રુદ્રાક્ષના મોટા મણકાઓની માળાઓ ઉપરાંત નાની નાની તો અસંખ્ય માળાઓ. તે ઉપરાંત જટામાં માળા, હાથમાં માળા, કાનમાં કુંડળ, કાંડામાં કડાં, લલાટે ચંદન, ભગવો વેશ, ક્યાંય કોઈ જાતની કચાશ નહોતી. ખાસ્સા સ્થૂલકાય હતા, એથી આ સિંગાર એમને શોભતો પણ હતો. એમણે અમને સદાવ્રત માટે પૂછ્યું પણ એ તો અમારી પાસે હતું. રસોઈની તૈયારી કરવા લાગ્યા તો કહે, ‘‘શું મને પણ ભોજન મળશે ?’’

મેં રાજી થઈને પૂછ્યું, ‘‘શું આપ અમારું ભોજન લેશો ?’’

‘‘જાત-પાત પૂછે નહીં કોઈ, હરિકો ભજે સો હરિકો હોઈ. જરૂર લઈશ.’’ પોતાના નોકર તરફ જોઈને કહે, ‘‘આ બે નંબરનો બાબો છે. મારી રસોઈ એ જ કરે છે.’’

‘‘શું આની પણ રસોઈ કરીએ ?’’

‘‘ના, હું એકલો જ જમીશ. એનું ઘર છે, મારું નથી.’’

"તમારું મંદિર છે."

"મંદિર ભગવાનનું છે."

કેટલાંક વર્ષ ગુજરાતમાં રહ્યા છે. નરસિંહ મહેતાનાં કેટલાંય ભજનો એમને કંઠસ્થ છે. સવારે ચાલ્યાં. બપોરે શક્કર નદી ઓળંગીને શોકલપુરની સંસ્કૃત પાઠશાળામાં વિસામો લીધો. દિવાળીની રજાઓને લીધે ત્યાં માત્ર ત્રણ જ વિદ્યાર્થી હતા. એમાંથી એકે મારું પુસ્તક વાંચ્યું હતું. "મારા મામા જબલપુરથી લાવ્યા હતા, પરંતુ હવે ફરી વાંચીશ. હવે જ્યારે તમને મળી ચૂક્યો છું, તો એમાં નવો રસ આવશે."

પીપરપાની પહોંચતાં સાંજ થઈ ગઈ હતી. ગામની વચ્ચેથી રસ્તો હતો. છેવાડેના ઘરના દરવાજા પાસે ઊભેલા ભાઈએ મને "નર્મદે હર !" કહ્યા, તો મેં પણ "હર નર્મદે !" કર્યા અને આગળ નીકળી ગયો કેમ કે અંધારું ઘેરાવા લાગ્યું હતું અને સોનાદહાડ દૂર હતું. સૌથી છેલ્લે શરદ હતો. પેલા ભાઈએ શરદને પૂછ્યું, "ક્યા વેગડજી જા રહે હૈં ?"

શરદને તાજ્જુબ થયું. એણે મને હાંક મારી. હું પાછો આવ્યો. પેલા ભાઈએ કહ્યું, "નરસિંહપુરમાં મેં નર્મદા વિશે તમારું ભાષણ સાંભળેલું, એથી ઓળખી ગયો. કૃપા કરીને અમારે ઘેર જ રહો." ત્યાં જ રહ્યાં. એના નેવું વર્ષના પિતાજી જોડે વાતો કરીને ખૂબ સારું લાગ્યું. કહે, "ઘડપણ બહુ રાંક હોય છે. તમારી પાસે ધનના ઢગલા છે, પણ શરીરથી તો રાંક થઈ જાઓ છો. અઢળક ધન કાંઈ કામ નથી આવતું. સંગી-સાથી એક પછી એક ચાલ્યા જાય છે, તમે એકલા થઈ જાવ છો. પછી જિંદગીથી કંટાળવા લાગો છો."

થોડી વાર રહીને કહે, "પરિક્રમા દરમિયાન ધારો કે તમે કોઈકથી કશુંક માગ્યું ને એણે ના પાડી. કદાચ અપમાન પણ કરે. તો આને પણ પ્રેમથી લેજો. આમ કરવાથી અહંકાર નષ્ટ થાય છે. પરિક્રમા અહંકારનો નાશ કરવા માટે જ તો કરવામાં આવે છે. બીજું તમે રોજ એક અથવા બે કિલોમીટર ઉઘાડે પગે જરૂર ચાલજો. નર્મદાકાંઠેની માટીમાં એવું કંઈક છે કે એના સ્પર્શથી નસોમાં ખૂન દોડવા લાગે છે અને આંખોની જ્યોતિ વધે છે."

જ્યારે છ મહિનાના હતા ત્યારે માનું મૃત્યુ થયું. "પણ ઓરમાન માએ સગી માનો પ્યાર આપ્યો. સડક ન હોવાના લીધે ચોમાસામાં અમારો સંપર્ક બીજાં ગામોથી કપાઈ જાય છે. માત્ર ઘોડા-ગધેડાથી જ આવ-જા થઈ શકે છે. મોટી મુસીબત એ છે કે આના લીધે છોકરીવાળા પોતાની દીકરી આ ગામમાં આપવા નથી માગતા." સવારે નીકળતી વેળા એમને પગે લાગ્યો. "આ તમે શું કર્યું, તમે પરકમ્માવાસી છો, તમારી પદવી ઊંચી છે. આમાં ઉંમર ન જોવાય. મારે તમને પગે લાગવું જોઈએ." આમ કહીને પગે લાગવા જતા હતા, પણ મેં એમને રોકી દીધા. એમના આશિષ લઈને આગળ ચાલ્યાં.

અમારા ચારે સાથી આગળ હતા, અમે બે સહેજ પાછળ હતાં. ત્યાં અમે જોયું કે અમારા ત્રણ સાથી બાજુના ખેતરમાં ઊતરી ગયા. જેવી કાન્તા ત્યાં પહોંચી કે શરદે કહ્યું, "ત્યાં જ ઊભાં રહો." એના હાથમાં મોબાઈલ હતો. એમાં ફોટા પાડવાની સગવડ હતી. ત્યાં હું પણ પહોંચી ગયો. અમે સમજ્યાં કે એ અમારો ફોટો પાડવા માગે છે. મેં માથા પરનો ગમછો ઉતારી લીધો જેથી ચહેરો ઠીક દેખાય. કાન્તાએ પોતાનો પાલવ સરખો કર્યો. ત્યાં જ છોકરાઓ જે ખેતરમાં ઊતર્યા હતા એમાંથી એક લાંબો સાપ નીકળ્યો ને અમારા સામેની કેડી પર થઈને બીજી બાજુના ખેતરમાં ઊતરી ગયો. તો શરદ અમારો નહીં, સાપનો ફોટો પાડી રહ્યો હતો !

સાપ જોકે પાતળો હતો પણ હતો ખૂબ સુંદર. શરદ એનો ફોટો પાડવા ઈચ્છતો હતો, પણ એ ખેતરમાં હતો. ખેતરમાં ડાંગરનાં મૂળિયાનાં જડથાં વચ્ચે એ પૂરેપૂરો દેખાતો નહોતો. એ જો બહાર આવે તો ફોટો સરસ આવે. એથી ગરીબો, કમલેશ અને શિવદીન ખેતરમાં ઊતર્યા અને લાઠી ઠબકારતાં એને કેડી પર લઈ આવ્યા. શરદ એનો ફોટો પાડી રહ્યો હતો ત્યાં

અમે આવ્યાં. ગરીબાએ કહ્યું કે ધામન સાપ હતો. એનું ઝેર કાતિલ હોય છે. પરંતુ એનો અંગ-વિન્યાસ જોવા જેવો હતો.

સાપ જો થોડું રોકાઈ ગયો હોત અને એની સાથે અમારો ફોટો લેવાઈ ગયો હોત તો એ અમારા માટે કેટલા ગૌરવની વાત હોત ! અમે લોકોને કહી શકત કે અમારી નર્મદા પરિક્રમાથી પ્રસન્ન થઈને એક નાગદેવતાએ અમને માત્ર દર્શન જ ન દીધા, પણ અમારી સાથે ઊભા રહીને ફોટો પણ પડાવ્યો ! એણે અમને કેવડા મોટા સુખથી વંચિત કરી દીધા ! આજકાલ પરોપકારની ભાવના રહી જ ક્યાં છે !

સાંજે દૂધીસંગમ પહોંચ્યાં. દૂધીનો પટ નર્મદાના પટ કરતાંય પહોળો છે, પણ પાણી બહુ ઓછું છે. રેતી વચ્ચે માત્ર એક પાતળી ધારા વહે છે. બંને નદીઓ નિતાંત શાંત ભાવે મળે છે. મંદિર ઊંચી ટેકરી ઉપર છે. હમણાં અંધારિયું ચાલે છે. ચાંદાને ઘેર તાળું મરાયું છે.

સવારે દૂધી ઓળંગીને આગળ વધ્યા. બપોરે સાંડિયા આવી ગયાં. અંજન અને નર્મદાના સંગમમાં નાહ્યાં. અહીંથી શરદ પણ ચાલ્યો ગયો. કાલે પહેલી તારીખ છે, એણે ડ્યૂટી પર હાજર થવું જ જોઈએ. સાંજે માછા પહોંચ્યાં. યજ્ઞશાળામાં રાત રહ્યાં. એક પરકમ્માવાસી બીજા પરક્માવાસીને કહી રહ્યો હતો, “લોકો મૈયાને એક સૂકું નારિયેળ ચડાવે છે અને બદલામાં લાખોની સંપત્તિ ચાહે છે.”

સવારે ચાલતાં જ કુબજા આવી. એમાં ખૂબ કાંપ હતો. રાત ઈશરપુરમાં રહ્યાં. સવારે ચાલતાં જ પલકમતી આવી. સાફ-સૂથરી, રૂપમતી, નીરભરી છીછરી નદી. અહીં કેટલાક પરકમ્માવાસીઓ સંગમસ્નાન કરી રહ્યા હતા. અમે પણ સ્નાન કર્યું. કાન્તાએ નદીમાં દીપ વહાવ્યો. એક કાગડો આ જોઈ રહ્યો હતો. એની નજર દીવાના ઘી પર હતી. એ એની આસપાસ ઊડવા લાગ્યો. પાસે આવતો, પરંતુ જ્યોતથી ડરીને ચાલ્યો જતો. વળી આવતો પણ બીજી જ ઘડીએ જતો રહેતો. મને પંચતંત્રનો કાગડો યાદ આવ્યો. આ જો એનો સાચો વંશજ હોત, તો પોતાની ચાંચમાં પાણી લઈને દીવા ઉપર ઢોળત. આમ ત્રણ-ચાર વાર કરવાથી દીવો ઓલવાઈ જાત અને એને ઘી મળી જાત. મેં કહ્યું “ઘડામાં કાંકરા ફેંકવાથી તારા પૂર્વજને તો માત્ર પાણી મળ્યું હતું, તને તો ઘી મળશે !” પણ બુઠ્ઠી બુદ્ધિના એ કાગડાએ આવું કાંઈ ન કર્યું. હું નિરાશ થયો. ત્યાં જ એણે દીવા પાસે જઈને કચકચાવીને પાંખો ફફડાવી. એમાં દીવો ઓલવાઈ ગયો ! હવે એ ઘી પણ ખાઈ રહ્યો હતો અને મારી મંદબુદ્ધિ ઉપર હસી પણ રહ્યો હતો ! પંચતંત્રના કાગડાનો ખરો વંશજ !

સાંગાખેડા ખુર્દમાં સ્નાનાર્થીઓની ભારે ભીડ નર્મદાકાંઠે ઊમટી હતી. આજે દિવાળી છે. લોકો આજે પર્વનું સ્નાન કરવા આવ્યા છે. અમે જ્યાં નાહ્યાં, ત્યાં નદીનું વહેણ ખૂબ તેજ હતું. મારું સુકલકડી શરીર જોઈને એક વૃદ્ધાએ કહ્યું “જાળવીને નહાજે. કમજોરને નદી વહાવી જાય છે.”

ચાલતાં ચાલતાં ગરીબાએ કાન્તાને કહ્યું “અમ્મા, આજ દિવાલી હૈ.” થોડી વાર પછી કમલેશ બોલ્યો, “અમ્મા, આજ દિવાલી હૈ.” જ્યારે શિવદીને પણ આ જ વાત કહી, ત્યારે કાન્તાએ કહ્યું કે હા બેટા, આજે દિવાળી છે. સાંજે દૂધ મળશે તો આપણે ખીર ખાઈને દિવાળી ઊજવશું.

સાંજે બછવાડા પહોંચ્યાં. ધર્મશાળા ગામની વચ્ચે સડકની ધારે છે. અહીં સડક પર રસોઈ કેવી રીતે બનાવશું, અમે આ જ વિમાસણમાં હતાં. ત્યાં એક ભાઈ આવ્યા અને હાથ જોડીને બોલ્યા, “મારું ઘર બાજુમાં જ છે. સૂવાનું ભલે અહીં રાખજો, પણ રસોઈ અમારા આંગણામાં જ બનાવો.” લીંપ્યું-ગૂંપ્યું સાફ-સૂથરું વિશાળ આંગણું. સુંદર જગ્યા, પાસે હેન્ડપમ્પ. પેલા ભાઈ ઘરમાંથી સરસ ચૂલો લઈ આવ્યા. “આ ચૂલામાં માત્ર સપ્તમીના દિવસે જ

ભોજન બને છે.'' અમે રાંધવા-જમવાનું ત્યાં જ રાખ્યું.

કાન્તાએ કહ્યું, ''આજે દિવાળી છે. દૂધ મળી જાય તો ખીર બનાવીએ.'' પણ એમની ગાય વસૂકી ગઈ હતી. એનો પાડોશી ત્યાં જ ઊભો હતો. આ સાંભળીને એ ધીમેથી ચાલ્યો ગયો. પણ થોડી વારમાં એક ગ્લાસમાં દૂધ લઈ આવ્યો. પણ આટલાક દૂધમાંથી ખીર કેમ થાય ? તેમ છતાં લઈ લીધું. થોડી વારમાં બીજો માણસ પણ દૂધ આપી ગયો. પછી ત્રીજો, પછી ચોથો, છઠ્ઠો ! દશે દિશાએથી દૂધ આવ્યું. ટીપે ટીપે તપેલું ભરાયું ! હવે તો દૂધપાક જેવી ખીર બનશે !

એક રાજાએ ગામના લોકોને રાતના સમયે તળાવમાં એક-એક લોટો દૂધ નાખવા કહેલું. સવારે તળાવ પાણીથી ભરાઈ ગયું. આ જ વાત એણે જો આ ગામના લોકોને કહી હોત તો તળાવ દૂધથી જ ભરાયું હોત.

ખીર માટે કાન્તાએ ચોખા કાઢ્યા તો એમનાં વૃદ્ધ માતા ઘરમાંથી સૂપડું ભરીને ચોખા લઈ આવ્યા, ''તારા ચોખા રાખી લે. આ નવા ચોખાની ખીર બનાવ. ખૂબ સરસ બનશે. એમાં સહેજ મીઠું નાખજે, સ્વાદ આવશે.'' મોટા ભાઈની પત્ની સૂપડું ભરીને લોટ આપી ગઈ.

જમવા બેસતાં જ હતાં ત્યાં એ એક મોટા થાળમાં ગુલાબજાંબુ, બરફી, લાડુ અને ચેવડો લઈ આવી. આટલી જ સામગ્રી નાના ભાઈની પત્ની આપી ગઈ. એક છોકરી તળેલા પાપડ લઈ આવી. માતાજી ગરમ ગરમ પૂરી લઈ આવ્યાં. કેવડી તો મોટી પૂરીઓ ! થોડી વારમાં ભજિયાં આવ્યાં. કાન્તા માટે લસણ-ડુંગળી વગરનાં આવ્યાં. અમારી પદયાત્રાઓમાં ખાદ્યપદાર્થોની આવી વર્ષા ક્યારેય નહોતી થઈ. અમે પણ ખાઉધરા થઈને ખાતાં રહ્યાં. મીનલબહેન અને શરદ યાત્રાના સૌથી મધુર ભાગથી વંચિત રહી ગયાં.

મોટા ભાઈની પત્નીએ આંગણામાં એવી તો સરસ રંગોળી પાડી હતી કે એક ઉત્તમ કલાકૃતિ જોયાનું સુખ મળ્યું. એનું પિયેર માળવે છે, આ કળા ત્યાંથી લાવી છે. મારા કહેવાથી એક કપડાને ગેરુમાં ડુબાડીને મારી નોટબુકમાં એક ડિઝાઈન બનાવી દીધી. મારા આગ્રહથી પોતાનું નામ પણ લખ્યું : સાવિત્રી સાહુ.

સાંગાખેડા ખુર્દથી નર્મદા છૂટી ગઈ. વહેણ બદલીને દૂર ચાલી ગઈ છે, પરંતુ પરકમ્માવાસીઓ એના જૂના ઘરને – જૂના પટને – ઓળંગતા નથી. અમે પણ એમ જ કર્યું. સાંજે બીકોરી પહોંચ્યાં. એક ગ્રામીણનાં દાદી પરિક્રમા કરી ચૂક્યાં હતાં. એ અમને પોતાને ઘેર લઈ ગયો. પંચાશી વર્ષનાં દાદીએ કહ્યું, ''આ ગામમાંથી પરિક્રમા પર જનાર હું એકલી જ હતી. મારી દેરાણી કહે – દીદી એકલાં ન જાવ. હું ચાલી તો રોતી રોતી મારી પાછળ ચાલી. રોતી જાય અને કહેતી જાય – દીદી, એકલાં ન જાવ. ત્યારે મેં વઢીને કહ્યું – કાં તો મારી સાથે ચાલ અથવા ઘરે જા. નહીં તો ઢેફું ઉપાડીને મારીશ. ત્યારે માંડ ગઈ. સવા ત્રણ વરસે જ્યારે પાછી આવી ત્યારે એ દેવ થઈ ગઈ હતી.'' પછી કહે, ''મારી દેરાણી તો મારી મા હતી.''

અહીંથી નહેરની સાથે ચાલ્યાં. (નહેરો એટલે નદીની વડવાઈઓ) ધાનસીમાં નર્મદા ફરી મળી ગઈ. સૂરજકુંડ થઈને સાંજે ગોરા પહોંચ્યાં. વસતિથી છેટે નર્મદાકાંઠે એક બાબાએ નાનું શું દેરું બાંધ્યું છે. સરસ બગીચો બનાવ્યો છે. નિ:સંતાન છે. એક ગાય, એક કૂતરો અને એક પોપટ જ એના સંગીસાથી છે. અંધારું ઊતરતાં જ ટાઢ ખૂબ વધી ગઈ. સૂવા માટે એણે પોતાનું રસોડું આપી દીધું. બાબાની પત્નીએ પોપટનું પિંજર ઓરડીની અંદર લઈ લીધું જેથી એ ટાઢમાં ઠરે નહીં. સવારે જ્યારે એને બહાર લાવી રહી હતી ત્યારે પોપટે એને ચાંચેથી ટોચી. સહેજ લોહી નીકળ્યું. ગુસ્સે થઈને બોલી, ''સીતારામ સીતારામ તો બોલતો નથી, ઊલટાનું મને બચકું ભર્યું. ઊભો રહે, આજે તારી બરાબરની પિટાઈ કરીશ. કાંઈ ખાવાય નહીં આપું.'' થોડી વાર પછી જોયું તો એનો લાડકો ચણાની દાળ ખાઈ રહ્યો હતો !

"તમે હમણાં જ તો કહી રહ્યાં હતાં કે કાંઈ ખાવા નહીં આપું. પછી આ શું ?"

"હજુ બચ્ચું છે. ત્રણ મહિનાનોય નથી થયો. જ્યારે આવ્યો હતો ત્યારે ચકલી જેટલો હતો. એવો નાદાન છે કે પોતાની જ રુવાંટી ઉખાડી ફેંકે છે." આ નાદાન પક્ષી ઉપર બાબાની પત્નીને અઢળક વહાલ છે.

સામા કાંઠાનો પહાડ સાવ નજીક આવી ગયો હતો. આગળ તવા આવી. એ મોટી નદી છે. એને ઓળંગવામાં કાન્તાને મુશ્કેલી થઈ. સંગમમાં સ્નાન કરીને આગળ ચાલ્યાં. અહીંથી નર્મદાને કાંઠે કાંઠે જાત તો હોશંગાબાદ નજીક થાત, પણ અમે બાંદરાભાન થઈને સડક માર્ગે ગયાં જેથી મારા સાથીઓ ડાબી બાજુએ તવાને આવતાં અને જમણી બાજુએ નર્મદાને જતાં – વિરુદ્ધ દિશાઓમાં વહેતી બે નદીઓને – એક સાથે જોઈ શકે. પરંતુ આ રસ્તો ખૂબ લાંબો છે. બપોરનો સૂરજ શરીરને ભૂંજી રહ્યો હતો. ટ્રકો ધૂળના ગોટેગોટ ઉડાડતી રહેતી. આખરે હોશંગાબાદ દેખાવા લાગ્યું. અથડાતા કુટાતા ગોપીકાંત ઘોષને ઘેર પહોંચ્યાં. આવકાર આપતાં એણે કહ્યું, "મારે ઘરે જ રહો." મેં કહ્યું, "અમે પાંચ છીએ, ધર્મશાળામાં જ રહેશું." એણે કહ્યું, "મારું ઘર ધર્મશાળાથી કમ નથી."

તેમ છતાં અમે ધર્મશાળાનો આગ્રહ રાખ્યો એથી એ અમારી સાથે ચાલ્યા. વળી પાછી અંતહીન સડક ! ચાલતાં ચાલતાં કાન્તા ત્રાસી ગઈ. શ્રાંત-ક્લાંત અને પરસેવાથી રેબઝેબ કાન્તા વીફરી, "તમને અમારો કોઈ વિચાર છે કે નહીં ? આજે તો આ છોકરાઓ પણ ચાલતાં ચાલતાં હેરાન-પરેશાન થઈ ગયા છે. અમે ક્યાં સુધી ચાલતા રહેશું ?"

થાક, ભૂખ અને ગુસ્સાને લીધે એનાથી રોવાઈ જવાતું હતું. સવારે જે જોમ હતું એ હવે નહોતું રહ્યું. એ પાછળ રહી જતી હતી. બોલ્યો, "બસ, ઘાટ આવવાવાળા જ છે." આવે ટાણે થોડુંશું જૂઠ થાક્યા-હાર્યા વ્યક્તિમાં નવું જોમ લાવી દે છે.

એનો ગુસ્સો અકારણ નહોતો. આખો દિવસ માત્ર મગફળીના દાણા અને ખજૂર ખાઈને ચાલે છે. ચાતુર્માસના લીધે રાત્રે એક જ વાર જમે છે. ખજૂર અને શિંગદાણા ખતમ થઈ ગયા હતા અને આજે એને કંઈ જ નહોતું મળ્યું. ૭૦ની વયે ખાધાપીધા વિના ધોમ તડકામાં પચીસ કિલોમીટર ચાલવું સહેલું તો નથી.

છેવટે અમે નદીકાંઠે પહોંચી ગયાં. લગભગ ૨૭૫ કિલોમીટરની પદયાત્રામાં અમને એક પણ પાકો ઘાટ નહોતો મળ્યો. અહીંના વિશાળ સેઠાનીઘાટની શોભા નિહાળી રહ્યાં હતાં ત્યાં બે પરિચિત બહેનો મળી. સંગીતના વર્ગો ચલાવે છે. સાંજે એમની વિદ્યાર્થિનીઓ અમને ભજન સંભળાવશે ને ભોજન પણ કરાવશે.

સાંજ સુધી ઘાટ પર ટહેલતાં રહ્યાં. પછી પેલી બહેનોના વિદ્યાલયમાં ગયાં. એમની વિદ્યાર્થીનીઓએ સરસ ભજન સંભળાવ્યાં. જ્યારે એમનો કાર્યક્રમ પૂરો થયો ત્યારે મેં કહ્યું "અમારો કમલેશ પણ થોડું ગાઈ લે છે. કહો તો એ પણ સંભળાવે."

"જરૂર, જરૂર. કમલેશ, તું જરૂર સંભળાવ."

કમલેશ ખૂબ સંકોચી છે. સહેલાઈથી ગાવા તૈયાર નથી થતો. પરંતુ જ્યારે એણે ગાવું શરૂ કર્યું તો બધાં ડોલી ઊઠ્યાં ! કેવું દર્દ, કેવી મીઠાશ ! એ ગાઈ રહ્યો હતો–

મોરી નરબદા મૈયા, દુખિયનકી દુઃખ હરૈયા
તોરી સેવા ન જાનૂં મૈયા, મેં ખેતી-કિસાની કરૈયા.

એના સૂરીલા કંઠ અને ગીતની મધુર ધૂનને લીધે વાતાવરણમાં નવું ચેતન આવી ગયું. કોઈ ખંજરી વગાડવા લાગ્યું તો કોઈ ઢોલક. એણે બીજાં ગીતો પણ સંભળાવ્યાં. બંને

બહેનોએ કમલેશનાં દિલ ખોલીને વખાણ કર્યાં. જો અવસર મળ્યો હોત તો કમલેશ મોટો ગાયક થયો હોત. આપણા દેશમાં આવા કેટલાય હીરા પહેલ પાડ્યા વગર જ વેડફાઈ જાય છે.

પ્રભાતનો ઉદય સરસ થયો. આરામ મળવાથી કાન્તા તરોતાજા થઈ ગઈ હતી અને નર્મદા સ્નાન પછી તો એકદમ તાજાદમ લાગી રહી હતી. કહે, ‘‘થાય છે અહીંથી ઘેર ન જતાં ઓમકારેશ્વર સુધી ચાલતાં જઈએ.’’

મેં કહ્યું, ‘‘જરૂર જઈએ, પણ શરત એટલી કે રસ્તે ચાલતાં તારે મારા પર ગુસ્સો ન કરવો.’’

‘‘હું એવું કોઈ વચન ન આપી શકું.’’

‘‘તો ચાલો ઘેર ! ભરબજારે વઢ ખાવા કરતાં ઘરને ખૂણે ખાવી સારી.’’ ક્યા કીજૈ, પ્યારમાં આવા જોર-જુલમ રહે જ છે !



૧૩. હોશંગાબાદથી હંડિયા

જ્યારે હોશંગાબાદમાં યાત્રા પૂરી કરીને ઘરે ગયાં હતાં, ત્યારે અમને આવી કલ્પના તો કેમ કરીને આવે કે અહીં પૂરાં ત્રણ વરસ પછી જ આવી શકશું.

લગભગ પચીસ વરસ પહેલાં મને એક પગમાં મોચ (મચકોડ) આવેલી. ત્યાં ને ત્યાં ત્રણ વાર આવી. અહીંથી ઘરે ગયા પછી પાછી ત્યાં જ આવી. જાણે કોઈએ મચકોડની જૂની કિતાબ ખોલી દીધી. માંડ ઠીક થઈ ત્યાં ફરી આવી ! મતલબ કે એ ગઈ નહોતી, શરીરના પોલાણમાં સંતાઈને બેઠી હતી. એમાં બે વરસ સુધી યાત્રામાં જઈ ન શક્યો. જીવનમાં ક્યારેક સૌથી નાની ચીજ સૌથી મોટી સમસ્યા ઊભી કરે છે.

પગે ઠીક થતાં જ અમે નર્મદાની સહાયક નદી બંજરની પરિક્રમા કરી આવ્યાં અને હવે આગળની યાત્રા માટે ફરી અહીં આવ્યાં છીએ. તારીખ છે ૧૭-૧૦-૨૦૦૮. આ વેળા અમે ૧૨ છીએ, પણ ઘણા ખરા સદસ્યો અમને છોડીને ચાલ્યા જશે. નવા સદસ્યોમાં બોહિતા છે, સાથે એનાં મોટાં બા દમયંતીબહેન પણ છે. થોડા સમય પહેલાં જ બોહિતાની સગાઈ થઈ છે. એક વાર અમારી જોડે મુંબઈનાં ગાર્ગીબહેન ચાલ્યાં હતાં – પોતાનાં ભાવિ પુત્રવધૂને પણ સાથે લઈ આવ્યાં હતાં. કેવું સારું થાત જો બોહિતા પોતાનાં ભાવિ સાસુને પણ લઈ આવી હોત ! બાકીના સદસ્યો પહેલાંના જ છે.

અહીંથી ૭ કિલોમીટર દૂર છે બાંદરાભાન. અહીં તવા નદી નર્મદાને મળે છે. આ સંગમ પાસે બે વિદેશી નર્મદાભક્તો રહે છે – ફ્રેન્ચ સુમેરમુનિ અને ગ્રીક રાધામુનિ. બંને મોટી ઉંમરના છે અને ગુરુ ભાઈ-બહેન છે. નર્મદાની પરિક્રમા કરી ચૂક્યા છે. નર્મદાની ઊંચી ભેખડ ઉપર એમનો આશ્રમ છે. યાત્રા શરૂ કરતાં પહેલાં અમે એમને મળી આવ્યાં.

હોશંગાબાદમાં એક રાત રહીને સવારે ચાલી નીકળ્યાં. સાંજે ખોકસર પહોંચ્યાં. ધર્મશાળાના પ્રાંગણમાં ગૌરીશંકર મહારાજની સમાધિ છે. તેઓ કમલભારતજીના શિષ્ય હતા. બંનેએ નર્મદા પરિક્રમાનો મહિમા ખૂબ વધાર્યો. રાત્રે તારા એવા લાગી રહ્યા હતા જાણે કોઈએ ચકલાંને ચણ નાખ્યું હોય.

રાતના સાડાત્રણ અથવા ચારનો સુમાર હશે. ટાઢને લીધે ટૂંટિયું વાળીને સૂતાં હતાં. ત્યાં કોઈક મોટે અવાજે કહી રહ્યું હતું, “ઊઠો, ઊઠો, ગરમ પાણી પીઓ ! સવારે ગરમ પાણી પીવું જોઈએ. બોહિતા, તારા પગમાં દુખાવો છે. તું ગરમ પાણીથી શેક કર. ઊઠો, ઊઠો !” આ શૈલેન્દ્ર હતા. ત્રણ વાગ્યે જ જાગી ગયા હતા. ચૂલો સળગાવીને પાણી ગરમ કર્યું હતું. સાડા ત્રણ, ચાર વાગતાં જ સેવાના સાગરમાં કૂદી પડ્યા હતા. લોકોને ઊંઘમાંથી ઉઠાડીને પાણી પિવડાવવું – સેવાની આ કઈ શાખા છે, પહેલાં તો એ સમજી ન શક્યો, પણ પછી ખબર પડી કે શૈલેન્દ્રના દીકરાઓની મોટી ડેરી છે. શૈલેન્દ્રનું કામ છે રાત્રે ત્રણ વાગ્યે ઊઠીને ભેંસોને પાણી પિવડાવવું ! આ જ સેવાકાર્યનો આજે વિસ્તાર થયો છે અને અમે પણ એના દાયરામાં આવી ગયાં છીએ. અમે પાણી પીને ભેંસની જેમ ભાંભરતાં. શૈલેન્દ્ર પરમ સંતોષથી અમારા ભણી જોતા. એમને લાગતું કે પાણી ભલે એમણે અમને પિવડાવ્યું હોય, તરસ એમની ભેંસોની જ છિપાઈ છે, જેમ અહીં દાન કરવાથી ત્યાં પિતૃઓને મળે એમ.

અમે એમનું નામ રાખ્યું : ભોરનો ભૂકંપ !

ગરમ પાણી પીને અમે પાછાં સૂઈ જતાં. બીજે દિવસે વહેલી સવારે ફરી એ જ હાંક સંભળાતી – ઊઠો, ઊઠો, ગરમ પાણી પીઓ !

અહીંથી આગળ વધ્યાં. ખેતરોની ઊંચી ઊંચી કાંટાળી વાડો વચ્ચે થઈને ચાલ્યાં. ત્રીજે પહોરે ઈન્દ્રાવતી નદી આવી. નદી જોકે નાની હતી, પણ એને ઓળંગવામાં ભારે મુશ્કેલી થઈ. નદી ઊંડી હતી. સામે કાંઠે એક હોડકું હતું અને ત્યાં બે છોકરા પણ હતા. અમે એમને હોડકું લાવવા કહ્યું, પણ "માંગિ નાવ ન કેવટ આના." ઊલટાના ભાગી ગયા. છેવટે ધોતિયાનો કછોટો ભીડીને શર્માજી નદીમાં ઊતર્યા. ઊતરતાં જ ઘૂંટણ સુધી કાદવમાં ખૂંપી ગયા. આગળ કમર સુધી પાણી આવ્યું. એ આનાથીય વધુ માટે તૈયાર હતા. જેમતેમ કરીને સામે કાંઠે પહોંચી ગયા. પછી પાછા આવ્યા. મતલબ કે હોડકા વિના નદી પાર કરી શકાય છે. બધા એકબીજાનો હાથ પકડીને નદી ઓળંગશું. બોહિતા પાણીથી બહુ ડરે છે. થોડી ઘણી હાયતોબા પછી એ પણ પાણીમાં ઊતરી અને કાદવમાં ખૂંપી ગઈ. દમયંતીબહેન બેઠી દડીનાં છે. કેડ સમાં પાણીમાં પહોંચી ગયાં. પછી તો પાણી એમના ખભા સુધી આવ્યું. મને ભય વ્યાપ્યો કે ક્યાંક "અત્ર લુપ્તા દમયંતી" ન થઈ જાય. શરદે કહ્યું કે ચિંતા કરવાની જરાય જરૂર નથી, દમયંતીબહેન બહુ સારાં તરવૈયાં છે. છેવટે સામે કાઠે પહોંચ્યાં. ત્યાં વળી કાદવ હતો. અમે બધાં કાદવથી ખરડાઈ ગયાં. એ વિકટ નદીને ઓળંગવાનો રોમાંચ અમારા મનમાં મોડે સુધી રહ્યો. એ નદી પાર કરતાં દોઢ કલાક લાગ્યો.

રસ્તામાં જ સૂરજ ડૂબી ગયો. અંધારામાં જ આગળ વધ્યાં. સાગવાનના ઝાડની આડશમાં નાનો શો ચંદ્ર ઝીણી શગે બળતા કોડિયા જેવો જણાતો હતો. નર્મદાના પડખે પડખે ચાલતાં ને અંધારામાં અથડાતાં કુટાતાં છેવટે એક બાબાની કુટીએ જઈ પહોંચ્યાં. વયોવૃદ્ધ બાબા અહીં એકલા રહે છે. રાત્રે કુટીનો ઝાંપો ખોલતા નથી, પરંતુ અમારી જોડે મહિલાઓને જોઈને ખોલી દીધો. એક વાર રાત્રે કેટલાક શરાબીઓએ આવીને ભારે તોફાન કર્યું હતું. ત્યારથી રાત્રે ઝાંપો બંધ રાખે છે.

નીકળતાં મોડું થયું. બપોરે નર્મદામાં જ્યાં નાહી રહ્યો હતો, ત્યાં છ-સાત ભેંસો પહેલેથી જ નહાઈ રહી હતી. એટલામાં માથું મૂંડાવેલા બે ગ્રામીણ આવ્યા ને પ્લાસ્ટિકની થેલી નદીમાં ખાલી કરી. હું સમજી ગયો કે અસ્થિ વહાવ્યાં છે. પછી પ્લાસ્ટિકની થેલી પણ નદીમાં પધરાવી. એક મોટરસાઈકલવાળો આવીને પોતાની મોટરસાઈકલ નદીમાં ધોવા લાગ્યો. આટલું જાણે ઓછું હોય તેમ એક ટ્રકવાળો અને બે ટ્રેક્ટરવાળા આવીને પોતપોતાનાં વાહન નદીમાં ધોવા લાગ્યા. કાશ, નદીઓને શ્રાપ દેતાં આવડતું હોત !

સાંજે ચાંદગઢ કુટી પહોંચ્યાં. એ નર્મદાની ઊંચી ભેખડ પર છે. રાત્રે ભજનમંડળી જામી. એમાં કમલેશના ભજન સાંભળીને લોકો ઝૂમી ઊઠ્યા. એમણે કમલેશને કહ્યું કે તું તો અહીં જ રહી જા, બાકીનાને જવા દે. સાંભળીને કેવું તો સારું લાગ્યું ! દિવસે કમલેશ ભલે અમારો બોજો ઊંચકનાર સાધારણ શ્રમિક હોય, પણ રાત્રે એ એક કલાકાર છે અને અમે સાધારણ શ્રોતા.

પરોઢનાં ઝાંખા ઉજાશમાં આકાશ અને નર્મદાનો રંગ લગભગ એકસરખો લાગતો હતો. જાણે આકાશનો જ એક ટુકડો નદી બનીને જમીન પર પથરાયો હોય.

ત્રીજે પહોરે અર્ચનાગાંવ પહોંચ્યાં. અહીંથી શરદ, એની પત્ની નિશા અને પ્રદીપ પાછા ચાલ્યાં ગયાં. કાલે શરદના બાપુજી પંચોતેર વર્ષ પૂરાં કરશે. ઘરમાં આની ઉજવણી થશે, એમાં એમનું રહેવું જરૂરી છે, પણ પ્રદીપ સાથે તો આવી કોઈ અનિવાર્યતા નહોતી. હજી સવાર સુધી તો એ હંડિયા સુધી ચાલવાનું કહી રહ્યો હતો, અચાનક આ શું થયું ? મારા સાથીઓએ કહ્યું કે પ્રદીપના મોબાઈલમાં પત્ની મંજુનો ફોન આવ્યો હતો. ફોન જરા તગડો હતો, એથી જઈ રહ્યો

છે.

આ સંસારમાં પતિ-પરાયણ પત્નીઓ તો અનેક મળશે, પરંતુ પ્રદીપ જેવા પત્ની-પરાયણ પતિ જવલ્લે જ મળશે. મંજુ કેવી ભાગ્યશાળી !

રાત ગોદાગાંવમાં રહ્યાં. અહીં ત્રણ નદીઓનો સંગમ છે – નર્મદા, ગંજાલ અને ગોમતી. જે મંદિરમાં અમે ઊતર્યાં હતાં, એના પંડિતજીએ કહ્યું કે જરા સાવચેત રહેજો, અહીં અઢીસો-ત્રણસો વાંદરા છે. ખાવાની વસ્તુઓ ઉપાડી જાય છે. ગોમતી સાવ નાનો વહેળો છે. એને ઓળંગતાં જ નર્મદાની ઊંચી ભેખડ પર મહંતોની છતરીઓ આવી. પાસે એક મંદિર છે. મંદિર તો સાધારણ છે, પણ એની ઓસરીની દીવાલો પર તેમ જ પરસાળની થાંભલીઓ પર લાકડાનું જે નકશીકામ હતું, એ આશ્ચર્ય પમાડે એવું હતું. એમાં ફૂલ-વેલ, પાંદડાં-પક્ષી કોતર્યાં હતાં. નર્મદાકાંઠે આવું ઉત્તમ કોટિનું કાષ્ઠ-શિલ્પ મેં બીજે ક્યાંય નથી જોયું. વળી આ કૃતિઓ મંદિરની અંદર છે એથી મોસમના મારથી બદરંગ નથી થઈ. મને અચરજ એ વાતનું થયું કે મારી પ્રથમ પદયાત્રા દરમિયાન મને આ કેમ ન દેખાઈ.

છીપાનેર થઈને બજરંગકુટી પહોંચ્યાં. ખરી રીતે તો આ બહુ મોટો આશ્રમ છે. આની સ્થાપના બાબા બજરંગદાસે કરેલી. એમના શિષ્ય સ્વામી તિલકનો અંગ્રેજી, સ્પેનિશ અને પોર્ટુગીઝ પર સમાન અધિકાર હતો. અંગ્રેજીમાં કેટલાંય પુસ્તકો લખ્યાં છે. વિદેશ જતા રહેતા. કેવળ પંચાવન વર્ષની વયે સ્પેનમાં એક સડક દુર્ઘટનામાં એમનું અવસાન થયું. અંતિમ વર્ષોમાં જાપાનીઝ શીખી રહ્યા હતા. હમણાં આશ્રમની જે દેખભાળ કરી રહ્યા છે, એમનું નામ છે નિત્ય ચૈતન્ય. કેરળના છે ને અહીં ચાળીસ વર્ષોથી રહે છે. એમણે અમને અહીંનું વિશાળ પુસ્તકાલય બતાવ્યું. રોકાવાનો ઘણો આગ્રહ કર્યો, પણ ઈન્દોરના દિનેશ કોઠારી અમારી જોડે ચાલવા માટે હંડિયાથી પગપાળા આવી રહ્યા છે એથી રોકાઈ ન શક્યા.

કોઠારી લછોરામાં મળી ગયા. એ નવો કૅમેરા લાવ્યા છે અને એનું ઉદ્ઘાટન નર્મદાકાંઠે કરવા ચાહે છે.

સાંજે જલોદા પહોંચ્યાં. ધર્મશાળા નદીકાંઠે છે. અમે આડીતેડી વાતો કરતાં બેઠાં હતાં ત્યાં શર્માજીએ કાન્તિને કહ્યું કે ચાલો "ભિક્ષાંદેહિ !" કરી આવીએ. આ સાંકેતિક ભાષાનો અર્થ છે, ચાલો ચા પી આવીએ. પણ નાના ગામમાં ચાની કોઈ દુકાન નથી. કરિયાણાની દુકાનવાળાએ કહ્યું કે મારી પાસે દૂધ નથી, નહીં તો હું જ ચા બનાવી દેત. બાજુમાં એનો દોસ્ત બેઠો હતો. એણે કહ્યું "ચાલો મારે ઘેર." ઘર બાજુમાં જ હતું. એણે ચા બનાવી પણ દૂધ ફાટી ગયું. એણે કહ્યું "ચિંતા કરવાની કોઈ જરૂર નથી." આંગણામાં બકરી હતી. એને દોહીને શેડકઢા દૂધની ચા બનાવીને પિવડાવી ! "ભિક્ષાં-દેહિ !"માં શેડકઢા દૂધની ચા ! આવી ચા તો ફાઈવસ્ટાર હોટેલમાંય ન મળે !

ત્યાં સુધીમાં કાન્તિએ એના દીકરાનો સરસ ફોટો પાડી લીધો હતો. છોકરાની દાદીને કહ્યું, "લો, તમારા પોતરાનો ફોટો જુઓ." ડિજિટલ કૅમેરામાં આ સગવડ છે. એમણે કહ્યું, "શું જોઉં, એક આંખ તો સાવ ગઈ અને બીજી આંખે પણ નહીં જેવું દેખાય છે." એના દીકરાએ કહ્યું, "ઘણી દવા કરાવી, ઑપરેશન પણ કરાવ્યું, પણ કોઈ લાભ ન થયો." એની દુનિયા બસ આંગણા સુધી જ સીમિત થઈને રહી ગઈ છે.

વહેલી પરોઢે, ક્ષિતિજથી ઠીક ઠીક ઉપર, મોટો ચંદ્ર ચમકી રહ્યો હતો. મને થયું, પૃથ્વીની કૂખે જન્મેલો ખરો "ભૂમિપુત્ર" તો ચંદ્ર જ !

જેમ જેમ હંડિયા નજીક આવતું ગયું, તેમ તેમ ઈન્દિરા સાગર બંધ વિશે તરેહ તરેહની વાતો સંભળાવા લાગી. આગળનો માર્ગ બંધમાં ડૂબી ગયો છે. ધાવડીકુંડના પ્રપાત પણ ડૂબી ગયા છે. પરિક્રમાનો પરંપરાગત માર્ગ હવે ન રહ્યો. બધા સડકમાર્ગે જાય છે.

નર્મદાસૌંદર્યને કોઈ સીમા નહોતી. મારા એક પુસ્તકનું નામ જ રાખ્યું હતું – સૌંદર્યની નદી નર્મદા. પરંતુ હવે નર્મદાનાં કેટલાય સૌંદર્યસ્થળો જલમગ્ન થઈ ગયાં. બલકે શહીદ થઈ ગયાં.

ત્રીજે પહોરે હંડિયા પહોંચ્યાં. પહેલી પરિક્રમા વેળા હોશંગાબાદથી હંડિયા આવતાં આઠ દિવસ થયા હતા. આ વેળા છ જ દિવસ થયા ! મતલબ કે હજી હું કાળની ચાંચેથી ખાસ નથી ઠોલાયો. પરંતુ એ ન પૂછતા કે એ સમયે હું જેવા સ્કેચ કરી શકતો હતો, જેવું પ્રવાસવર્ણન લખી શકતો હતો, શું આજે પણ એવું કરી શકું છું ? માન્યું કે એનું અડધુંય નથી કરી શકતો, પણ શૂન્યથી તો અડધું વધારે જ છે ને !

હું જે કરી શકતો હતો, એ કરી ચૂક્યો છું. હવે વધુ કંઈ નવું કરવાની પ્રતિભા મારામાં ન રહી. આજે પણ પગે ચાલવામાં મને એટલો જ આનંદ મળે છે, પ્રકૃતિ એટલી જ આહ્લાદિત કરે છે, ઘટનાઓ પણ એટલી જ ઉદ્વેલિત કરે છે, માનવ-મન પણ એટલું જ વિસ્મય-વિમુગ્ધ કરે છે, ફેર પડ્યો છે અભિવ્યક્તિમાં. આયુનું આક્રમણ અનુભૂતિ પર નહીં, અભિવ્યક્તિ પર થયું છે. મારે હવે લખવું બંધ કરી દેવું જોઈએ. સંપાદકો, સમીક્ષકો, વાચકો મને ફાંસીએ ચડાવે, એ પહેલાં હું જ શા માટે ઘરભેગો ન થઈ જાઉં !

એ જ કરી રહ્યો છું. સંકેલવા-સમેટવામાં જે થોડો ઘણો સમય લાગશે, એટલો જ લઈશ.

અમે જે વાતો સાંભળી હતી એ સાચી નીકળી. હવે સડકથી જવું પડશે, નર્મદાથી દૂર. નર્મદા દેખાશેય નહીં. હવે સરદાર સરોવરનાં પાણી મહેશ્વર બંધના પાણીને અડશે. મહેશ્વર બંધનાં પાણી ઓમકારેશ્વર બંધનાં પાણીને અડશે અને ઓમકારેશ્વર બંધનાં પાણી ઈન્દિરા સાગર બંધનાં પાણીને અડશે ! હજુ તો નવા બંધ બનવાના છે. બંધોની આ અપરંપાર શ્રૃંખલામાં નર્મદાને ક્યાં શોધવી ! આપણે નર્મદા પર બંધોની જે ઝડી વરસાવી છે, એ જોઈને શું નર્મદાના ડિલે બળતરા નહીં ઊપડતી હોય ?

(એ સાચું કે બંધોને લીધે નદીનો પ્રવાહ અવરુદ્ધ થઈ ગયો છે અને એ અડધી નદી ને અડધી ઝીલ બનીને રહી ગઈ છે. તેમ છતાં હું બંધનો વિરોધ નહીં કરું. સાચી વાત એ છે કે બેફામ વસતિ વધારાએ જ બંધોને જન્મ આપ્યો છે. કાં બંધ બને, કાં કરોડો લોકો ભૂખ અને તરસથી તરફડી તરફડીને મરી જાય. બંધ આપણી મજબૂરી છે. હવે મારી ચિંતા આ છે : આપણે વાજતે ગાજતે બંધ તો બનાવ્યા, પણ જો જંગલો આમ ને આમ કપાતાં રહેશે તો વાદળ રિસાઈ જશે ને વરસવાનું બંધ કરી દેશે. તો આ બધા બંધો ભરાશે કેમ કરીને ? જંગલ કપાવાં તો બંધ થવાં જ જોઈએ, અનેક નવાં જંગલ ઉગાડવાં જોઈએ. નહીં તો બંધ પાણીની રાહ જોતા વેઈટિંગ રૂમ બનીને રહી જશે.)

અમે હંડિયામાં જ અમારી પદયાત્રા સમાપ્ત કરી દીધી.

પણ યાત્રા મહેશ્વર સુધી ચાલી. ટૂંકમાં એના વિશે પણ કહી દઉં. હંડિયાની સામે છે નેમાવર, નર્મદાનું નાભિસ્થાન. ત્યાં અમે નાવથી ગયાં. નદીની વચ્ચે બનેલી નાની દેરી બતાવીને નાવિકે કહ્યું, ‘‘આ છે નર્મદાનું નાભિસ્થાન.’’ એણે અમને સિદ્ધનાથ મંદિર પાસે ઉતાર્યાં. મંદિર જોઈને અમે નજીકમાં જ રહેતાં નાનીને ઘરે ગયાં. પહેલી પરિક્રમા દરમિયાન હું એમને ત્યાં રોકાણો હતો. ત્યારે નાની બહુ વૃદ્ધ હતાં. હવે તો કદાચ પથારીવશ હશે. ત્યાં કાન્તા પહેલાં પહોંચી. એણે એમની દીકરી શારદાબહેન અને દૌહિત્રી સુશીલા અને અલકાનાં નામ લીધાં તો નાની તો ઘેલાં થયાં. બોલ્યાં, ‘‘અરે, તું તો ઘરની છોરી છો. ક્યાંય ન જશો. અહીં જ રહો.’’ મને જોતાં જ ઓળખી ગયાં. મને એ જોઈને સુખદ આશ્ચર્ય થયું કે નાની તો તાજાંમાજાં હતાં ! શારદાબહેને કહ્યું કે સુશીલા અને અલકાનાં લગ્ન થઈ ગયાં છે અને બંને દીકરીઓ પોતપોતાનાં

ઘરે ખૂબ સુખી છે. એમણે મોબાઈલથી સુશીલા જોડે મારી વાત કરાવી. એને બધું યાદ હતું. બંને બહેનો મારી ચોપડી પણ વાંચી ચૂકી હતી. એણે મને તો પ્રણામ કહ્યા જ, જ્યારે મેં કહ્યું કે મારી સાથે મારી પત્ની કાન્તા પણ આવી છે તો એણે તરત કહ્યું, "માતાજીકો ભી મેરે પ્રણામ કહેં."

સુશીલાની પ્રશંસા કરતાં મેં કહ્યું, "નાની, તમારી દૌહિત્રીના સંસ્કાર કેટલા સારા છે. મને તો પ્રણામ કહ્યા જ, મારી પત્નીને પણ પ્રણામ કહ્યા." નાનીએ કહ્યું, "નર્મદાકી નહાઈ છોરી હૈ, સંસ્કાર અચ્છે કૈસે નહીં હોંગે !"

જો હું અહીં થોડા દિવસ રહી જાઉં, તો નાનીની સૂક્તિઓને એક સંહિતાનું રૂપ આપી શકું.

બીજે દિવસે વાહનથી નર્મદાનગર આવી ગયાં. અહીં ઈન્દિરા સાગર બંધ છે. ત્યાંના અધિકારીઓએ અમને પૂરો બંધ બતાવ્યો. બંધની નીચે એક પાતાલનગરી હતી. વીજળી ઉત્પન્ન કરનાર ટર્બાઇન ત્યાં હતાં.

અહીંથી ઓમકારેશ્વર. ચોવીસ અવતાર બંધની ડૂબમાં આવી ગયું. અહીં આશિષ ચોકસેએ અમારી સરભરા કરવામાં કોઈ મણા ન રહેવા દીધી. પહેલાં અમે ઓમકારેશ્વરના પહાડની પગપાળા પરિક્રમા કરી, પછી નાવથી પણ કરી. જ્યાં નર્મદા અને ગોમતીનો સંગમ છે, ત્યાંની શોભાને મુગ્ધ ભાવે નિહાળતાં રહ્યાં. દિવાળી અમે ઓમકારેશ્વરમાં મનાવી.

અહીંથી મંડલેશ્વર. રસ્તામાં ખેડીઘાટના પુલ પાસે વિવેકાનંદ સાધના કેન્દ્ર છે. દીપક ભાલસે થકી અમે એ જોઈ શક્યાં. પાસે સુધામાતાની કુટી છે. એ અહીં એકાંત સાધના કરી રહ્યાં છે. નીચે નર્મદાના પટમાં સ્મશાન છે. મડદાં જલતાં રહે છે. મેં એમને પૂછ્યું કે તમને અહીં એકલાં રહેતાં ડર નથી લાગતો તો કહે કે પ્રસૂતિગૃહ અને સ્મશાન એક જ સિક્કાનાં બે પાસાં છે. જો પ્રસૂતિગૃહથી ડર ન લાગે તો સ્મશાનથી શા માટે લાગવો જોઈએ ?

મહેશ્વર બંધ મંડલેશ્વરમાં બની રહ્યો છે. અમે એ નિરાંતે જોયો. પછી મહેશ્વર પણ જઈ આવ્યાં. મહેશ્વરના ઘાટ કેવા તો સુંદર ! જીવનથી ધબકતા અને તાજગીની સુંવાળપે ભર્યાભર્યા. ઘાટના વિશાળ ભવનની દીવાલો પર બનેલી સ્ત્રી-પુરુષોની સુંદર મૂર્તિઓ પર મરાઠા લોકકળાનો પ્રભાવ સ્પષ્ટ જોઈ શકાય છે.

અહીંથી ઈન્દોર. દિનેશ કોઠારીના ઘરે રહ્યાં. ત્યાંથી જ્યારે ઘરે આવી રહ્યાં હતાં ત્યારે મનમાં નાનીની વાણી ગુંજી રહી હતી : નર્મદાકી નહાઈ છોરી હૈ, સંસ્કાર અચ્છે કૈસે નહીં હોંગે !

મારા વિશે પણ આવું જ કંઈક કહી દો ને, નાની !



૧૪. બુઢનેર : બૂઢી નદી અને બૂઢો યાત્રી- ૧

કોણ જાણે સહસ્રબાહુ થયો હતો કે નહીં, પણ દરેક મોટી નદી સહસ્રબાહુ હોય છે. અનેક નદીઓ એમાં પોતાનું પાણી ઠાલવે છે અને એને પુષ્ટ કરે છે. મોટી નદીઓમાં જે પાણી હોય છે, એમાં એની સહાયક નદીઓની ભાગીદારી કમ નથી હતી. મોટી નદી જો સૂર્ય છે તો એની સહાયક નદીઓ એના ગ્રહ-ઉપગ્રહ. સૂર્યમંડળ વિનાનો સૂર્ય કેવો !

મોટી નદી કહે છે, હું સમુદ્રને મળવા જઈ રહી છું. કોઈને ચાલવું હોય તો ચાલો ! નાની નદી વિચારે છે કે ચકલી જેમ બહુ ઊંચે ઊડી શકતી નથી, તેમ હું પણ સમુદ્ર સુધી પહોંચી નહીં શકું. જઈશ તો મેળામાં ભૂલા પડેલા બાળક જેવી હાલત થઈ જશે. રસ્તામાં જ સુકાઈ જઈશ અથવા મરુભોમમાં અલોપ થઈ જઈશ. નાની નદીને સથવારાની જરૂર હોય છે. તેથી એ મોટી નદીના ગુરુકુળમાં જોડાઈ જાય છે અને મોટી નદી પણ એને બાથમાં લઈ લે છે અને કહે છે, ‘‘બેન, મારી સાથે ચાલવા માટે તેં તો તારું અસ્તિત્વ જ સમાપ્ત કરી દીધું !’’

માણસની જેમ નદીને પણ સમાજમાં રહેવું ગમે છે. એનું નિર્માણ એકલા રહેવા માટે નથી થયું. બે નદીઓ મળીને જે રીતે એકરંગ, એકરૂપ થઈ જાય છે, એવું એકાત્મ મિલન માત્ર હજુ એક પદાર્થનું થાય છે, અને એ છે અગ્નિ. એક દ્રવ તો બીજો વાયુ. કોઈ પણ ઘન પદાર્થમાં આ ક્ષમતા નથી. એથી જ આપણા ઋષિઓએ કહ્યું છે કે જે રીતે નદી સમુદ્રમાં મળે છે અથવા એક જ્યોતિ બીજી જ્યોતિમાં મળે છે, એ જ રીતે આત્મા પરમાત્મામાં મળે છે. એમણે ક્યારેય કોઈ ઘન નક્કર પદાર્થનું ઉદાહરણ નથી આપ્યું.

નર્મદા મોટી નદી નથી. એ સહસ્રબાહુ ભલે ન હોય, પણ અષ્ટભુજા તો છે જ. એની આઠ સહાયક નદીઓ એવી છે કે જેમની લંબાઈ સવાસો કિલોમીટરથી વધુ છે. હિરન ૧૮૮ કિ.મી., બંજર ૧૮૩ કિ.મી., બુઢનેર ૧૭૭ કિ.મી. નર્મદાની સહાયક નદીઓને પરિક્રમા દરમિયાન અમે માત્ર સંગમસ્થળોએ જ જોયેલી. હું બુઢનેર પ્રત્યે વધુ આકર્ષિત થયેલો. પચીસ વર્ષ પહેલાં મારી પ્રથમ નર્મદા પરિક્રમા દરમિયાન એને પહેલી વાર જોયેલી ને જોતાં જ ગમી ગયેલી. મનમાં થયું આટલી સુંદર નદી અને નામ બુઢનેર ! આનું નામ તો યુવનેર હોવું જોઈતું હતું. છ મહિના પહેલાં જ્યારે એને બીજી પરિક્રમા દરમિયાન ફરીથી જોઈ ત્યારે વિચાર્યું કે આ બાંકી બુઢનેરની પરિક્રમા શા માટે નહીં ? આમ બુઢનેરની પરિક્રમા કરવાનું નક્કી કર્યું.

એની પરિક્રમા કરવા જઈ તો રહ્યાં છીએ; પણ અમારી પાસે એના વિશેની કોઈ પણ જાતની માહિતી નથી. એ ક્યાંથી નીકળે છે, ક્યાંથી વહે છે એટલે સુધી કે એની લંબાઈ સુધ્ધાંની જાણકારી નહોતી. આ તો પાણીનું ઊંડાણ જાણ્યા વગર એમાં છલંગ મારવા જેવું થયું. પરંતુ આટલું જોખમ તો અમારે ખેડવું જ રહ્યું. એટલો અંદાજ જરૂર હતો કે એ એક નિર્જન આદિવાસી-બહુલ પહાડી ઈલાકામાં થઈને વહે છે.

હવેની દરેક પદયાત્રામાં કાન્તા સાથે ચાલે છે. (અમારી આ નવા પ્રકારની સપ્તપદી છે.) આ વેળા અમારી જોડે એક નવો સદસ્ય ચાલી રહ્યો છે – પ્રદીપ ગુપ્તા. પ્રદીપ તો પાછલી

યાત્રામાં જ ચાલવા ઈચ્છતો હતો, પણ અમારા દળમાં પહેલેથી જ ૧૭-૧૮ સદસ્ય થઈ ગયા હતા. એથી નવો સદસ્ય લેવાની સ્થિતિમાં અમે નહોતા. લાચાર થઈને એનું નામ પ્રતીક્ષા સૂચિમાં રાખવું પડેલું. આ વેળા તરત લઈ લીધો. એની પત્ની મંજુ પણ નોકરી કરે છે. એને એકલીને બાળકો સાચવવાં મુશ્કેલ થશે. એથી એણે પ્રદીપને કહ્યું કે ચાર કે પાંચ દિવસમાં પાછો આવી જજે. પાછળથી પ્રદીપે મને કહ્યું કે એને કલબલ કરવા દો, હું તો પૂરી યાત્રામાં સાથે રહીશ. હમણાં મારાં સાસુ આવ્યાં છે. એ બાળકોને સાચવી લેશે. પોતાની પરંપરા મુજબ પરિહારજી માત્ર ચાર દિવસ માટે ચાલશે. સામાન ઉપાડવા માટે ગામડેથી ગરીબો અને કમલેશ આવી ગયા છે. ફગનુદાદા અમને દેવગાંવમાં જ મળી જશે. મંડલાથી ૩૦ કિલોમીટર દૂર છે દેવગાંવ. ત્યાં બુઢનેર નર્મદામાં મળે છે. એથી એ દેવગાંવ સંગમ પણ કહેવાય છે. વહુ-દીકરાઓએ કહ્યું કે અમે તમને કારથી સંગમ સુધી પહોંચાડી દઈશું. આમ ૧૩ ઑક્ટોબર, ૨૦૦૪ના ત્રીજે પહોરે અમને છ જણાને મૂકવા ઘરનાં સોળ જણાં ચાલ્યાં.

અમે અડધે જ હતાં ત્યાં પવન ફૂંકાવા લાગ્યો, આકાશ વાદળોથી ઘેરાવા લાગ્યું ને જોતજોતામાં કડાકાભડાકા સાથે વરસાદ તૂટી પડ્યો. ક્યાંક આ પાણી અમારી યાત્રા પર જ પાણી ઢોળી ન દે. કીચડવાળી પગદંડી પર ચાલવું બહુ મુશ્કેલ થશે. ભાગ્યથી થોડી વારમાં વરસાદ રોકાઈ ગયો અને આકાશ સ્વચ્છ થઈ ગયું. ત્રણ કલાકમાં મંડલા પહોંચી ગયાં. ત્યાં એક નાકું છે જેને ઓળંગ્યા વગર અમારાથી આગળ ન જઈ શકાય. એ છે નરેશચંદ્ર અગ્રવાલનું સાંસ્કૃતિક નાકું. આ ઈલાકાના સાંસ્કૃતિક વારસાને સુરક્ષિત રાખવામાં આ કુટુંબનું મૂલ્યવાન પ્રદાન છે. થોડી વારમાં એમના ભાઈ ગિરિજાશંકર આવી ગયા. બોલ્યા, ‘‘અમે બંને મશિયાઈ ભાઈ છીએ, પરંતુ કૃપા કરીને આની આગળ પેલા બે શબ્દ ન જોડતા. અમે ધંધાથી નહીં, જન્મથી ભાઈ છીએ.’’ હિંદીમાં એક કહેવત છે – ચોર ચોર મૌસેરે ભાઈ. એમનો ઈશારો આ કહેવત પ્રત્યે હતો.

દેવગાંવ પહોંચતાં સાંજ થઈ ગઈ. અમે ઊંચી ભેખડ પરથી બુઢનેરને નર્મદામાં સમાતી જોઈ રહ્યાં. અમારાં કુટુંબીજનોને આ દૃશ્ય સુંદર સપના જેવું મોહક લાગી રહ્યું હતું. નીચે ઊતરીને સૌએ સંગમનું જળ માથે ચડાવ્યું. કોઈનું પણ ઘેર જવાનું મન નહોતું, પણ જ્યારે અંધારું ઘેરાવા લાગ્યું ત્યારે ઘેરા આકાશની પૃષ્ઠભૂમિમાં એમણે સંગમને હજુ એક વાર જોયો ને ચાલ્યાં ગયાં.

અહીં પાકી મોટી ધર્મશાળા છે. રાત એમાં રહ્યાં. અહીંના બાબા મૂળે તમિલનાડુના છે. સવારે ફગનુદાદા આવી ગયા. અમારી પાસે સામાન ખૂબ છે. ગરીબો અને કમલેશ ઉપાડી નહીં શકે. આટલો સામાન લઈને ચાલવું અમારી મજબૂરી છે. અમને વેરાન, સુમસામ પ્રદેશમાં ચાલવું પડશે. ત્યાં છૂટાંછવાયાં ગામઠી-ગામ તો હશે, પણ દુકાન નહીં હોય. એટલા માટે પંદરેક દિવસનું રેશન લીધું છે અને સૂકો નાસ્તો. વળી અમારા ગ્રામીણ સહાયકોનો ખોરાક પણ પ્રચુર હોય છે. તેમાંય ફગનુદાદાનો તો જવાબ નથી. ચાર જણનો ખોરાક એકલા ઉદરસ્થ કરી જાય છે. આને લીધે રેશન જલદી ખતમ થઈ જાય છે. બોજ વધતો હોય તો ભલે વધે, એક સહાયક હજુ લઈશું, પણ આ ઉઘાડપગા આદિવાસી વગર તો અમે જઈ જ ન શકીએ. વધુ સહાયક માટે વધુ રેશન, વધુ રેશન ઉપાડવા માટે વધુ સહાયક. બોજના લીધે શ્રમિક વધે છે, શ્રમિકને લીધે બોજ વધે છે.

અમે એક સહાયકને શોધવા લાગ્યા. ગામના લોકો ડાંગરની લણણી માટે ગયા છે એથી કોઈ માણસ મળી નથી રહ્યો. છેવટે એક દરજી ચાલવા તૈયાર થયો. નામ હતું રમેશ. શાહુડીના કાંટા જેવા વાળ, વધેલી હજામત અને લઘરવઘર કપડાંને લીધે એ પૂરો ભોંદુ લાગતો હતો, પણ હતો હટ્ટોકટ્ટો. ઘણો સામાન ઉપાડી લેશે. એના લીધે દળના સદસ્યોની સંખ્યા આઠ

થઈ ગઈ.

૧૪ ઑક્ટોબર, ૨૦૦૪ના ત્રીજા પહોરે "નર્મદે હર !"ના ઘોષ સાથે નવી વાટે ચાલી નીકળ્યાં. પદયાત્રા ભલે બુઢનેરની હોય, પણ નામ તો નર્મદાનું જ ચાલશે.

સંગમ ઉપર એક બાબો કહી રહ્યો હતો, "હું પરિપૂર્ણ છું. પરિપૂર્ણ છું કેમ કે તપોભૂમિ નર્મદામાં રહું છું." પહેલો માણસ મળ્યો જે કહી રહ્યો હતો કે હું પરિપૂર્ણ છું, મને કોઈની પાસેથી કંઈ પણ ન જોઈએ.

ચટ્ટાનોની સેજ ઉપર સૂતેલી અને તડકામાં ઝળહળતી બુઢનેર કેવી તો સુંદર દેખાઈ રહી હતી ! આની સાથે જ મનમાં એક દુષ્ટ વિચાર આવી ગયો. શું એ આગળ પણ આટલી સુંદર હશે કે અહીં, નર્મદાની આંખોમાં સુંદર દેખાવા ખાતર થોડી વાર પહેલાં જ એણે આ શણગાર સજર્યો છે ?

રાત રયગાંવ-ઈન્દ્રાની પાઠશાળામાં રહ્યાં. નવરાત્ર શરૂ થવામાં છે. પાઠશાળાના પ્રાંગણમાં મોડી રાત સુધી રામલીલા ચાલતી રહી. બીજે દિવસે બપોરે મોહગાંવ પહોંચ્યાં. આ સહેજ મોટું ગામ છે. અહીંથી પ્રદીપે કોરા કાગળની એક નોટબુક અને એક સસ્તી ડોટપેન ખરીદી. મારું જોઈને એણે પણ સ્કેચ કરવા શરૂ કરી દીધા અને એક ચિત્રકારનો જન્મ થયો.

રાત ગુપ્તગંગામાં રહ્યાં. સવારે કુકરા નાળું પડ્યું. એ ઊંડું હતું. એને એક ઢીમરના હોડકામાં બેસીને પાર કર્યું. એ એટલું નાનું હતું કે એક એક કરીને જ જઈ શક્યાં. ઢીમરે કહ્યું, "આટલો બધો સામાન લઈને ચાલ્યા છો, પણ અસલી સામાન તો લીધો નહીં. ખંજરી ક્યાં ?"

આપણાં જીવનમાંથી સંગીત ખોવાઈ ગયું છે. રોટી, કપડાં, મકાન અને ખંજરી આ ચાર છે આપણી મૂળભૂત આવશ્યકતાઓ. પહેલી ત્રણ શરીર માટે, ચોથી આત્મા માટે. આપણે કાંઈ નકરા શરીરરૂપ નથી, આત્મા પણ છીએ. પરંતુ શરીરની માંગો એવી તો પૂરપાટ વધી રહી છે કે આત્માની માંગ તરફ આપણું ધ્યાન જ નથી જતું. આત્મા બિચારો ઉપભોક્તા સંસ્કૃતિના દૂષિત વાયરાઓની ઝાપટમાં આવી ગયો છે.

સાંજે ટેભા પહોંચ્યાં. અહીં રામલીલાનો કાર્યક્રમ હતો. ઘણા દર્શકો એકઠા થયા હતા. મુખ્ય મંચ પાસે એનાથીય ઊંચો પણ નાનો મંચ બન્યો હતો. ગાયકવૃંદ આ ઊંચા મંચ અથવા માંચડા ઉપર બેઠું હતું. આજનો પ્રસંગ નારદ-મોહનો હતો. એક સુંદરીના સૌંદર્યથી આકર્ષિત થઈને નારદ પણ એના સ્વયંવરમાં આવેલા. સુંદરીનું ધ્યાન દોરવા ખાતર ઉટપટાંગ ચેષ્ટાઓ કરવા લાગ્યા. ઊછળી ઊછળીને ડોક તાણી તાણીને એની સામે જોવા લાગ્યા. નારદના મોં-માથા વિનાના ધમપછાડાએ દર્શકોને ખૂબ હસાવ્યા. તખ્તો સાદો સજાવટ કંઈ નહીં, અભિનેતા સાધારણ, વેશભૂષા પણ સાધારણ, પરંતુ દર્શકોની ખુશી અસાધારણ હતી. તેઓ પેટ પકડીને હસી રહ્યા હતા. દર્શકોના પ્રતિભાવથી ઉત્સાહિત થઈને નારદ વધુ કૂદાકૂદ કરવા લાગ્યા. કમનસીબે નારદની કૂદાકૂદ કંઈ કામ ન આવી. સુંદરી(સાચો શબ્દ છે "સુંદરો;" કેમ કે છોકરો જ છોકરી બન્યો હતો.)એ કોઈક અન્યના ગળામાં વરમાળા રોપી દીધી. નારદે બહુ ઝાવાં નાખ્યાં, ખૂંખારા ખાધા, પણ પેલી સુંદરીએ ન નીરખ્યા નારદને જરી !

બીજા દિવસે સાંજે પાંડકલા પહોંચ્યાં. પાઠશાળામાં રહ્યાં. રામલીલા અહીં પણ થાય છે. અહીંનો વિદૂષક ધરતી ધમધમાવી મૂકે એવો હતો. બહાર ખુલ્લામાં રસોઈ બનાવી અને ત્યાં જ જમ્યાં. માંડ સાત સાડા સાત થયા હશે, પણ જમીને ઊઠ્યાં ત્યારે ઝાકળથી ભીંજાઈ ગયાં હતાં. આખી રાત ટાઢમાં ઠર્યાં. સવારે એટલું ધુમ્મસ હતું કે પાસેનો માણસ પણ દેખાતો નહોતો. ધુમ્મસને ઓગળતાં બહુ વાર થઈ એટલે અમે દૂધિયા ધુમ્મસમાં જ ચાલી નીકળ્યાં.

આગળ જતાં સામે કાંઠે એક ગામ દેખાયું – ઘુઘરી. ત્યાંથી બસ મળે છે. પરિહારજી ભલા આવો મોકો હાથમાંથી જવા દે ? એમને આ કાંઠે જ સામે કાંઠેની બસની માદક ગંધ

આવી ગઈ હતી. અમને બધાને બુઢનેરને હવાલે કરીને એ નાવથી સામે કાંઠે ચાલ્યા ગયા. જોકે એમણે પોતાનું વચન પાળ્યું હતું – દેવગાંવથી ચાલ્યે આજે ચોથો દિવસ હતો.

અહીંથી ગાઢ જંગલ શરૂ થઈ ગયું. બંને કાંઠે ઝાડવાંની ઘટા ઝળૂંબી રહી હતી. આગળ બુઢનેરમાં કેટલાય નાના નાના ધોધ જોવા મળ્યા. પહાડ ચડીને બિજૌરા પહોંચ્યાં. પંચાયત-ભવનમાં રહ્યાં. પાસેના ઘરમાં જે દંપતી રહે છે, એ જ આની દેખભાળ કરે છે. ના પાડવા છતાં સદાવ્રત આપ્યું. પાસે એક નાનું બાળક રમી રહ્યું હતું. ખૂબ સુંદર ચહેરો, મોટી મોટી આંખો, અમારા ભણી કૌતુકથી જોવા લાગ્યું. મહિલાએ કહ્યું કે આ મારા દિયરનો દીકરો છે. આણે પોતાના બાપનું મોઢું નથી જોયું. બાપના મર્યા પછી બે મહિના બાદ જન્મ્યો. અઢી વરસનો થઈ ગયો છે, પણ કાંઈ જ બોલતો નથી.

કાન્તાએ કહ્યું, "કેટલાંક બાળકો મોડેથી બોલતાં શીખે છે."

"આખો દિવસ અમારી પાસે જ રહે છે. એની મા ખેતરે ગઈ છે."

આ ગામમાં પાણીની બહુ જ હાડમારી છે. બહુ દૂરથી લાવવું પડે છે. આમાં રસોઈ બનાવવામાં બહુ મોડું થયું. આ બાજુ ખૂબ ટાઢ છે. આખી રાત ઠર્યા સવારે નીકળતી વેળાએ કાન્તાએ મહિલાના હાથમાં સો રૂપિયાની નોટ મૂકી. "ના, અમે રૂપિયા નહીં લઈએ." કોઈ રીતે નહોતી લેતી એટલે કાન્તાએ કહ્યું, "આ તારા માટે નથી, તારા બાળક માટે છે. એને મીઠાઈ લઈ દેજે."

સાંભળતાં જ કાન્તાને બાઝીને ધ્રુસકે ધ્રુસકે રડવા લાગી. કાન્તા ગભરાઈ ગઈ. કોણ જાણે એનાથી શી ભૂલ થઈ ગઈ. એ રડતી રડતી બોલી, "આની જ તો ખોટ છે અમ્મા, અમારે બાળકો નથી." એનું રુદન રોકાતું જ નહોતું. બંને ગાલેથી આંસુ ઝર્યે જતાં હતાં. મારું હૃદય દ્રવી ઊઠ્યું. મારી ભીની આંખ મેં નીચી ઢાળી દીધી. એને છાની કરવા જતાં કાન્તા પોતે પણ રડવા લાગી. પછી પોતાના ઉપર કાબૂ કરીને બોલી, "હું તારું દુઃખ સમજું છું, બેન. ધીરજ રાખ. ભગવાન કેટલાકને મોડેથી સંતાન આપે છે." એના હાથમાં બળજબરીથી રૂપિયા મૂક્યા. એટલું સારું છે કે એ પાસેના ગામની આંગનવાડીમાં કામ કરે છે. એથી એને આખો દિવસ નાનાં બાળકોનો સાથ રહે છે.

ત્યાંથી ભારે હૈયે ચાલ્યાં. આજે પણ એની આંખોમાં ઊભરાતી પીડાનું ચિત્ર આંખોની સામે આવે છે તો મન ઉદાસ થઈ જાય છે.

કિસલી ગામની બહાર એક અટૂલી ઝૂંપડી પડી. એમાં શ્રીચંદ પોતાની પત્ની અને બે બાળકો સાથે રહે છે. એ પોતાના વડદાદાની આંગણામાં રાખેલ લોઢાની સીડીની રોજ સવારે પૂજા કરે છે. બે-ત્રણ ત્રિશૂળ પણ છે. એની સાથે વાતો થવા લાગી તો એક સંસ્મરણ સંભળાવ્યું – મારી દાદી ભણી નહોતી, પણ ખૂબ બુદ્ધિશાળી હતી અને શિક્ષણનું મહત્ત્વ સમજતી હતી. એ ઈચ્છતી હતી કે હું ભણું. એ મને ભણાવવા ચાહતી હતી. એ કહેતી કે જો ભણીશ તો જ ગરીબીના નરકમાંથી બહાર નીકળી શકીશ. તેમ હું ભણવામાં હતો પણ હોશિયાર, પરંતુ હજુ તો હું ચોથી ચોપડીમાં જ હતો ને મારા બાપે મારું લગ્ન નક્કી કર્યું. દાદી ઈચ્છતી હતી કે હું હમણાં લગ્ન ન કરું ને ભણું. "હમણાં તારી ઉંમર ભણવાની છે, પરણવાની નહીં." એણે ભાર દઈને કહ્યું, પણ માબાપની ઈચ્છાની વિરુદ્ધ જવાની મારી હિંમત નહોતી. વળી મનમાં લગ્ન પ્રત્યે એક આકર્ષણ તો હતું જ. લગ્નની તારીખ નક્કી થઈ ગઈ. અમે જાન લઈને છોકરીના ગામે ગયાં. ઘરમાં દાદી એકલાં રહ્યાં જ્યારે પાછાં આવ્યાં ત્યારે આ ઓરડામાં દાદીને ફાંસામાં લટકતાં જોયાં. દાદી બહુ ગુસ્સેલ હતાં અને શરાબના નશેડી પણ. આ જ ગુસ્સામાં પહેલાં ખૂબ દારૂ પીધો અને પછી ગળે ફાંસો ખાઈને ખુદકુશી કરી લીધી. લગ્નની ખુશી ઉપર પાણી ફરી વળ્યું. હું દાદીને ખૂબ ચાહતો હતો. આજે પણ દાદીની ખૂબ યાદ આવે

છે. જ્યારે વિચારું છું કે મારા લીધે દાદીએ ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો ત્યારે મન ઉદાસ થઈ જાય છે.

આપણે દાદીના વિદ્યાપ્રેમની તો પ્રશંસા કરીશું, પણ ક્રોધમાં ઉત્તેજિત થઈને ફાંસો ખાવાના કાર્યની નિંદા કરશું. જિંદગી કાંઈ માટીનું શકોરું નથી કે જ્યારે મનમાં આવ્યું ત્યારે તોડી નાખ્યું.

આ પદયાત્રામાં એક અનોખી વાત એ છે કે લગભગ બધાં જ ગામ નદીકાંઠે નહીં, પણ નદીથી દોઢ-બે કિલોમીટર દૂર વસેલાં છે. રોજ સાંજે નદી મૂકીને, ચઢાઈ ચડીને, બે કિલોમીટર દૂર જઈએ, સવારે બે કિલોમીટર પાછા આવીએ અને પછી આગળ વધીએ. આગળનું ગામ ડુંડાદઈ પણ નદીથી દૂર છે. ગામની સરપંચ રતનબાઈએ પંચાયત ભવનનો ઓરડો ખોલી દીધો જેમાં શેતરંજી પણ પાથરેલી હતી. અમારા માટે સાધારણ શેતરંજી પણ મોટી સોગાત છે. કૂવામાં પાણી એટલું ઉપર કે હાથેથી ભરી લો.

સવારે મારગ બતાવવા અંતરામ સાથે ચાલ્યો. સંતરામ નામ સાંભળ્યું હતું, અનંતરામ પણ સાંભળ્યું હતું. ક્યાંક સાંભળવામાં ભૂલ તો નથી થઈ ગઈ. એથી ફરીથી પૂછ્યું તો કહે કે મારું નામ અંતરામ જ છે અને માબાપ દ્વારા દીધેલ આ નામને બદલવાનો મારો કોઈ ઈરાદો પણ નથી.

પહાડ ઊતરીને નીચે આવ્યાં. અહીં નદીના બંને કાંઠે મોટી મોટી ચટ્ટાનો છે – ગોળમટોળ ભીમકાય શિલાઓ. અહીંના લોકો આને ભીમનાં નગારાં કહે છે. આ ચટ્ટાનો વચ્ચેની ખૂબ જ સાંકડી જગ્યામાં થઈને જ જઈ શકાય. ક્યાંક તો જગ્યા એટલી સાંકડી છે કે દબાઈ-સંકોચાઈને પણ ન જઈ શકાય, સૂઈ-ઘસડાઈને જવું પડ્યું. અમે તો કોઈ રીતે નીકળી ગયાં, પણ અમારા સહાયકો પાસે તો ખૂબ સામાન છે. તેમાંય રમેશે તો લાઠીની મદદથી કાવડ બનાવી છે. એનાં બે પલ્લાં સાથે એ કેમ કરીને નીકળી શકશે ? પરંતુ એ પણ આવી ગયા.

રમેશ દરજી જોવામાં ભલે બાઘો લાગતો હોય, પણ થોડા દિવસોમાં અમે જોયું કે એ એક નાનો શો દાર્શનિક છે. એની ભાષા વિદ્વાનો જેવી શુદ્ધ હતી. ગરીબો અને કમલેશ તો એના શિષ્ય થઈ ગયા હતા. એને તરેહ તરેહના પ્રશ્નો પૂછતા રહેતા અને રમેશ એના સુંદર જવાબ આપતો. એક વાર એમણે સ્વર્ગ અને નરક વિશે પૂછ્યું તો રમેશે કહ્યું, “સ્વર્ગ અને નરક ઉપર આકાશમાં નથી હોતાં. સજ્જનોની આસપાસ સ્વર્ગ હોય છે અને દુર્જનોની ચોપાસ તરફ.” સ્વર્ગ-નરકની આ વ્યાખ્યા સાંભળીને દંગ રહી ગયો અને એના શિષ્યોની જમાતમાં હું પણ સામેલ થઈ ગયો. જો એને અવસર મળ્યો હોત તો મોટો દાર્શનિક થઈ શક્યો હોત, પણ એ ગામમાં દરજી છે અને રોજના ચાળીસ રૂપિયાય નથી કમાઈ શકતો. કોણ જાણે આપણા દેશમાં આવી તો કેટલીય પ્રતિભાઓને ગરીબી ગળી જતી હશે.

સાંજે ઝુંઝર-મહગાંવ પહોંચ્યાં. ગામ તો નદીથી દૂર છે, પણ નદીકાંઠે માછીમારોની ત્રણ-ચાર ઝૂંપડીઓ છે. આને નદીટોલા કહે છે. સુખલાલના ઘરમાં મુકામ કર્યો. પાસેના ગામમાં સાપ્તાહિક બજાર ભરાયું હતું. સુખલાલની પત્ની ત્યાં ગાજર વેચવા ગઈ હતી. માત્ર ચાર કિલો ગાજર વેચાણા હતા.

બે ઓરડીની નાની શી ઝૂંપડી. રાત્રે સૂવા માટે એક ઓરડી અમને આપી દીધી. એક ખૂણામાં મરઘીઓ હતી, બીજે ખૂણે એક વાછડો વચ્ચે જેમ તેમ કરીને સૂતાં. ટાઢ તો કહે મારું કામ. સવારે ઊઠીને જોયું તો સુખલાલ અને એનો દીકરો બહાર ખુલ્લામાં સૂતા હતા. એ લોકો એટલા માટે બહાર સૂતા કે જેથી સાવ અજાણ્યા લોકોને – ઓરડાનો ગરમાટો મળી શકે. “અતિથિ દેવો ભવ”નો શાબ્દિક અર્થ હું જાણતો હતો, પણ આ સુભાષિતને કામ કરતાં મેં મારી આ પદયાત્રાઓ દરમિયાન જોયું.



૧૫. બુઢનેર : બૂઢી નદી અને બૂઢો યાત્રી- ૨

કેટલું રોમાંચક હોય છે નદીની જોડે ચાલવું. દરેક વાટ નવી, દરેક સ્થળ નવું, દરેક પરોઢ નવું. આ પદયાત્રાઓએ મારે માટે પ્રકૃતિ-સૌંદર્યનાં કેટલાંય બંધ બારણાં ખોલી દીધાં. સૂતેલી નદીને, નિ:સ્તબ્ધ વનોને, લહેરાતાં ખેતરોને, પશુઓનાં પગલાંની છાપને, પાંદડાં પરથી પડતી ઝાકળની થાપને, માછીમારોની નાવોને, નદી પાસેનાં ગામોને – આ બધાંને જોઈ-જોઈને હું વિસ્મય-વિમુગ્ધ થતો રહેતો. આનાથી વધુ આનંદદાયક બીજું શું હોઈ શકે ? પરંતુ સંસારના યથાર્થના મારને લીધે લોકો ક્યાં ઘરની બહાર નીકળી શકે છે ?

સવારે આગળ ચાલ્યાં. ખુદરાહીમાં એક ઝૂંપડીની બારસાખને પકડીને એક યુવતી કોઈક દુલહનની જેમ ઊભી હતી. એની ભંગિમા એટલી આકર્ષક હતી કે હું એનો સ્કેચ કર્યા વગર રહી ન શક્યો. મારું જોઈને પ્રદીપે પણ એનો સ્કેચ કરવો શરૂ કર્યો. પ્રદીપ બાજી જીતી ગયો. એનો સ્કેચ વધુ સારો થયો હતો ! મારું ડ્રોઇંગ સારું થયું હતું, પણ ભાવ નહોતા આવ્યા. એનું ડ્રોઇંગ નબળું હતું, પણ ભાવ સરસ આવ્યા હતા. મારો સ્કેચ કરેક્ટ ડ્રોઇંગ હોવા છતાં નિર્જીવ હતો. એનો સ્કેચ કાચા ડ્રોઇંગ છતાં જીવંત હતો. જેનું અંતર મરેલું હોય એવો સ્કેચ અથવા એવું લેખન ભલા શા કામનું ?

બપોરે મૈનપુરી પહોંચ્યાં. આ ગામ બુઢનેરની પાસે જ છે અને સહેજ મોટું પણ છે. નાની મોટી શેરીઓ વટાવી અમે નદીકાંઠે પહોંચ્યાં. નહાતી વેળા એક ભાઈ જોડે વાતો થવા લાગી તો આગળનો રસ્તો બતાવવા એ અમારી સાથે ચાલવા તૈયાર થઈ ગયા. નામ હતું સોનુલાલ ધુર્વે. એ મેલેરિયાના સ્વૈચ્છિક કાર્યકર્તા છે. આ અંગે આસપાસનાં ગામડાંમાં જતા રહે છે.

અમારી પગદંડી ડુંગરાઓમાં થઈને જાય છે. આગળ એક ગામ આવ્યું – કોલમગહન. કેમ જાણે કોપનહગનનો સહોદર ન હોય ! ધુર્વેએ અહીં કેટલાયને મેલેરિયાની ગોળી આપી અને એક રોગીનું કાચની સ્લાઈડ ઉપર લોહી લીધું. એ પોતાના કાર્યને ખૂબ જ ખંતથી કરી રહ્યા હતા. ચાલતાં ચાલતાં વાતો થવા લાગી. એમણે કહ્યું "તમારા સાથીઓએ મને કહ્યું છે કે તમે લેખક છો. તો શું તમે મૈથિલી-શરણ ગુપ્ત જેવા લેખક છો ? શું તમારા લેખનમાં "તુહિન કણ" જેવા શબ્દો આવે છે ?" અને એમણે આખી કવિતા સંભળાવી. મને સુખદ આશ્ચર્ય થયું. મેં કહ્યું "ગુપ્તજી બહુ મોટા કવિ હતા. એ પદ્ય લખતા, હું ગદ્ય લખું છું. """તુહિન કમ"""ના ઠેકાણે હું ઝાકળ લખવું પસંદ કરું છું."

"જી, અઘરા શબ્દો જો વાચકોને સમજાશે નહીં તો એમને એમાંથી રસ કેવી રીતે મળશે ? તો શું તમે પ્રેમચંદ જેવા લેખક છો ?

"પ્રેમચંદ બહુ મોટા નવલકથાકાર હતા. એ નવલકથા તેમ જ વાર્તા બંને લખતા. હું માત્ર નિબંધ લખું છું. તમે ક્યારેક જબલપુર આવશો તો હું તમને મારાં નર્મદા પદયાત્રાનાં બંને પુસ્તકો સપ્રેમ ભેટ આપીશ."

"મેં કદી વિચાર્યું નહોતું કે દૂરદરાજના આ પહાડી પ્રદેશમાં મારું એક લેખકની જોડે ચાલવાનું થશે. ઘેર જઈને હું મારાં બાળકોને કહીશ કે આજે મને એક લેખક મળ્યા હતા અને હું એમની જોડે અડધો દિવસ ચાલ્યો હતો."

એક લેખકને મળીને એ જેટલો ખુશ હતો એનાથી વધુ ખુશ હું એના જેવા સાહિત્યાનુરાગી સજ્જનને મળીને હતો. એની વાણીમાં બહુ મીઠાશ હતી. એનામાં એવું કાંઈક હતું જેના લીધે એના પ્રત્યે સન્માનનો ભાવ જાગતો હતો.

સાંજટાણે ભરખી પહોંચ્યાં. ધુર્વેને પહાડી પગદંડી પર થઈને પાંચ કિલોમીટર દૂર આવેલ પોતાને ગામ પણ જવું હતું. તેમ છતાં એ અમારા ઉતારાની વ્યવસ્થા કરવામાં લાગી ગયો. ના પાડવા છતાં ન માન્યો. મેં કહ્યું, "રસ્તામાં અંધારું થઈ જશે. અંધારામાં તમે કેવી રીતે જશો ?"

"અંધારું ક્યાં છે ? સુદ આઠમનો ચાંદ છે. વળી આ રસ્તો, વૃક્ષો, પહાડીઓ બધાં જ તો મારાં પરિચિત છે. મજેથી ચાલ્યો જઈશ."

આજની દુનિયામાં લોકો એટલા બધા વ્યસ્ત થઈ ગયા છે કે બીજાઓ માટે સમય નથી કાઢી શકતા. આ ભલા માણસે અમારા માટે માત્ર સમય જ ન કાઢ્યો, બલકે રાતનાં અંધારામાં વિજન વાટે એકલા જવુંય સ્વીકાર્યું. એ ચાલ્યો ગયો અને મારા પર અમીટ છાપ છોડી ગયો. અમને જોઈને કેટલાંય બાળકો આવી ગયાં. મળતાવડા પ્રદીપે એમને તરેહ તરેહની રમતો શીખવાડી અને પોતે પણ રમ્યો. ખુશ થઈને કિલકારા કરતા બાળકોએ બળતણનો ઢગ ખડકી દીધો. લોટ ખતમ થઈ ગયો હતો એથી રોટલી ન થઈ શકી.

રોજેરોજ બુઢનેર નાની થતી જાય છે. સાંજે એક એકલવાયા ઘરની સામે એમ માનીને બેઠા કે અહીં તો રહેવા માટે જગ્યા મળી જ જશે, પરંતુ ઘરની સ્ત્રીએ કહ્યું કે ઘરમાં જગ્યા નથી. કદાચ ઘરમાં એ એકલી જ હતી એથી અમને જગ્યા ન આપવાનો એનો નિર્ણય બિલકુલ યોગ્ય હતો. આગળ ચાલ્યાં ને ખિતૌલીમાં રાત રહ્યાં. સવાર થતાં ચાલી નીકળ્યાં. બપોર પછી શાલવન શરૂ થઈ ગયું. બપોર સુધી હરિયાળાં ખેતરો હતાં, હવે હર્યુંભર્યું વન છે. પ્રકૃતિમાં લીલા રંગનું પ્રાધાન્ય છે. મૂળ રંગ ત્રણ છે – લાલ, પીળો ને વાદળી. આમાં લીલો ક્યાંય નથી. ભલે ન હોય, પણ પ્રકૃતિનો લાડકો તો લીલો જ. ધરાના રોમેરોમથી ફૂટે છે લીલો.

જંગલ ગાઢ થતું ગયું. દૂર દૂર સુધી કોઈ દેખાતું નહોતું. આગળ એક નાનું નાળું આવ્યું. એને ઓળંગતી વેળા કાન્તાનો પગ અચાનક કાચી ભોંયમાં ખૂંપી ગયો. ઉપર સૂકી ધરતી, પણ નીચે ઢીલો કાદવ હતો. જેમ જેમ એ પગ કાઢવાનો પ્રયત્ન કરતી તેમ તેમ તરલ કાદવમાં વધુ ખૂંપતો. એને લાગ્યું જાણે કોઈક એને નીચેથી ખેંચી રહ્યું છે. ચારે બાજુ સઘન વન અને એ એકલી. ખૂબ ગભરાઈ ગઈ. એની ગભરાટથી ભરેલી ચીસ સાંભળતાં જ હું દોડ્યો. ગરીબો પણ આવી ગયો. અમે એને સહારો આપ્યો તો એણે બહુ કઠણાઈથી પોતાનો કાદવથી ખરડાયેલો પગ બહાર કાઢ્યો. પછી મારો બરોબરનો ઊધડો લીધો, "તમને મારી જરા પણ ચિંતા નથી. બસ, પોતાની જ ધૂનમાં ચાલતા રહો છો. પાછા વળીને જોતાય નથી કે હું આવી રહી છું કે નહીં." એ ગુસ્સાથી એવી તો ઊકળી કે શું કહું ! એનું મોં રોષથી રાતું થઈ ગયું હતું. પહેલાં એ ભયભીત હતી, હવે ક્રોધિત. એ ક્રોધિત થઈ તો હું ભયભીત થયો. આત્મરક્ષામાં એક શબ્દ ન બોલ્યો. હા, મારી ચામડી પર એના ગુસ્સાના સોળ ઊઠી આવ્યા !

ખરું જોતાં આમાં મારો કોઈ વાંક નહોતો. હર ઘડી સાથે ચાલવું સંભવ નથી. તેમ મને પૂર્વાભાસ કેવી રીતે થઈ શકે કે ક્યારે, કોની સાથે, કેવી દુર્ઘટના ઘટવાની છે ? આવી પદયાત્રાઓમાં આવી મુસીબતોથી તો રૂબરૂ થવું જ પડે છે. શાસ્ત્રવચન છે કે આવે વખતે ધીર પુરુષો પોતાની બુદ્ધિને સ્થિર રાખે છે. એથી માફી જ માગતો રહ્યો. પરંતુ એ એટલી ગભરાઈ ગઈ હતી કે એનાથી ઠીકથી વિચારી પણ નહોતું શકાતું. એને કોઈક પર તો પોતાની ખીજ ઉતારવી જ હતી, હું જ સૌથી ઉપયુક્ત પાત્ર હતો. જ્યારે એનો ગુસ્સો શાંત થયો ત્યારે મેં ઈશ્વરને ધન્યવાદ આપ્યા, "હે સર્વવ્યાપી ! તને કોટિ કોટિ ધન્યવાદ !"

ભલે વાલ્મીકિએ ન લખ્યું હોય, ભલે તુલસીએ ન લખ્યું હોય, પણ એવું બની ન શકે કે ચૌદ વરસના વનવાસમાં રામને એક પણ વાર સીતાજીની વઢ ન ખાવી પડી હોય. આ હું સ્વાનુભવ પરથી કહી રહ્યો છું.

કહે છે કે એક વાર રસ્તો ભૂલવા કરતાં બે વાર પૂછી લેવું સારું, પણ કોઈક હોય તો પૂછીએ ને ? આગળ એક નદી આવી તો બુઢનેર સમજીને અમે એને ઓળંગી નહીં. ખરી રીતે એ બુઢનેરની સહાયક નદી સંજારી હતી અને અમારે એને ઓળંગવી જોઈતી હતી. આમાં જ ભટકીને નદીથી દૂર દામીતિતરાહી પહોંચી ગયાં. ગામની નિશાળ બંધ થઈ ગઈ હતી અને શાળાને તાળું મારીને શિક્ષક પોતાને ગામ ચાલ્યા ગયા હતા. ભાગ્યથી એક ખંડેર જેવો ઓરડો ખુલ્લો હતો. એની ફર્શમાં ઠેકઠેકાણે ખાડા હતા અને બારીબારણાંમાં તો કમાડ જ નહોતાં ! તેમ છતાં આ તબેલામાં સૂવા સિવાય બીજો કોઈ ઉપાય નહોતો. ચાદરો લટકાવીને બારીબારણાં બંધ કર્યાં. ટાઢની નાકાબંધી કરવાથી કંઈક તો રાહત મળી. તેમ છતાં જ્યારે હવાનું કાતિલ ઠંડું મોજું અંદર ધસી આવતું ત્યારે અમે ધ્રૂજી ઊઠતાં. ઊંઘ આવે આવે અને ઊડી જાય. એ રાતે અમે જાગ્યાં વધુ, સૂતાં ઓછું.

સવાર થતાં જ બહાર તડકામાં બેઠો. તડકો પણ કેવો ઠંડો ઠંડો હતો ! પરંતુ જેમ જેમ સૂરજ ઉપર ચડતો ગયો, તેમ તેમ તડકો તાકતવર થતો ગયો. શરીરમાં પૂરતી ગરમી આવી એટલે ચાલી નીકળ્યાં. પાછા સંજારી આવ્યાં, એને ઓળંગી આગળ વધ્યાં. રામલીલા જોઈને કોઈક ગામેથી બે ગ્રામીણ આવતા હતા. આગળનો માર્ગ બતાવવા એ અમારી સાથે ચાલ્યા.

રોજેરોજ નવાં નવાં દૃશ્યો જોવા મળે છે, પણ ડગોનામાં જે દૃશ્ય જોયું એ તો અવિસ્મરણીય હતું. પહોળી ને છીછરી બુઢનેર પોતાની કાયાને સંકોરીને, શાન અને દબદબાની સાથે એક ઊંડી ચટ્ટાની ખીણમાં પ્રવેશ કરે છે. કેમ જાણે નદીએ ચાકુથી ધરતીમાં લાંબો ચીરો મૂક્યો હોય. વચ્ચે વચ્ચે નાના નાના ધોધ પ્રવાહની ખૂબસૂરતીમાં ઉમેરો કરતા રહે છે. ડગોનાની સાંકડી બુઢનેર ભેડાઘાટની સંગેમરમરની ભેખડો વચ્ચેથી વહેતી તન્વંગી નર્મદાની યાદ અપાવે છે. લગભગ એવું જ દૃશ્ય. તો શું બુઢનેરે અહીં નર્મદાની નકલ કરી છે ? ના. ગ્રેટ માઈન્ડ્સ થિંક અલાઈક ! આ બુઢનેરનું પોતીકું સર્જન છે. ક્યાંય સુધી આ મનોરમ દૃશ્યને જોતાં રહ્યાં.

અમારા ગ્રામીણ સાથીએ એક પ્રસંગ સંભળાવ્યો, “થોડાં વરસ પહેલાં બુઢનેરને ઓળંગતી વેળા એક સ્ત્રીનો પગ એકાએક લપસ્યો અને આંખના પલકારામાં એ વેગીલા વહેણમાં તણાઈ ગઈ અને ગરક થઈ ગઈ. ઉપરવાસ પડેલા વરસાદને કારણે નદીમાં પૂર ચડી આવ્યું હતું. તે દિવસે એના પિતાના શ્રાદ્ધનો કાર્યક્રમ હતો. પતરાળાં માટે પાંદડાં તોડીને ઘેર જઈ રહી હતી. નદી ઓળંગતી વેળા એની સાથે બીજા માણસો પણ હતાં, હું પણ હતો, પરંતુ વહેણ એટલું તીવ્ર હતું કે કોઈ કાંઈ કરી ન શક્યું. એનું શબ સુધ્ધાં ન મળ્યું. નીચે ખીણમાં પાણી એટલું ઊંડું છે કે કેટલાય ખાટલાની સીંદરી પણ ઊંડાણ માપવામાં ઓછી પડી હતી.”

પાસે એક સાધ્વીની કુટી છે. એણે રોકાવાનો બહુ આગ્રહ કર્યો. જો ભૂલા પડીને દામી-તિતરાહી ન પહોંચી ગયાં હોત તો રાતવાસો અહીં જ થયો હોત, પરંતુ થોડી વાર પહેલાં જ ચાલ્યાં હતાં એટલે આગળ જવું ઠીક લાગ્યું. અમે ઈચ્છતા હતા કે પેલા બે ગ્રામીણ અમારી સાથે આગળ પણ ચાલે, પરંતુ તેઓ પોતાને ઘેર જવા ચાહતા હતા. સાધ્વીના બહુ કહેવાથી એમાંથી એક અમારી સાથે ચાલવા સંમત થયો. નામ લખનદાસ.

આગળ જતાં પહાડની તળેટીમાં વસેલું બૈગાઓનું નાનું શું ગામ આવ્યું. અહીંથી વનાચ્છાદિત પહાડની ચઢાઈ શરૂ. પાછલા ચાર દિવસથી પહાડ તો રોજ ચડી રહ્યાં છીએ, પરંતુ આજનો પહાડ સૌથી ઊંચો અને સૌથી અઘરો સાબિત થયો. સીધાં ચઢાણ અને ગોળમટોળ પથ્થરોવાળી પગદંડી. પથ્થરોને કારણે પગ લપસતા હતા. પગદંડી કેટલેય ઠેકાણે

ઝાડીઝાંખરમાં છુપાયેલી હતી. એક પહાડ ચડતાં તો બીજા બે માથું ઊંચકતા. દરેક પહાડ આગળના પહાડ કરતાં વધુ ઉગ્ર, પરંતુ સારી વાત એ હતી કે અમારા ઉપર ગાઢ છાયાવાળાં શાલવૃક્ષોનો શીળો શમિયાણો હતો. ધીમે ધીમે જાળવીને ઉપર ચડી રહ્યાં હતાં. ઉપર પહોંચતાં મારો શ્વાસ ભરાઈ ગયો.

એક ઠેકાણે પતરાળાં માટે પાંદડાં તોડતાં બૈગા સ્ત્રી-પુરુષનું એક દળ મળ્યું. એ બધાં લખનદાસનાં પરિચિત હતાં. એમને જોઈને ખૂબ ખુશી થઈ. કાન્તાએ એમને કહ્યું કે આ પાંદડાંમાંથી પતરાંવળાં બનાવીને બતાવો. એમણે બનાવ્યાં એટલે કાન્તાએ એમને એ જ પતરાવળાં પર નાસ્તો આપ્યો પછી આગળ ચાલ્યાં. મહામુશ્કેલીએ ચઢાણ પૂરું થયું. જ્યારે પહાડની ટોચ ઉપરથી નીચેનું ગામ અને દૂર સુધી વિસ્તરેલું મેદાન જોયું ત્યારે ભારે રાહત અનુભવી. પહાડ ઊતરીને નીચે આવી ગયાં, પરંતુ આની સાથે અમે વૃક્ષોની શીળી છાયા પણ ગુમાવી. નીચે આવતાં જ એક કાચી સડક મળી. આ હવે અમને ચાંડા સુધી લઈ જશે. હવે ભૂલા પડવાનો કોઈ સવાલ નથી. એથી લખનદાસ ચાલ્યો ગયો. જો એ અમારી સાથે ચાલ્યો ન હોત તો અમે એ પહાડોમાંથી ભાગ્યે જ બહાર નીકળી શક્યાં હોત. આજે અમે પચીસ કિલોમીટર ચાલ્યાં હતાં અને અડધાથી વધુ દિવસ તો પહાડ ચઢવા-ઊતરવામાં જ ગયો હતો.

જ્યારે ચાંડા પહોંચ્યાં ત્યારે બૈગાઓના આ ગામ ઉપર સાંજનું અંધારું ઊતરી રહ્યું હતું. બૈગાચકનું આ પ્રમુખ ગામ છે. અહીં વનવિભાગનું રેસ્ટ-હાઉસ છે અને દિવસમાં એક વાર ગામઠી બસ પણ આવે છે. બુઢનેરનું ઉદ્ગમ અહીંથી પાંચ કિલોમીટર દૂર છે. રેસ્ટ-હાઉસમાં આઉટ-હાઉસનો એક ઓરડો મળી ગયો. ઓરડાની બહાર એક છાપરી છે. એમાં અમે રસોઈ બનાવી શકીએ. પાસે જ નાની શી બુઢનેર વહે છે. રેસ્ટ-હાઉસના ચોકીદારે કહ્યું કે સાગર યુનિવર્સિટીના છાત્રોનું એક દળ એમના અધ્યાપકની સાથે સાત દિવસ થયા અહીં આવ્યું છે. પાસે જ રોકાયું છે.

હું બુઢનેર જોવા ચાલ્યો ગયો.

રમેશ પાણી ભરીને આવી રહ્યો હતો. રમેશને જોઈને અધ્યાપક અને અધ્યાપકને જોઈને રમેશ દંગ થઈ ગયા. બંને દેવગાંવની નિશાળમાં સાથે ભણ્યા હતા ! રમેશે એમને અમારા વિશે કહ્યું તો તરત મળવા આવ્યા. રાતનાં અંધારામાં બહાર છાપરીમાં કાન્તા રસોઈ બનાવી રહી હતી. અધ્યાપકે એને પૂછ્યું, ‘‘શું તમે બુઢનેરની પરિક્રમા કરી રહ્યાં છો ?’’

‘‘હા.’’

‘‘તમે ક્યાં રહો છો ?’’

‘‘જબલપુરમાં.’’

‘‘શું તમે વેગડજીને ઓળખો છો ?’’

‘‘અમે જ તો છીએ !’’

ત્યાં સુધી હું આવી ગયો હતો. મને કહે, ‘‘મેં તમારાં બંને પુસ્તકો વાંચ્યાં છે. વર્ષોથી તમને મળવાની ઈચ્છા હતી, આજે અહીં પૂરી થઈ. તમે બધાં જમી પરવારી લો. પછી હું મારા બધા વિદ્યાર્થીઓને લઈને આવીશ. એમને પણ ખૂબ આનંદ થશે.’’

બે કલાક પછી સૌ આવી ગયાં. પાંચ વિદ્યાર્થી અને ત્રણ વિદ્યાર્થિનીઓ. બધાં ઍન્થ્રોપોલૉજીના છાત્ર હતાં. અહીં બૈગા જનજાતિનું અધ્યયન કરવા માટે આવ્યાં હતાં. અધ્યાપકનું નામ રાજેશ ગૌતમ. સાથે એમની પત્ની અને નાનો દીકરો પણ હતાં.

સવારે ઉદ્ગમ ભણી ચાલી નીકળ્યાં. પ્રદીપના પગમાં ફોલ્લા પડી ગયા છે, બહુ મુશ્કેલીથી ચાલે છે. નદીના બંને કાંઠે શાલનાં વિશાળ વૃક્ષો છે. બિલકુલ અમરકંટક જેવી દૃશ્યાવલી છે. અમરકંટક અહીંથી માત્ર ચાળીસ કિલોમીટર દૂર છે. ઠાડપાથરા દેખાવા લાગ્યું.

અમે ઉદ્ગમથી જરા આગળ નીકળી ગયાં, એથી પાછાં વળ્યાં. થોડી વાર પછી ખેતર જેવી તલાવડી આવી. એમાં ઠેકઠેકાણે ઘાસ ઊગી આવ્યું હતું. આમાંથી જ બુઢનેર એક અત્યંત ક્ષીણ ધારાના રૂપે પ્રવાહિત થાય છે. છેવટે અમે એક અજ્ઞાતકુલશીલા નદીના મોહપાશમાં બંધાઈને એના ઉગમ સુધી આવી ગયાં હતાં.

કોઈ કળીનું ફૂલ બનવું, કોઈક છોડનું ધરતી ફોડીને બહાર નીકળવું – આ સર્વ પ્રસન્નતાના સ્રોત છે, પરંતુ અહીં પ્રસન્નતાથીયે વિશેષ છે. સમજાતું નથી કે એ આહ્લાદ છે અથવા આહ્લાદથી પણ કંઈક વિશેષ. અહીં અમે સૌએ લોટાથી સ્નાન કર્યું. રમેશ ગરીબાને કહી રહ્યો હતો, “અનેક સૂક્ષ્મ ધારાઓંકે સમ્મિશ્રણસે યહ ધારા બની હૈ અૌર નદીકા દેહ ધારણ કરકે અપની યાત્રા કા પ્રારંભ કરતી હૈ.”

શું ભાષા બોલે છે ! વિશ્વાસ નથી થતો કે દસમા ધોરણથી જ અભ્યાસ અધૂરો મૂકી દેનાર વ્યક્તિ આવી સુસંસ્કૃત ભાષા બોલી શકે છે. આને દાર્શનિક અથવા ભાષાશાસ્ત્રી બનાવવાને બદલે ભગવાને દરજી કેમ બનાવી દીધો એ એક કોયડો છે. અમે સર્વસંમતિથી રમેશને રાજપુરોહિત માની લીધો અને કહ્યું કે અમારા વતી પૂજા-અર્ચના તું જ કરજે. એણે નારિયેળ વધેર્યું, મંત્રોચ્ચારની સાથે પૂજા કરી, પ્રસાદ વહેંચ્યો અને ચાલી નીકળ્યાં. એક કિલોમીટર પછી એક બાબાની કુટી આવી. બાબા મૂળે બિહારના છે અને આ એકાંત સ્થળમાં ત્રીસ વર્ષથી એકલા રહે છે. ઊંચા પૂરા બાબા ભગવા વસ્ત્રોમાં શાંતિની પ્રતિમૂર્તિ લાગતા હતા. આ કાંઠે પગદંડી હતી એટલે પાછા આવવામાં કોઈ પરેશાની ન થઈ.

બીજે દિવસે ગૌતમ અને એના વિદ્યાર્થીઓ બૈગાઓનાં બે ગામમાં ગયાં એટલે અમે પણ એમની સાથે ગયાં. પહેલાં સિલપીડી અને પછી દાદરટોલા ગયાં. સિલપીડીમાં એક વૃદ્ધાના આંગણામાં બેઠાં. વૃદ્ધાના મુખ ઉપરની કરચલીઓ એના વ્યક્તિત્વને ઓપ આપતી હતી. એના ચહેરા ઉપર ભલાઈનો ભાવ હતો. આસપાસ જેટલાં ઘર છે બધાં એના સગાંવહાલાંના જ છે. ભારે વાતોડિયણ હતી. વિનોદી પણ. એની દરેક વાત પર એને ઘેરી વળેલી સ્ત્રીઓ ખડખડાટ હસતી. અમે એની ભાષાથી અજાણ હતાં એથી એનો રસ ન લઈ શક્યાં.

બૈગા શહેરના લોકોથી દૂર ભાગે છે કેમ કે શહેરી લોકો માત્ર મુસીબત લઈને આવે છે. એથી બૈગા સ્ત્રીઓ કાન્તા પાસેથી ચાંદલા, બંગડી, ફૂમતા વગેરે લેવામાં સંકોચ કરી રહી હતી. એમને એમ કે આ અમારી કોઈક ચાલ છે અને પછી અમે પૈસા માગશું, પરંતુ જ્યારે એમને ખબર પડી કે આવું કંઈ નથી ત્યારે એમણે એ ચીજો ખુશીથી લઈ લીધી અને કાન્તાને પોતાનાં ઘરોમાં જવાની અનુમતિ સુધ્ધાં આપી. કાન્તા એક બૈગાની ઓસરીમાં ગઈ તો એણે બેસવા માટે એક ગૂણિયું આપ્યું. કાન્તા બેઠી નહીં. ઊભી ઊભી જોતી રહી. બૈગાને એમ કે એ એટલા માટે નથી બેસતી કેમ કે ગૂણિયું ગંદું અને ફાટલું-તૂટલું છે. એથી એણે જે શાલ ઓઢી હતી, એ જ બિછાવી દીધી અને બેસવા કહ્યું. કાન્તા સમજી ગઈ અને તરત ગૂણિયા ઉપર બેસી ગઈ. અંદર એક છોકરું ક્યારનું રડી રહ્યું હતું. કાન્તાએ કહ્યું “બાળકને છાનું કાં નથી કરાવતા, ક્યારનું રડે છે.”

“એ છાનું નહીં થાય.”

“કેમ ?”

“એ ભૂખ્યું છે.”

“તો ખાવાનું આપો.”

“ખાવાનું નથી.”

“મારી પાસે છે, હું આપું છું.”

"ના. તમે આજે આપશો, કાલે કોણ આપશે ? એને ભૂખ્યા રહેતાં શીખવું પડશે."

એની વાતે મને સ્તબ્ધ કરી દીધો. આવા અભાવની તો કલ્પનાય નહોતી કરી. પોતાની છાતી ઉપર કેવડો મોટો પથ્થર મૂકીને પોતાના જિગરના ટુકડાને એણે આ કહ્યું હશે. એમની "ગરીબીને પણ મહાત કરનાર ગરીબી"નો અમને અંદાજ તો હતો, પણ આ તો કલ્પનાની બહાર હતું અને આ સ્થિતિ ત્યારે છે જ્યારે કેન્દ્ર અને રાજ્ય સરકારની બૈગાઓ માટે વીસથીય વધુ યોજનાઓ છે અને એમને નામે દર વરસે કરોડો રૂપિયા ખર્ચાય છે. તે દિવસે બૈગાઓના એ ગામમાં મેં આપણા દેશની લોકશાહીને રડતી સાંભળી.

રાત્રે ગૌતમે કૅમ્પ-ફાયરનું આયોજન કર્યું. અતિશય ઠંડી હતી, પણ અલાવની જ્વાળાઓ અમને ગરમી આપતી રહી. છાત્ર-છાત્રાઓએ ગીતો સંભળાવ્યાં. એકે ગિટાર વગાડ્યું. કાન્તાએ ગુજરાતી લોકગીત ગાયું, પરંતુ સર્વશ્રેષ્ઠ ગાયક તો રહ્યો કમલેશ. અમને પહેલી વાર ખબર પડી કે એના ગળામાં કેવું તો દર્દ છે. એ બહુ જ સહજ સ્વાભાવિક ઢંગે ગાઈ રહ્યો હતો. જો અવસર મળ્યો હોત તો એ મોટો ગાયક થયો હોત. અવસર મળ્યો હોત તો રમેશ મોટો દાર્શનિક અને પ્રદીપ મોટો ચિત્રકાર થયો હોત. હું કેટલો ભાગ્યશાળી કે મારી સાથે આવા ગુણીજનો ચાલી રહ્યા છે.

બીજે દિવસે સાંજે ઘેર આવી ગયાં. આંગણામાં વચેટ વહુ રેખા ઊભી હતી. એને જોતાં જ કાન્તા એને બાઝી પડી અને ધ્રુસકે ધ્રુસકે રોવા લાગી. ચહેરો આંસુઓથી ભીંજાઈ ગયો. "આશા નહોતી કે તમને જોવા જીવતી પાછી આવી શકીશ." આ વેગથી એનો અવાજ કંપતો હતો. ત્યાં સુધી ઘરનાં બીજા સભ્યો પણ આવી ગયાં. નાના વંશજને તો એણે છાતી સરસો ચાંપી લીધો. યાત્રા દરમિયાન એનો પગ ઓચિંતાનો ચીકણા કાદવમાં ઊંડે સુધી ખૂંપી ગયેલો. એમાં એ ખૂબ ગભરાઈ ગયેલી. વહુઓને જોઈને એને આની જ યાદ આવી ગઈ અને એનાથી રડી જવાયું. પરંતુ થોડી વારમાં જ એણે પોતાની જાતને કાબૂમાં લઈ લીધી અને સામાન્ય થઈ ગઈ.

કેવી અજબ વાત છે કે સંકટના સમયે તો આપણે આંસુને રોકી શકીએ છીએ અને સંયત વ્યવહાર કરી શકીએ છીએ, પણ બાદમાં જ્યારે આપણા પ્રિયજનોને જોઈએ છીએ ત્યારે હૃદયનો બંધ તૂટી પડે છે અને રૂંધી રાખેલાં આંસુ રોકાતાં નથી.

મારા માટે આ દૃશ્ય સર્વથા અપ્રત્યાશિત હતું. હું ઝંખવાણો પડી ગયો. ગુનેગારની જેમ એની સામું જોતો રહ્યો. મારે જ લીધે એને આવી વિટંબણાઓ વેઠવી પડી હતી. જોકે રડીને એણે ઠીક જ કર્યું હતું. કોઈક દુ:ખદ સ્મૃતિને મનમાંથી હાંકી કાઢવાનો આ ઉત્તમ ઉપાય છે. આના પછી આ વાતનો ઉલ્લેખ એણે ફરી ક્યારેય ન કર્યો.

કાન્તા સહેલાઈથી રોવાવાળી મહિલા નથી. આનાથી જ અનુમાન કરી શકાય કે અમારી આ વેળાની યાત્રા કેટલી કઠણ રહી હશે. એ સાચું કે કુટુંબીજનોને જોઈને એનું રુદન ફૂટી નીકળ્યું, પરંતુ એ પણ સાચું કે તાપ-તડકાની પરવા કર્યા વિના એણે આખો દિવસ ચાલ-ચાલ કર્યું, વિકટ ડુંગરાઓ ચઢી-ઊતરી, જંગલો વીંધ્યાં, ઘવાઈ-છોલાઈ અને સાંજે જ્યારે હું થાકીને લોથ થઈ જતો ત્યારે એ રસોઈ બનાવવાના કાર્યમાં લાગી જતી. એણે જ મને કહ્યું હતું કે આપણે બુઢનેરના સામે કાંઠેથી ચાલીને પૂરી પરિક્રમા કરીને ઘેર જઈએ, પરંતુ હું જ તૈયાર નહોતો થયો. એણે સાહસ, આસ્થા અને ધૈર્યનું જે ઉદાહરણ પ્રસ્તુત કર્યું હતું એ જોઈને હું ચકિત હતો.

આઠ મહિના પછી અમારાં લગ્નને પચાસ વરસ પૂરાં થશે. કાન્તાની પ્રારંભિક કોમળતા પરિપક્વ થઈને ક્યારે આત્મવિશ્વાસમાં બદલાઈ ગઈ, એની મને ખબરેય ન પડી. આની પ્રથમ જાણ મને અમારી આ સૌથી કઠણ પદયાત્રામાં થઈ. કાન્તાને એના પૂરા ઓજમાં આ યાત્રામાં

જ જોઈ. બુઢનેર ! હું સદૈવ તારો કૃતજ્ઞ રહીશ.



૧૬. બુઢનેર : બૂઢી નદી અને બૂઢો યાત્રી- 3

નદીકાંઠેની અમારી પદયાત્રાઓ એક જાતની આવારાગર્દી જ છે – સાંસ્કૃતિક રઝળપાટ. અનુભવ પરથી મને સમજાયું છે કે નદીઓમાં, પહાડોમાં, વનોમાં – સમસ્ત પ્રકૃતિમાં – એવું કાંઈક છે, જે આત્માના વિકાસમાં સહાયક બને છે. અહીં આવવાથી ભીતરનું અંધારું કાંઈક ઓછું થાય છે. અઢળક સુખ તો છે જ.

નીકળવા તો ઈચ્છતા હતા ૨૦ માર્ચ, ૨૦૦૬ના પણ નીકળી શક્યા ૨૦ એપ્રિલના દિને. સ્નેહી મિત્રોએ કહ્યું કે ગરમી સખત વધી ગઈ છે. ન જાઓ તો સારું. મેં એમને આશ્વસ્ત કર્યા કે બુઢનેરના ઉદ્ગમથી અમરકંટક વધુ દૂર નથી. ત્યાં એટલી ગરમી નથી પડતી. ત્યાં સઘન શાલવન છે. ચિંતાની કોઈ વાત નથી.

આ વેળા અમે સાત છીએ. દુર્ગથી ફોટોગ્રાફર કાન્તિ સોલંકી આવ્યા છે. એ બે વાર અમારી જોડે ચાલી ચૂક્યા છે. અમદાવાદથી રુદ્ર અને મારુત આવ્યા છે. રુદ્ર પહેલાં પણ ચાલી ચૂક્યો છે. બંને યુવાન છે. હંમેશાં સાથે ચાલનાર સેવક ગરીબો અને કમલેશ છે. બંનેનાં તાજેતરમાં લગ્ન થયાં છે. મને ડર હતો કે બંનેએ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યો જ છે, અમારી સાથે વાનપ્રસ્થાશ્રમમાં ભાગ્યે જ ચાલે, પરંતુ બંને આવી ગયા છે અને અમે બે તો છીએ જ – કાન્તા અને હું. ખરી રીતે તો મારે સંન્યસ્ત આશ્રમમાં હોવું જોઈતું હતું, પણ હું ગૃહસ્થાશ્રમમાં મજબૂતીથી જામ્યો છું. મારી યોજના અંતિમ બે આશ્રમોને બાયપાસ કરીને સીધા સ્મશાનાશ્રમમાં જવાની છે. અંતિમ – અને અનિવાર્ય – આશ્રમ તો આખરે એ જ છે.

ડિંડોરી થઈને સાંજે ચાડા પહોંચી ગયાં. બૈગા આદિવાસીઓનું આ પ્રમુખ ગામ છે. રાત અહીં જ રહ્યાં. ધ્રુજાવી દેનાર ટાઢ હતી. લોકોએ અમને ગરમીથી નહીં, પણ ટાઢથી ડરાવવું જોઈતું હતું. બીજે દિવસે ઠાડપથરા ગયાં. ઝાડ-છોડ વિનાના એ ગામમાં એક બૈગાને ઘેર ગયાં. ઘરનું આંગણું ચીવટથી વાળેલું હતું અને એમાં મરઘાં આરામથી આવ-જા કરી રહ્યાં હતાં. આંગણામાં આઠ-દસ સ્ત્રી-પુરુષો બેઠાં હતાં. ઘરનાં બારણાં પાસે એક યુવતી ઊભી હતી. એની કાખે એનું બાળક હતું. યુવતીનું સૌંદર્ય વિસ્મયકારી હતું. આવું સુકુમાર ઉદાસ સૌંદર્ય ક્યારેય નહોતું જોયું. એની ભાવભંગિમાં બાળક જેવી માસૂમિયત હતી. લલાટનાં છૂંદણાં એના આકર્ષણમાં ઉમેરો કરતાં હતાં. સર્વમાન્ય રૂપસી એ ભલે નહોતી, પણ એમાં એક જાતનું ચિત્તાકર્ષક સમ્મોહન હતું. અમે એની જોડે વાત કરવા ઈચ્છતા હતા, એનું હાસ્ય જોવા ઈચ્છતા હતા – ઉદાસીભર્યું હાસ્ય – પણ અમને જોઈને એનું બાળક ખૂબ ડરી ગયું હતું અને જોરજોરથી રડી રહ્યું હતું. એથી વધુ વાત ન થઈ શકી. ઘરના વડીલને મેં પૂછ્યું કે આ કોણ છે. એણે કહ્યું કે આ મારી બેટી છે, હમણાં પિયર આવી છે. હું ચકિત. સાધારણ દેખાતા પિતાની બેટી આટલી સુંદર ! જરૂર એની મા સુંદર હશે. મા પણ ત્યાં જ હતી. એ તો એનાથીયે સાધારણ હતી. પિતા સાધારણ, માતા અતિ સાધારણ, તેમ છતાં બેટી સૌંદર્યના કોમળ કિરણ જેવી ! (વળી એને તો એનીય ખબર નથી કે એનામાં આવો વિશિષ્ટ ગુણ છે.) આનુવંશિકતાના સિદ્ધાંતની આવી અવહેલના મેં ક્યારેય નહોતી જોઈ. વિધાતાને ક્યારેક પોતાના જ બનાવેલા નિયમોને તોડવામાં મજા આવે છે.

બુઢનેરનું ઉદ્ગમ પાસે જ છે. ખેતર જેવા તળાવમાંથી બુઢનેરને નીકળતી જોઈ હતી.

અમે ત્યાં ગયાં, ત્યાં કંઈ જ નહોતું ! સૂકી ધરતી હતી. કેમ જાણે બુઢનેર ઘરનાં કમાડ વાસીને, તાળું મારીને, ક્યાંક ચાલી ગઈ છે. (જો કે હું કહેવા એમ ચાહતો હતો કે કેમ જાણે તબેલામાંથી ઘોડો ભાગી ગયો છે, પરંતુ સુરુચિસંપન્ન વાચકોને આ ઉપમા ભદ્દી લાગશે, એથી ન કહી) પરંતુ બુઢનેર એનું પગેરું મૂકતી ગઈ છે. અહીંથી એક સૂકો વહેળો જતો હતો. અમે આ જ સૂકી બુઢનેરની સાથે સાથે ચાલ્યાં. લગભગ અડધો કિલોમીટર ચાલ્યાં પછી બુઢનેરમાં પાણી દેખાયું. મતલબ કે એનું ઉદ્ગમ અડધો કિલોમીટર નીચે ખસી આવ્યું હતું. જેમ જેમ ગરમી વધશે તેમ તેમ એ નીચે સરકતું જશે. નાની નદીઓનાં આવાં જ ઊડનછૂ ઉદ્ગમ હોય છે. અમે અહીં લોટાથી સ્નાન કર્યું. અહીં એક બાબાની કુટી છે. એ અમને તરત ઓળખી ગયા અને બહુ રાજી થયા. એમની ખુશીનું હજી એક કારણ છે. આજે જ એમની બકરીએ બે બચ્ચાંને જન્મ આપ્યો છે. એમની પાસે એક ગાય પણ છે. આ નિર્જન એકાંતમાં આ પશુ જ એમનાં સંગી-સાથી છે.

આજે શુક્રવાર છે અને શુક્રવારના દિવસે ચાડામાં સાપ્તાહિક બજાર ભરાય છે. બૈગા સ્ત્રી-પુરુષો કાંઈક વેચવા અથવા ખરીદવા ત્યાં જઈ રહ્યાં હતાં. અમારે પણ પાછા ચાડા આવવું પડશે કેમ કે બુઢનેર ત્યાં થઈને વહે છે. એક છોકરો કાવડ લઈને ત્યાં જઈ રહ્યો હતો. કાવડ ભારે હતી એથી થોડે થોડે અંતરે વિસામો ખાવા માટે એને નીચે મૂકી દેતો. કાન્તિએ કહ્યું કે લાવ થોડા સમય માટે તારી કાવડ હું લઉં જેથી તને આરામ મળે. ઉપાડવા ગયા તો એમનાથી ઊપડી જ નહીં ! તેમ છતાં પૂરી તાકાત લગાવીને જેમ તેમ કરીને ઉપાડી તો લીધી, પણ બે ડગલાંમાં જ લથડિયાં ખાવા લાગ્યા. જો વધુ વાર માટે ઉપાડી હોત તો એ જ કાવડમાં કાન્તિને દવાખાને લઈ જવા પડત. બૈગા દૂબળા-પાતળા હોય છે, પણ મજબૂત બાંધાના હોય છે અને મહેનતુ પણ.

ચાડાના બજારમાં અમને ઠીક ઠીક બૈગા સ્ત્રી-પુરુષો જોવા મળ્યાં. કાન્તિને ફોટોગ્રાફી માટે પૂરતી સામગ્રી મળી. એ કૅમેરાના કલાકાર છે. સપાટ જેવા દૃશ્યમાં પણ સૌંદર્ય શોધી લે છે. હું બૈગાઓને જોઈ રહ્યો હતો ત્યાં જ લાંબા કદનો એક માણસ કોણ જાણે ક્યાંથી પ્રગટ થયો અને મને પગે લાગ્યો ! હું અચરજમાં પડી ગયો. દૂર-દરાજના આ નાના-શા વનગ્રામમાં મને ઓળખનાર ભલા કોણ હશે ? જોયું તો ચહેરો પરિચિત લાગ્યો, તેમ છતાં ઓળખી ન શક્યો ત્યારે એ જ બોલ્યો, “હું નર્મદાપ્રસાદ !”

“અરે નર્મદાપ્રસાદ, તું ! તને જોઈને ખૂબ ખુશી થઈ. અહીં ક્યાંથી ?”

“હું અહીં જ કામ કરું છું.”

“સારું. કાલ સવારથી આગળ ચાલશું. તું પણ ચાલજે.”

અહીં નર્મદાપ્રસાદ વિશે થોડું જણાવવું જરૂરી છે. લગભગ ચાર વરસ પહેલાં એક કાગળ આવેલો. એનું ગુજરાતી અહીં આપું છું –

શુભ સ્થાન ચાડા, ૧૮-૮-૨૦૦૨

પરમ શ્રદ્ધેય ગુરુવરજી,

ચરણ સ્પર્શ, દંડવત્ પ્રણામ.

મહિનો ફેબ્રુઆરી, વર્ષ ૧૯૯૨, મહાશિવરાત્રિ, સ્થાન અમરકંટક. એક ધાર્મિક પુસ્તક-વિક્રેતા પાસે અનેક પુસ્તકોની વચ્ચે હીરાની જેમ ઝળહળતી, આપની લેખનીને દેદીપ્યમાન કરતી, આપની અનુપમ કૃતિ “સૌંદર્યકી નદી નર્મદા” જોઈ. પુસ્તક-વિક્રેતા પાસેથી પુસ્તક માગ્યું. એણે કહ્યું – આ ચોપડી તને નહીં સમજાય. મેં ભાર દઈને કહ્યું કે જો મને નહીં સમજાય તો હિન્દુસ્તાનમાં કોઈને પણ નહીં સમજાય. વાત વધતી જોઈને મેં વિક્રેતાને રાશિ આપી અને

ચોપડી લઈ લીધી. પુસ્તક એક વાર નહીં, કેટલીયે વાર વાંચ્યું. વાંચતાં વાંચતાં મને પણ મા નર્મદાના દર્શનાર્થ ભ્રમણ કરવાનું મન થયું અને નીકળી પડ્યો. પ્રથમ વર્ષે મારી સાથે એક પરકમ્માવાસી હતો. બીજે વર્ષે હું એકલો રહ્યો. તૃતીય અને ચતુર્થ વર્ષે મારી જીવનસંગિની મારી સાથે હતી. છેલ્લે આપના કુટુંબના સૌ સદસ્યોને મારા દંડવત્ પ્રણામ.

ત્વદીય પાદપંકજં નમામિ દેવિ નર્મદે.

– નર્મદાપ્રસાદ યાદવ

પછી તો આગળની યાત્રા પર નીકળતાં પહેલાં પતિ-પત્ની બંને અમારે ઘરે આવેલાં. એ જ નર્મદાપ્રસાદને અહીં જોઈને મન રાજી રાજી થઈ ગયું. હવે એ પણ અમારી જોડે ચાલશે. ફગનુદાદા પણ આવી ગયા છે. એ ગોંડ છે ને ઉઘાડે પગે જ ચાલે છે. મોંમાં છૂટાછવાયા બે કે ત્રણ દાંત છે, પણ દરેક ચીજ ખાઈ લે છે. જો ચીજ કઠણ હોય તો એમનો ખાંડણી-દસ્તો હાજર છે – પવાલાની ખાંડણી ને લાઠીનો દસ્તો ! એમની સાથે એક જ ગરબડ છે – અમારું અડધું રેશન એ એકલા જ ઝાપટી જાય છે ! તેમ છતાં એટલા પ્યારા દાદા છે કે એમના વગર તો અમે જઈ જ ન શકીએ.

રાતે પંચાયત-ભવનમાં સૂતાં. વહેલી સવારે બહાર આવ્યો તો દરવાજા પાસે જ શાલનાં વિશાળ વૃક્ષો મુગ્ધભાવે નિહાળતો રહ્યો. ત્યાં એક કોયલે ટહુકો કર્યો – કુહૂ, કુહૂ ! પરંતુ કોઈએ જવાબ ન આપ્યો તો એ વિલંબિતમાંથી દ્રુતમાં આવી ગઈ. તેમ છતાં સામેથી જવાબ ન આવ્યો. લાગે છે એ સાવ એકાકી છે, એનું કોઈ હમજોલી નથી. અથવા, એમ પણ હોઈ શકે કે એ આ અંચલની સર્વશ્રેષ્ઠ ગાયિકા હોય અને બાકીનાં બધાં પક્ષી એને એકધ્યાનથી સાંભળી રહ્યાં હોય. મેં પણ એમ જ કર્યું. એને પૂરા મનોયોગથી સાંભળતો રહ્યો અને જ્યારે એનું ગાન પૂરું થયું ત્યારે "સાધુ ! સાધુ !" કહીને એની પ્રશંસા પણ કરી.

થોડી વારમાં નર્મદાપ્રસાદ આવી ગયો. અમારી પાસે સામાન વધુ હતો. એથી બે છોકરાઓને – ફૂલચંદ અને એના દોસ્તને – સાથે લીધા. સવારનું નભ કંઈક વધુ જ નીલાભ હતું. નવાં પાંદડાંથી શોભતાં શાલવૃક્ષો આભને આંબતાં હતાં. સાંકડી ખીણમાં કંઈ કેટલાય વળાંક લેતી બુઢનેર વહી રહી હતી. આ પ્રદેશ બાકી દુનિયાથી બિલકુલ કપાયેલો લાગતો હતો. એક નવી જ ધરાએ પોતાનાં દ્વાર અમારે માટે ખોલી દીધાં હતાં.

શાલવન વધુ ને વધુ સઘન થતું ગયું. શાલવૃક્ષો આંબાના મોર જેવાં ફૂલથી ઊભરાતાં હતાં. નર્મદાપ્રસાદે કહ્યું કે આ વન પહેલાં ખરેખર સઘન હતું. હવે તો અડધુંય ન રહ્યું. થયું એવું કે શાલવૃક્ષોમાં કીડા લાગી ગયા. એ ઝાડને અંદર ને અંદર કરકોલીને પોલું કરી દેતા. વૃક્ષોમાં છેદ થઈ જતા. પછી ઝાડ સુકાઈ જતાં. વન-વિનાશને રોકવા માટે શાસને એક વ્યાપક અભિયાન ચલાવ્યું. કીડા મારનારને સરકાર તરફથી કીડા દીઠ ૭૫ પૈસા આપવામાં આવતા. ગ્રામીણો કીડાને મારીને એનું ધડ ફેંકી દેતા અને સો માથાંની એક માળા બનાવતા. એમને માળાદીઠ ૭૫ રૂપિયા મળતા. કેટલાંય કુટુંબ આ કામમાં લાગી ગયાં. આ ફૂલચંદે જ હજારો કીડા માર્યા હતા.

ફૂલચંદ એટલો શરમાળ છે કે કંઈ બોલતો જ નથી. ત્રણ સવાલ કરીએ ત્યારે માંડ એકનો જવાબ આપે. મહા મુશ્કેલીએ બોલ્યો, "મેં સાત હજાર કીડા મારેલા."

નર્મદાપ્રસાદે આગળ ચલાવ્યું, "જ્યાં જાઓ ત્યાં ઘરની બહાર કીડાનાં માથાંની ઝાલરો સુકાવા માટે ટાંગેલી જોવા મળતી. ભારે દુર્ગંધ આવતી. જ્યારે લાખોની સંખ્યામાં કપાયેલાં માથાં એકઠાં થયાં ત્યારે એમની સામૂહિક અંત્યેષ્ટિ કરવામાં આવેલી. કીડા નષ્ટ જરૂર થઈ ગયા,

પણ પોતાનો દુષ્પ્રભાવ મૂકતા ગયા. લોકોએ એમનાં ધડ જ્યાં ત્યાં ફેંકી દીધેલાં, એ વહીને નદીનાળાંમાં ગયાં. ગ્રામીણો આનું જ પાણી પીએ છે. આથી રોગ ફેલાયા. લાખો વૃક્ષો કાપવાં પડ્યાં. જંગલ અડધું રહી ગયું.''

એક હતી શાલભંજિકા અને એક છે આ શાલભંજક ! એકના મૃદુ પદાઘાતથી અશોકના વૃક્ષમાં ફૂલ બેસે, બીજાના ખામોશ દંતાઘાતથી શાલ ખંડેર બની જાય ! પ્રકૃતિમાં બધું જ સારું નથી. એમાં અમંગલકારી શક્તિઓ પણ છે.

હું અહીંના એકાન્ત પર મુગ્ધ છું, તો કાન્તા શાલવૃક્ષોનાં ફૂલોની મહેક પર મુગ્ધ છે. જ્યારે વા વાતો ત્યારે આ ફૂલ અમારા ઉપર વરસતાં, પરંતુ આથી હું કાંઈ ખુશ નથી. આ પુષ્પવૃષ્ટિ બધાં ઉપર થાય છે, જો મારા એકલા ઉપર થતી હોત તો એની વાત ઓર હોત !

આ સુખ મને જલદી જ મળી ગયું. અમે શાલવનમાંથી જઈ રહ્યાં હતાં. ઉપર વૃક્ષોમાં નવાં પાંદડાં છે, પરંતુ નીચે સૂકાં પાંદડાંના થરના થર છે. અહીં પગદંડી આમેય નથી, જે થોડી ઘણી છે એ આ સૂકાં પાંદડાની નીચે ઢંકાયેલી છે. એથી નીચેના ગોળમટોળ પથ્થર નથી દેખાતા. આમાં એક ઠેકાણે મારો પગ લપસ્યો ને હું ધબ કરતો નીચે પડ્યો. એવો કે ઊભું થવાય જ નહીં. સાથીઓએ સહારો દઈને ઊભો કર્યો, પણ મારાથી ઊભું ન રહેવાયું એટલે પાછો બેસી ગયો. જે વિશિષ્ટતા મેં ચાહી હતી એ મને મળી ગઈ હતી. મચકોડનો ઉપહાર માત્ર મને એકલાને જ મળ્યો હતો !

ચાહે મચકોડ હોય, ચાહે હાડકું ભાંગ્યું હોય, આ બિયાબાનમાંથી બહાર તો નીકળવું જ રહ્યું. ચાલવા સિવાય છૂટકો નહોતો. સાથીઓએ હિંમત આપી એટલે જેમ તેમ ઊભો થયો ને લાઠીના ટેકે ધીરે ધીરે ચાલવા લાગ્યો. ''હે વનના દેવી-દેવતા ! હવે ક્યારેય નહીં કહું કે માત્ર મારા ઉપર જ ફૂલ વરસાવો ! મારા પિતર ! અહીંથી બહાર નીકળવામાં મને સહાય થજો !'' પણ કોઈએ મારી ધા ન સાંભળી. કણસતો કણસતો લાઠીના સહારે ડગુમગુ ચાલતો રહ્યો અને યાત્રાનો આ બીજો જ દિવસ હતો.

થોડી વારમાં જ સમજાઈ ગયું કે હું વધુ નહીં ચાલી શકું. આગળના પડાવ સુધી તો નહીં જ પહોંચી શકું. પહેલવાન જેવા રુદ્રે કહ્યું, ''તમે જરા પણ ચિંતા ન કરો. હું તમને મારી પીઠ ઉપર લાદીને લઈ જઈશ.'' જ્યાં પથ દુર્ગમ રહેતો ત્યાં ૮૦ કિલો વજનવાળો રુદ્ર મને રમકડાંની જેમ ઉઠાવી લેતો. ગમે તેટલો દૂબળોપાતળો કાં ન હોઉં, કોઈના ઉપર લદાવું છે બહુ શરમની વાત. જો કે આ બે-ત્રણ મિનિટ પૂરતું જ રહેતું.

દોઢેક કિલોમીટર ચાલ્યા પછી અમે જંગલમાંથી બહાર આવી ગયાં. વનવિભાગની કાચી સડક મળી ગઈ. પાસે જ બુઢનેર વહેતી હતી. ચાડાથી આ સડક ક્યારેક બુઢનેરના આ કાંઠેથી તો ક્યારેક સામે કાંઠેથી, ડગોના સુધી જાય છે. આના પર રેતી લઈ જતી એકલદોકલ ટ્રક દેખાઈ જતી. એક ટ્રક ઉપર સવાર થઈને અમે ડગોના સુધી આવી ગયાં. અહીંની એકમાત્ર કુટી સામે કાંઠે છે. પરિક્રમા તો ખંડિત થઈ જ ગઈ હતી એથી બુઢનેર ઓળંગીને સામે કાંઠે ગયાં. ત્યાંનાં સાધ્વી અમને તરત ઓળખી ગયાં, બહુ રાજી થયાં. પાછલી યાત્રામાં એમણે અમને રોકાવા માટે ખૂબ આગ્રહ કરેલો. આ વેળા તો અહીં રોકાવા સારુ જ આવ્યાં છીએ.

રાતે કાન્તાએ મારા પગને શેક આપ્યો, મીઠું અને હળદરનો લેપ લગાવ્યો તો સવારે સહેજ આરામ જણાયો. બુઢનેર પાસે જ છે, નાહ્યા વગર રહી ન શક્યો તો સાધ્વીએ કહ્યું, ''બૂઢીમાઈને કહેજે કે મૈયા, હું તારી પરિક્રમા કરી રહ્યો છું, મને તકલીફ શા માટે આપી રહી છે ? જા, જઈને માતાજી સાથે લડ.''

જેને મૈયા પ્રત્યે અતૂટ આસ્થા અને અડગ વિશ્વાસ હોય એ જ એનાથી લડી શકે. હું અભાગિયો આવી પ્રગાઢ શ્રદ્ધા ક્યાંથી લાવું ?

ડગોનામાં બુઢનેર ચટ્ટાનોની બખોલમાં છુપાઈ ગઈ છે. અહીં એનું સૌંદર્ય ઢાંકેલઢૂંબેલ સૌંદર્ય છે. ઉપરથી સાવ સાધારણ, પણ નીચે જુઓ તો અદ્ભુત. ચટ્ટાનોને ચીરીને ખુલ્લી સુરંગ જેવો માર્ગ બનાવ્યો છે. એમાં અજીબોગરીબ કંદરાઓ છે. નદીનો પ્રવાહ જટિલ અને વાંકવળાંકવાળો છે. ઠેકઠેકાણે નાના નાના ધોધ છે. સાધ્વીએ કહ્યું, “અહીં તમે નદીને એક ડગમાં ઓળંગી જાઓ એટલી સાંકડી છે, એથી જગ્યાનું નામ ડગોના. પણ ઊંડી એટલી કે ચાર ખાટલાની સીંદરી નાખી તોય તળિયે ન પહોંચી.” આ સુંદર સ્થળને ટૂરિસ્ટ સ્પૉટ તરીકે વિકસિત કરી શકાય, પરંતુ ત્યારે અહીંનું વિલક્ષણ વાતાવરણ સુરક્ષિત નહીં રહે. શું એવું ન થઈ શકે કે અહીં પર્યટકો પણ આવે અને સૌંદર્ય પણ અનાવિલ-અવિકૃત રહે ?

રુદ્ર અમદાવાદના ફોટોગ્રાફર જોગેશ ઠાકરનો પુત્ર છે. રુદ્ર સ્કેચ સરસ કરે છે. મને એના સ્કેચ ખૂબ ગમે છે. એક સ્કેચ બતાવીને કહે, “ઝૂંપડીના દરવાજા પર સાધ્વીજી બેઠાં હતાં. મેં એમનો સ્કેચ કરવો શરૂ કર્યો, પણ અડધોય નહોતો થયો ત્યાં ઊઠીને ચાલ્યાં ગયાં. થોડી વારમાં એમની વહુ આવી એટલે બાકીનો સ્કેચ એને જોઈને પૂરો કરવા લાગ્યો, પરંતુ પૂરો થાય એ પહેલાં એ પણ જતી રહી. થોડી વારમાં એની દીકરી આવીને બેઠી. એથી એને જોઈને સ્કેચ પૂરો કર્યો.” આમ ત્રણ પેઢીનો એકસામટો ઉપયોગ કરીને રુદ્રે એક નારીનું સર્જન કર્યું. કદાચ એના લીધે જ એનાં રેખાંકનમાં કેવો તો અલૌકિક ભાવ આવ્યો છે !

રુદ્રની સાથે મારુત પણ આવ્યો છે. બંને ફોઈ-મામાના દીકરા ભાઈ છે. રુદ્ર મળતાવડો અને વિનોદી છે. મારુત સંકોચી અને ગંભીર છે. બંને એકબીજાને ખૂબ ચાહે છે. વળી બંને વચ્ચે મજેદાર તકરાર પણ ચાલતી રહે છે. સામાન ઉંચકનાર ગરીબો અને કમલેશ રુદ્રના મિત્ર બની ગયા છે. એક વાર અમે નાહી રહ્યાં હતાં. નદીમાં ઠેકઠેકાણે ચટ્ટાનો છે. રુદ્રે કહ્યું, આવો કસરત કરીએ. નદીમાંની બે ચટ્ટાન ઉપર બે હાથ મૂક્યા, બીજી બે ચટ્ટાનો ઉપર પગ, વચ્ચે નદીની ધારા અને એણે દંડ પીલવા શરૂ કર્યા. જેવો પહેલો દંડ પૂરો થયો એટલે કમલેશ બોલ્યો, “એક હજાર એક !” બીજો દંડ અને “બે હજાર બે !”

મારા મિત્રના પિતા એક સાહિત્યિક માસિક કાઢતા હતા. મિત્રે જ મને કહેલું કે એની ગ્રાહક સંખ્યા એક હજાર એકથી શરૂ થતી ! કાલગણનાની આ પદ્ધતિ મને ખૂબ ગમી. આ હિસાબે મારી ઉંમર અત્યારે ૧૦૭૮ વર્ષ છે !



૧૭. બુઢનેર : બૂઢી નદી અને બૂઢો યાત્રી- ૪

ફોટોગ્રાફી માટે કાન્તિભાઈને અહીં પ્રચુર વિષય મળી રહ્યા છે. સાંજે એ નર્મદાપ્રસાદને લઈને પાસેના બૈગાઓના ગામે ગયા. ત્યાંથી આવીને નર્મદાપ્રસાદે કહ્યું, "ગામમાં કોઈકે મને કહ્યું કે તમારા ચાડાની એક છોકરી અહીં આવી છે. એથી એના ઘેર ગયા તો એ મને ઓળખી ગઈ. પૂછ્યું, "અહીં કેમ આવી છો ?" તો એ શરમાઈ ગઈ. એ અહીં શિવરાત્રિના મેળામાં આવી હતી. આ ગામના એક છોકરાને એ ગમી ગઈ તો એને ભગાડીને લઈ આવ્યો. ત્યારથી એ અહીં જ છે. ભગાડવાનો શાબ્દિક અર્થ ન કરતા. આ ભગાડવામાં બળજબરી નથી હોતી. આ કામ બંને પક્ષની સહમતીથી થાય છે. એટલે સુધી કે ધારો કે છોકરા ચાર છે અને ચારેને એક જ છોકરી ગમી ગઈ, તો એ માંહોમાંહે લડશે નહીં. છોકરી જેને પસંદ કરશે એ એની થશે. બાકીના ત્રણ એને ભગાડી જવામાં પેલા છોકરાને મદદ કરશે. ઈર્ષ્યા અથવા દ્વેષનો સવાલ જ નથી. બૈગાઓમાં દહેજ પ્રથા જરા પણ નથી. ઊલટાનું છોકરાના બાપે છોકરીવાળાઓને શરાબ પિવડાવવો પડે છે. છોકરીએ મને કહ્યું – અમારાં લગ્ન આવતે મહિને થશે. લગ્નમાં મારા બાપુ મારા સસરા પાસે શરાબના ચાર પીપ માગી રહ્યા છે. આમાં ૮૦ કિલો મહુડા લાગશે જે એક હજાર રૂપિયાના થશે. મારા સસરાનું આટલું ગજું નથી. મારા બાપુને કહેજો આવડો શરાબ ન માગે. છોકરી તરફથી આટલી પેરવી તો મારે કરવી જ પડશે."

ક્યાં આ "અસભ્ય, અશિક્ષિત, અભણ" બૈગા અને ક્યાં દહેજ માટે પોતાની વહુઓને સળગાવતો આપણો "સભ્ય, શિક્ષિત ને સુધરેલો" સમાજ ! સભ્ય રહેવા માટે આપણે વચ્ચે વચ્ચે આ અસભ્ય લોકોની વચ્ચે જતા રહેવું જોઈએ.

બૈગાઓના રિવાજ મુજબ છોકરી લગ્નના મહિનાઓ પહેલાંથી છોકરાને ઘેર રહે છે. આ દરમિયાન જો એને લાગે કે છોકરો મારે લાયક નથી તો એ પાછી પિતાને ઘેર આવતી રહે અને લગ્ન ન થાય. નર્મદાપ્રસાદ જ્યારે અમને આ કહી રહ્યો હતો ત્યારે સાધ્વી, એનો દીકરો રામપ્રસાદ અને એની પત્ની પણ ત્યાં જ બેઠાં હતાં. રામપ્રસાદે પત્ની તરફ જોઈને કહ્યું, "હું પણ તો આને ભગાડીને લઈ આવ્યો હતો."

અહીં માત્ર બે જ ઝૂંપડી છે – સાધ્વીની અને એના વેવાઈની. મેં કહ્યું, "તારા સસરાની ઝૂંપડી તો બાજુમાં જ છે. આટલામાં શું ભાગવું અને શું ભગાડવું !"

"ભાગીને અમે બંને રાયપુર ગયાં હતાં. લગ્ન ત્યાં થયાં."

હવે તો એમનાં પોતાનાં બેટાબેટી મોટાં થઈ રહ્યાં છે. કોઈક દિવસે દીકરો કોઈક છોકરીને ભગાડીને લઈ આવશે અને દીકરી કોઈક છેલછોગાળા સાથે ભાગી જશે ! આ જ રિવાજ છે.

યાત્રા અધૂરી મૂકીને ઘેર જવા સિવાય બીજો કોઈ ઉપાય નથી. અહીંથી આઠ કિલોમીટર દૂર પાકી સડક છે. ત્યાં બસ આવે છે, દિવસમાં એક વાર, સવારે આઠ વાગ્યે. કાન્તિભાઈ રામપ્રસાદને સાથે લઈને વહેલી સવારે ત્યાં જવા રવાના થઈ ગયા. નર્મદાપ્રસાદ અને ચાડાથી આવેલા બે છોકરા પણ ચાલ્યા ગયા. મારો પગ કંઈક ઠીક થાય તો અમે પણ જઈએ.

નહાઈને આવ્યા તો કાન્તાનું ધ્યાન એક ખૂણામાં રાખેલા સ્કૂટર પર ગયું. સ્કૂટર જૂનું હતું અને મોસમના મારથી એનો રંગ ઊપટી ગયો હતો. જોવાથી લાગતું હતું કે લાંબા સમયથી

ચાલ્યું નથી. સ્કૂટર રામપ્રસાદનું હતું અને ચાલુ હાલતમાં હતું. કાન્તાએ કહ્યું કે જો રામપ્રસાદ તમને સ્કૂટર પર પાકી સડક સુધી પહોંચાડી દે તો બાકીનાં અમે પગપાળા આવી જઈશું. મને આ સુઝાવ ગમ્યો. મેં રામપ્રસાદ જોડે વાત કરી તો એ ખુશીથી તૈયાર થઈ ગયો. અમારા દળના સદસ્યો એની પત્ની તથા એના ભાણેજ સાથે પગપાળા આવશે. કાલે સવારે પાંચ વાગ્યે નીકળશું. રામપ્રસાદને રૂપિયા આપ્યા તો એ પાસેના ગામમાંથી દરજીની દુકાનેથી પેટ્રોલ લઈ આવ્યો. કરિયાણાની દુકાનમાં પણ પેટ્રોલ મળે – એક લિટર અને અડધા લિટરના ડબ્બામાં.

હમણાં અંધારિયું ચાલી રહ્યું છે. ચાર દિવસ પછી અમાસ આવશે. મનમાં હતું, પૂનમનું વર્ણન કેટલીય વાર કરી ચૂક્યો છું, આ વેળા અમાસનું વર્ણન કરીશ, પણ અમે તો કાલે જ અહીંથી ચાલ્યા જઈશું, અમાસનું વર્ણન કેમ કરીને કરીશ ? થયું, ચપટીક ચાંદો તો પાછલી રાતે આવે છે, ત્યાં સુધી તો અમાસ જેવું જ અંધારું રહે છે. એથી અમાસનું વર્ણન મારે આજે જ કરી દેવું જોઈએ. સૂતાં સૂતાં આકાશને નિહાળતો રહ્યો. અહીંના સ્વચ્છ વાયુમંડળમાં તારા કેવડા મોટા લાગી રહ્યા હતા ! એટલા મોટા કે એક ડઝનમાં આઠ જ આવે ! અધધ, કેવડા બધા તારા ! (આકાશની તિજોરીમાં ખૂબ રૂપિયા છે !) શું આનો કોઈ હિસાબ રાખતું હશે ? આનું સ્ટૉક-વેરિફિકેશન થતું હશે ? કેવો છે આનો માલિક – પોતાનો ખજાનો ખુલ્લો મૂકીને કોણ જાણે ક્યાં ચાલ્યો ગયો છે ! સાવ લાપરવા !

તારા ક્યાંક આકાશના ખેતરમાં પડેલ ઝાકળનાં ભીંજણાં તો નથી !

તેમ છતાં આ કંઈ અમાસનું વર્ણન ન થયું. અમાસનો સંબંધ જેટલો તારાઓની હાજરીથી છે, એટલો જ ચાંદાની ગેરહાજરીથી પણ છે. બલકે વધુ છે. આ વાત તો આવી જ નહીં.

એ પણ કહું. કોઈક ગાયક ગાતાં ગાતાં વચ્ચે ચૂપ થઈ જાય છે, જેથી સંગત કરતા કલાકારોને પોતપોતાની પ્રતિભા બતાવવાનો અવસર મળે. અમાસની રાતે ચાંદો આ જ કરે છે. પોતાને નેપથ્યમાં મૂકીને ગ્રહ, નક્ષત્ર, તારાઓને – એના સાજિંદાઓને – આગળ લાવે છે. આ કંઈ નાનો-સૂનો ત્યાગ નથી. સૂરજમાં આવી ત્યાગભાવના છે જ ક્યાં !

પરંતુ બીજી જ ક્ષણે મને મારી ભૂલ સમજાઈ. ચાંદો તો આવો ત્યાગ અમુક દિવસે જ કરે છે, જ્યારે સૂરજ તો રોજેરોજ કરે છે ! રોજ સાંજે આકાશનો મંચ ખાલી કરે દે છે, જેથી ચાંદ-તારા પોતપોતાની કળા દર્શાવી શકે. સૂરજ જો આકાશમાં ચોવીસે કલાક જામ્યો રહેત – ત્રીસો દિવસ, બારે માસ – તો આ ચાંદ-તારા આકાશમાં દટાયેલા જ રહેત ! ભાઈ સૂરજ ! તારા ત્યાગની બરોબરી કરી શકે એવું તો ત્રણે લોકમાં કોઈ નથી !

મારામાં ખરાબ વાત એ છે કે ભાવુકતામાં તણાઈને વિવેક ખોઈ બેસું છું. સારી વાત એ છે કે સવારે ખોવાયેલો વિવેક સાંજ સુધીમાં પાછો આવી જાય છે.

ઉફ ! અમાસનું વર્ણન પણ હું ચાંદા વગર ન કરી શક્યો ! સાચી વાત તો એ છે કે અમાસનું વર્ણન એ જ કરી શકે કે જે કવિની સાથે સાથે ઋષિ પણ હોય. અંધારાને જોવું અને એને કાગળ ઉપર ઉતારવું – આ મારા જેવા સાહિત્યના ચતુર્થ શ્રેણી કર્મચારીના વશની વાત નથી.

અહીં શિયાળા જેવી ટાઢ છે અને અમે ખુલ્લામાં સૂતાં છીએ. તારા જોતો જોતો નિદ્રાધીન થઈ ગયો.

સવારે પાંચ વાગ્યે અમે જવા માટે તૈયાર હતાં, પરંતુ રામપ્રસાદનું સ્કૂટર કોઈ રીતે સ્ટાર્ટ થાય જ નહીં. ત્યારે રામપ્રસાદે એને બાવડેથી ઝાલીને ખૂબ દોડાવ્યું. એનામાં પ્રાણનો સંચાર થયો અને એ સ્ટાર્ટ થયું. પહેલાં રામપ્રસાદ બેઠો, પછી હું બેઠો, પણ જેવો બેઠો કે સ્કૂટર બંધ પડી ગયું ! અમે ઊતરી ગયા. એણે સ્કૂટરને સ્ટૅન્ડ ઉપર લીધું અને કિકનો મારો

ચલાવ્યો. ઢગલાબંધ કિક માર્યા પછી સ્કૂટર ચાલુ તો થયું, પણ જેવો હું બેઠો કે બંધ ! પહેલાં હું ઊતર્યો, પછી એ ઊતર્યો. સ્કૂટરને પાછું સ્ટૅન્ડ પર લીધું અને કિકની ઝડી વરસાવી. ત્રીજી વાર પણ આમ જ થયું. ચોથી વારે ઘણઘણ્યું ને મારા બેસતાંની સાથે જ ભડાક કરતું ચાલી નીકળ્યું ! જો મેં એને પૂરી તાકાતથી પકડ્યું ન હોત, તો દૂર ફંગોળાઈ ગયો હોત.

ગામઠી કાચી સડક ઉપર સ્કૂટર પોતાના અલબેલા અંદાજમાં જઈ રહ્યું હતું. ત્યાં એક સૂકું નાળું આવ્યું. એમાં ગોળમટોળ પથ્થરોની ભરમાર હતી. આગળ પાછળનો વિચાર કર્યા વિના રામપ્રસાદે એના ઉપર જ હંકાર્યું ! મારો જીવ અધ્ધર થયો. કાંકરા પથરા ઉપર ફદડક ફદડક ચાલતું સ્કૂટર જેમતેમ કરીને એને પાર કરી ગયું, પરંતુ થોડે દૂર ગયા બાદ તો આખી સડક જ કપચીથી છવાયેલી હતી. થોભે એ બીજા ! સ્કૂટર ઊછળતું ને કૂદાકૂદ કરતું જઈ રહ્યું હતું. જેટલી તેજીથી સ્કૂટર ઊછળતું, એટલી જ તેજીથી મારું હૃદય ધડકતું ! શરીર ભાંગવાનું જોખમ વહોરીને બેઠો રહ્યો.

ત્યાં જ એ લપસ્યું અને અમે બંને પડ્યા. મારા આખા શરીરમાં ભયની લહેરખી દોડી ગઈ. પડતાંની સાથે જ રામે પોતાના બંને પગ જમીન ઉપર ખોડી દીધા હતા એથી અમને વાગ્યું નહીં. હા, પડતી વેળા શરીરનું વજન મચકોડવાળા પગ ઉપર જ આવેલું. હવે સ્કૂટર હતું કે કોઈ રીતે સ્ટાર્ટ જ નહોતું થતું. રામે એને કંઈ કેટલીય રીતે ફોસલાવ્યું-પટાવ્યું, પણ પેલું મચક જ ન આપે ! જ્યારે અમારા સાથીદારો આવ્યા અને એમણે સ્કૂટરને ધકેલ્યું ત્યારે ચાલુ થયું, હું બીતો બીતો બેઠો. મારા બેસતાની સાથે જ ઝટકાના સાથે ચાલી નીકળ્યું. આ વેળાનો ઝટકો જરા તગડો હતો. સ્કૂટર ખાબડખૂબડ સડક ઉપર આગ્નેય નૃત્ય કરતું જઈ રહ્યું હતું. થોડી વારમાં ચઢાણ આવ્યું એટલે રામે કહ્યું કે તમે અહીં જ થોભો. હું ચાલીને આને ઉપર લઈ જાઉં, પછી આવીને તમને લઈ જઈશ. રામ સહેજે નાસીપાસ થાય એવો નહોતો. એ દરેક સ્થિતિનો સામનો કરવા તૈયાર હતો. પાછા આવીને એણે મને પીઠ ઉપર લીધો અને વિક્રમ અને વેતાળ ચાલી નીકળ્યા.

પડવાની તો હજુ શરૂઆત હતી. આગળ ફરી પડ્યા, ફરી ફરી પડ્યા. આના કરતાં તો લંગડાતા પગે ચાલવું સારું રહેત – બહુ બહુ તો પગનું હાડકું ભાંગી જાત અને પ્લાસ્ટર આવત, પણ આવી રીતે જતાં તો મારા કુરચા ઊડી જશે. દશે દિશામાં વેરાઈ-વીખરાઈ જઈશ, પણ રામે તો દૃઢ નિશ્ચય કર્યો હતો – મને પહોંચાડીને જ રહેશે, જિંદા યા મુર્દા !

મારું મન ફફડ્યા કરતું. ખરાબ વિચાર પણ આવી જતા. પરંતુ બીજો કોઈ ઉપાય પણ નહોતો. સ્કૂટરના પડવાની સાથે જ રામ બંને પગ ખોડી દેતો ને અમે ઈજાથી બચી જતા. એનું સ્કૂટર થોડા ટેડા મિજાજનું જરૂર હતું, પણ હતું ભરોસેમંદ. જોવામાં જેવું મેલુંઘેલું હતું, ચાલવામાં એટલું જ તેજ હતું. આગળ અનુકૂળ સડક મળતાં સડસડાટ ચાલ્યું. સૂમસામ સડકના પથ્થરો ઉપર ઊછળતું, લસરતું ને અદ્ભુત અંગછટા બતાવતું ચાલ્યું જતું હતું. રસ્તો કેમે કરીને ખૂટતો નહોતો. એક એક કિલોમીટર દસ દસ કિલોમીટર જેવા લાગતા હતા.

પરંતુ એક ફેર પડ્યો હતો. હવે આંચકો લાગતો, તો મારું શરીર આગલા આંચકાની રાહ જોતું અને એનો સામનો કરવા પોતાને તૈયાર કરી લેતું. તો ભયનો સામનો કરવા માટે મારું શરીર કમર કસી રહ્યું હતું ! મારે એનો સાથ દેવો જોઈએ. મારે સ્કૂટર જોડે, સડક જોડે, તાલમેલ બેસાડવો જોઈએ. આ ખતરનાક યાત્રાના આતંકને મારા ઉપર સવાર ન થવા દેવો જોઈએ.

મેં મારી જાતને સંભાળી. હજુ સુધી હું ભયની વાત સાંભળતો હતો, હવે ભય મારી વાત સાંભળશે ! સ્કૂટરને પૂરી તાકાતથી પકડ્યું, છાતી કાઢીને બેઠો અને વિજયનું સ્મિત રેલાવતાં બોલ્યો – હું સ્કૂટર ઉપર થોડો જ બેઠો છું, હું તો રથ ઉપર સવાર છું ! હું અર્જુન છું,

મારા સારથિ છે કૃષ્ણ અને આ છે કુરૂક્ષેત્રનું મેદાન ! ન દૈન્યમ્, ન પલાયનમ્ ! બસ, આ યુક્તિ કામ કરી ગઈ. આનાથી મને અદ્ભુત શક્તિ મળી. પોતાને પહેલાં કરતાં વધુ સબળ અનુભવ કરવા લાગ્યો. માત્ર ભય જ ઓછો ન થયો, બલકે મારી પોતાની જ દુર્ગતિનો આનંદ પણ લેવા લાગ્યો ! એટલે સુધી કે વનાચ્છાદિત પહાડોના સુરમ્ય સૌંદર્યને નિરાંત જીવે નિહાળવા લાગ્યો ! આતંકનું સ્થાન આનંદે લઈ લીધું. ક્લેશકર યાત્રા ક્લેશહર બની. પહેલાં ખતરનાક જગ્યા જોતાં જ રામને સ્કૂટર ધીમું ચલાવવા માટે કહેતો. હવે ગોળમટોળ પથરા અથવા સડકના તીખા વાંક-વળાંક જોઈને કહેતો, “નો પ્રૉબ્લેમ !”

પાકી સડકે પહોંચ્યા કે બસ આવી ગઈ, પણ અમારા સાથી નહોતા આવ્યા એથી છોડી દેવી પડી. અહીંથી ચાર કિલોમીટર દૂર છે બમ્હની, ત્યાંથી બપોરે બે વાગ્યે બસ મળશે. હવે ત્યાં જવું પડશે. થોડી વારમાં અમારા સાથીઓ આવી પહોંચ્યા. પાકી સડક ઉપર દોડવા માટે રામનું સ્કૂટર થનગની રહ્યું હતું. આ વેળા મારી પાછળ રુદ્ર પણ બેઠો. એની સાથે ચૌદે ભુવનને હચમચાવતું રામનું સ્કૂટર જાય ભાગ્યું ! સડક જોકે પાકી હતી, પણ વચ્ચે એક ટુકડો કાચો હતો અને ત્યાં કામ ચાલી રહ્યું હતું. સડક ઉપર બિછાવેલી કપચી ઉપર મજૂરો લાલ કાંકરિયાળી માટી નાખી રહ્યા હતા. બાજુની સાંકડી પટ્ટી ઉપર કપચી નહોતી. કેડી જેવી એ પટ્ટી ઉપર રામે સ્કૂટર લીધું, પણ એ એટલી સાંકડી હતી કે સ્કૂટર માંડ સો કદમ ગયું હશે કે ભચ્ચ કરતું કપચી ઉપર ચઢી ગયું, લપસ્યું ને અમે ત્રણે પડ્યા. આસપાસના મજૂરો દોડી આવ્યા. ભાગ્યથી કોઈનેય વાગ્યું નહોતું, પરંતુ મારા પગમાં સોજો જોઈને મજૂરોને થયું કે આ સોજો અહીં પડવાને લીધે આવ્યો છે. એથી મારા પ્રત્યે વિશેષ સહાનુભૂતિ દશાર્વવા લાગ્યા. મેં એમને આશ્વસ્ત કર્યા કે સોજો પહેલાંનો છે અને આમાં તમારી સડકનો કોઈ વાંક નથી.

યાત્રા ફિરસે શરૂ ! સ્કૂટર ઉપર રામ બેઠો, રામનું નામ લઈને હું બેઠો અને રુદ્રના બેસતાની સાથે જ આછા ઉછાળની સાથે સ્કૂટર પાણીના રેલાની માફક ચાલી નીકળ્યું. જેવું બમ્હની દેખાવા લાગ્યું એટલે રામે બંને પગ જમીન ઉપર ઘસડવા માંડ્યા અને રુદ્રને પણ એમ જ કરવા કહ્યું. આખરે એ બદરંગ શા સ્કૂટરે અમને બમ્હની પહોંચાડી દીધા. તો બચી જ ગયો છેવટે !

રામ પાછો ગયો જેથી કાન્તાને લાવી શકે. પણ કાન્તાને બદલે મારુતને લઈ આવ્યો. કહે, લાવી તો માતાજીને રહ્યો હતો, પણ થોડુંક ચાલ્યાં ત્યાં માતાજી સ્કૂટર પરથી પડી ગયાં અને બેસવાનો ઈનકાર કરી દીધો. બધાં સાથે ચાલીને આવી રહ્યાં છે.

સ્કૂટર વિશે હું કંઈ જાણતો નથી. પણ રુદ્રે કહ્યું કે એના સ્કૂટરમાં બે જ ગિયર છે એથી એ ઝટકાની સાથે ગતિ પકડે છે અને ઢોળાવ હોય અથવા વળાંક, એક જ ગતિથી, લગામ તૂટેલા ઘોડાની જેમ, એકધારું ભાગે છે. એને બ્રેક તો છે જ નહીં. એથી એ એને જમીન ઉપર બંને પગ ઢસરડીને થોભાવે છે ! યાત્રા એવી વિકટ હતી કે જિંદગી આખી ભૂલી નહીં શકું. મારી છાતીના વધેલા ધબકારા આજેય યાદ છે. આ ‘‘ભીષણ આહ્‌લાદ"ને ફરીથી લેવા નહીં ચાહું. સલામત રહી શક્યો તો એટલા માટે કે ભાગ્યની મારા ઉપર મહેર રહી.

રામ મિતભાષી હતો અને એનો સ્વભાવ શાંત હતો. જેટલો સંકોચી હતો એટલો જ સાહસી હતો. એનું શરીર કસાયેલું હતું. કાંડા અને બાવડાં જોરાવર હતાં. સ્કૂટર એના મજબૂત હાથની પક્કડમાં રહેતું. એ બેઠી દડીનો હતો. સીટ ઉપર એકદમ આગળ બેસતો અને મને પણ એમ જ કરવાનું કહેતો. સ્કૂટર ઉપર ત્રણ જણના બેસવા પછી પણ ચોથા માણસની જગ્યા રહેતી. એને પડવાનો જરા પણ ભય નહોતો. એ જાણતો હતો કે સ્કૂટર કોઈ પણ ક્ષણે પડી અને પાડી શકે છે. એથી એ સાબદો થઈને બેસતો અને સ્કૂટરના પડવાની રાહ જોતો. એ ન તો ગભરાયો કે ન એણે પ્રયાસ અધૂરો મૂક્યો. મને અહીં સુધી પહોંચાડવામાં એણે અથાગ શ્રમ

લીધો હતો. એના આ કરુણાસભર કૃત્ય થકી હું ભીતર સુધી ભીંજાયો. જ્યારે એ જવા લાગ્યો ત્યારે મારું ગળું રૂંધાઈ ગયું. કંઈ બોલી ન શક્યો, બસ ભેટી જ પડ્યો.

રામ, એની પત્ની અને એનો ભાણેજ – ત્રણે આ જ સ્કૂટર ઉપર આ જ રસ્તે પાછાં જશે. રામને પોતાના વિકલાંગ સ્કૂટર પર ભારે ગર્વ છે. બંને જાણે એકબીજા માટે જ સરજાયાં છે. આજે જ્યારે પાછો વળીને જોઉં છું તો મારી સ્કૂટર-યાત્રા કોઈક પહાડી નદીમાં અચાનક આવેલ પૂર જેવી લાગે છે – પૂર આવ્યું, ઊભરાયું ને ચાલ્યું ગયું !

ખડખડપાંચમ દેહાતી બસે અમને ડિંડોરી પહોંચાડી દીધા. ત્યાંથી જબલપુર માટેની છેલ્લી બસ મળી. જોકે અમને આગળની સીટ મળી હતી, પણ એમાં જેટલા લોકો બેઠા હતા એનાથી ત્રણગણા ઊભા હતા અને રસ્તામાં જે કોઈ મળતું, બસ થોભાવીને કંટક્ટર એને આ જ દોજખમાં ધકેલી દેતો. એક તો ગરમી, તેમાં આવડી ભીડ, આમાં થયું એવું કે અમે હજુ અડધેય નહોતા પહોંચ્યાં ત્યાં કાન્તાનું બ્લડપ્રેશર વધી ગયું અને નાકમાંથી લોહી વહેવા લાગ્યું. એટલું નીકળ્યું કે બે વાર ગમછા બદલવા પડ્યા. હું ખૂબ જ ગભરાઈ ગયો. જ્યારે કલાકેક પછી બંધ થયું ત્યારે જીવમાં જીવ આવ્યો.

હવે સમજાયું કે મારા પગનો મચકોડ અકારણ નહોતો આવ્યો. જો એ ન આવ્યો હોત તો અમે દૂરદરાજના કોઈક નિર્જન ઈલાકામાં ચાલી રહ્યાં હોત અને ત્યાં જો કાન્તાના નાકમાંથી લોહી વહેવું શરૂ થયું હોત તો અમે ક્યાં જાત ને શું કરત ! સાફ સમજાયું કે આ મોટા સંકટમાંથી ઉગારવા માટે જ પેલું નાનું સંકટ આવ્યું હતું. મચકોડ ઈશ્વરના વિધાનનો જ ભાગ હતી.

બસ ટહેલતી ટહેલતી છેક અગિયાર વાગે જબલપરુ પહોંચી. કાન્તાને વહુ-દીકરા બસ-સ્ટૉપથી સીધાં હૉસ્પિટલે લઈ ગયાં. ત્યાં એને બે દિવસ રહેવું પડ્યું, પણ પછી સ્વસ્થ થઈ ગઈ. મને બીજી હૉસ્પિટલે લઈ ગયાં – હાડકાંના ડૉક્ટર પાસે. મચકોડ જ હતી, પણ એને ઠીક થતાં બે મહિના થયા. વહુ-દીકરાઓએ કહ્યું – બસ, હવે કોઈ પરિક્રમા નહીં. અમારા ઉપર વૃદ્ધાવસ્થાની આચારસંહિતા લાગુ થઈ ગઈ. અમે પણ માની ગયાં. હવે અમે ઘરડાં થયાં. પહેલાં જેવું જોમ ન રહ્યું. એથી સૂરમાં સૂર મિલાવીને કહ્યું – હવે વધુ પરિક્રમા નહીં. આવતા ઑક્ટોબર સુધી તો હરગિજ નહીં !



૧૮. બંજર : બંજર તો કાન્હાની રાધા છે

"તમારે બંજરની પરિક્રમા કરવી ન જોઈએ. એ કાન્હા નેશનલ પાર્કમાં થઈને વહે છે. ત્યાંના ગાઢ જંગલમાં વાઘ, જંગલી પાડા અને જંગલી સૂવર જેવાં ખતરનાક જનાવરો છુટ્ટાં ફરે છે. રાતે બંજરનું પાણી પીવા આવે છે અને તમે ચાલ્યા છો એ જ નદીની પરિક્રમા કરવા ! તમને ત્યાં જવાની પરવાનગી જ નહીં મળે."

"પરવાનગી મળી ગઈ છે. વનરક્ષકો અમારી જોડે ચાલશે અને જંગલનો ખતરનાક ભાગ અમને સુરક્ષિત પાર કરાવી દેશે." મિત્ર એવી રીતે બોલી રહ્યા હતા કેમ જાણે હું મરવા માટે તૈયાર બેઠો હોઉં. મેં કહ્યું, "અમે નર્મદાની હજી એક સહાયક નદી બુઢનેરની પરિક્રમા કરી ચૂક્યાં છીએ. મેં જોયું છે કે માસીનો પ્રેમ માના પ્રેમ કરતાં સહેજ પણ ઓછો નથી હોતો."

તેમ છતાં એમનો વિચાર હતો કે હું બહુ મોટી મૂર્ખતા કરવા જઈ રહ્યો છું.

અમારી સાથે ચાલવા માટે દુર્ગથી ફોટોગ્રાફર કાન્તિ સોલંકી અને એમની મિત્ર વિધા ગુપ્તા આવ્યાં છે. કાન્તિ તો પહેલાં પણ અમારી જોડે ચાલી ચૂક્યા છે, પણ વિધા પહેલી વાર ચાલશે. ઊંચા કદની અને આકર્ષક વ્યક્તિત્વવાળી વિધા ક્યારની દાદી બની ચૂકી છે. એ કવયિત્રી છે અને એની કવિતાનાં બે પુસ્તકો પણ પ્રસિદ્ધ થઈ ચૂક્યાં છે. સદાબહાર શરદ વિના તો અમારી યાત્રા થઈ જ ન શકે. એ અમારો સ્થાયી કોષાધ્યક્ષ પણ છે. સામાન ઊંચકવાવાળા ત્રણ ગોંડ યુવાન પણ આવી ગયા છે.

બંજર મંડલામાં નર્મદામાં મળે છે. બસથી મંડલા ગયાં. રહેવા-જમવાની વ્યવસ્થા અનિલભાઈને ઘેર હતી, એથી સીધા ત્યાં જ ગયાં. સવાર થતાં જ નર્મદા અને બંજરના સંગમે ગયાં. ત્યાં સ્નાન કર્યું, વિદાય આપવા આવેલા સ્નેહી મિત્રોથી વિદાય લીધી અને ચાલી નીકળ્યાં. તારીખ હતી ૮ એપ્રિલ ૨૦૦૮. મજાની વાત એ હતી કે જે નદીની અમે પરિક્રમા કરવા નીકળ્યાં હતાં, એના વિશે અમારી પાસે કંઈ જ માહિતી નહોતી.

હવે તો બંજર જ અમારો ધ્રુવતારો. એને જ જોતાં જોતાં ચાલશું.

રાત હિરદેનગરમાં રહ્યાં. બંજરમાં કેટલીય ટ્રક ઊભી હતી અને એમાં રેતી ભરાઈ રહી હતી. બંજરમાં પાણી ખૂબ જ ઓછું હતું, પણ રેતી ખૂબ હતી. બંજરની મુખ્ય પેદાશ રેત છે. સાંજે ઘરની મહિલાઓએ અમને જૂના ઢબનું એક ભજન સંભળાવ્યું–

યમકે દૂત ઠહરો જરા
રામનામ ભજને તો દો.

આપણામાંથી કોઈ પણ આ વાતનો ઈનકાર નહીં કરી શકે કે યમના દૂતે તો પર્યાપ્ત સમય આપ્યો હતો પ્રભુ-સ્મરણ માટે, પરંતુ આપણે જ એ સમયને બીજા કામમાં ખર્ચી નાખ્યો અને હવે નવો સમય માગી રહ્યાં છીએ !

સવારે આગળ ચાલ્યાં. રસ્તામાં શેરડીનું ખેતર આવ્યું. માથોડાથી ઊંચી શેરડીના વાઢમાં ગોળ બની રહ્યો હતો. અમે શેરડીનો રસ તો પીધો જ, નવશેકો ગોળ પણ ખાધો. રાત કાતામાલની પાઠશાળામાં રહ્યાં. સૂવાની તૈયારી કરી રહ્યાં હતાં ત્યાં ત્રણ ગ્રામીણ આવ્યા. એકે

કહ્યું, ''સાંભળવા મુજબ તમે બંજરમૈયાના ઉગમ સુધી પગપાળા જઈ રહ્યા છો. તમે અમારે ગામે પધાર્યા, અમે ધન્ય થયા. કૃપા કરીને કાલે પણ રોકાજો.''

''ના ભાઈ, સવારે અમે નીકળી જઈશું. દૂર જવું છે. સામે કાંઠેથી પાછુંય આવવું છે.''

''કાલે તમે કેવી રીતે જઈ શકો ? અમને તમારું સ્વાગત કરવાનો અવસર તો આપો. જુઓ કેવી ધામધૂમથી અમે તમારું સ્વાગત કરીએ છીએ. પછી પરમ દિવસે વાજતે-ગાજતે વિદાય આપશું. તમે તમારી મરજીથી આવ્યા છો, હવે અમારી મરજીથી જશો.''

એનું આતિથ્ય એવું તો ઉગ્ર અને આક્રમક હતું કે સમજમાં ન આવ્યું કે એને શો જવાબ આપું. મહામુશ્કેલીએ એ ભક્તથી જાન છોડાવ્યો. એ પીધેલો હતો. જ્યાં મહુડા હોય ત્યાં દારૂ હોય જ.

સવારે ચાલ્યાં ત્યારે હવા ગરમ અને થંભેલી હતી. રસ્તાની બંને બાજુએ મહુડાનાં મોટાં મોટાં વૃક્ષ હતાં. મહુડા ટપકતા રહે છે. ગ્રામનારીઓ મહુડા વીણતી રહે છે. એની માદક ગંધથી હવા મહેકી ઊઠી છે. રાત કુટવાહીમાં રહ્યાં. વહેલી સવારે અંધારામાં જ ઘરની સ્ત્રીઓ અને બાળકો મહુડા વીણવા ચાલ્યાં ગયાં એટલે અમે પણ નીકળી પડ્યાં. થોડી વારમાં મોચા પહોંચી ગયાં. અહીંથી કાન્હા માત્ર છ કિલોમીટર દૂર છે. કાન્હાનું રાષ્ટ્રીય ઉદ્યાન એના વાઘ માટે આખી દુનિયામાં પ્રસિદ્ધ છે. દેશ-વિદેશથી એટલા બધા પર્યટકો આવે છે કે એમના રહેવા માટે નવા-નવા રિસોર્ટ બનતા જ જાય છે. કેટલાક એટલા મોંઘા કે એક માણસ માટેના એક રૂમનું એક દિવસનું ભાડું વીસ હજાર રૂપિયા !

મોચાથી કાન્હાના જંગલનો બફર ઝોન શરૂ થઈ જાય છે. એ કોર ઝોન માટે ઢાલનું કામ કરે છે. એ કોર ઝોનને ચોપાસથી ઘેરી લે છે. કોર ઝોન એટલે મુખ્ય જંગલ. ત્યાં હિંસક પશુઓ છુટ્ટાં ફરે. એમાં વગર પરવાનગીએ કોઈ જઈ ન શકે.

છેવટે અમે કાન્હા આવી ગયાં. નામદેવજીએ અમારે માટે બધી વ્યવસ્થા પહેલેથી જ કરી રાખેલી. સાંજે નાનો પુત્ર નીરજ અને એનો મિત્ર શકરગાય ગળામાં કૅમેરા લટકાવીને આવી ગયા. સવારે જિપ્સીમાં બેસીને અમે ચાર કલાક સુધી ઉદ્યાનના સઘન વનક્ષેત્રે(કોર ઝોન)માં ફરતાં રહ્યાં. અહીંનું ગાઢ વન કોઈક દેવાલય જેવું લાગતું હતું. અહીં સડકો છે અને એના ઉપર પર્યટકોને લઈને જિપ્સીઓ (મોટી જીપો) ફરતી રહે છે. આ ઉદ્યાનમાં વાઘને પરમ પવિત્ર માનવામાં આવે છે. માત્ર વાઘ જ નહીં, જંગલી પાડા (બાઈસન), જંગલી સૂવર, બારશીંગાં (સાબર), ચીતળ, લંગૂર તથા બીજાં કેટલાંય પ્રાણીઓનો આ ઉદ્યાન નંદનકાનન છે. બાર શિંગડાંવાળો બારશીંગાં તો માત્ર કાન્હામાં જ છે. જંગલી પાડામાં ગજબની તાકાત હોય છે. બે-ત્રણ વાઘ મળીને જ એને મારી શકે અને જંગલી સૂવર જેવું બહાદુર પ્રાણી તો ભાગ્યે જ કોઈ હોય. એને જો લલકારવામાં આવે તો સામે ગમે તેટલા વિશાળ આકારનું પ્રાણી કાં ન હોય, મેદાન મૂકીને ભાગવાનું તો એ શીખ્યું જ નથી. જ્યારે હરણ અહીંનું સૌથી રાંક પ્રાણી છે. સહેલાઈથી બીજા જનાવરોનો કોળિયો બની જાય છે. વચ્ચે આવેલાં ખુલ્લાં હરિયાળાં મેદાન સમસ્ત ક્ષેત્રને સહજ સૌંદર્ય પ્રદાન કરે છે.

અમને કહેવામાં આવ્યું હતું કે અમે ચૂપ રહીએ અથવા ધીમે બોલીએ. આજુબાજુની શાંતિથી સંવાદ જાળવતાં અમે ચારે બાજુએ ઉત્સુકતાથી જોઈ રહ્યાં હતાં – વખતે વાઘ અથવા બાઈસન દેખાઈ જાય ! પોતાનો રાજસી મુકુટ પહેરેલા બારશીંગાં જોયાં, કૂણું ઘાસ ચરતાં હરણનાં તો ઝુંડના ઝુંડ જોયાં, થનગનતા મોર જોયાં, પરંતુ વાઘ ક્યાંય ન દેખાણો. જિપ્સીવાળો અમને એ રસ્તા પર પણ લઈ ગયો, જ્યાં વાઘ મોટે ભાગે મળે જ; પરંતુ વ્યાઘ્રદર્શન ન થયું તે ન જ થયું. કોઈક બૂઢો, માંડ-માંડ ચાલી શકતો સેવાનિવૃત્ત વાઘ પણ જો દેખાઈ જાત, તો અમે સંતોષ કરી લેત. કહે છે કે વનમાં વ્યાઘ્ર-દર્શન તો દેવ-દર્શન સમાન હોય

છે, પરંતુ તે દિવસે અમને તો શું, કોઈનેય વાઘ ન દેખાણો. હાથી ઉપર બેઠેલા પર્યટકોને પણ નહીં.

ઊધઈના માથોડા ઊંચા રાફડા જોયા. નાનું શું જંતુ, પણ પોતાની તુચ્છ કાયાના પ્રમાણમાં હજારગણાં ઊંચાં ભવન બાંધી જાણે છે – કંઈ પણ સરંજામ વગર. આ એનો અભેદ્ય દુર્ગ છે. એક ઠેકાણે તો ઊધઈની કૉલોની જ હતી. સુગરીનો માળો અને ઊધઈનો રાફડો – સ્થાપત્ય કળાના આ બે ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. વાંસના ઝુંડ છે. કેટલાક વાંસ તૂટીને પડ્યા હતા અને સડી રહ્યા હતા. મેં વન-રક્ષકને કહ્યું કે તમે આને ફેંકી કેમ નથી દેતા, તો એણે કહ્યું કે આખા ઉધાનમાં જે ચીજ જેવી છે, એવી ને એવી જ રહેવા દેવામાં આવે છે. અહીં પ્રકૃતિ સાથે જરા પણ છેડછાડ કરવામાં નથી આવતી.

આ એક દિલચસ્પ મુદ્દો હતો. આ પ્રકૃતિની સંપ્રભુતાનું સન્માન હતું. પ્રકૃતિને જો અક્ષુણ્ણ રાખવી હોય તો દરેક ચીજને એની પ્રાકૃત અવસ્થામાં જ રહેવા દેવી જોઈએ. એક મોટા અધિકારીએ મને કહ્યું કે અહીં એટલા બધા પર્યટક આવે છે અને એટલી બધી જિપ્સીઓ દોડે છે કે આનાથી ત્રાસીને એક દિવસે વાઘ ગાયબ થઈ જશે. કોઈક દિવસે અમારે કહેવું પડશે–

અજનબી પર્યટક, આ બાગમાં કદમ ન મૂકતો
વાઘનું દિલ દુભાશે
બાઈસનને માઠું લાગશે
તમારી જિપ્સીઓના ધુમાડાથી તેઓ જખમી થાય છે.

અહીં આવતા પર્યટકો વાઘ અને બાઈસન જોવાના લોભમાં અહીંના સઘન શાલવનના સૌંદર્યને જોવાનું લગભગ ભૂલી જાય છે. અઢળક વનશ્રીથી સભર એવા આ સ્થળનું અનેરું આકર્ષણ છે અહીંનાં ઉત્તુંગ શાલવૃક્ષો. કાન્હા એટલે આંખને આહ્‌લાદક અને લાવણ્યથી ભરપૂર શાલવન. દુર્ભાગ્યથી મનુષ્યોની નિરંતર વધતી જતી વસતીને લીધે ઘણાં ખરાં જંગલ તો કપાઈ ચૂક્યાં છે.

હજી પર્યટકોની ભીડ શરૂ નથી થઈ. મોટા ભાગના રિસોર્ટ ખાલી પડ્યાં છે, પરંતુ ઉનાળાની રજા શરૂ થતાં જ સહેલાણીઓનાં ટોળેટોળાં ઊમટશે. ચોમાસામાં ત્રણ મહિના માટે ઉધાન પર્યટકો માટે બંધ કરી દેવામાં આવે છે.

વનની વચ્ચે આવેલ મ્યુઝિયમ જોઈને અમે પાછા અમારે ઉતારે આવ્યા અને થેલા ઉપાડીને ચાલી નીકળ્યા. પાછા મોચા આવ્યા. આગળ જઈને સડક મૂકી દીધી અને બંજરના કાંઠે કાંઠે ચાલ્યાં. બંજરમાં એક હાથી નાહી રહ્યો હતો. પાસે મહાવત ઊભો હતો. આળોટી શકે એટલું પાણી નહોતું એથી સૂંઢમાં પાણી ભરીને પોતાના શરીર ઉપર એની ફુહાર છોડતો હતો, જાણે શાવર-બાથ લઈ રહ્યો હતો.

વિધા ગુપ્તાનો રંગ શ્યામ છે. એને ડર છે કે તડકામાં ચાલવાથી એની ત્વચા કાળી પડી જશે. એથી પૂરા મનોયોગથી ત્વચાની સંભાળ લીધા કરતી. કેટલીય જાતના લોશન અને ક્રીમ લગાડતી. છજ્જાવાળી ટોપી પહેરતી. પોતાને માથાથી લઈને પગ સુધી કપડાંમાં વીંટાળી રાખતી. વસ્ત્રોની આ અભેદ્ય દીવાલથી ટકરાઈને તડકો બાપડો પાછો ચાલ્યો જતો. લોકો જેમ સાપ-નોળિયાની લડાઈ જુએ, તેમ અમે તડકો અને વિધાની લડાઈ જોતા હતા. પરંતુ હવે ચારેક દિવસ પછી એ તડકાને સહજતાથી લેવા લાગી છે ને એનાં ઢાંકણઢૂંબણ પણ ઓછાં થયાં છે. વચ્ચે વચ્ચે પોતાની કવિતાઓ સંભળાવતી રહેતી. અમે એ રસપૂર્વક સાંભળતાં.

રાત સરેખામાં રહ્યાં. સવારે ચાલ્યાં તો ત્રણ વનરક્ષક અમારી સાથે ચાલ્યા. ખાપાથી કાન્હાના જંગલનો કોર ઝોન શરૂ થઈ ગયો. અમારા આ રોમાંચક અભિયાનને લઈને અમે સૌ ખૂબ ઉત્તેજિત છીએ – હવે અમે અસલી જંગલ જોડે ટક્કર લેવા જઈ રહ્યાં છીએ ! બીક પણ લાગતી હતી અને મજા પણ આવતી હતી. કાલે અમે વાઘ જોવા માટે તલસતાં હતાં, આજે મનાવી રહ્યાં હતાં કે હવે વ્યાઘ્ર-દર્શન ન થાય ! શાલવનમાં વહેતી બંજર ઉપર બંને કાંઠાનાં વૃક્ષો વાયુના વીંઝણા ઢોળી રહ્યાં હતાં. મીઠી, મોહક, નમણી નદીને જોઈને થયું કે બંજર તો કાન્હાની રાધા છે !

આગળ-પાછળ ચાલતાં ને અહીંનું અણબોટ માધુર્ય માણતાં જઈ રહ્યાં હતાં. ક્યારેક અમે અમારા અવાજથી હરણોને ચોંકાવી દેતાં. એક ઠેકાણે એક કળાયેલ મોરને જોઈને રાજી રાજી થઈ ગયાં. એક ઠેકાણે એક ગજરાજ બંજરમાં સ્નાન કરી રહ્યા હતા. કોયલના ટૌકા તો સંભળાતા જ રહે છે. વિધાએ કહ્યું, “અહીં કેટલી શાંતિ છે ! ઠીક એવી, જેવી મેં કલ્પના કરેલી.”

મવાલા નાકું વટાવી ચૂક્યાં હતાં. સાથે ચાલતા ત્રણે વન-રક્ષકોએ અચાનક દોટ મૂકી. અમે કંઈ સમજ્યાં નહીં. ક્યાંક વાઘ તો નથી આવી ગયો ! ત્યાં જ થોડે દૂર ધુમાડો દેખાયો, પછી આગની જ્વાળા. તો એમણે આગ ઓલવવા માટે દોટ મૂકી હતી ! એમને કદાચ ધુમાડાની વાસ આવી હશે. (તેઓ ઘાસમાં થતી ધીમામાં ધીમી સરસરાટ પણ સાંભળી શકે છે. વાઘની ત્રાડ સાંભળીને કહી શકે કે એ ભૂખ્યો છે, ઉદાસ છે અથવા અમસ્તો ગર્જના કરી રહ્યો છે.) આગ ફેલાઈ રહી હતી અને ભડભડાટ સળગી રહી હતી. મને થયું, આગ ઓલવવા માટે આ લોકો પાણી ક્યાંથી લાવશે ? પરંતુ આગ બુઝાવવાનો એમનો નુસખો એકદમ સરળ હતો. આગ વૃક્ષોની નીચે પડેલાં સૂકાં પાંદડાંમાં લાગે છે. આગથી થોડે દૂરનાં પાંદડાંને તેઓ ડાળખીથી વાળી દૂર કરી દેતા. પાંદડાં વિનાની આ પટ્ટી પાસે આવીને આગ અટકી જતી અને પોતાની મેળે બુઝાઈ જતી. અમે પણ આ કામમાં મદદ કરવાં લાગ્યાં. વન-રક્ષકો પાસે એક પણ હથિયાર નથી હોતું, પણ વાયરલેસ સેટ હોય છે. પાસેની ચોકીને જાણ કરી દીધી એટલે ત્યાંથી પણ લોકો આવી ગયા. વનરક્ષકોએ આગ ઓલવવામાં જે તત્પરતા દાખવી હતી એ જોઈને અમે ચકિત રહી ગયાં. તેઓ સાચા અર્થમાં આ વનોના પ્રહરી છે.

જ્યારે બધાં આગ બુઝાવી રહ્યાં હતાં, ત્યારે અમારા ફોટોગ્રાફર આગની જ્વાળાઓના ફોટા પાડી રહ્યા હતા ! પ્રેસ-ફોટોગ્રાફરનું કામ મરતા માણસને બચાવવો નહીં, પણ એના ફોટા પાડવા એ છે ! અને પછી પૂછવું કે “અભી આપકો કૈસા લગ રહા હૈ ?”

આગ બુઝાઈ ગઈ એટલે અમે આગળ ચાલ્યાં. શકરગાય આગળ હતો. એક ઠેકાણે બેવડ વળીને સડક પર પડેલી કોઈ ચીજનો ફોટો પાડી રહ્યો હતો. પાસે જઈને જોયું તો વાઘના પંજાનાં તાજાં નિશાન હતાં. એ પાસે વહેતી બંજરનાં પાણી પીને ગયો હતો. અડધા કલાક પછી શકરગાય વળી પાછો ઝૂકીને બહુ ધ્યાનથી કૅમેરાને કોઈક ચીજ ઉપર ફોકસ કરી રહ્યો હતો. પાસે જઈને જોયું તો વાઘની વિષ્ટા હતી !

(મારા મિત્ર ગૌતમનું નાગપુરની નજીક એક ફાર્મ છે. એમાં એ તરેહ-તરેહનાં ફૂલોની ખેતી કરે છે. એ જંગલી સૂવરના ઉપદ્રવથી પરેશાન હતા. આવું જ ફાર્મ બાજુમાં હતું, પણ ત્યાં સૂવરોનો જરા પણ ઉત્પાત નહોતો. ફાર્મના માલિકનું નામ હતું વાઘમારે ! તો શું આ નામનો પ્રતાપ હતો ? પૂછવાથી એમણે કહ્યું, “નાગપુરના પ્રાણીબાગમાંથી હું વાઘની વિષ્ટા અને મૂત્ર લઈ આવું છું. પછી ચારે બાજુએ વાડ પાસે વેરી દઉં છું. બસ આની ગંધને લીધે સૂવર નથી આવતા.” ગૌતમે પણ આમ જ કર્યું ને સૂવરોનું આવવું બંધ થઈ ગયું. વાઘમારેએ સૂવરોને કેવા બુદ્ધુ બનાવ્યાં !)

કિવાડ-ડબરા ચોકી પહોંચતાં સાંજ થઈ ગઈ. અમારે મુક્કી પહોંચવું જોઈતું હતું, પણ રાતે ચાલવામાં જોખમ હતું. એથી ત્યાં જ રહી ગયાં. થોડી વારમાં એ સ્થળ અંધારામાં લપેટાઈ ગયું. ચારે બાજુ ભયપ્રેરક નિસ્તબ્ધતા હતી. દરેક રાત એક ચમત્કાર લઈને આવે છે – તારે મઢ્યું આકાશ ! મને થયું આકાશગંગા તારાઓનું કોર ઝોન છે, બાકીનું બફર ઝોન !

કાજળકાળી રાત હતી. મીણબત્તીના આછા પ્રકાશ સિવાય બીજો કોઈ પ્રકાશ નહોતો. રસોઈ પતાવીને ચોકીદારની વાતો સાંભળતા બેઠા હતા. ત્યાં તેજ રોશની ફેંકતી એક મોટી ગાડી આવીને ઊભી. હું આશંકિત થયો. ગાડીમાંથી બે અધિકારી ઊતર્યા. તીવ્ર સ્વરે બોલ્યા, “તમે અહીં કેમ રોકાઈ ગયા ? મુક્કીમાં તમારી વાટ જોવાય છે. મોટા સાહેબ નારાજ થઈ રહ્યા છે. ચાલો, તમારે અત્યારે જ ચાલવું પડશે.”

“જંગલમાં આગ લાગી હતી. એને બુઝાવવામાં જ મોડું થયું, નહીં તો અમે સાંજ સુધી મુક્કી પહોંચી ગયા હોત.”

“ઠીક છે, પણ હવે ચાલવું પડશે.”

“જુઓ, અમે બંજરની પરિક્રમા કરી...”

“કોર ઝોનમાં કોઈ રાત ન રહી શકે, ચાલો.” આ આદેશ હતો. આનું પાલન તો થવું જ જોઈએ. અમારાં મોં પડી ગયાં. અહીં અમને રાત રહેવા દેવાનું જોખમ તેઓ ઉઠાવી ન શકે. અમે સૌ ગાડીમાં ગોઠવાઈ ગયાં. અમને જાણે કડક જાપ્તામાં લઈ જવામાં આવી રહ્યાં હતાં. હું અંધારામાં ટીકી-ટીકીને જોઈ રહ્યો હતો – કદાચ વાઘ દેખાઈ જાય ! મુક્કી છ કિલોમીટર દૂર હતું. ત્યાં પહોંચતાં જ બોલ્યો, “આવો, આપણે સૌ મળીને પોક મૂકીએ !”

પણ એક ઉપાય સૂઝ્યો. સવાર થતાં જ રેંજર રજનીશસિંહને કહ્યું, “અમે બંજરની પરિક્રમા કરી રહ્યાં છીએ. માત્ર છ કિલોમીટર માટે અમારી પરિક્રમા ખંડિત થઈ ગઈ. જો તમે તમારી ગાડીમાં અમને પાછા ત્યાં પહોંચાડી દો, તો અમે ત્યાંથી પગપાળા આવીએ અને અમારી પરિક્રમા ખંડિત થતાં બચી જાય.” એ તરત માની ગયા. એ જ ગાડીમાં બેસીને પાછા કિવાડ-ડબરા ગયા. સવારના તડકામાં વનાચ્છાદિત બંજર એવી તો મીઠડી લાગતી હતી ! અહીં નાહ્યા વગર કેમ રહેવાય ? અહીં નાહવું બહુ રોમાંચક રહ્યું. રખેને વાઘ કે બાઈસન આવી જાય – એવા ભયમિશ્રિત કુતૂહલ અને આનંદની લાગણી સાથે નાહ્યાં. પછી નદીથી લાગેલી કાંકરિયાળી સડક પર ચાલીને પાછા મુક્કી આવ્યાં.

મને એક ઘટના યાદ આવી. એક સરકારી કચેરીમાં એક અરજી આવી. કચેરીએ આ ટિપ્પણી સાથે એને પાછી વાળી – અમારા નિયમ મુજબ તમારી અરજી રજિસ્ટર્ડ પોસ્ટથી આવવી જોઈતી હતી. તમે એ સાદી ટપાલથી મોકલી છે. એથી એ પાછી મોકલવામાં આવે છે. હવે તમે એને રજિસ્ટર્ડ પોસ્ટથી મોકલો.

એ જે હોય તે, અમારી પરિક્રમા ખંડિત થવાથી બચી ગઈ. આની સાથે અમારું કાન્હાના કોર ઝોનનું સત્ર સમાપ્ત થયું.



૧૯. બંજર : બંજરનું ઉદ્‌ગમ બંજારપુર

ગાઢ જંગલમાંથી નીકળીને બંજર ખુલ્લા મેદાનમાં આવી ગઈ છે. જંગલનો જામો ઊતરતાં જ એ સાધારણ દેખાવા લાગી છે. એવું લાગે છે કે એની હેસિયત ઓછી થઈ ગઈ છે. હવે એમાં પહેલાં જેવું સમ્મોહન ન રહ્યું. કેમ જાણે જંગલની બંજર અને મેદાનની બંજર બે જુદી-જુદી નદી ન હોય !

જ્યાં સુધી જંગલમાં હતાં, જાણે ભગવાનના દેશમાં હતાં. જે કંઈ જોતાં, સ્વયં ભગવાનનું બનાવેલું હતું. ત્યાંની હરિયાળી જોઈને મન પણ લીલુંછમ થઈ જતું. મુક્કીથી ચાલ્યા એટલે જંગલ પાછળ રહી ગયું. વનપ્રદેશ ઝાડીમાં બદલાઈ ગયો અને પછી ઝાડી પણ પાછળ રહી ગઈ. દૂર, ઉઘાડા મેદાનમાં શાલનું એક મોટું વૃક્ષ એ રીતે ઊભું હતું કેમ જાણે એને જંગલમાંથી હાંકી કાઢવામાં આવ્યું હોય.

સમનાપુરમાંથી જઈ રહ્યાં હતાં ત્યાં પાછળથી કાન્તિભાઈએ બૂમ મારી, ‘‘વેગડજી, આ માણસ તમને ઓળખે છે.’’

મને બહુ નવાઈ લાગી. પાસે જઈને ધ્યાનથી જોયું, પણ ઓળખી ન શક્યો. ત્યારે એણે જ કહ્યું ‘‘તમે જ્યારે બુઢનેરની પરિક્રમા કરી રહ્યા હતાં, ત્યારે એક દિવસ હું તમારી સાથે...’’

‘‘કોણ ધુર્વે ?’’ આ સંયોગ ઉપર હું ચકિત હતો. ‘‘માફ કરજે ભાઈ. તારા જેવા સાહિત્યપ્રેમીને હું કેવી રીતે ભૂલી શકું ? બુઢનેરના પ્રવાસવર્ણનમાં મેં તારું વર્ણન બહુ પ્રેમથી કર્યું છે, પણ તું અહીં કેવી રીતે ?’’

‘‘ગુરુનાં દર્શન કરવા આવ્યો હતો.’’ થોડી બીજી વાતો પણ થઈ, પરંતુ એની સાથે બીજા પણ હતા એથી એને જવું પડયું. ગામની બહાર આવેલી ભીમની લાટ જોઈને અમે આગળ વધ્યાં. આજે રામનવમી છે. પગદંડી પર જતી ગ્રામનારીઓનાં ટોળેટોળાં જોવાં મળ્યાં. કોઈક મંદિરેથી આવી રહી હતી. વાતાવરણ ઉત્સવમાં તરબોળ હતું. અમે એમના આનંદ-ઉલ્લાસથી અલિપ્ત ન રહી શક્યાં.

સાંજે બહરાખાર પહોંચ્યાં. દિવસે જેટલો તાપ, રાતે એટલો જ ઠાર. રાતે ઠંડીના લીધે બધાંના બૂરા હાલ હતા. બીજે દિવસે બપોરે પલ્હેરા પહોંચ્યાં. સ્વામી મૈત્રેયના મિત્ર યશવંત પટેલ અહીં અમારી રાહ જોઈ રહ્યા હતા. એમણે અહીં અમારી રહેવાની વ્યવસ્થા કરી રાખી હતી. અહીંથી વિધા, નીરજ અને શકરગાય ઘેર ચાલ્યાં ગયાં. વિધા જ્યારે જવા લાગી તો એનો શ્યામલ ચહેરો આંસુઓથી ભીંજાઈ ગયો. કાન્તાનો કંઠ રૂંધાઈ ગયો. વિધાને સાંત્વના આપવા માટે એને શબ્દ નહોતા મળતા.

એમના ગયા પછી યશવંત અમને રાનીધાર લઈ ગયા. અહીં બંજરના પાણીને એક કુંડમાં રોકવામાં આવ્યું છે. અહીંથી એને પાઈપ-લાઈન મારફતે મલાજખંડ પહોંચાડવામાં આવે છે. ત્યાં ભારત સરકારની ત્રાંબાની ખાણો છે. પહેલી વાર બંજરમાં ડૂબકી લગાવવા લાયક પાણી મળ્યું. આસપાસની કેટલીયે મહિલાઓ જવારા તારવા આવેલી. કાન્તિના કૅમેરાની ક્લિકનો અવાજ વારે વારે સંભળાતો રહ્યો. પાછા આવતાં રાત થઈ ગઈ. સ્વામી મૈત્રેય આવી ચૂક્યા હતા. એ મલાજખંડ પાસે દમોહમાં રહે છે. આ બાજુ એમનો સારો પ્રભાવ છે. થોડા

સમય પહેલાં જબલપુર આવેલા ત્યારે એમને મળવાનું થયું હતું. યુવાન, સુંદર, મૃદુભાષી અને પ્રકૃતિપ્રેમી સ્વામીજીથી હું બહુ પ્રભાવિત થયો હતો. એમણે કહેલું કે જો તમે બંજરની પરિક્રમા કરશો તો હું કેટલેક ઠેકાણે તમારી રહેવાની વ્યવસ્થા કરીશ. એમણે પોતાનું વચન બરોબર પાળ્યું.

સવારે ચાલ્યાં તો વિધાની ગેરહાજરી અનુભવી. એ જ્યારે પોતાની કવિતાઓ સંભળાવતી ત્યારે એની દરેક કવિતા પર અમે તાળી વગાડતાં કેમ કે એની કવિતા અમને સમજાતી હતી, નહીં તો આ તો દુરૂહ કવિતાઓનો યુગ છે. અમારી પ્રશંસાથી પોરસાઈને એ બેવડા ઉત્સાહથી એક પછી એક મોતી પરોવ્યે જતી. પરંતુ આની સાથે ગરબડ એ થઈ કે એનું જોઈને કાન્તિ પણ કવિતા કરવા લાગ્યા ! હવે ભલા રાત વચ્ચે કોઈ કવિ થઈ શકે ? (લૉટરી લાગે તો રાત વચ્ચે તાલેવંત થઈ શકાય, પણ કવિ તો ન જ થઈ શકાય.) એ વિધાની કવિતાની પેરોડી કરતા અને આમ કરીને એની કવિતાનો છૂંદો કરી નાખતા. અમે એમને ઘણાં વાર્યા, આજીજીય કરી; પણ જ્યારે ન જ માન્યા ત્યારે અમે એમને કવિની ફરજ પરથી ફારેગ થઈ જવા ફરમાવ્યું. (કવિઓની દાદાગીરી કંઈ ઓછી હોય છે !) વિધાના જવાથી એમને મોકો મળી ગયો છે. વચ્ચે વચ્ચે પોતાનાં જોડકણાં સંભળાવતા રહે છે. એમના મન પરથી કવિતાના પોપડા હજી ખર્યા નથી.

દસ વાગતાં ખર્રાધાર પહોંચી ગયાં. કાલે રાનીધાર તો આજે ખર્રાધાર. અહીં બંજર ચટ્ટાનો વચ્ચેથી વહે છે. ચટ્ટાનોમાં મોટા મોટા ગહ્વર (ખાડા) છે. આ કારીગરી પાણીની છે. એ એણે શિલાઓને કોરીને બનાવ્યા છે. કાન્તા અને હું એક એક ખાડામાં બેસી ગયાં. પહેલાં તો લાગ્યું જાણે અમે મોટા નગારામાં બેઠાં છીએ, પરંતુ તપ્ત ચટ્ટાનોને લીધે થોડી વારમાં જ સમજાયું કે અમે કોઈક સળગતી સગડીમાં બેઠાં છીએ. તેમ છતાં અમને આ અગ્નિકુંડમાંથી બહાર નીકળવાની કોઈ ઉતાવળ નહોતી કેમ કે કાન્તિ ધડાધડ (અથવા આડેધડ) અમારા ફોટા પાડી રહ્યા હતા ! કાન્તિ કવિ જેટલા ઘટિયા છે, ફોટોગ્રાફર એટલા જ બઢિયા છે.

નહાઈધોઈને પાસેનાં વૃક્ષો નીચે બેસીને સવિતાની રાહ જોવાં લાગ્યાં. સવિતા કાન્તાની એટલે મારી પણ ભત્રીજી છે. એ દુર્ગમાં રહે છે અને દુર્ગ અહીંથી વધુ દૂર નથી. અમને મળવા એની સહેલી સાથે પોતાની કારમાં આવી. આવતાંની સાથે જ ધબ્બ દઈને બેસી ગઈ અને છેક સુધી ટસથી મસ ન થઈ. મેં કહ્યું પણ ખરું કે સવિતા, પાસે જ બંજર વહી રહી છે, જરા ચાલીને એક ઝલક જોઈ તો લે, તો એણે કહ્યું કે મારે શું મરવું છે કે આવા ધોમ તડકામાં એને જોવા જાઉં !

ખેર, અહીં સુધી તો ઠીક રહ્યું, પણ જતાં પહેલાં એક એવું કામ કરતી ગઈ કે અમે આજ સુધી એને માફ નથી કરી શક્યાં – એ કાન્તિને ઉપાડી ગઈ ! આ અમારી આંખની સામે થયું અને અમે કાંઈ કરી ન શક્યાં. શું કરતા – મિયાં બીબી રાજી તો ક્યા કરેગા કાજી ! સવિતા કાન્તિને પત્ની છે ને ! આશા હતી કે એક બે દિવસમાં કાન્તિ પાછા આવી જશે, પણ એ આશા ઠગારી નીવડી. (એમણે તો ઘણુંય આવવા ઈચ્છ્યું હશે, પરંતુ સવિતાનાં રૂસણાં થકી નહીં આવી શક્યા હોય.)

આ બાજુ શરદની પત્ની નિશા પણ સક્રિય થઈ ગઈ છે. શરદના મોબાઈલ પર વારંવાર એને ઘરે આવવા માટે કહી રહી છે. (વિરહિણી યક્ષિણીઓ !) શરદે એની વાત પર ધ્યાન ન આપ્યું એટલે અમારા ઘરના સભ્યો મારફતે કહેવડાવ્યું, પરંતુ શરદ ન ગયો. ન જઈને એણે ઠીક જ કર્યું, કેમ કે એ અમારો શ્રવણકુમાર છે. એના જ ભરોસે અમારી યાત્રાઓ થઈ રહી છે. નિશા પોતાના અભિયાનમાં અસફળ રહી એનું અમને દુ:ખ છે. જોકે ભૂલ એની જ છે. આવા કામ ભલા મોબાઈલથી થાય ? આને માટે તો સવિતાની જેમ અભિસારિકા થઈને

આવવું પડે. આ યુગની અભિસારિકા કારમાં બેસીને આવે તો પણ ચાલે.

રાત બિઠલીમાં રહ્યાં. હવે છત્તીસગઢ શરૂ થઈ ગયું છે. બપોર સુધીમાં બહેરાખાર આવી ગયાં. અહીં બંજરની સહાયક નદી ઉપર એક બંધ બનેલો છે. પાટિયા ઉપર લખ્યું છે – બહેરાખાર મધ્યમ જલાશય. જોકે જલાશય મોટું છે અને આ ઉનાળામાં પણ એમાં સારું પાણી છે. આનું પાણી બંજરમાં જાય છે જેથી બંજરમાં પૂરતું પાણી રહે અને મલાજખંડને પાણીની આપૂર્તિ બરાબર થતી રહે. આને જોઈને મને થયું કે બંધ ક્યાંક નદીના વૃક્ષ પર લાગેલો મધપૂડો તો નહીં હોય ! (પરંતુ એટલા બધા પણ ન હોવા જોઈએ કે એમના થકી વૃક્ષ જ ન દેખાય. દુર્ભાગ્યથી નર્મદાની સાથે આ જ થઈ રહ્યું છે.)

રાત ખારામાં રહ્યાં. આ બાજુ દોસ્ત બનાવવાનો એક અભિનવ રિવાજ છે. જે બે જણનાં મન મળી જાય, એક સાદા અનુષ્ઠાન દ્વારા તેઓ આખી જિંદગી માટે પાકા દોસ્ત બની જાય. આ દોસ્ત ભાઈ કરતાંય વધીને હોય અને દરેક સુખ-દુ:ખમાં એકબીજાનો સાથ આપે. લગ્નમાં, તહેવારોમાં એટલે સુધી કે અંત્યેષ્ટિમાં પણ હાજર રહે. એકબીજાને નામથી ન બોલાવે. કોઈક એક નામ નક્કી કરે અને એકબીજાને એ જ નામથી બોલાવે. જે ગ્રામીણ અમને અહીં લાવ્યો હતો, આ એના આ જ રીતે બનેલા દોસ્તનું ઘર છે. બંને એકબીજાને "મહાપ્રસાદ" કહીને બોલાવે છે. ક્યારેક તો આ દોસ્તી આગલી પેઢી સુધી ચાલે છે. આ લોહીનો નહીં, પોતાની મરજી મુજબ કરેલો આત્માનો સંબંધ છે.

જેના ઘરે રોકાણાં હતાં એ "મહાપ્રસાદ"નું મૂળ નામ રામપ્રસાદ છે. એની દીકરીએ પ્રથમ વર્ષની પરીક્ષા આપી છે. મેં એને કહ્યું, "તારું હિન્દીનું પાઠ્યપુસ્તક બતાવ જોઈએ." એણે કહ્યું, "મારી પાસે પાઠ્યપુસ્તક નથી. ગાઈડથી કામ ચલાવ્યું." જેવી રીતે ખોટો સિક્કો સાચા સિક્કાને ચલણમાંથી બહાર કરી દે છે, એ જ રીતે ગાઈડ પાઠ્યપુસ્તકને બહાર કરી દે છે. થોડે દૂર બંજર વહે છે. ત્યાં જઈને સ્નાન કરી આવ્યાં. પાણી એટલું ઓછું હતું કે લોટોય ડૂબતો નહોતો.

બપોરે સાલ્હેવાડા પહોંચ્યાં. સ્વામીજીએ અમારી વ્યવસ્થા અહીંના વિશ્રામ-ગૃહમાં કરેલી. વરંડામાં સામાન મૂક્યો ને ત્યાં જ આરામ કરવા લાગ્યાં. થોડી વારમાં એક જવાન આવ્યો અને જરા પણ હાવભાવ વગર કર્કશ સ્વરે બોલ્યો, "આ સરકારી વિશ્રામગૃહ છે. તમે અહીં કોની અનુમતિથી બેઠા છો ? પાસે જ પોલીસ થાણું છે. પહેલાં તમારે ત્યાં આવવું જોઈતું હતું." એનો અવાજ કડક અને તોછડો હતો, એના સ્વરમાં પ્રચ્છન્ન ધમકી હતી.

મેં ટૂંકમાં અમારે વિશે કહ્યું, "ઠીક છે, બીજી વાર આવો ત્યારે પહેલાં થાણે આવજો." આટલું કહીને એ ચાલ્યો ગયો, પોતાને વિજેતા સમજતો. થોડી વારમાં થાણાના પ્રાંગણમાં વરદી પહેરેલા અને હાથમાં બંદૂક લીધેલા સેંકડો સિપાઈ એકઠા થયા અને પરેડ કરવા લાગ્યા. હવે અમને સમજાયું કે અમારી સાથે આવો સખત વહેવાર શા માટે કરવામાં આવ્યો હતો. આ નક્સલ પ્રભાવિત ક્ષેત્ર છે, એથી પોલીસ ખાતાને બહુ સાવચેતી રાખવી પડે છે. એ જે હોય તે, પરંતુ અમને શકની નજરે જોવામાં આવ્યાં હતાં. હવે અહીં આરામ કરવાનો કોઈ અર્થ નહોતો. એથી સામાન ઉપાડ્યો ને ઊતરેલે ચહેરે ચાલી નીકળ્યાં.

આ બાજુનાં ગામોનાં ઘર ખૂબ સ્વચ્છ, લીંપેલાં-ગૂંપેલાં અને હારબંધ હોય છે. એકબીજાને અડોઅડ અને માટીની લાંબી દીવાલોવાળા આ ઘરોમાં સામેની બાજુએ બારી નથી હોતી. એક બહુ મોટો, કમાડ વિનાનો દરવાજો હોય છે – એવડો મોટો કે એમાંથી ગાડું ચાલ્યું જાય.

બંજર શાંત નદી છે. એને કોઈ જાતની ઉતાવળ નથી. એ ઝાડ-પાન વિનાનાં મેદાનો અને ખેતરોમાં થઈને વહે છે. શુષ્ક, રુક્ષ, મેદાન. ખેતરોનો પાક લણાઈ ચૂક્યો હતો એથી એ

પણ સૂનાં પડયાં છે. ભૂદૃશ્ય જો કે એકરસ છે, તેમ છતાં આ વેરાન અને નિર્જન વિસ્તારમાં એક જુદી જાતનું આકર્ષણ છે.

અમારી પગદંડી સપાટ સમથળ મેદાનમાં થઈને જતી હતી. થોડી વાર પછી ખેતરોના ઊંચા અને ખૂબ જ સાંકડા શેઢા પરથી જવા લાગી. કરવતની ધાર ઉપર ચાલવા જેવું હતું. સાંજ થઈ ગઈ હતી. અજવાળું ઓછું થતું જતું હતું. સાંધ્ય તારો પણ દેખાવા લાગ્યો હતો. અંધારામાં ચાલવું ઓર મુશ્કેલ બની ગયું. જોકે બંજારપુર દેખાવા લાગ્યું હતું. એનાં ઘરોમાં દીવા ઝબૂકવા માંડ્યા હતા. છત્તીસગઢના રાજનાંદગાંવ જિલ્લાના દૂર-દરાજના આ નાનાશા ગામના તળાવમાંથી નીકળે છે બંજર, એથી ગામનું નામ બંજારપુર.

ગામમાં લગભગ સોપો પડી ગયો હતો. રહેઠાણ શોધવામાં ખાસ્સી મુશ્કેલી પડી. કદાચ આતંકવાદીઓના આતંકને લીધે લોકો અજનબીઓથી દૂર જ રહેવા ઈચ્છે છે. છેવટે એક ગ્રામીણે પોતાના આંગણામાં રહેવાની રજા આપી. ઘરના લોકોને મેં પૂછ્યું, ‘‘શું તમે જાણો છો કે બંજર વહીને ક્યાં જાય છે ?’’ તેઓ નહોતા જાણતા. ‘‘શું તમે નર્મદાનું નામ સાંભળ્યું છે ?’’ એ પણ નહોતું સાંભળ્યું. એવું લાગે છે કે અહીંના લોકો ગામમાંથી બહાર નીકળ્યા જ નથી, એથી બહારની દુનિયા વિશે ખાસ કંઈ જાણતા નથી.

સૂતાં પહેલાં મોડે સુધી આકાશના તારા જોતો રહ્યો. થયું, આ કેવી અજબ વાત છે કે આકાશમાં, જ્યાં કોઈ નથી રહેતું, ત્યાં આવડા બધા તારા છે અને અહીં ધરતી ઉપર, જ્યાં આપણને પ્રકાશની જરૂર છે, ત્યાં એક પણ તારો નથી ! અહીં આપણને દીવા પેટાવવા પડે છે, ત્યાં તારાઓનું અજવાળું વ્યર્થ જાય છે ! પરંતુ, જો તારા ન હોત, તો તારા વિનાનું રાતનું આકાશ કેવું બંજર લાગત !



૨૦. બંજર : બંજર મૈયા તને પ્રણામ !

સવાર થતાં જ તળાવે ગયાં. ન પહાડ, ન જંગલ, સાધારણ શ્રીહીન તળાવ, પરંતુ આ જ તળાવમાં બંજરનું બીજારોપણ થયું છે અને અહીંથી જ એ એની યાત્રા શરૂ કરે છે. જો આત્મા પરમાત્માનો જ અંશ છે, તો એ સર્વ તળાવ જેમાંથી કોઈ નદી નીકળે છે, માનસરોવરનો જ અંશ છે. અમે અત્યંત ભક્તિભાવપૂર્વક આમાં સ્નાન કર્યું અને તે દિવસને કોઈક પર્વની જેમ ઊજવ્યો. જ્યારે કોઈ નદી, એ ગમે તેટલી નાની કાં ન હોય, કુંડ અથવા તળાવમાંથી બહાર નીકળે છે ત્યારે એમાં એક જાતનો વિજય હોય છે.

અહીંથી અમારી વાપસી યાત્રા શરૂ થઈ. ત્રણેક કિલોમીટર સુધી બંજર બેશરમની ઝાડીના જટાજાળમાં થઈને વહે છે. રાત સાલેટેકરીમાં રહ્યાં. બીજે દિવસે ત્રીજે પહોરે દમોહ પહોંચ્યાં. સ્વામી મૈત્રેય દમોહમાં રહે છે. અહીં એમણે અમારા રહેવાની જબરદસ્ત વ્યવસ્થા કરી હતી. તે દિવસે ત્યાંનું સાપ્તાહિક બજાર હતું. ખાસી ભીડ જામી હતી. અમે ખરીદ-ફરોખ્ત અને ભાવતાલનું દિલચસ્પ દૃશ્ય જોઈ રહ્યાં હતાં. ત્યાં મારું ધ્યાન ઊંચા કદની અને મજબૂત કાઠીની એક આદિવાસી યુવતી તરફ ગયું. એનો શ્યામલ દેહ જેવો કમનીય હતો, એનો ચહેરો પણ એવો જ પ્રસન્ન મધુર હતો. હસતી તો ચહેરો લોભામણી મુસકાનથી દીપી ઊઠતો. ચાલતી તો હવામાં ઊર્મિઓ લહેરાતી. એનું કામણ એની મૃદુ, મંથર, લહેરાતી ચાલમાં હતું, અંગેઅંગની મરોડમાં હતું. એમાં એક એવું સમ્મોહન હતું કે ઓર-છોર, ઉપમા-ઉદાહરણ કાંઈ મળતું જ નથી. થોડી વારમાં એ ભીડમાં ખોવાઈ ગઈ. સૌંદર્યની એક વાદળી આવી ને વરસીને ચાલી ગઈ.

જમ્યા પછી સ્વામીજીએ કહ્યું, “રાતે જમ્યા પછી ટહેલવું બહુ જરૂરી છે. ચાલો થોડું ટહેલી આવીએ.”

અમે ધોમ તડકામાં વીસ કિલોમીટર ચાલીને આવ્યાં હતાં. ટહેલવાનું જરા મન નહોતું, પણ સ્વામીજીના આગ્રહને ટાળી ન શક્યાં. અજવાળી રાત હતી. આકાશમાં ચાંદની રેલાઈ રહી હતી, પરંતુ મને જોરદાર નીંદ આવી રહી હતી. એથી ખૂબસૂરત ચાંદો પણ મને લોભાવી ન શક્યો. એક મુઠ્ઠી નીંદ આગળ ચાંદ આજે પરાજિત થઈ ગયો હતો.

સવારે આગળ ચાલ્યાં. રાનીધાર થઈને સાંજે મલાજખંડ પહોંચ્યાં. અહીં પણ અમારી વ્યવસ્થા સ્વામીજીએ જ કરેલી. રાતે જમ્યા બાદ બિછાનામાં લંબાવવા જતો હતો ત્યાં સ્વામીજીએ કહ્યું, “ચાલો ટહેલવા.”

અમે આખો દિવસ ચાલચાલ કર્યું હતું. થાકીને લોથ થઈ ગયાં હતાં. એવામાં એમની આ ટહેલવાની ટહેલ જરા ન ગમી. પણ ગયાં. પાછા આવીને મેં ઓશીકું રાખ્યું જ હતું ત્યાં સ્વામીજીએ તરત ઉપાડી લીધું અને પગને ઠેકાણે મૂકીને કહ્યું, “પૂર્વ તરફ પગ કરીને ન સુવાય.” જમ્યા પછી પાણી પીધું તો કહે, “જમ્યા બાદ એક કલાક સુધી પાણી ન પીવું જોઈએ.”

સ્વામીજી જ્ઞાની પુરુષ છે. પોતાનું જ્ઞાન અમને આપવા ઈચ્છે છે, પરંતુ અમે એટલાં થાકેલાં હતાં કે જ્ઞાન ગ્રહણ કરવાની સ્થિતિમાં નહોતાં. ઊંઘને લીધે મને ઝોકાં આવી જતાં હતાં. સ્વામીજી પાસે દરેક રોગનો ઈલાજ છે. બોલ્યા, “જોર જોરથી નાક વાટે શ્વાસ ફેંકો, નીંદ

ઊડી જશે.'' મેં એમ જ કર્યું, પણ ઊંઘના હુમલા ખાળી ન શક્યો. જ્યારે ઊંઘમાં ટાપસી પૂરવા લાગ્યો ત્યારે મજબૂર થઈને એમને પોતાની જ્ઞાનવાણી રોકી દેવી પડી.

રાતે બે વાગ્યે જબલપુરથી તપેન ભટ્ટાચાર્ય અને એમનાં પત્ની દીપ્તિ આવ્યાં. તેઓ પહેલાં પણ અમારી જોડે ચાલી ચૂક્યાં છે. તપેનબાબુએ મારાં બંને પરિક્રમા પુસ્તકોનો બંગાળીમાં અનુવાદ કર્યો છે.

પરોઢ થતાં ચાલી નીકળ્યાં. મલાજખંડ સુંદર જગ્યા છે. અહીં ભારત સરકારની ત્રાંબાની ખાણો છે – હિન્દુસ્તાન કૉપર લિમિટેડ. સ્વામીજીનું કહેવું છે કે આ લોકો પોતાનું ઝેરી પાણી જે નાળામાં વહાવે છે એ બંજરમાં મળે છે અને બંજર નર્મદામાં. આની વિરુદ્ધ અવાજ ઉઠાવવા એ જબલપુર આવેલા અને ત્યારે અમારી ઓળખાણ થયેલી.

સાંજે મંજીટોલા પહોંચ્યાં. અહીં જંગલ વચ્ચે એક રિસોર્ટ બની રહ્યો છે. અનિલે અમારી રહેવાની વ્યવસ્થા આમાં કરેલી. પાસે જ બંજર વહે છે. સામાન મૂકીને અમે એને કાંઠે જઈને બેઠાં. અહીં બંજર એક સાધ્વીની વિનીત અને મંથર ચાલથી વહી રહી છે – કેમ જાણે આ જંગલ ન હોઈને કોઈક મઠ હોય. અહીં જે ભવન બની રહ્યાં છે, એ પર્યટકો માટે નહીં પણ કર્મચારીઓ માટે છે. પર્યટકો માટે તો સ્વિટ્ઝરલૅન્ડથી ટેન્ટ આવશે. એક ટેન્ટની કિંમત ચાળીશ લાખ રૂપિયા સુધી હશે. એ બંજરને કાંઠે ખોડવામાં આવશે અને વિદેશી પર્યટકો એમાં રહેશે. બે બિસ્તરવાળા એક ટેન્ટનું એક દિવસનું ભાડું ચાળીસ હજાર રૂપિયા જેટલું રહેશે. નર્મદાની ભાગ્યે જ અન્ય કોઈ સહાયક નદી આવડી મોંઘી હોય !

સાંજે બાલાઘાટથી અરુણ આવ્યા. એ પણ અમારી જોડે ચાલશે. સાથે એમની મોટી ગાડી પણ ચાલશે. અમારો સામાન એમાં રહેશે. અમે કેડીએથી ચાલશું. ગાડી સડક રસ્તે આવશે. અહીં અમને સૂવા માટે ગાદલાં અને ઓઢવા માટે રજાઈ મળી (વનવાસ વચ્ચે સાહ્યબી જડી !). રજાઈ એટલી જાડી હતી કે દીપ્તિએ કહ્યું કે હું તો આની નીચે દબાઈને મરી જઈશ. સવારે છાપાંમાં લોકો વાંચશે કે રજાઈસે દબકર એક મહિલાકી મૌત !

સવારે થોડે દૂર ગયાં ત્યાં એક ગ્રામીણે કહ્યું કે સડકથી ન જતાં. સામેના જંગલમાં થઈને જશો તો આગળનો પડાવ નજીક થશે. અમે વનની વાટે ચાલ્યાં. ઠીક ઠીક દૂર ગયાં. ગાડાવાટ પગદંડીમાં ફેરવાઈ ગઈ અને પછી પગદંડીયે અલોપ થઈ ગઈ ! અમે વગર કેડીએ આડેધડ ચાલતાં રહ્યાં ને આંધળાની જેમ આથડતાં રહ્યાં. દીપ્તિએ કહ્યું "આપણે ઘરમાંથી બહાર નીકળવાનો રસ્તો શોધતી બણબણતી માખી જેવાં છીએ."

કાન્તાએ કહ્યું "કમસે કમ મધમાખી જ કહી હોત !"

સાથીઓને હામ આપવાના ઈરાદાથી મેં કહ્યું "પ્રવાસનો અડધો આનંદ ભૂલા પડવાના સૌંદર્યમાં છે."

આ વિજન વનમાં રસ્તો બતાવનાર કોઈ નથી. અમે પૂરેપૂરા ખુદના ભરોસે હતાં. ગરીબો અને કમલેશ આગળ જઈને જોઈ આવ્યા, પણ ક્યાંય રસ્તો નથી. વળી આડેધડ ચાલ્યાં. ઘણી વાર પછી ગાડાવાટ મળી અને જંગલમાંથી બહાર પણ આવી ગયાં. અમે નવ વાગ્યે ઘૂસ્યાં હતાં અને બે વાગ્યે બહાર નીકળ્યાં – ઠીક ત્યાં જ, જ્યાંથી ઘૂસ્યાં હતાં ! ઘાણીના નવ બળદ !

અમે જાણતાં હતાં કે ભૂલવું-ભટકવું એ અમારા પ્રવાસનો જ એક ભાગ છે. જે સડકથી જવાનું અમે ટાળ્યું હતું, હવે એ જ સડકથી જવા સિવાય બીજો કોઈ ઉપાય નહોતો. સૂરજ આગ વરસાવી રહ્યો હતો, હોઠ સુકાઈ રહ્યા હતા, ગળું શોષાતું હતું, તેમ છતાં અમે ચાલતાં રહ્યાં. સુરવાહીમાં એક ખેડૂતને ઘેર વિસામો ખાવા રોકાયાં. બે દિવસ પછી એના દીકરાનાં લગ્ન છે. વહુ-દીકરા માટે લીંપી-ગૂંપીને એણે જે ઓરડો શણગાર્યો હતો, એ જ અમને

આપી દીધો.

આગળનો રસ્તો બતાવવા માટે અહીંથી અમે બે છોકરા સાથે લીધા. વળી પાછું જંગલ આવ્યું. જોકે આ જંગલ એટલું મોટું નહોતું. તેમ છતાં જો પેલા છોકરા ન હોત તો અમે જરૂર ભૂલા પડી ગયાં હોત. જંગલમાં એક નદી આવી – રેતમાં લપટાયેલી, કોરી ધાકોર. નામ તન્નોર, બંજરની સહાયક નદી. એક ઠેકાણે છીછરા ખાબોચિયામાં થોડું પાણી હતું. સાથે ચાલતા છોકરાએ કહ્યું, ''જુઓ, આની બધી માછલી તરફડીને મરી ગઈ છે. કોઈકે પાણીમાં ઝેર નાખ્યું છે જેથી આનું પાણી પીવાથી વન્ય પશુ મરી જાય અને એનું ચામડું, હાડકાં, દાંત, નખ વગેરે એને મળી જાય.'' કાળાબજારિયા દૂર રહીને ધનનું પ્રલોભન આપીને ગ્રામીણો પાસે આવા ઘૃણિત કાર્ય કરાવે છે અને અઢળક ધન એકઠું કરે છે. આ જોકે કાન્હાના જંગલનો બફર ઝોન છે, પરંતુ મુખ્ય કોર ઝોનમાં આજે પણ અવૈધ શિકાર થતા જ રહે છે.

જ્યારે ડુડગાંવ પહોંચ્યાં ત્યારે સૂરજ આથમી ગયો હતો. અંધારામાં રહેઠાણ શોધી રહ્યાં હતાં. ત્યાં એક ગ્રામીણે સામે ચાલીને કહ્યું કે ચાલો મારે ઘેર, મારે ત્યાં રહેજો. મારું ઘર નાનું છે પણ તમને અગવડ નહીં થવા દઈએ. આગ્રહપૂર્વક પોતાને ત્યાં લઈ ગયો. અંધારામાં અમે એની સાથે પગ ઢસડતા ચાલતાં રહ્યાં, પણ એનું ઘર આવતું જ નહોતું.

ઘર ગામના બીજા ટોલામાં અને તેય છેક છેવાડે હતું. અમે જ્યારે ત્યાં પહોંચ્યાં ત્યારે એની પત્ની પોતાનાં બે બાળકોને ખવડાવી રહી હતી. નાના શા ઘરમાં ઓચિંતાના નવ અજનબીઓને જોઈને એણે જરાય મોં ન બગાડ્યું. ઊલટાનો હસીને આવકાર આપ્યો. દીપ્તિએ કહ્યું, ''અમે તો વગર તેડાવેલા મહેમાન છીએ.''

''બિન બુલાએ મેહમાન તો ભગવાનકા રૂપ હોતે હૈં.'' મારું રોમ રોમ પુલકિત થઈ ગયું. જેના હૃદયનો મંગળઘટ ભરેલો હોય, એ જ આવા જવાબ આપી શકે. બોલ્યો, ''તારું નામ શું છે, બેટી ?''

''રાજેશ્વરી.''

''અને પતિનું નામ ?'' પછી પોતાની ભૂલ સુધારતાં બોલ્યો, ''પતિનું નામ તો તું બોલીશ નહીં.''

''બોલી દઈશ !'' એ બોલવા જતી જ હતી ત્યાં શરદે કહ્યું, "અર્જુનસિંહ."

પરંતુ હું તો એના મોંએ સાંભળવા ઇચ્છતો હતો. પતિનું નામ લેતી વેળા એના ચહેરા ઉપર લજ્જાનો જે ભાવ આવત, એની વાણીમાં જે મીઠાશ ઊતરત, એને જોવા-સાંભળવા ઇચ્છતો હતો. એથી શરદની વાત જાણે સાંભળી જ ન હોય એમ બોલ્યો, ''અને પતિનું નામ ?''

એણે મારી આંખોનો ભાવ વાંચ્યો. મીઠું મલકીને બોલી, ''વહી જો ભૈયાને બતાયા !'' મારી શરારત પકડી પડ્યાની નિર્દોષ ખુશાલી એના ચહેરા પર આવી.

પોતાનું રસોડું અમને આપી દીધું. આજે અમે બત્રીસ કિલોમીટરથીય વધુ ચાલ્યાં હતાં. તેમ છતાં કાન્તા અને દીપ્તિ રસોઈ બનાવવાના કામે લાગી ગયાં. હું ભૂખથી બેહાલ અને થાકથી નિઢાલ થઈને આડે પડખે થયો. ત્યાં જ શરદે ઘોષણા કરી, ''બા અદબ, બા મુલાહિજા, હોશિયાર ! સ્વામી મૈત્રેય પધાર રહે હૈં !'' હું ફડાક દઈને બેઠો થયો.

મૃદુ સ્વભાવના સ્વામીજી હજુ યુવાન જ છે. એમ.એ.(હિન્દી)ના છેલ્લા વર્ષની પરીક્ષા આપી રહ્યા છે. આજે છેલ્લું પેપર હતું. સીધા ત્યાંથી જ આવ્યા છે. એમણે કોઈ ગુરુ પાસેથી દીક્ષા નથી લીધી. પ્રકૃતિ જ એમની ગુરુ છે. દસ વર્ષની ઉંમરથી જ વનમાં એકલા ચાલ્યા જતા. ચોવીસમે વર્ષે ભગવાં ધારણ કર્યાં. કહે, ''મેં સંન્યાસ લીધો નથી, સંન્યાસ બસ થઈ ગયો છે.'' સાકાર જોડે એમનો કોઈ વિરોધ નથી, પણ ઉપાસક તેઓ નિરાકારના છે. પ્રકૃતિપ્રેમી છે એથી

પર્યાવરણ-પ્રેમી પણ છે. જ્ઞાનના સાગર છે. કોઈ પણ વિષય ઉપર ધારાપ્રવાહ બોલી શકે છે. દરેક ચીજની વ્યાખ્યા કરવા તત્પર રહે છે. કોઈને પણ શબ્દોથી ધ્વસ્ત કરી શકે છે. અમને મળવા સાંજ ટાણે આવે છે. એ સમયે અમારાં શરીર થાકથી અવશ થઈ રહ્યાં હોય, અમે આરામ ઝંખી રહ્યાં હોઈએ, પરંતુ આવતાંની સાથે જ તેઓ પોતાની જ્ઞાનવાણી શરૂ કરી દે છે. આવામાં ઈમાનદાર શ્રોતા રહેવું બહુ મુશ્કેલ છે. પરંતુ એમનો વિશ્વાસ છે કે લોકો ઊંઘી રહ્યા છે ને એમને જગાડવા એમનું પુનિત કર્તવ્ય છે. બે દિવસ પહેલાં એમનું પ્રવચન ''ચેતના'' ઉપર હતું, આજે ''સંવેદના'' ઉપર છે.

જોતજોતામાં મારા સાથીદારો આડાઅવળા થઈ ગયા, પણ મારે માટે આમ કરવું સંભવ નહોતું. હું ઊંઘના હુમલા ખાળતો રહ્યો, વેદનાથી કણસતો રહ્યો. મારી તાકાત ઓસરતી જતી હતી, પરંતુ આનો એમના ઉપર કોઈ પ્રભાવ ન પડયો. તેઓ પોતાની પ્રતિભાનો ખજાનો ખોલતા રહ્યા અને મને ન્યાલ કરતા રહ્યા. પરંતુ જ્યારે હું અધમૂઆ જેવો થઈ ગયો ત્યારે નછૂટકે એમને પોતાનું પ્રવચન રોકી દેવું પડ્યું.

સ્વામીજી માનવીય નેહથી ભરપૂર છે. એમણે અમારી ભરપૂર મદદ કરી હતી. લોકમંગલની ભાવનાથી પ્રેરાઈને એમણે સંન્યાસ લીધો હતો. એમનામાં એક જ ત્રુટિ છે – એમનામાં ધૈર્ય નથી. તેઓ એક જ વારમાં પહાડની ટોચે પહોંચી જવા માગે છે. એમની ઉંમર મારી ઉંમર કરતાં અડધીય નથી, પણ જ્ઞાન વહેંચવાના ઉત્સાહમાં હમણાંથી જ બુઝુર્ગિયતનો અંચળો ઓઢી લીધો છે.

સવારે ચાલી નીકળ્યાં. રસ્તે ફરી તન્નોર આવી. એમાં કાંકરા ઊડતા હતા. ખાલી નદી ધરતીના શરીર પર પડેલા ઊઝરડા જેવી લાગતી હતી.

ત્રીજા પહોરે જબલપુરથી મારો ભાણેજ વિજય આવ્યો. વિજય અમારી જોડે પહેલાં પણ ચાલી ચૂક્યો છે. એણે જ અરુણને અમારી સાથે ચાલવા માટે પ્રેરિત કરેલા. પહેલે જ દિવસે અરુણને બત્રીસ કિલોમીટર ચાલવું પડેલું. અમને ડર હતો કે ક્યાંક પોતાની ગાડી લઈને એ પાછા ન ચાલ્યા જાય, પણ પાછા જવાનો એમના મનમાં વિચાર સુધ્ધાં ન આવ્યો ને છેક સુધી ચાલ્યા.

રાત નારપા-ઝાંગુલમાં રહ્યાં, ગામમાં એટલાં બધાં લગ્ન થઈ રહ્યાં હતાં કે રહેઠાણ શોધવામાં ખાસ્સી મુશ્કેલી થઈ. લાડાને ટ્રેક્ટર ઉપર બેસાડવામાં આવે અને જાનૈયા ટ્રાલીમાં બેસે. સવારે ચાલ્યાં તો રસ્તામાં પણ ખૂબ લગ્ન જોવાં મળ્યાં. એક ઠેકાણે થોડી વાર માટે એક લગ્ન જોવા રોકાયાં. દુલહન પથ્થરના પાળિયા જેવી બેઠી હતી. એના ચહેરા પર કોઈ ભાવ નહોતો. અથવા, ઉદાસીનો ભાવ હતો.

બપોરે ટાટરીમાં વિસામો ખાવા બેઠાં. થોડી વારમાં એક આધેડ આવ્યો. સુડોળ ચહેરો, મોટી મૂછો અને ખભે ખેસ. કશા ભપકા વિનાનો, સીધેસીધી વાત કરનારો. આવતાંની સાથે જ અમારી સાથે હળીભળી ગયો. ભારે બોલકો હતો. બોલતો તો એની આંખો નાચતી. હસતો તો ભવાં ફરફરતાં. વચ્ચે વચ્ચે પોતાની મૂછોને આમળતો રહેતો. ઝૂલફાંમાં એ મેંદી લગાવતો, કદાચ મૂછોમાં અને ગલમૂછોમાં પણ. કહે, ''મારું નામ પ્રમોદ યાદવ છે, પણ મજાકમાં લોકો મને લાલબાબા કહે છે કેમ કે મારા માથામાં છે ડાઈ અને વાળમાં શિકાકાઈ.'' એ શીઘ્રકવિ હતો. દરેક વાતનો જવાબ વિનોદપૂર્ણ ઢંગથી કવિતામાં આપતો. કવિતા કહેતાં કહેતાં ગાવા ને નાચવા લાગતો. એ સાચું કે એની તુકબંદીમાં કોઈ કાવ્યગુણ નહોતો, પરંતુ આપણાં કવિ-સમ્મેલનોની કવિતાઓમાં ય કયો સાહિત્યિક ગુણ હોય છે ?

ખરી રીતે તો એની અંદર એક ખુશમિજાજ વિદૂષક નિવાસ કરતો હતો. આપણા સૌની અંદર છુપાયેલા બચપણને બહાર કાઢવાની એનામાં અદ્ભુત આવડત હતી. એ અથક

મશ્કરો હતો, હાસ્યનો પેટારો. બાળકો જેવા કુતૂહલથી અમે એની વાતો સાંભળતાં રહ્યાં અને પેટ પકડીને હસતાં રહ્યાં અને અમને આવડો આનંદ આપવા બદલ એણે એક દમડી પણ ન લીધી. હસવા-હસાવવાની એનામાં અજબ શક્તિ હતી. આ વિનોદવૃત્તિ જ આપણા જીવનને જીર્ણ થતાં બચાવે છે.

બપોર કામતાની પાઠશાળામાં વિતાવી. વનવાસી સેવામંડળની આ શાળાની સ્થાપના ક્યારેક ઠક્કરબાપાએ કરેલી. આજે સ્થિતિ એ છે કે આઠ મહિનાથી શિક્ષકોને પગાર નથી મળ્યો. આપણા દેશમાં શુભ સંકલ્પથી શરૂ કરેલી સાર્વજનિક સંસ્થાઓ અમુક સમય સુધી તો સારી ચાલે છે, પણ પછી કબાડીનો ભંગાર બની જાય છે. અહીંના શિક્ષક વીરેન્દ્રસિંહે કહ્યું કે ચાલો આજે મારે ત્યાં રહેજો. એમનું ગામ સાતેક કિલોમીટર દૂર છે અને અમારા માર્ગમાં જ છે. અમે એમની સાથે જંગલ રસ્તે ચાલ્યાં, ગાડી સડકથી આવશે. વધુ પડતાં ઝાડ થડથી સહેજ ઉપરથી કપાયેલાં હતાં. પૂછવાથી જાણવા મળ્યું કે આસપાસ ઈંટોના ખૂબ ભઠ્ઠા છે. જ્યાં ઈંટ-ચૂનાના ભઠ્ઠા રહેશે, ત્યાંનાં વૃક્ષોની આ જ વલે થશે.

રસ્તે બંજર અને કન્હાનનો સંગમ પડયો. પાણી ન હોવાને લીધે કન્હાન કોરીકટ હતી. એ માળો કેવો જેમાં પંખી જ ન હોય !

સાંજે વીરેન્દ્રના ઘેર પહોંચ્યાં. ક્યારેક આ પહેલવાનોનું ગામ હતું. અહીંના પહેલવાનો લોઢાના મગદળ ફેરવતા. એથી ગામનું નામ પડયું મુગદરા. ખુલ્લા આંગણામાં સૂતાં. જ્યારથી દીપ્તિ અને તપેન ભટ્ટાચાર્ય આવ્યાં છે, રોજ રાતે તપેનબાબુનાં નસકોરાં સાંભળવા મળે છે. જો તેઓ કાન્હા રાષ્ટ્રીય ઉધાનમાં અમારી જોડે હોત તો ત્યાંના વાઘોને માનવું પડત કે અમારી વચ્ચે જરૂર કોઈક રૉયલ બેંગાલ ટાઈગર આવી ગયો છે ! જો કે ઓછા વધુ નસકોરાં અમારાંય બોલે છે, પરંતુ એ ત્યાં સુધી જ સંભળાય છે જ્યાં સુધી તપેનબાબુનાં શરૂ નથી થઈ જતા. પછી તો જેમ મોટી માછલી નાની માછલીને ગળી જાય તેમ તપેનબાબુનાં નસકોરાં અમારાં નસકોરાંને ગળી જતાં.

સવારે ચાલી નીકળ્યાં. બપોરે મંડલા પહોંચી ગયાં. સીધા સંગમે ગયાં. અહીં બંજરનો પટ બહુ પહોળો છે, પણ ધારા સાવ પાતળી, કેમ જાણે મ્યાનમાં સોઈ ન રાખી હોય ! (પરંતુ ત્રણ મહિના પછી ભર ચોમાસે આ જ બંજરને જોવાનો અવસર મળ્યો હતો. ત્યારે એમાં એટલું તો પાણી હતું કે એ સમજવું મુશ્કેલ હતું કે આમાંથી કઈ નર્મદા અને કઈ બંજર. આ વેળા મ્યાનમાં તલવાર હતી !) સંગમમાં મોડે સુધી નાહ્યાં. કેમ કે રાનીધારના નાના શા કુંડ સિવાય બંજરમાં ક્યાંય પણ ગોઠણથી વધુ પાણી નહોતું. નદીમાં અમને એક પણ હોડી-હોડકું જોવા નહોતું મળ્યું. એમાં એટલું પાણી જ નહોતું. શરદ અને વિજય તો અંધાધુંધ તરતા રહ્યા. અનિલભાઈનું ઘર સંગમની પાસે જ છે. સૌનું ભોજન એમને ત્યાં હતું. કાળા ભઠ્ઠ ચહેરા અને મેલાંદાટ કપડાં લઈને ઘરે આવી ગયાં.

પગના મચકોડને લીધે આ યાત્રા પૂરાં બે વરસના અંતરાલ પછી થઈ શકી હતી. મચકોડની થોડી ઘણી અસર હજુય છે. એથી આ વેળા કૅનવાસના જોડા પહેરીને ચાલ્યો હતો. તેમ છતાં વિશ્વાસ નહોતો કે ઉદ્ગમ સુધી પહોંચી શકીશ, પરંતુ ત્યાં સુધી તો પહોંચ્યાં જ, પાછા સંગમે પણ આવી ગયાં. સખત તાપમાં ઓગણીસ દિવસમાં પોણા ચારસો કિલોમીટર ચાલ્યાં. આટલું અમે ક્યારેય નહોતાં ચાલ્યાં. હું ૮૦નો છું અને કાન્તા ૭૨ની. અમારામાં આવડી તાકાત ક્યાંથી આવી ગઈ ?

બંજરમૈયા ! (મારફત નર્મદા મૈયા !) તને પ્રણામ ! તેં જ તો અમને ઘોડા જેવી તાકાત આપી હતી !

❑

૨૧. શક્કર : રિક્તકુંભ શક્કર

આવ રે મેઘ, નહીં આવું !
શહેર બોલાવે, નહીં આવું !
મેદાન બોલાવે, નહીં આવું !
વનરાવન બોલાવે, આ આવ્યો !
ડુંગરમાળ બોલાવે, દોડતો આવ્યો !

વાદળના મનને બે જ ચીજો જીતી શકે છે – ઊંચા પહાડ અને સઘન વન. આ બંનેના પ્રત્યે વાદળના મનમાં એક સન્માનનો ભાવ હોય છે. એમનાથી આકર્ષાઈને એ આકાશની અટારીએથી હેઠે ઊતરે છે. પહાડ અને જંગલ થકી જ વર્ષાવતરણ થાય છે – વરસોવરસ. પરંતુ આપણે વધુ પડતાં વનો વાઢી નાખ્યાં. એથી વરસાદ ઓછો વરસે છે અને નદીઓ સુકાઈ જાય છે.

નદી એટલે વેલ – ધરતી પર પથરાયેલી પાણીની વેલ. જંગલ કાપીને આપણે એના છેક મૂળમાં ઘા કર્યો છે.

નદીઓ શા માટે સુકાઈ રહી છે ? શું સમુદ્ર સુકાઈ ગયો છે ? શું વાદળ નથી આવી રહ્યાં ? સમુદ્ર છલોછલ છે ને વાદળ પણ આવી રહ્યાં છે. વાદળની વણજાર ઠેઠ દરિયેથી પાણી લઈને આવે છે, પણ એની હેલ ઉતારનાર જંગલ ન રહ્યાં. એથી વાદળ આવી આવીને ચાલ્યાં જાય છે.

હમણાં આપણી નદીઓની દૈત્ય-દશા ચાલી રહી છે. આ વિકરાળ દૈત્યનું નામ છે માણસ. પોતાની હજાર ક્રૂર આંખો ફાડીને આ શિકારલોલુપ દૈત્ય કહી રહ્યો છે, “પ્રકૃતિ ગંધાય, પ્રકૃતિ ખાઉં ! વૃક્ષને, પાણીને, હવાને, પશુ-પક્ષીને, માટીને, નદીને – કોઈને જીવતાં નહીં રહેવા દઉં. સભ્યતાનાં ખપ્પરમાં જ્યારે આ બધાંને હોમી દઈશ ત્યારે જ મને શાંતિ થશે.” ખરે જ આ બધાં પર મોતની ભેરી બજી રહી છે.

પરંતુ મને આવા વિચારો કાં આવે ?

કારણ કે અમે જે નદીની પરિક્રમા કરવા આવ્યાં છીએ, એમાં આંગળી બોળીને આંખમાં આંજી શકીએ, એટલુંય પાણી નથી. શક્કર સુકાઈ ગઈ છે. નદીમાંથી પાણી અલોપ થઈ ગયું છે. એક કિશોરી જેના વાળ ભોંય સુધી અડતા, એના માથામાં વાળ જ ન રહે તો એ કેવી દેખાય, નદીની એવી જ દશા થઈ છે. લોકોએ કહ્યું, શક્કરને પહેલી વાર સુકાતી જોઈ. સંગમ પર જે પાણી હતું એ નર્મદાનું ઘૂસી આવેલું પાણી હતું. સ્વયં નર્મદામાં બહુ ઓછું પાણી હતું.

ઉદાસ આંખોથી નદીને – ના, નદીના હાડપિંજરને – જોતો રહ્યો. પાણીની સાથે નદીનું લાવણ્ય પણ ચાલ્યું ગયું હતું. મનમાં એ વિચાર પણ આવી ગયો કે સૂકાભટ પટવાળી આ નદીની પરિક્રમા કરવાને બદલે બીજી કોઈક નદીની પરિક્રમા કરીએ તો ? શું કોઈ એવા મંદિરની પરિક્રમા કરશે કે જેમાં મૂર્તિ જ ન હોય ? શું પૃથ્વી એવા સૂર્યની પરિક્રમા કરશે કે જે બળીને

કોલસો થઈ ગયો હોય ?

પાણી ન હોવાને લીધે શક્કર આમેય પોતાને પરિત્યક્ત અને શક્તિહીન અનુભવ કરી રહી છે. હવે અમે પણ એને તજી દઈએ ? જો એ સંપન્ન હોય તો અમે એની સાથે છીએ અને જો વિપન્ન હોય તો દૂરથી જ ડોકિયું કરીને રસ્તે પડીએ ? તો તો અમારા જેવું સ્વાર્થી બીજું કોણ હશે !

શક્કરનો ઘડો હમણાં ભલે ખાલી હોય, ચોમાસામાં એ ફરી ભરાવાનો જ છે. એનો રિક્તકુંભ પાછો પૂર્ણકુંભ થશે જ. અમે એની પરિક્રમા જરૂર કરશું. એ સાચું કે નદીમાં પાણી નથી, એય સાચું કે પાણી નદીનું સૌથી મહત્ત્વપૂર્ણ ઘટક છે; પણ માત્ર એ જ તો નથી. બંને કાંઠેની દુનિયા છે – ભેખડ, કરાડ, વૃક્ષ-છોડ, ખેત-ખળાં, ગ્રામીણ સ્ત્રી-પુરુષો – આ બધાં તો છે. વળી પાણી ન હોવાથી અમે એ પલંગને જોઈ શકીશું, જેના પર નદી સૂએ છે. દર વખતે દાગીનો જોતાં, આ વેળા દાબડો જોશું !

શક્કર ગાડરવારા પાસે નર્મદાને મળે છે. (ગાડરવારા ઓશો રજનીશનું ગામ. એમનું બચપણ અહીં વીત્યું. મૅટ્રિક અહીં થયા. પરંતુ નવાઈની વાત એ છે કે એમણે આમાંથી એક્કેયને વિશે કાંઈ જ ન લખ્યું.) અમે સીધા સંગમ ગયાં અને ત્યાંથી ખરા બપોરે યાત્રા શરૂ કરી. તારીખ હતી ૨૧ માર્ચ, ૨૦૦૯. તડકાની પરવા કર્યા વિના ચાલચાલ કર્યા કર્યું. ઘણાં ખરાં ખેતરો ખાલી પડયાં હતાં. મુરઝાયેલી, ચીમળાયેલી, પેટ ચોંટી ગયેલી ને હાડકાં બહાર નીકળી આવેલી નદીને જોઈને મન ખિન્ન થઈ જતું.

અંધારું ઘેરાવા લાગ્યું તોય ડમરુઘાટી ન આવી. ત્યાં પહોંચતાં રાત થઈ ગઈ. અહીં એક મોટું મંદિર છે. જે ઊંચા પ્લૅટફૉર્મ ઉપર એ બન્યું છે, એનો આકાર ડમરુ જેવો છે. પાસે શક્કર છે અને શક્કરને સામે કાંઠે છે ગાડરવારા. આ વેળા આમ તો નવો સાથી કોઈ નથી, પણ શૈલેન્દ્રનો પરિચય કરાવવો જરૂરી છે. આધેડ વયે પણ એ ચુસ્ત ને ચપળ છે. મેં એમને પૂછ્યું કે તમારાં પત્નીને કેમ ન લઈ આવ્યા તો કહે કે વહુઓએ એને જરૂરતથી વધુ સુખ આપ્યું. સોફા ઉપર બેસાડી દીધી અને હાથમાં રિમોટ પકડાવી દીધો. પરિણામ એ આવ્યું કે હવે એના માટે હાલવું-ચાલવું મુશ્કેલ થઈ ગયું છે. ઘરની બહાર ભાગ્યે જ નીકળે છે.

કેટલાંક સુખ દુ:ખદાયી હોય છે. આમાં પ્રમુખ છે ટીવીનું સુખ.

શૈલેન્દ્રે જમણા હાથ ઉપર પોતાનું નામ અને ઠામ છૂંદણાંની જેમ ત્રોફાવ્યું છે. શહેર અને મહોલ્લો તો છે જ, મકાન નંબર સુધ્ધાં છે. કહે, ‘‘નોકરી દરમિયાન મને મંડલાનાં જંગલોમાં રહેવું પડ્યું. બે’’ક વાર તો વાઘ જીપની સાથે સાથે દોડેલો. વિચાર્યું, આમાં જો ક્યાંક મરી જાઉં તો લોકોને ખબર કેમ પડશે કે આ લાશ કોની છે ? એથી પૂરા નામ-સરનામા સાથે આ ત્રોફાવી લીધું.’’ ચુનાવ આયોગ જો નામ ત્રોફાવવાની આ પદ્ધતિ અપનાવે, તો બોગસ મતદાન સદંતર બંધ થઈ જાય.

શૈલેન્દ્ર અત્યંત સેવાભાવી છે. આની જાણ તો અમને પાછલી યાત્રામાં જ થઈ ગયેલી. ગમે તેટલી ટાઢ કાં ન હોય. એ વહેલી સવારે ત્રણ વાગ્યે ઊઠી જતા અને પોતાની ખટરપટર શરૂ કરી દેતા. ચૂલો સળગાવીને પાણી ગરમ કરતા, પછી બધાને ગાઢ ઊંઘમાંથી જગાડતા, ‘‘ઊઠો, ઊઠો, ગરમ પાણી પીઓ ! પગે શેક કરો, ઊઠો !’’ ભાગ્યથી આ વેળાની યાત્રામાં એમણે અમને એમના સેવાકાર્યથી પજવ્યા નહીં. કેટલાક લોકોનો સેવા કરવાનો શોખ એટલો તો પ્રબળ હોય છે !

સાથે નાનો પુત્ર નીરજ પણ છે. પહેલાં પણ અમારી જોડે ચાલી ચૂક્યો છે. ધંધેથી વકીલ છે, પણ એનું મન વકીલાતમાં નથી. એ ફોટોગ્રાફીની પાછળ પાગલ છે. એને પક્ષીઓની ફોટોગ્રાફીમાં સૌથી વધુ રસ છે. પક્ષીઓથી વધીને એનો કોઈ મિત્ર નથી. કોણ જાણે ક્યાંથી

એને તરેહ તરેહનાં પક્ષી દેખાઈ જાય છે. ઝાડની ઘટામાં છુપાયેલું અથવા બખોલમાં લપાયેલું પક્ષી પણ એને દેખાઈ જાય. એનું ચાલે તો કેસની તારીખને દિવસે એ પોતાના બદલે કોઈક પક્ષીને જ કોર્ટ મોકલી દે – બનતાં સુધી કાગડાને કેમ કે એ બુદ્ધિશાળી તો છે જ, એની વેશભૂષા પણ વકીલની વેશભૂષા જોડે ઘણી મળે છે – અને પોતે પક્ષીઓના ફોટા પાડતો રહે.

સવારે ચાલ્યાં. નદીમાં ડગલે ને પગલે વળાંક છે. એક ઠેકાણે અમારી બાજુનો કાંઠો ખૂબ ઊંચો હતો, પણ સામેનો કાંઠો ઠીક ઠીક નીચો હતો. ચોમાસામાં નદીનાં પાણી કાંઠો ઓળંગીને સામેના મેદાનમાં ભરાઈ જાય છે. નવા આવેલા કાંપને લીધે એ રસાળ ભૂમિમાં મબલક પાક પાકે છે. આમેય અહીંની કાળી માટી ખૂબ ઉપજાઉ છે. નરસિંહપુર સમૃદ્ધ જિલ્લો છે. કેટલાય લોકો અમારું આતિથ્ય કરવા ચાહે છે. કહે છે, “શક્કરની પરિક્રમા કોઈ નથી કરતું. ધન્ય ભાગ્ય અમારાં કે તમે અમારી નદીની પરિક્રમા કરી રહ્યાં છો. અમારે ઘેર રહો.” કોઈ વળી રસ્તો બતાવવા દૂર સુધી સાથે ચાલતું.

ચાલતાં ચાલતાં અચાનક મારા મોંમાંથી લગભગ ચીસ નીકળી ગઈ, “પાણી !” નદીમાં નાનાં નાનાં ખાબોચિયાંમાં પાણી ભર્યું હતું ! તો વેલ સાવ સુકાઈ નથી ગઈ, એમાં થોડાં પાંદડાં બચ્યાં છે ખરાં !

જો હું મૉડર્ન આર્ટ વાળો હોત તો આ જ વાતને આ રીતે કહેત : ઉનાળાએ પોતાના દાંત અને નહોર વડે નદીની ચાદરને ફાડી ફાડી એનાં ચીંથરેચીંથરાં કરી નાખ્યાં હતાં. ખાબોચિયાં એટલે પાણીનાં ચીંથરાં. છે ને તદ્દન મૉડર્ન ઉપમા !

પરંતુ આગળ ફરી નદી સૂકી હતી. શક્કર સુકાઈ જરૂર ગઈ છે, પણ નીચે તો પાણી છે. લાલચુ માણસના પંજાથી આ ભૂગર્ભ પાણી ભલા બચી શકે ? કોઈકે શક્કરના સૂકા પટમાં બોરિંગ કર્યું હતું અને નીચે જે થોડુંઘણું પાણી હતું એને પણ નિચોવી રહ્યો હતો. (પેટાળ પાણીની ચોરી વધતી જ જવાની.) એક નાનોશો છેદ પણ મોટામાં મોટા વાસણને ખાલી કરી દે છે. અહીં તો ડગ ડગ પર બોર છે. આ તો નદીના સૂના ઘરમાં ખાતર પાડવા જેવું થયું.

નાની નદીઓનાં પાણી પ્રેમ જેવાં હોય છે. કેટલાક લોકોના જીવનમાં પ્રેમ પ્રગટે, પાંગરે, બંને કાંઠાને છલકાવી દે, પછી ઓછો થતાં થતાં લુપ્ત થઈ જાય અને ફરી દેખા દે ! એવી જ રીતે નાની નદીઓમાં પાણી દેખા દે, ધસમસતા પ્રવાહનું રૂપ લે, પછી ક્ષીણ થતાં થતાં લુપ્ત થઈ જાય અને ફરી ઘોડાપૂર ગાજે ! પાણી અને પ્રેમ – બંને તરલ ખરાં ને !

સાંજે નદીકાંઠે એક ભાઈ મળ્યા. કહે, “ચાલો, આજે મારે ઘેર રહેજો.” નામ છે હાકમસિંહ કૌરવ. (આ બાજુ કૌરવ ખૂબ છે. કુરુવંશીનું થયું કૌરવ.) એમના ઘરમાં આત્મીયતાનો ભાવ હતો. એમણે એક મજેદાર વાત કહી. “રામાયણમાં ક્યાંય પણ લક્ષ્મણ અને હનુમાન વચ્ચે સંવાદ નથી થયો. એટલે સુધી કે હનુમાન સંજીવની બૂટી લઈ આવ્યા – જેને લીધે લક્ષ્મણના પ્રાણ બચ્યા – ત્યારે પણ લક્ષ્મણે હનુમાનનો આભાર સુધ્ધાં વ્યક્ત ન કર્યો. છે ને અચરજની વાત !”

ગામડાનો સાધારણ ભણેલો કિસાન પણ કેવા કેવા સવાલ કરી શકે છે ! હાકમસિંહ વિનોદી છે. રસોઈ બનાવતાં મોડું થયું. ત્યાં સુધી શૈલેન્દ્ર સૂઈ ગયા હતા. એમણે કહી રાખેલું કે મને કોઈ જગાડતા નહીં, હું જ્યારે ઊઠીશ, ત્યારે જમી લઈશ. તેમ છતાં કોઈ એમને જગાડવા લાગ્યું તો હાકમસિંહ કહે, “સૂતેલા સિંહને જગાડાય નહીં !”

એક તો આખો દિવસ ચાલચાલ કરતાં લાગેલી પ્રચંડ ભૂખ અને લાકડાંની આગમાં પકાવેલું ભોજન ! કેવું તો સ્વાદિષ્ટ લાગતું ! ભૂખ કોને કહેવાય એ અહીં સમજાય છે. ઘરોમાં તો આપણે ટેવવશ જમીએ છીએ, ભૂખને લીધે નહીં. (ભૂખ સારી રીતે ઊઘડે, એય એક ઉપાધિ !)

સવારે આગળ ચાલ્યાં. ત્રીજે પહોરે એક ગામ આવ્યું. એમાં શૈલેન્દ્રના ઓળખીતા રહે છે. એમને ત્યાં ગયાં. એમની સાથે વાતો થઈ રહી હતી ત્યાં જ ઘરમાંથી એક સુંદર યુવતી બહાર આવી અને હસતાં હસતાં બોલી, "ચાચાજી, મૈં મયૂરા !"

પ્રસન્ન થઈને શૈલેન્દ્રે એને માથે હાથ મૂક્યો અને આશીર્વાદ આપ્યા. મને કહે, "આ છોકરી મારી સામે મોટી થઈ. અમારા પાડોશમાં રહેતી હતી. પાડોશમાં એક છોકરો પણ રહેતો હતો. અઢાર વર્ષ પૂરાં થતાં આણે પેલા છોકરા જોડે આન્તર્જાતીય લગ્ન કરી લીધાં. ત્યારથી એનાં માતા-પિતાએ એનાથી સંબંધ તોડી નાખ્યો છે. પણ અમે નથી તોડ્યો. એ આજે પણ અમારી દીકરી છે. આનો પતિ સૉફ્ટવેર એન્જિનિયર છે. એનાં માબાપ જો પોતાની જ નાતમાં છોકરો શોધવા જાત, તો આવો સારો જમાઈ ભાગ્યે જ મળત. છોકરી સુખી છે અને એને બે સુંદર બાળકો પણ છે."

સ્વચ્છ કોમળ આંખોવાળી ને નાજુક નાક-નક્શવાળી મયૂરા ખૂબ સુંદર છે. એના હલનચલનમાં અને એના વર્તનમાં એક મર્યાદા દેખાતી હતી. આવી દીકરી તો ભાગ્યશાળી માબાપને જ મળે. કોઈક ને કોઈક દિવસે એનાં માબાપ એને જરૂર અપનાવી લેશે. ત્યાં મયૂરાએ કાન્તાને કહ્યું, "માતાજી, અંદર આવો." આ એનાં સાસુ-સસરાનું ઘર છે. હમણાં બાળકોને રજા છે, એથી અહીં આવી છે.

એના સસરા અમારી સાથે ચાલ્યા. બઘૌરામાં ભગવાનદાસના ઘેર અમારી રહેવાની વ્યવસ્થા કરીને ચાલ્યા ગયા. ભગવાનદાસનાં પત્નીએ અમને રાંધવા ન દીધું, જાતે અમારા સૌ માટે શાક-પૂરી બનાવ્યાં. માત્ર બે વ્યંજનવાળું અહીંનું ભોજન કોઈ દિવ્ય ભોજનથી જરાય ઊતરતું નહોતું. લોકોની આતિથ્ય ભાવના કેવી તો પ્રબળ છે !

સવારે ભગવાનદાસે કહ્યું કે પાસે જ શક્કર છે અને એમાં પ્રવાહ પણ છે. તમે નાહી આવો. અમે શક્કરની પીંછીના લસરકા જેવી પાતળી જળધારામાં સ્નાન કર્યું. પછી આગળ ચાલ્યાં.

વેરાન વાટ કાપતાં જઈ રહ્યાં હતાં. હું ખુશ હતો કે અમારી યાત્રા સરસ ચાલી રહી છે. અમે રોજ ૧૭-૧૮ કિલોમીટર ચાલતાં. આ બાજુ ચટ્ટાન, પથ્થર કે કાંકરા જરા પણ નથી. પહાડ પણ નથી. અમારી પગદંડી નદીકાંઠે લહેરની જેમ ઊઠતી પડતી માટીની ઊંચી ટેકરીઓની કતાર પર થઈને છે. અમે નિરંતર ચઢતા-ઊતરતા રહીએ છીએ.

વજ્રપાત સર્વથા આકસ્મિક હતો. કાલ સાંજ સુધી એના આવવાનો જરા પણ સંકેત નહોતો. આજે સવારથી જ મને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી હતી. ચઢાણ ચડતી વેળા હાંફવા લાગતો. પછી તો સપાટ મેદાન પર પણ હાંફવા લાગ્યો. કેટલેય ઠેકાણે ખેડૂતો ઘઉં ઉપણી રહ્યા હતા. એની ભૂસી (ઢૂંસું) મારી શ્વાસનળીમાં ઘૂસી ગઈ હતી અને મને શ્વાસ લેવા નહોતી દેતી. વળી અહીં બારીક પાઉડર જેવી ધૂળ છે. એ પણ ગઈ હશે. ઈનહેલર કામ નહોતું કરતું. મંગળ ચોઘડિયું જોઈને મારો દમદાર દોસ્ત આવી પહોંચ્યો હતો ! મારો શ્વાસ ધમણની જેમ ચાલી રહ્યો હતો. મારાં ફેફસાં હવા માટે હવાતિયાં મારી રહ્યાં હતાં. ચારે બાજુ આટલી બધી શુદ્ધ ગ્રામ્ય હવા, પણ મારે માટે કાંઈ નહીં ! મારી હાલત "પાની બિચ મીન પિયાસી" જેવી હતી.

દમ કુટિલ અને ધૂર્ત છે. એને આવી રીતે અચાનક આક્રમણ કરવામાં આનંદ આવે છે. હોશિયાર શિકારી પોતાના શિકારને માત્ર હંફાવતો જ નથી, એને ચીત પણ કરે છે. મારો દમ હમણાં મને હંફાવી રહ્યો છે, પછી ચીત પણ કરશે. હું લાઠી નથી લેતો, કાન્તા લે છે. મેં એની લાઠી લઈ લીધી. મને એના ટેકાની જરૂર હતી. ઊધરસ અલગ પરેશાન કરી રહી હતી. દમ અને ઊધરસના મણિકાંચન યોગના લીધે મારે દર પંદર વીસ મિનિટ પછી વિસામો લેવા ઊભા

રહી જવું પડતું. હાંફને લીધે પગ જેમતેમ પડતા હતા. પાંસળાંનો થડકાટ નગારાની પેઠે સંભળાતો હતો. દમને લીધે મારો દમ નીકળી રહ્યો હતો. કાન્તાનો ઉદ્વેગ હું જોઈ શકતો હતો. એ મારે માટે કંઈ કરી શકતી નહોતી એનો જ એને ઉદ્વેગ હતો, પરંતુ મારી તકલીફ તો મારે જ ભોગવવી રહી. આમાં પ્રૉક્સી ન ચાલે.

કાલ સાંજથી અમે જે ડુંગરાઓને દૂરથી જોઈ રહ્યાં હતાં, એ નજીક આવી ગયા હતા. આની જ તળેટીમાં છે ગઢી – કોઈક ગોંડ રાજાએ અઢીસો વર્ષ પહેલાં બનાવેલો નાનો મહેલ. એ દેખાવા લાગ્યો તો મારામાં નવા પ્રાણનો સંચાર થયો. સળગતા બપોરે ત્યાં પહોંચ્યાં. શાંત અને એકાંત જગ્યા છે. જે મહેલમાં ક્યારેક રાજા, રાણી રહેતાં, હવે એમાં થોડા બાબા રહે છે. અમે પણ એના એક ઓરડામાં રહ્યાં.

સવારે જાગ્યો ત્યારે સામેનાં વૃક્ષોમાં પક્ષીઓ પ્રભાતિયાં ગાઈ રહ્યાં હતાં અને નીરજ એમના ફોટા પાડી રહ્યો હતો. એને અહીં થોડાં દુર્લભ પક્ષી મળ્યાં જે બનતાં સુધી આફ્રિકાથી આવ્યાં હતાં. મને થોડો આરામ જણાયો, પરંતુ એ મારો ભ્રમ હતો. થોડું ચાલતાં જ હાંફવા લાગ્યો. શત્રુ ગઢ છોડીને ગયો નહોતો, ફેફસાંના પોલાણમાં જાત છુપાવીને બેઠો હતો. ઘરે જવા સિવાય છૂટકો નહોતો. મને એ વાતનું દુઃખ હતું કે મારા લીધે મારા સાથીઓની યાત્રા પણ અધૂરી રહી ગઈ.

(એકલા શૈલેન્દ્ર આગળ ગયા. આવીને એમણે કહ્યું કે ડુંગરાઓની પેલે પાર, સાંકડી પહાડી ખીણમાં ઊભી ચટ્ટાનો વચ્ચેથી વહેતી તન્વંગી શક્કર સ્વર્ગ જેવી સુંદર છે. યુધિષ્ઠિરની જેમ એકલા શૈલેન્દ્ર જ એ સ્વર્ગમાં જઈ શક્યા, બાકીના અમે અહીં જ રહી ગયાં.)

અહીં ગોંડ રાજાએ બાવન કૂવા ખોદાવેલા, હવે માત્ર બે જ બચ્યા છે. એક ખાડામાં પાણી એકઠું કરવામાં આવ્યું છે જેથી રાત્રે જંગલી જાનવરો આવીને પાણી પી શકે. તરસના લીધે એમના પણ બૂરા હાલ છે. ડુંગરા પર સાગવાનનાં ઝાડ છે, પણ પાંદડાં ન હોવાને લીધે એ જીર્ણ-શીર્ણ જણાય છે. હું અનાસક્ત ભાવે આ બધું જોતો રહ્યો. પછી ધીરે ધીરે અહીંનું આખું પરિસર જોઈ આવ્યો.

બપોરના આગ ઝરતા તડકામાં એક બાબો – જટાળો જોગી – ટીલાંટપકાં તાણી પોતાની ચારે બાજુ છાણાંની નાની નાની ઢગલીઓ સળગાવીને એની વચ્ચે પદ્માસન લગાવીને બેઠો. એ ‘‘પંચતપ'' કરી રહ્યો હતો. આગ બુઝાતાની સાથે એણે શંખ ફૂંક્યો. આ અનુષ્ઠાન પૂરું થયાની ઘોષણા હતી. અહીં કોઈ વસતિ નથી. એ એકાંત સાધના કરી રહ્યો હતો.

એક દૂબળો પાતળો બેવડી દાઢીવાળો બાબો પણ હતો. એના ચહેરા પર ભક્તિનો ભાવ હતો. મને કહે, ‘‘હું એક સંપન્ન પરિવારથી છું. એક મોટા જ્યોતિષીએ મને કહેલું કે તું સાઠ વરસથી વધુ નહીં જીવે. આજે ૯૨નો છું અને મને તાવ સુધ્ધાં નથી આવ્યો.''

યાત્રાનો અંત એક ટીસ લઈને આવ્યો. મેં યાત્રા શરૂ કરી હતી મસ્તીની સાથે અને એ ચાલી પણ રહી હતી ઠાઠથી, પરંતુ એ મસ્તી હું જાળવી ન શક્યો. આ વેળા પરીક્ષામાં હું પૂરો ન ઊતર્યો. બોતલના જિન્નની જેમ મારો દમ બહાર નીકળી આવ્યો. એણે મને બહુ પડ્યો. પ્રાચીનકાળમાં ઋષિઓની તપસ્યાનો ભંગ કરાવવા ઈન્દ્રદેવ કપરાં વિઘ્નો નાખતા. મારી પરિક્રમા ભંગ કરાવવા યમના નાના ભાઈ દમને પણ ઈન્દ્રદેવે જ મોકલ્યો હશે. હારેલા પહેલવાનની જેમ મારે અધવચ્ચેથી પાછા આવવું પડ્યું.

એક વાત સ્પષ્ટ સમજાય છે : હવે ઉનાળામાં ચાલવું સંભવ નથી. જે દમ હજુ સુધી નરમીથી પેશ આવી રહ્યો હતો, એણે આ વેળા સખ્તી કરી હતી. મને મારી પદયાત્રાઓના અંતની આહટ સંભળાઈ રહી છે. તેમ છતાં મનને ખૂણે એક આછી આશા તો છે કે દિવાળી ટાણે કદાચ ચાલી શકું. આશાવાદી થવામાં શું ખોટું છે, દમ થકી હાંફી તો ગમે ત્યારે શકું છું.

પરિક્રમાનાનું ત્રીજું પુસ્તક લગભગ તૈયાર છે. મૈયા ! આશીર્વાદ આપ કે એ વાંચીને પ્રસન્ન થઈને વાચક કહે કે, ''વેગડજી ૯૨ વર્ષ સુધી જીવે ને એમને તાવ સુધ્ધાં ન આવે !''

હમણાં ૮૧નો છું. જો તેઓ ૯૨ના બદલે ૮૨ કહેશે, તો પણ રાજીનો રેડ થઈને કહીશ, ''આપકે મુંહમેં ઘી-શક્કર !''



૨૨. અલવિદા નર્મદા

નર્મદાનાં આપ્રવાસી પક્ષીઓ છીએ અમે. આવીએ, ઊડી જઈએ, ફરી આવીએ. આ વેળા અમે ૩૦ છીએ. આટલાં બધાં આ પહેલાં ક્યારેય નહોતાં ચાલ્યાં. જ્યારે મિત્રોને ખબર પડી કે આ મારી છેલ્લી પદયાત્રા છે તો લખનઉ, મુંબઈ, ખંભાત, દુર્ગ, ઉજ્જૈન અને ઈન્દોરથી લોકો આવ્યા. વહુ દીકરાઓએ અમને એ જ શરતે જવાની રજા આપી છે કે સાથે ગાડી ચાલશે. અમે પગદંડી પર ચાલશું, સામાન ગાડીથી આવશે.

૪ નવેમ્બર ૨૦૦૯ની સવારે અમે બરમાનઘાટ આવી ગયાં. અહીંથી જબલપુર સુધીની લગભગ ૧૨૫ કિલોમીટરની પદયાત્રા કરશું. આખો દિવસ નદીકાંઠે ટહેલતાં રહ્યાં. બીજે દિવસે નાવમાં બેસીને નદી વચ્ચે આવેલા મોટા ટાપુ પર ગયાં. નદીમાં પાણી બહુ ઓછું હતું. પાછા આવીને નદીને કાંઠે કાંઠે આગળ વધ્યાં. બપોરે છોટા ધુંવાધાર આવી ગયાં. અહીં નર્મદામાં નાના નાના કેટલાય ધોધ છે. જાણે દેગડેદેગડા દૂધ ઢોળાઈ રહ્યું ન હોય ! પ્રપાતોમાં જ નદીની સૌથી પ્યારી છટા જોવા મળે છે. વેગથી વહેતી જળધારાઓ ફીણની સફેદ ઝાલર બનાવતી હતી અને મધુર ગીત પણ ગાઈ રહી હતી.

ધુંવાધારમાં તાંડવ છે તો અહીં લાસ્ય. અહીં તો જાણે પગ ઘુંઘરું બાંધ નદી નાચી રે !

નદીનું પાણી અહીં અનેક ધારાઓમાં વહેંચાઈને આગળ જઈને પાછું એક થઈ જાય છે. પાણીને આ સગવડ છે. એકમાંથી અનેક થાય, અનેકમાંથી એક થાય. સિંધુમાંથી બિંદુ થાય ને બિંદુ પાછાં સિંધુ બની જાય. પથ્થરને આ સગવડ નથી. ગોવર્ધનમાંથી શાલિગ્રામ બને, પણ શાલિગ્રામ ગોવર્ધન ન થઈ શકે.

અહીંથી જવાનું મન નહોતું થતું, પણ મનને વાર્યા વિના છૂટકો નહોતો. પાસે જ લીલાંછમ વૃક્ષોથી આચ્છાદિત ટેકરી પર એક આશ્રમ છે. ત્યાં ગેરુ વસ્ત્રવાળા બે બંગાળી પરકમ્માવાસી મળ્યા. એમાં જે ઊંચા પહોળા કદાવર હતા, પહેલાં એ અમેરિકામાં સૉફ્ટવેર એન્જિનિયર હતા, પણ હવે વેરાગ લઈ લીધો છે અને નર્મદા પરિક્રમા કરી રહ્યા છે. દીવાટાણે ગુરસી પહોંચ્યાં. અહીંની ધર્મશાળામાં રાત રહ્યાં. સવારે ચાલી નીકળ્યાં.

રસ્તામાં ત્રણ વિદ્યાર્થી મળ્યા. તેઓ કેરપાની ભણવા જઈ રહ્યા હતા. એમના ગામથી કેરપાની ૭ કિ.મી. દૂર છે. આવતાંજતાં ૧૪ કિ.મી. થાય. જો તેઓ વરસમાં ૨૦૦ દિવસ જ સ્કૂલ જાય તો એક વર્ષમાં લગભગ પોણા ત્રણ હજાર કિ.મી. પગે ચાલવાનું થાય. અગિયારમું ધોરણ પાસ કરતાં કરતાં તેઓ લગભગ ૧૮,૦૦૦ કિ.મી. પગે ચાલી ચૂક્યા હોય છે ! તેય શહેરની પાકી સડક પર નહીં, નદીકાંઠેની ચડ-ઊતરવાળી કાચી પગદંડી પર ! ચોમાસામાં ભીંજાતા ને કાદવ ડખોળતા જવું પડતું હશે. જો હું કવિ હોત તો ભાતભાતના છંદોમાં આ બાળકોનાં ગુણગાન કરત. છતાં મનોમન એટલા આશીર્વાદ તો આપ્યા જ કે આ બાળકોમાં વિદ્યાનું બ્રહ્મતેજ પ્રગટો !

અમને પણ કેરપાની જ જવું હતું. કાન્તા અને હું એમની સાથે ચાલ્યાં. અમારા માટે બાળકોએ પોતાની ચાલ જરા ધીમી કરી. ગીતા સાતમા ધોરણમાં છે, એનો ભાઈ અને સાથી અગિયારમા ધોરણમાં. અમે વાતો કરતાં જઈ રહ્યાં હતાં, ત્યાં અચાનક ગીતાએ કાન્તાને કહ્યું, “અમ્મા, સીતાફલ ખાઓગી ?”

હું અવાક રહી ગયો. આ બાળકીએ વિચાર્યું હશે, બધા લોકો પરકમ્માવાસીને કાંઈ ને કાંઈ આપે. હું ભલા શું આપી શકું ? ત્યાં એને યાદ આવ્યું કે ખાવા માટે એની માએ એને એક સરસ મોટું સીતાફળ આપ્યું છે. એ એણે અમને આપી દીધું ! મારું હૃદય અકથનીય સ્નેહથી ભરાઈ ગયું. આ નાની બાળકીએ તો જાણે જનનીનું સ્થાન લઈ લીધું. એના ભાઈએ કહ્યું, "ચારે બાજુએ આ જે ડુંગરા છે ને, એ બધા સીતાફળીનાં વૃક્ષોથી છવાયેલા છે." સીતાફળીનાં વનનાં વન !

કેરપાની પહોંચતાં પહેલાં જ એમની શાળા આવી. એ વસતિથી દૂર છે. નવમા ધોરણના પાઠ્યપુસ્તકમાં મારો પાઠ છે. એથી શિક્ષકો મારા નામથી પરિચિત હતા. કહે, "અમારા વિદ્યાર્થીઓ ક્યારેય કોઈ લેખકથી નથી મળ્યા. તેઓ આપને મળવા ઈચ્છે છે. મહેરબાની કરીને બે શબ્દો પણ કહેજો." શાળામાં કોઈ મોટો ખંડ નહોતો એથી મારે ત્રણ ભાષણ આપવાં પડ્યાં. નવમા ધોરણમાં બોલ્યો, "બાળકો, નદી માત્ર આપણા માટે જ નથી. માછલીઓ માટે પણ છે. માછલી પણ આપણી જેમ શ્વાસ લે છે. પાણીમાં જ્યારે પ્રદૂષણ વધી જાય છે ત્યારે ઑક્સિજન ઓછો થઈ જાય છે અને શ્વાસ રૂંધાવાથી માછલીઓ મરી જાય છે. પહેલાં નદીમાં કેટલી માછલીઓ રહેતી, કાચબા રહેતા, મગર પણ રહેતા. હવે એ બધાં ક્યાં ગયાં ? પ્રદૂષણવાળું, રસાયણવાળું ગંદું પાણી એમને ભરખી ગયું. આપણે નદીઓને ગંદી ન કરીએ. નદીઓને સ્વચ્છ રાખવી બહુ મોટી દેશસેવા છે."

દસમા ધોરણમાં કહ્યું, "આપણા દેશની લગભગ બધી મોટી નદીઓ પૂર્વ ભણી વહીને બંગાળની ખાડીમાં પડે છે. એકમાત્ર નર્મદા પશ્ચિમ ભણી વહીને ખંભાતની ખાડીમાં મળે છે. ખરી રીતે તો અન્ય નદીઓની જેમ એણે પણ પૂર્વમાં જવું જોઈતું હતું, પરંતુ આપણા માટે પોતાની બિરાદરીનો કાનૂન તોડીને, એ પશ્ચિમ ભણી વહી અને આપણને – પૂરા પશ્ચિમ ભારતને – માલામાલ કરી દીધા. નર્મદાનો આ ઉપકાર આપણે કદી ન ભૂલીએ. એને કદી ગંદી ન કરીએ. નદી બધા માટે છે, પણ એના માટે નથી જે એને ગંદી કરે છે."

અગિયારમા ધોરણમાં કહ્યું, "આપણી પૃથ્વીને સૂર્યમંડળમાં સારામાં સારી જગ્યા મળી છે. જો એ સૂર્યની વધુ નજીક હોત તો એ એટલી ગરમ હોત કે ત્યાં માત્ર વરાળ જ હોત. જો સૂર્યથી વધુ દૂર હોત તો ત્યાં એટલી ટાઢ પડત કે ત્યાં માત્ર બરફ જ હોત. જો કે વરાળ અને બરફ બંને પાણીના જ પ્રકાર છે, પરંતુ જીવન ત્યાં જ સંભવ છે જ્યાં પાણી હોય. અને પાણી કેવળ પૃથ્વી પાસે છે. એના લીધે જ પૃથ્વી પર જીવન છે. આપણને આખું વરસ નદીઓ પાસેથી પાણી મળતું રહે છે. નદીઓને આ પાણી જંગલો થકી મળે છે. પણ આપણે તો વનોને વાઢીને અધમૂઆં કરી નાખ્યાં. એથી વરસાદ ઓછો વરસે છે ને નદીઓ સુકાતી જાય છે. આ નદીએ આપણા દાદા-પરદાદા અને એમનાય અસંખ્ય પરદાદાઓની પ્યાસ બુઝાવી છે, પરંતુ એ આપણાં બાળકોનાં બાળકોનાં બાળકોની પ્યાસ બુઝાવી શકશે કે કેમ, કહી નથી શકતો. બાળકો, નદી અને જંગલ – આ બંને પ્રકૃતિનાં બહુ મોટાં વરદાન છે. આપણે એનો દુરુપયોગ ન કરીએ. નદીને ગંદી ન કરીએ. પાછળથી ગમે તેટલી સાફ કાં ન કરીએ, ગંદગીના ઘા પૂરેપૂરા રૂઝાતા નથી."

આની સાથે Meet the author કાર્યક્રમ પૂરો થયો. પુરસ્કાર સ્વરૂપે અમને ડાળનાં પાકેલાં સીતાફળ મળ્યાં ! મને થયું, અમને તો સીતાફળ મળ્યાં, પણ મારા સાથીઓ એનાથી વંચિત રહી ગયા. ધર્મશાળામાં જઈને જોયું તો એમણે તો સીતાફળનો એક ટોપલો જ ખરીદી લીધો હતો અને કૂંડાળું વળીને મજેથી આરોગી રહ્યા હતા ! એક નગરીમાં ભાજીને ભાવે મીઠાઈ મળતી જોઈને એક ચેલાએ પોતાના ગુરુનો સાથ છોડી દીધો અને ત્યાં જ રહી ગયો. અહીં સીતાફળ એટલાં સારાં અને સસ્તાં મળે છે કે થાય છે કે અહીં જ રહી જાઉં ! પછી જે

દશા ચેલાની થઈ હતી, એવી જ મારી થતી હોય તો ભલે થાય !

અહીંની ધર્મશાળા બહુ નાની છે, અહીં રહી ન શકાય. ત્યાં જ એક ભાઈ આવ્યા. નામ તેજબલ વિશ્વકર્મા. બહુ આગ્રહપૂર્વક પોતાને ઘેર લઈ ગયા. આમ અમારું સરઘસ એમને ત્યાં જઈ પહોંચ્યું. મોટું આંગણું હતું. લાંબું ઘર ને લાંબી ઓસરી હતી. એક ખૂણે લુહારની કોઢ હતી. હમણાં બંધ પડી હતી, પણ ક્યારેક અહીંના ઘણનો લયબદ્ધ અવાજ વાતાવરણને ગજવી મૂકતો હશે. એક છેવાડે ભેંસો બાંધી હતી. સરસ જગ્યા હતી. અહીં અમે બપોરે જ આવી ગયાં હતાં. અહીંથી આઠેક કિલોમીટર દૂર પહાડોની ગોદમાં એક અત્યંત સુરમ્ય સ્થળ છે. નામ છે પુતલીખોહ. અહીં પ્રાગૈતિહાસિક ચિત્રો છે. બહુ ઓછા લોકોને આની જાણ છે. હું એ બે વાર જોઈ ચૂક્યો છું અને ઈચ્છતો હતો કે મારા સાથીઓ પણ એ જુએ. મુખ્ય સડક સુધી અમારી ગાડીથી જશું. એ પછી ૩ કિ.મી. પગે ચાલવું પડશે. સાંજ સુધી પાછા આવી જશું.

સડક પાસેથી એક કેડી અમને એક ઝરણા સુધી લઈ ગઈ. આ જ ઝરણું અમને પુતલીખોહ લઈ જશે. ઝરણું સુકાઈ ગયું હતું અને એમાં મોટા મોટા શિલાખંડોની ભરમાર હતી. આ શિલાખંડોને ખૂંદતા આગળ વધ્યાં. થાકના લીધે વારે વારે થોભવું પડતું. આખરે પુતલીખોહ પહોંચી ગયાં. પરંતુ અહીં એક ઊભી કરાડ ચડવાની હતી. મહિલાઓ માટે – તેમ જ ૮૨ની ઉંમરે મારે માટે પણ – એ શક્ય નહોતું એથી અમે ત્યાં જ બેસી ગયાં. બીજાં ભેખડ ચડીને ઉપર ગયાં. એમાં થોડી બહેનો પણ હતી. કુમુદ સ્થૂલકાય છે તેમ છતાં ઉપર ગઈ. અમે એના આ દુ:સાહસ માટે વધાઈ આપી. અહીંના પહાડી પરિવેશમાં એવી તો ભવ્યતા છે કે અમે એ જ જોતાં રહ્યાં. સાથીઓ જેવાં નીચે ઊતર્યાં કે અમે વાપસી યાત્રા શરૂ કરી દીધી. પહાડોના પડાછાયા ખીણમાં ઊતરે એ પહેલાં અમે સડક સુધી પહોંચી જવાં માગતાં હતાં.

અમે ૩૦ છીએ અને તેજબલના ઘરમાં પણ લગભગ એટલાં જ છે. સાઠ જણાંની રસોઈ સાથે બની અને સાથે જ જમ્યાં. સવારે નીકળતી વેળા કોઈકે કહ્યું કે પ્રદીપ કાજુ કિસમિસ લઈને ચાલ્યો છે. પણ કાઢતો નથી. પ્રદીપની અટક છે ગુપ્ત અથવા ગુપ્તા. એ કહે છે કે આ મારું ગુપ્તધન છે !

નર્મદા સંગ રમતાં ભમતાં જઈ રહ્યાં છીએ. પગપાળા ચાલવામાં કેટલો આનંદ છે ! આકાશનો અગાધ નીલ વિસ્તાર, ધાન્યથી લચી પડતાં હરિયાળાં ખેતરો, લીલાં વૃક્ષો, દૂરની ડુંગરમાળ, ખાડા-ખીણો-ખાઈઓ, કરાડો-કોતરો, ઊગતાં પ્રભાતો, આથમતી સંધ્યાઓ, ધરતીનો સ્પર્શ – જ્યારે આપણે પગે ચાલીએ છીએ ત્યારે આપણે કેટલું બધું પામીએ છીએ ! દરેક કદમ જે અમે ઉપાડતાં, દરેક શ્વાસ જે અમે લેતાં, દરેક દૃશ્ય જે અમે જોતાં, એનાથી અમને નવી સ્ફૂર્તિ મળતી. ખેતરોમાં તનતોડ મહેનત કરતાં સ્ત્રી-પુરુષોને જોઈને સમજાતું કે અનાજના એકેએક દાણામાં એમનો શ્રમ સમાયેલો છે. અનાજનો દાણો એટલે શ્રમનું સાકાર સ્વરૂપ.

આગળ ખેડૂતો સિંચાઈ કરી રહ્યા હતા એથી નદીકાંઠે ચીકણો ગારો થઈ ગયો હતો. અમારે એમાંથી જ જવાનું હતું. કેટલાક ખૂંપ્યા, કેટલાક લપસ્યા, કેટલાક પડયા તો કેટલાક પડતાં પડતાં બચ્યા. એક ઠેકાણે લોકો નદીમાં નહાઈ રહ્યા હતા. અમે પણ કૂદી પડયાં. એ પહેલાં કેટલાકે આખે શરીરે ભીની માટીનો લેપ કર્યો તો કેટલાક ભીની માટીમાં આળોટયા. પછી મોડે સુધી ડિલ ચોળીને નહાતા રહ્યા. આખાયે દિવસનાં ધૂળ, તાપ, થાક બધું ધોવાઈ ગયું. શીતળ જળ કેવું તો મધુર ! બાથરૂમનું સ્નાન તો મટકા સ્નાન છે, જાણે ઘડામાં બેસીને નહાઈ લીધું ! જ્યારે નદીનું સ્નાન તો છે સાત સમંદર તેરો નદીનું સ્નાન !

ડોંગરગાંવમાં રામાધાર શર્માને ઘેર રહ્યાં. આ વ્યવસ્થા પણ ભલા માણસ તેજબલ

વિશ્વકર્માએ જ કરેલી. આજે પણ એવા માણસો છે જે પંડ કરતાં પારકાંનો વિચાર પહેલાં કરે છે. ઘરની બહેનોએ અમને રસોઈ જ ન બનાવવા દીધી. અમને કહે, "તમે તો બસ ખાઓ, પીઓ અને આરામ કરો." અમારું દળ એટલું મોટું છે કે જ્યાં રાતવાસો કરીએ ત્યાં જાણે લગ્નના ઘરમાં હોય એવી ધમાલ મચી રહે છે.

બીજે દિવસે બપોરે ગુરુગુફા પહોંચ્યાં. અહીં જમીનની નીચે એક નાની ગુફા છે. એમાં એક સાંકડી સુરંગમાં થઈને જવાય છે. ટૉર્ચને અજવાળે દબાતાં-સંકોચાતાં અંદર ગયાં ને દંગ રહી ગયાં. નર્મદાએ પથ્થરની તિજોરીમાં કેવો તો ખજાનો છુપાવી રાખ્યો છે ! એ પ્રકાશવિહીન નિ:સ્તબ્ધ ગુફાની દીવાલોમાંથી તરેહ તરેહની કાગળ જેવી પાતળી ચટ્ટાનો બહાર નીકળી આવી છે. કેમ જાણે ગુફાને સુંવાળી ચટ્ટાનોની કૂંપળો ફૂટી હોય ! છતમાંથી ચટ્ટાનોનાં ઝુમ્મર લટકે છે ! જાણે મુલાયમ ચટ્ટાનોનું કમળવન ! એ એટલી તો નાજુક છે કે થયું, ક્યાંક અમારા શ્વાસોચ્છ્વાસથી અમે એને ઈજા ન પહોંચાડી બેસીએ.

બહાર નીકળવાનું મન નહોતું થતું, પણ અમે જ્યારે બહાર નીકળશું ત્યારે જ બાકીનાં આવી શકશે.

અહીંથી ચાલીને નર્મદા અને હિરન નદીના સંગમ પર સ્થિત એક આશ્રમે જઈ પહોંચ્યાં. આજનો રાતવાસો અહીં છે. આશ્રમની દેખભાળ કરતી મહિલાનું નામ છે મા પ્રેમમયી. બધાં એને નાની કહે છે એથી અમે પણ એને નાની કહેવા લાગ્યાં. પોતાની દરેક વાતને એ બહુ દમામથી કહેતી. કોઈ પણ વાતનો ધારદાર જવાબ એની પાસે તૈયાર રહેતો. એ બીજાને બોલવાનો જરા પણ અવસર પામ્યા વગર સતત બોલતી રહેતી. પોતાના મનની વાતને મનમાં દબાવી રાખવાનું તો એ જાણતી જ નહોતી. કોઈ જરાક અયોગ્ય કહે કે તરત સામો ફટકો લગાવે. એ એક ઠેકાણે ઊભી નહોતી રહેતી. વિનોદની કોઈ વાત કહીને ચાલી જતી ને એક નાનું ચક્કર લગાવીને પાછી ત્યાં જ આવી જતી ને વળી નવી વાત કહેતી. વાક્યના અંતે જેમ પૂર્ણવિરામ હોય તેમ એની દરેક વાતને અંતે એક ફેરફુદરડી રહેતી. ૭૬ની છે પણ અબાબીલની જેમ ફુદકતી રહે છે. ખુશમિજાજી એના લોહીમાં છે. એ પોતેય હસતી અને અમને પણ હસાવતી. એ નીડર અને નિર્ભીક છે. કોઈથી ડરતી નથી, મોતથી પણ નહીં. સામે કાંઠે મસાણમાં મડદાં જલતાં રહે અને એ રસપૂર્વક નિહાળતી રહે.

નાનીને પેન્શન મળે છે. કોઈના પર આશ્રિત નથી, પોતાના દીકરાઓ પર પણ નહીં. અન્યાય જોતાં જ એને ડિલે બળતરા ઊપડે. એના પતિ હાઈસ્કૂલમાં પ્રિન્સિપાલ હતા. એક વાર એ એમને મળવા ગઈ તો એ સ્કૂલમાં નહોતા. તરત બ્લૅકબોર્ડ ઉપર મોટા અક્ષરે લખ્યું : પ્રિન્સિપાલ નદારદ ! નીચે સમય અને તારીખ પણ લખ્યાં.

નાનીમા અજીબ વિરોધાભાસ છે. દૂબળી ને દુર્બળ છે, પણ લડવા સદા તૈયાર રહે છે. એક ઘડી ગુસ્સાથી લાલ થઈ જાય તો બીજી ઘડીએ હો હો કરતી હસી પડે. નાની પોતાની તરેહની મહિલા છે – બહારથી પણ સાફ અને ભીતરથી પણ સાફ. સવારે ચાલવા લાગ્યાં તો નીચે સંગમ સુધી વળાવવા આવી.

આકાશમાં વાદળાં એદીની જેમ પડ્યાં છે. નથી વરસતાં કે નથી ક્યાંય જતાં, પણ વાદળિયા વાતાવરણને લીધે ચાલવામાં આરામ રહ્યો. રાજીવ મિત્તલ લખનઉથી આવ્યા છે અને ત્યાં એક અખબારના સંપાદક છે, પરંતુ એમનામાં સંપાદકનો દબદબો જરા પણ નથી. જાનવરોથી એમને બહુ લગાવ છે. રસ્તામાં જાતજાતનાં કૂતરાં મળતાં રહેતાં. દરેક કૂતરાને વહાલ કરતા. એક ઠેકાણે એક ઝીંથરિયા વાળ વાળા જાડા કૂતરાએ ભસવા માટે મોં ખોલ્યું, પણ રાજીવની પુચકાર સાંભળીને બગાસું ખાઈને રહી ગયો !

યાત્રામાં કોઈનો પગ મચકોડાયો, કોઈકના પગમાં કાંટો ખૂંપ્યો, કોઈકને ઝીણો તાવ

આવ્યો તો કોઈકના ચંપલે દગો દીધો, પરંતુ બધાં આનંદ અને ઉલ્લાસથી એવાં તો છલોછલ હતાં કે કોઈએ પણ આના પર ધ્યાન ન આપ્યું. બધાં પોતાની ભાગમભાગવાળી જિંદગી સર્વથા ભૂલી ગયાં હતાં અને આખો દિવસ હસતાં-હસાવતાં રહેતાં. જ્યારે હસવાની કોઈ વાત ન રહેતી ત્યારે પણ હસતાં. આ ધરતી પર આપણે થોડા જ દિવસો માટે તો આવ્યાં છીએ. શા માટે થોડું હસી-બોલી ન લઈએ ?

અપ્રિય દૃશ્ય પણ પણ જોવા મળ્યાં. નદીની રેતીમાં ઠેકઠેકાણે ટ્રકોનાં ટોળાં ઊભાં હતાં. નદીમાંથી મશીનો મારફત રેતી કાઢવામાં આવી રહી હતી. નદીના પટમાં ઊંડા ખાડા થઈ ગયા હતા. ક્યાંક નદીના કાંઠા ભાંગી ગયા હતા. પ્રકૃતિએ ક્યારેય કોઈને દગો નથી દીધો, પરંતુ પ્રકૃતિ ત્યારથી દગાનો શિકાર થતી આવી છે, જ્યારથી માણસ પેદા થયો છે.

ત્રીજે પહોરે નદીના ભાઠામાંથી નીકળીને ઉપર આવી ગયાં. ઊભાં મોલવાળાં ખેતરોને શેઢે શેઢે ચાલીને ઝાલર ટાણે ઝલોન પહોંચ્યાં. અહીં મારા મિત્ર વ્રજેશ ગોંટિયાને ત્યાં રહ્યાં. બધાં પરકમ્માવાસીઓ અહીં જ રહે છે, પાસે નર્મદા છે.

રાતના ત્રણનો સુમાર હશે. મને સખત ઉધરસ શરૂ થઈ. સાથે હાંફ ચડી. હેરાન પરેશાન થઈ ગયો. શ્વાસ લેવામાં મુશ્કેલી થવા લાગી. ઉધરસ બંધ જ ન થાય. (ઉધરસ જેવી ગંદી ચીજમાં ‘‘રસ’’ જેવો મધુર શબ્દ શા માટે હશે ભલા ? આના કરતાં ખાંસી શબ્દ સત્યની વધુ નજીક છે. એમાંથી ફાંસી જેવો ધ્વનિ નીકળે છે.) આ ઉધરસ મારાં પાંસળાંને તોડીફોડીને ચૂરા કરી નાખશે કે શું ! બાજુમાં શૈલેન્દ્ર સૂતા હતા. તરત ઊઠયા. ચૂલો પેટાવીને પાણી ગરમ કરીને લાવ્યા અને પીવા કહ્યું. એનાથી થોડી રાહત મળી. પછી પોતાના સ્ટીલના ડબામાં ગરમ પાણી ભર્યું અને એ ડબો છાતી પર રાખવા કહ્યું. આનાથી વધુ રાહત મળી. તેમ છતાં મેં નક્કી કર્યું કે અહીંથી હું ઘરે ચાલ્યો જઈશ. બાકીનાં બધાં આગળ વધશે.

પરંતુ હું જો ઘરે આવત તો મારી સાથે કાન્તા પણ આવત. બની શકે છે કે બા-બાપુ (બધા સાથી અમને બા-બાપુ કહેવા લાગ્યા હતા) વગર કદાચ પૂરું દળ જ યાત્રા સ્થગિત કરી દેત. પરંતુ અડધી રાતથી જ વરસાદ શરૂ થઈ ગયો હતો. રાત જેમ જેમ વધતી ચાલી તેમ તેમ વરસાદનો વેગ વધતો ચાલ્યો. નદીકાંઠે ગારો ખૂંદતા ચાલવું સંભવ નહોતું. કોઈનુંય નર્મદાકાંઠો છોડવાનું મન નહોતું. (જેઓ પહેલી વાર આવ્યાં હતાં, એમના પર પણ નર્મદાનું કામણ કામ કરી ગયું હતું) પણ એ સિવાય બીજો કોઈ ઉપાય નહોતો. આમ યાત્રાને ખંડિત કરવાનું ઠીકરું મારા પર ન ફૂટ્યું. એ અપયશ વરસાદે પોતાના પર ઓઢી લીધો.

બધાં સીધાં અમારે ઘેર આવ્યાં. સૌ સાથે બેસીને જમ્યાં. છેવટે વિદાયની ઘડી આવી. બધાંની આંખો ભીની હતી. હજુ તો ઠીકથી મળ્યાં પણ નહોતાં ત્યાં વિદાયની વેળા આવી પહોંચી. ગળગળા અવાજે આટલું જ બોલી શક્યો, ‘‘આવજો !’’ આ એક નવી બિરાદરી હતી. લોહીનાળના સંબંધથી જુદી અને અનોખી. એક એક કરીને બધાં ચાલ્યાં ગયાં. એક ગહન વિષાદે મને ઘેરી લીધો.

યાદ આવ્યું. વહુઓએ બહુ પ્રેમથી સૌને માટે રસોઈ કરી હતી. આ વ્યવસ્થા એમની પોતાની હતી. અમને આની જાણ સુધ્ધાં નહોતી. ત્રણ વરસના પૌત્ર માનસના મોંએથી આદિ શંકરાચાર્યનું નર્મદાષ્ટક સાંભળીને સૌ રાજી રાજી થઈ ગયાં હતાં. પોતાની કૉલેજના વાર્ષિકોત્સવ માટે પૌત્રી નેહા નિમાડી લોકગીત ‘‘રેવા તારો પાની અમૃત’’ પર પોતાનું નૃત્ય તૈયાર કરી રહી હતી. ના, ઉદાસ થવાને કોઈ કારણ નથી. અમારો નર્મદાપ્રેમ અમારા કુટુંબમાં જડ જમાવી ચૂક્યો છે. અમે રહીએ કે ન રહીએ, આ ઘરના દરવાજા નર્મદાપ્રેમીઓ માટે સદા ખુલ્લા રહેશે.

એક વાત ઉમેરવી જોઈએ. મેં કહેલું, ‘‘આવજો !’’ અને ખરેખર બધાં જ આવ્યાં. લગભગ સવા વરસ પછી ફેબ્રુઆરી ૨૦૧૧માં મારા સર્વ સહયાત્રીઓનું નર્મદાકાંઠે સ્નેહમિલન રાખેલું. એમાં જૂનાં નવાં બધાં જ સહયાત્રીઓ આવ્યાં. લગભગ ૬૦ જણાં સાથે રહ્યાં. દિવસે નર્મદાકાંઠેનાં સૌંદર્યસ્થળો જોતાં, રાત્રે ગોષ્ઠી થતી. એ હાસ્ય, રમૂજ અને પ્રેમથી રમણીય બની રહેતી. આવી જ એક ગોષ્ઠીમાં મારી નાની બહેન મૃદુલાએ કહ્યું, ‘‘અમારી બાનું નામ ગંગા. ગંગાએ જાણે પોતાનો દીકરો નર્મદાને દઈ દીધો.’’ એક વાક્યમાં એણે મારી આખી જીવનકથા કહી દીધી. ત્રણ દિવસનો આ સમારંભ અમારા સૌ માટે એક અનોખું નજરાણું બની રહ્યો. આની સાથે મારી ૪,૦૦૦ કિલોમીટરથીય વધુની અને કાન્તાની સવા હજાર કિ.મી.થી વધુની પદયાત્રાઓની જાણે વિધિવત પૂર્ણાહુતિ થઈ.



૨૩. મોરી નરબદા મૈયા

વાદળ સમુદ્રનાં ઈંડાં છે
પહાડ અને જંગલ એને સેવે
એટલે એ ફૂટે અને વરસે
નદી પહેલાં આકાશથી ઝરે
પછી જમીન પર વહે.
નદીઓનો જન્મદાતા સમુદ્ર છે
પાલનકર્તા પણ એ જ
દર વર્ષે મીઠા જળથી એને પુષ્ટ કરે છે.

સમુદ્ર બ્રહ્મા, સમુદ્ર વિષ્ણુ !
પૃથ્વી પર જીવન સૂક્ષ્મ જીવાણુરૂપે
સર્વપ્રથમ સમુદ્રમાં જ પ્રગટ થયું.
મારો-તમારો, તમામ પ્રકારના જીવોનો
પિતૃ-પુરુષ તો સમુદ્ર જ.

પાણીને જ્યારે પાંખ ફૂટે ત્યારે બને નદી. આરંભમાં કંઈ નદી નહોતી. પૃથ્વી પર જ્યારે પહેલો વરસાદ વરસ્યો હશે ત્યારે ચારે બાજુ પાણી ફેલાઈ જતું હશે. કાદવ થઈ જતો હશે. એ દિવસોમાં પાણીને ન હતું ઘર કે ન હતું બાર. એક દિવસે કાદવ-કીચડમાં રહેલા પાણીએ સાગરનો સાદ સાંભળ્યો. સમુદ્ર એને બોલાવી રહ્યો હતો. એને ત્યાં જવું હતું, પણ જવું કેમ ? નથી કેડી કે નથી વાટ. નથી સાથ કે સંગાથ.

પરંતુ એણે જોયું કે એની પાસે એક અદ્ભુત વસ્તુ છે – ગતિ. જો ગતિ જેવો રથ એની પાસે હોય, તો એને બીજા કશાની જરૂર નથી. અને ગતિનો રથ જોડીને એ ચાલી નીકળ્યું – ક્યારેક ધીમી ગતિએ, ક્યારેક સડેડાટ, ક્યારેક નીરવ પગલે તો ક્યારેક વાજતેગાજતે, ક્યારેક કોઈક ડુંગર ચાતરીને તો ક્યારેક જંગલ વીંધીને, ક્યારેક કોઈક સાથે ગોઠડી કરતું તો ક્યારેક કોઈક જોડે ધીંગાણું ખેલતું અવિરત ચાલતું જ રહ્યું. રસ્તો લાંબો, સાધના કઠિન. આ એક વિકટ સાહસ હતું, પણ સાહસનાં સુફળ મળે જ છે. મોટા મોટા પહાડ અને ગાઢ જંગલ એને મારગ આપવા લાગ્યાં, કેમ કે પાણીની તાકાત તેઓ જાણતાં હતાં. આમાં બીજાં પાણી પણ ભળ્યાં. એનું શરૂનું સુકલકડી શરીર ભરાતું ગયું, સશક્ત થતું ગયું, પૂર્ણ થતું ગયું અને છેવટે નદી બની ગયું ! આખરે પાણીને રહેવા માટે – વહેવા માટે – ઘર મળ્યું ! જાતે કંડારેલું ઘર ! આટલા સમય સુધી નદી જાણે કાદવમાં પોતાની જાતને સંતાડીને બેઠી હતી, એ હવે પ્રગટ થઈ. પાણીની સામે જ્યાં સુધી કોઈ લક્ષ્ય નહોતું, એ ઘાટઘૂટ વિનાનો કાદવ હતું, લક્ષ્ય મળતાં જ નદી બની ગયું !

નદીમાં સમુદ્રને જઈ મળવાની સહજ વૃત્તિ હોય છે. જૂના જમાનાનો કવિ હોત તો કહેત કે નદી એટલે સમુદ્રના અભિસારે નીકળેલું જળ. પરંતુ આજે કહીશ, નદી સમુદ્ર ભણી

એ રીતે જાય છે, કેમ જાણે ઉધાર લીધેલ ચીજ પાછી આપવા ન જઈ રહી હોય ! પૂરના સમયે નદી કેવી તો ખુશ હોય છે ! પોતાનો આનંદ ઊછળી ઊછળીને વ્યક્ત કરે છે. દોડયે જતાં પૂરનાં પાણીએ જ મુખ્યત્વે નદીનો માર્ગ કંડાર્યો. એવું નથી કે પહેલાં ઘર બન્યું અને પછી ગૃહપ્રવેશ થયો. પ્રવેશ પહેલાં થયો. ઘર બાદમાં બનતું ગયું. આમાં યુગોના યુગો લાગ્યા.

(ખરી રીતે કંડારવાનું કામ માત્ર પાણી જ નથી કરતું. નદીના પાણીમાં સહેજ ઍસિડ પણ રહે છે. રેતીના કણ અને કાંકરા પણ રહે છે. માર્ગ કંડારવામાં એ પણ પાણીને મદદ કરે છે. પાણીના આ "પાંશુમલિન વેશે" જ નદીનો માર્ગ કંડાર્યો. વિજ્ઞાનના નિયમ મુજબ જો પાણીનો વેગ બમણો થશે તો એના વહેણમાં રેતકણો-કંકરનો જથ્થો ૬૪ ગણો વધી જશે.)

ધીરજ, સાહસ, શૌર્ય અને પુરુષાર્થનો જેવો ઈતિહાસ નદીઓએ રચ્યો છે, પ્રકૃતિના અન્ય કોઈ ઘટકે નથી રચ્યો. નદીઓ જાણે આપણને કહે છે – રાહી ! રાહ ક્યાંય નથી હોતો, રાહ તો બનાવવાથી બને છે. આપણે જો ધ્યાનથી સાંભળશું તો નદી આ ગીત ગાતી સંભળાશે –

અમે રે લીલા વનની ચરકલડી ઊડી જાશું પરદેશ જો,
આજ ધરતીના દેશમાં, કાલે જાશું દરિયે જો !

આદિમાનવ ગુફામાંથી નીકળીને બહાર આવ્યો અને નદીકાંઠે વસ્યો. શિકારીમાંથી ખેડૂત બન્યો. નદીઓને કાંઠે એગ્રિકલ્ચર આવ્યું તો એની પાછળ કલ્ચર પણ આવ્યું. સંસારની તમામ પ્રાચીન સભ્યતાઓનો જન્મ નદીઓને કાંઠે જ થયો છે. ઋષિઓના આશ્રમ પણ નદીકાંઠે રહેતા.

નદીઓ એવી મા છે જેમણે પોતાની સઘળી સંપત્તિ આપણા નામે કરી દીધી છે.

લાખો વર્ષો સુધી નદીઓ સ્વચ્છ, સુંદર ને પવિત્ર રહી. પરંતુ સો સવા સો વર્ષ પહેલાં જેવી અૌદ્યોગિક સભ્યતા આવી કે નદીઓની દુર્દશા શરૂ થઈ. જે નદીઓ ચોમાસામાં ગાંડીતૂર બનતી, તટબંધ તોડીને બહાર આવી જતી, વિશાળ પહોળા પટ પણ જેને સાંકડા પડતા, જે ઘાટીલી, તંદુરસ્ત અને જોરાવર હતી; એ જ નદીઓ આજે દુર્બળ, બીમાર અને કૃશકાય થઈ ગઈ છે. દેડકાંના અવાજ અને વરસાદની રમઝટ પણ હવે ન રહી. જંગલો થકી જ વધુ પડતી નદીઓ જીવે છે. જંગલો વાદળને ધરા પર ખેંચી લાવે છે. જંગલ કપાઈ જતાં નદીઓ કુપોષણની શિકાર બની ગઈ છે. પહેલાં જે નદીઓ હસતી-રમતી, કલ્લોલ કરતી વહેતી, એ જ નદીઓ આજે શહેરો અને કારખાનાંઓની ગંદકી વહાવાનું વૈતરું કરી રહી છે. એમનું જળ વિષાક્ત થઈ ગયું છે. નદીઓ પ્રત્યેનો આપણો વહેવાર જો આવો જ અમાનવીય રહેશે, તો નદીઓ ગંદાં નાળાં બની જશે. પાણી દુર્લભ થઈ જશે અને પાણીના એક ગ્લાસ માટે લોકો મારામારી કરવા તત્પર રહેશે. વાદળોનાં અપહરણ સામાન્ય ઘટના થઈ જશે. વાદળોનો જે કાફલો એક દેશભણી જઈ રહ્યો હશે, બીજો દેશ એને વચ્ચેથી જ રોકીને પોતાને ત્યાં લઈ જશે.

પહેલાં કેટલાં તળાવ હતાં. હવે ઘણાં ખરાં પુરાઈ ગયાં છે અને ત્યાં કૉલોનીઓ અથવા કારખાનાં બની ગયાં છે. હવે નદીઓનો વારો છે. નદીઓ રહેશે તો આપણે રહીશું, પણ આપણે તો નદીઓને નષ્ટભ્રષ્ટ કરવામાં લાગ્યા છીએ. આના મૂળમાં છે જનસંખ્યાનો વિસ્ફોટ. બેફામ વસતિ-વધારો આ સુંદર દેશને નરક બનાવી દેશે.

એ સાચું કે લોકોએ નર્મદા પ્રત્યે એવી ક્રૂરતા નથી દર્શાવી જેવી ગંગા અને યમુના પ્રત્યે દર્શાવી છે. એ બંને તો I.C.U.માં છે. એમાં પાણી નહીં, પણ રાસાયણિક દ્રવ વહી રહ્યું છે. જે ગંગાએ ક્યારેક ભીષ્મને જન્મ આપ્યો હતો, એ આજે વાઈરસ અને બેક્ટેરિયાને જન્મ આપી રહી છે. નર્મદાની સ્થિતિ ઘણી સારી છે. તેમ છતાં મારી પહેલાંવાળી નર્મદા જે મેં ત્રીસ વરસ

પહેલાં જોયેલી અને આજની નર્મદાને જોઉં છું તો પીડા જ થાય છે. આપણે તરેહ તરેહથી નર્મદાને નુકસાન પહોંચાડી રહ્યા છીએ. જેમ કોઈ કાગડો ફળને ચાંચ મારી ખોતરીને ખાઈ જાય, એમ આપણે નદીને ઠોલી રહ્યા છીએ. એનું પાણી તો નીચોવીએ જ છીએ, મશીન દ્વારા એની છાતી ચીરીને રેતી પણ કાઢી રહ્યા છીએ. આને લીધે નદી છિન્નભિન્ન થઈ ગઈ છે. આમાં નર્મદાનો સૌંદર્યભંડાર પહેલાં જેટલો ન રહ્યો. નદી જેટલું આપી શકે, એનાથી વધુ ઝૂંટવી રહ્યા છીએ. જે માણસ ક્યારેક નદીઓ પ્રત્યે સંવેદનશીલ હતો, એના પ્રત્યે પૂજ્યભાવ રાખતો હતો, એ જ આજે એનો હત્યારો બની ગયો છે. માણસના ખૂની પંજાથી નદીને ડર લાગવા લાગ્યો છે. માણસને કેવી રીતે સમજાવવું કે નદીના દિલ પર શું વીતી રહ્યું છે.

પહેલાં આપણી જેટલી અપેક્ષા રહેતી, નદી એનાથી વધુ આપતી. પરંતુ આપણી અપેક્ષાઓ તો આસમાનને અડવા લાગી છે. નદી એ પૂરી ન કરી શકે.

એવું નથી કે સ્થિતિ નિરાશાજનક છે. હા, ગંભીર જરૂર છે. આને બદલવાનો પ્રયત્ન નહીં કરીએ, તો નિરાશાજનક પણ થઈ શકે છે. દુર્ભાગ્યથી બંધનો સર્વાધિક પ્રહાર નર્મદાને જ ઝીલવો પડયો છે. નાની શી નદી પર કેવડા બંધ ! આપણે નર્મદાને પાંજરાઓમાં પૂરી દીધી છે. ઇંદિરા સાગર બંધની સરેરાશ પહોળાઈ ૧૦ કિલોમીટર છે. એક ઠેકાણે તો એની પહોળાઈ ૫૦ કિ.મી.થીય વધુ છે. સામેનો કાંઠો દેખાય જ નહીં. બંધોને લીધે નદી પોતાના મૂળ તત્ત્વને – પ્રવાહને – ખોઈ બેઠી છે. નદી નદી ન રહી. બંધ એટલે બંધિયાર પાણી. (ક્યારેક થાય કે જે થોડીઘણી નર્મદા બચી છે, એના રહ્યા-સહ્યા અવશેષને ઐતિહાસિક સ્મારક ઘોષિત કરી દેવો જોઈએ.) પરકમ્માવાસીને આ અનુભૂતિ કેવી રીતે થશે કે એ વહેતા પાણી સાથે – નદીની સાથે – ચાલી રહ્યો છે. ઠેર ઠેર બંધ થકી ક્યાંક નર્મદા-પરિક્રમાની પરંપરા જ બંધ ન થઈ જાય. બંધોની શૃંખલાની લોકો ક્યાં સુધી પરિક્રમા કરશે ?

જો આવું થશે તો એ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ થશે. જેવી પણ હો, પરિક્રમા ચાલતી રહેવી જોઈએ. બલકે એ વધુ ફૂલે, ફળે અને મહેકે. આ બહાને આપણે પ્રકૃતિની સાથે જોડાઈએ છીએ. આપણે શહેરોની ભીડભાડ વાળી જિંદગી જીવવા માટે મજબૂર છીએ. નાનીમોટી સમસ્યાઓથી પરેશાન રહીએ છીએ. જો સમય કાઢીને પ્રકૃતિ વચ્ચે જઈશું, પ્રકૃતિના અનુપમ સૌંદર્યનું પાન કરશું, તો આ પ્રવાસ આપણા જીવનની એકરસતાને સહ્ય બનાવશે. આપણા જીવનને થોડુંક તો હર્યુંભર્યું બનાવશે. ધરતી આપણી જનેતા છે. એનો સીધો સ્પર્શ આવશ્યક છે.

જેટલા દિવસ મેં નર્મદાકાંઠાની પદયાત્રાઓમાં વિતાવ્યા, મારા જીવનના એ સૌથી સુખદ દિવસો હતા. જે માર્ગે સેંકડો વર્ષોથી હજારો પરકમ્માવાસીઓ ચાલતા આવ્યા છે, એ માર્ગે હું ચાલી શક્યો, આને હું મારું પરમ સૌભાગ્ય માનું છું. નર્મદાતટ ખૂબસૂરતીઓ અને ખુશીઓથી ભર્યો પડયો છે. પરંતુ એ માટે આપણને ઘરમાંથી બહાર નીકળવું પડશે. રસ્તાનાં ઝરણાં, વૃક્ષો, હરિયાળાં ખેતરો અથવા પહાડોનું સૌંદર્ય જોવા માટે ચાલતાં ચાલતાં જરા થોભવું પડશે. પ્રકૃતિના સૌંદર્યપાનની લલક આપણી ભીતર હોવી જોઈએ.

દરેક માણસમાં બચપણ છુપાયેલું હોય છે. અવસર મળતાં જ માનવહૃદયમાં બેઠેલ શિશુ બહાર આવી જાય છે. નર્મદાકાંઠે જતાં જ નર્મદા જાણે મને ખોળામાં ખેંચી લેતી. મારું બચપણ પાછું આવી જતું. વિસ્મયની ભાવના પ્રબળ થઈ જતી અને ત્યાંનું સૌંદર્ય તો મને અવાક્ જ કરી દેતું. કેવાં કેવાં ઐશ્વર્ય મેં માણ્યાં. નર્મદાની પદયાત્રાઓએ મારા જીવનમાં હંમેશ માટે જગ્યા બનાવી લીધી છે. હું જે કંઈ ઉલ્લેખનીય કરી શક્યો છું, એ નર્મદાની પદયાત્રાઓ શરૂ કર્યા બાદ જ.

લેખનમાં દિમાગ અને હાથની જુગલબંધી હોય છે. દિમાગ જે કહે, હાથ એ લખે.

એથી જ મોટા લેખકને સિદ્ધહસ્ત લેખક કહેવામાં આવે છે. મારા લેખનમાં આ જુગલબંધી દિમાગ અને પગની રહી. જો પગ ૪૦૦૦ કિલોમીટરથીય વધુ ચાલ્યા ન હોત તો દિમાગ શું કહેત અને હાથ શું લખત ! હું સિદ્ધહસ્ત લેખક ભલે ન હોઉં, નથી જ; પણ આપાદમસ્તક લેખક તો છું !

નર્મદાએ મારી ઝોળી છલકાવી દીધી છે. મારી યોગ્યતા કરતાં ઘણું વધુ આપ્યું. હું મને પોતાને ખૂબ ભાગ્યશાળી માનું છું, પરંતુ હવે વધુ ચાલવું મારા માટે સંભવ નથી. આથી મારી નાવના સઢ મેં ઉતારી લીધા છે.

કોણ જાણે પુનર્જન્મ થાય છે કે નહીં, પરંતુ જો થતો હોય તો હું ચાહું છું કે મારો જન્મ નર્મદાકાંઠેના કોઈક ગામમાં થાય, મારાં એ જ માતાપિતાને ઘેર જે આ જન્મમાં હતાં, અને થોડાં વર્ષો પછી કાન્તાનો જન્મ થાય, નર્મદાકાંઠેના જ કોઈક ગામમાં અને જ્યારે અમે પુખ્ત વયનાં થઈ જઈએ અને અમારાં બાળકો મોટાં થઈ જાય, ત્યારે અમે બંને નર્મદા પરિક્રમા પર નીકળી જઈએ. અમારું સર્વ સુખ, સઘળું ઐશ્વર્ય, નર્મદાકાંઠે છે.

જો પોણોસો અથવા સો વરસ પછી કોઈ દંપતી નર્મદા-પરિક્રમા કરતું દેખાય, પતિના હાથમાં ઝાડુ હોય અને પત્નીના હાથમાં સૂંડલો અને ખૂરપી; પતિ ઘાટોની સફાઈ કરતો હોય અને પત્ની કચરાને લઈ જઈને દૂર ફેંકતી હોય અને બંને વૃક્ષારોપણ પણ કરતાં હોય, તો સમજી લેવું કે એ અમે જ છીએ – કાન્તા અને હું.

કોઈ વાદક વગાડતાં પહેલાં મોડે સુધી પોતાના સાજનો સૂર મેળવે છે, તેમ આ જન્મે તો અમે નર્મદા-પરિક્રમાનો સૂર જ લગાડી રહ્યાં હતાં. પરિક્રમા તો આવતે જન્મેથી કરીશું.



૨૪. સાતમા આસમાન પર છું !

વિશ્વાસ નહોતો કે આટલું જીવીશ. એથી જ્યારે નોકરીમાં હતો અને પંચાવન પાર કરી ગયો ત્યારે ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યો – પ્રભુ, એટલી ઉંમર તો આપજે જ કે થોડાં વર્ષ પેન્શનનું સુખ ભોગવી શકું.

સાઠ પૂરાં થયે રિટાયર થઈ ગયો અને પેન્શન લેતાંય ત્રેવીસ વર્ષ વીતી ગયાં. હમણાં ૨૦૧૧ ચાલી રહ્યું છે અને હું પણ ચાલી રહ્યો છું. એટલો બેશરમ નથી કે માગતો જ રહું. હવે કાંઈ નહીં માગું. બસ, એક જ ઈચ્છા છે – મારાં કોલાજચિત્રોનું આલ્બમ છપાઈ જાય.

હું નર્મદા-વ્રતી ચિત્રકાર-લેખક છું. નર્મદા પરિક્રમાના મારા લેખો ઘણાં સામયિકોમાં લગાતાર છપાયા. પછી પુસ્તકરૂપે પણ પ્રસિદ્ધ થયા. નર્મદા પરિક્રમાનાં મારાં ચિત્રોનાં અનેક એકલ પ્રદર્શનો થયાં. મધ્યપ્રદેશ શાસનનું પ્રતિષ્ઠાપૂર્ણ ‘‘શિખર સન્માન’’ પણ મળ્યું. પરંતુ જે રીતે મારા લેખોને પુસ્તકરૂપે સ્થાયિત્વ મળ્યું એ રીતે મારાં કોલાજોનું કોઈ આલ્બમ ન છપાયું. જુદાં જુદાં માસિક-સાપ્તાહિકોમાં ખૂબ છપાયાં પણ તિરોહિત પણ થઈ ગયાં.

કોઈ પ્રકાશક તો મારાં કોલાજોનું આલ્બમ છાપશે નહીં. વિચારું છું, હું જાતે જ છપાવું. આલ્બમ તો છપાઈ જશે, પણ એને ખરીદશે કોણ ? આજકાલ આ જ મારી ચિંતાનો વિષય છે, પણ જ્યાં ઈચ્છા હોય ત્યાં રસ્તો નીકળે જ. વાંચો આ આમંત્રણ પત્ર :

સુજ્ઞ મહાશય,

આવતી ૩ ઑક્ટોબર, ૨૦૧૧ના દિને હું આયુષ્યનાં ૮૩ વર્ષ પૂરાં કરીશ. (સાચી વાત તો એ છે કે મનમાં હતું, ૮૦ વર્ષ સુધી પહોંચીશ કે કેમ, પરંતુ વરસ પર વરસ પસાર થતાં ગયાં અને હું અહીં સુધી આવી પહોંચ્યો.) આ ખુશીમાં મારાં કુટુંબીજનોએ અમારા નિવાસસ્થાને તે દિવસે સાંજે ૭ વાગ્યાથી પ્રીતિભોજનનું આયોજન કર્યું છે. આપ આ ‘‘અમૃત મહોત્સવ’’માં સાદર આમંત્રિત છો.

કોઈ પણ જાતની ભેટ સ્વીકારવામાં નહીં આવે.

લગભગ અડધી સદીની સુદીર્ઘ કલાસાધના બાદ મેં મારાં શ્રેષ્ઠ કોલાજચિત્રોનું આલ્બમ છપાવ્યું છે. ઊંચી જાતના આર્ટ પેપર પર ઑફસેટથી છપાયેલાં મોટા આકારના ૧૦ બહુરંગી ચિત્રોના આલ્બમની કિંમત માત્ર બસો રૂપિયા રાખવામાં આવી છે. કૃપા કરીને એ જરૂર ખરીદજો.

અમૃતલાલ વેગડ

નોંધ :

(૧) આલ્બમની ઓછામાં ઓછી ૨૫૦ નકલ વેચાશે ત્યાર પછી જ પ્રીતિભોજન શરૂ થઈ શકશે.

(૨) આનાથી ઓછી નકલ વેચાશે તો પ્રીતિભોજનનું સ્થાન અલ્પાહાર લેશે.

(૩) જો ૫૦ નકલોય નહીં વેચાય તો કદાચ આપને નિરાહાર પણ જવું પડે. એ સ્થિતિમાં બધી ખાદ્યસામગ્રી અનાથાલયમાં આપી દેવામાં આવશે.

(૪) એક તરકીબથી આપને આ આલ્બમ સાવ મફત મળી શકે છે. હમણાં એ ખરીદી લો, નિરાંતે એનું રસાસ્વાદન કરો પછી કોઈને લગ્નપ્રસંગે ભેટ આપી દો ! એ વળી બીજાને અને બીજો ત્રીજાને આપી શકે. પોતાને નહીં ગમતી સાડીઓને મહિલાઓ આ રીતે જ ઠેકાણે પાડતી હોય છે. આશા છે કે આપ સૌના સહકારથી આલ્બમની પર્યાપ્ત નકલો વેચાશે અને કોઈને પણ નિરાહાર નહીં જવું પડે.

મિત્રોનું કહેવું છે કે આવી શરતો રાખીને મેં આમંત્રણને બહુ અટપટું બનાવી દીધું છે, જ્યારે મને લાગે છે કે આનાથી મેં એમાં એક નવો રોમાંચ ભરી દીધો છે. મિત્રો કહે છે, આવી આકરી શરતો વાંચીને તો જે આવતો હશે એય નહીં આવે. (મિત્રોના ભારે દબાણને લીધે મારે ત્રીજા નંબરની કલમ કાઢી નાખવી પડી.) મિત્રો કહે છે, ચાલ, માની લીધું કે તારા આલ્બમની સો-સવાસો નકલ વેચાણી. બાકીની નકલોનું શું ? એને પસ્તીમાં વેચીને જાન છોડાવીશ કે પછી ઊધઈ જ એનો ઉદ્ધાર કરશે ?

મિત્રો ઠીક જ કહી રહ્યા છે. પહેલા હલ્લામાં જે આલ્બમ વેચાઈ ગયાં એ વેચાઈ ગયાં. બાકીની નકલોને ઊધઈને શરણે જ જવું પડશે, પરંતુ આમાં નવું કંઈ નથી. ઊધઈ અને લેખકનો સંબંધ રામાયણકાળથી ચાલ્યો આવે છે. રામાયણના રચયિતા મહર્ષિ વાલ્મીકિના શરીર ઉપર એવી તો ઊધઈ લાગી ગઈ હતી કે એ ઊધઈમય થઈ ગયા હતા. સંસ્કૃતમાં ઊધઈને વાલ્મીકિ કહે છે. ત્યારથી એ વાલ્મીકિ કહેવાયા. જોકે ઊધઈની પહેલી પસંદ લેખકનું પુસ્તક હોય છે, ખુદ લેખક નહીં. (પુસ્તકોમાંય એમને પ્રિય છે સરકારી ગોદામોમાં ખડકાયેલાં સરકારી પ્રકાશનો. લેખકોએ જાતે છપાવેલાં પુસ્તકો બીજે નંબરે આવે.) અને પોતાનું કામ એ કેવી તો ખૂબસૂરતીથી કરે છે ! ઊધઈ-ખાધેલ ચોપડીઓનાં પાનાંઓને મઢાવીને જો એનું પ્રદર્શન કરવામાં આવે તો કલાજગતમાં એક નવા ક્રાન્તિકારી યુગનો સૂત્રપાત થશે. એની આગળ મૉડર્ન આર્ટ પણ જુનવાણી આર્ટ લાગશે !

ખેર, મેં હિસાબ માંડ્યો. જો આલ્બમની ૨૦૦ નકલો વેચાય તો આવશે રૂપિયા ૪૦,૦૦૦ અને ગાંઠના લાગ્યા ૬૫,૦૦૦ ! (પચાસ હજાર આલ્બમનાં, પંદર હજાર પાર્ટીના.) આ નુકસાની ભરપાઈ કેમ કરવી ? આજકાલ આ જ મારી ચિંતાનો વિષય છે. આલ્બમની ક્વૉલિટી સાથે હું કોઈ બાંધછોડ ન કરી શકું. હા, પાર્ટીમાં કાપ મૂકી શકાય. ફણગાવેલા મગ, સાથવો, સક્કરિયાં, તલના લાડુ અને છેલ્લે લીંબુનું શરબત રાખીએ તો ? ખરી રીતે તો એક પરકમ્માવાસીના જન્મદિનની પાર્ટીમાં આ જ ચીજો હોવી જોઈએ. આ સ્વાસ્થ્યવર્ધક ભોજનને લોકો લાંબા સમય સુધી ભૂલી નહીં શકે, પરંતુ મારાં કુટુંબીજનો આ સાત્ત્વિક ભોજન માટે તૈયાર ન થયા. ૨૫ થી ૩૦ હજારનું નુકસાન નક્કી છે. આટલી ખોટ શું હું ખમી શકીશ ? કે આ વિચાર જ છોડી દઉં ?

ઉફ્ ! એવી તે શી ઉતાવળ છે ! એ શુભ દિન આવવાને હજી ઘણી વાર છે. સમય પોતે જ કેટલીક સમસ્યાઓનું સમાધાન કરી લેતો હોય છે. બની શકે છે, આ લેખના લીધે આલ્બમની હમણાંથી જ ઍડવાન્સ બુકિંગ શરૂ થઈ જાય અને મનીઑર્ડરોની લાઈન લાગી જાય !

લાઈન લાગવી તો દૂર રહી, જો એકલદોકલ મનીઑર્ડર પણ નહીં આવે તો હું સમજી

જઈશ કે હવાનું વહેણ કઈ તરફ છે. તો હું આલ્બમનો વિચાર માંડી વાળીશ, પરંતુ આમંત્રણ તો હૂબહૂ આ જ રહેશે. આ આમંત્રણ વાંચ્યા પછીયે જે ગણ્યાગાંઠ્યા મિત્રો આવશે, એ જ હશે મારા સાચા સ્નેહીસ્વજનો. એમને દિવ્ય ભોજન આપીશ ને કહીશ – ઓ મારા આત્માબંધુ ! તમારે કોઈ આલ્બમ ફાલ્બમ ખરીદવાં નથી. બસ ખાઓ, પીઓ અને મોજ કરો !

જો કોઈ રીતે આ વાત ફેલાઈ જાય કે આલ્બમ છપાણાં નથી, એ આપણે ખરીદવાં નહીં પડે (અને ભેટ લાવવાની મનાઈ છે) તો ભારે ભીડ એકઠી થઈ શકે છે ! આ જ તો હું ચાહું છું. ચાહું છું કે આ ગલતફહેમીમાં વધુમાં વધુ લોકો આવે અને આવીને જુએ કે અહીં તો...

આગળનું વૃત્તાંત એક પત્રકારની કલમથી...

પત્રકાર

પાર્ટીમાં આવેલા મહેમાનોની તાજ્જુબીનો પાર ન રહ્યો. જ્યારે એમણે જોયું કે આલ્બમ તો ત્યાં વેચાણ માટે રાખેલાં હતાં ! એમને પાકી સૂચના મળી હતી કે આલ્બમ નથી છપાયાં. આ ભ્રમણાને લીધે લોકોની જે ઠઠ જામી હતી અને ભારે ઉમંગ દેખાતો હતો એ જ હવે કંઈક ગભરાયેલી જણાય છે. વેગડજી બરોબર ઝાંપે ઊભા છે – પ્રકટમાં તો મહેમાનોનાં સ્વાગત માટે, પરંતુ ખરેખર તો એ સુનિશ્ચિત કરવા માટે કે કોઈ પણ આલ્બમ ખરીધા વિના ચાલ્યો ન જાય. આથી એમનું ધ્યાન આવતા મહેમાનો પ્રત્યે ઓછું અને વિદાય લેતા મહેમાનો પ્રત્યે વધુ છે. એ યજમાન ઓછા ને પહેરો ભરતા પોલીસ જેવા વધારે લાગે છે. આવડી સખત નાકાબંધી હોવા છતાં કેટલાકે આલ્બમ ન જ ખરીધાં. એમનું માનવું છે કે જે વસ્તુ ઉધાર મળી શકતી હોય, એ ખરીદવી નહીં.

કાઉન્ટર વેગડજીના પેલા દોસ્તોએ સંભાળી લીધું છે જેઓ શરૂમાં એમને આ આંધળુકિયા માટે હતોત્સાહિત કરી રહ્યા હતા. એમણે એટલે સુધી કહ્યું હતું કે તારો સૌથી મોટો દુશ્મન તું ખુદ છે, પરંતુ જ્યારે એમણે આલ્બમ છપાવી જ લીધું છે તો એમની મદદે ખડેપગે ઊભા છે ને પૂરી કોશિશ કરી રહ્યા છે કે વધુમાં વધુ વેચાણ થાય જેથી એમને ઓછામાં ઓછું નુકસાન થાય.

એક ખૂણે બે મિત્રો વચ્ચે બહુ દિલચસ્પ ચર્ચા ચાલી રહી હતી. ભરાઉ શરીરવાળો કહી રહ્યો હતો, “વેગડજી, આપણે પૈસે પોતાનો શોખ પૂરો કરી રહ્યા છે.” બીજાએ કહ્યું, “હું આવું નથી વિચારતો, અને જો તું આવું વિચારતો હો તો તારે નહોતું આવવું. ઊલટું તું તો પત્ની અને ત્રણ બાળકોને લઈને આવ્યો છે. પાંચે જણ ઠાંસીને ખાવ ને મૂછે તાવ દેતા ચાલ્યા જાવ !”

પહેલો બે પળ માટે ચૂપ રહ્યો. પછી બોલ્યો, “પરંતુ હું મૂછ નથી રાખતો. હું મૂછ પર તાવ શી રીતે દઈ શકું ?” બીજાએ કહ્યું, “મૂછો પર વળ દેવા માટે મૂછો જરૂરી નથી. આ એક પ્રતીકાત્મક ક્રિયા છે, વગર મૂછે પણ થઈ શકે. તેમ છતાં જ તારું મન ન માનતું હોય તો મારી મૂછ પર જ તાવ દઈ દે ! તું મારાં છાપાં ને સામયિકો વાંચવા લઈ જાય છે, મારા ફોનનો ઉપયોગ કરે જ છે, આજે મારી મૂછનો વારો !”

ત્યાં જ ભીડનો એક રેલો આવ્યો ને આગળ શું થયું એ હું જોઈ ન શક્યો.

વેગડજીએ ધાર્યું હતું કે આલ્બમ પર લોકો પડાપડી કરશે. પડાપડી થઈ જરૂર, પણ ખાધસામગ્રી ઉપર, આલ્બમ ઉપર નહીં. મહેમાનોનો કેવો તો ફાલ ઊતર્યો હતો ! પરંતુ એ મુજબ ફળ ન બેઠાં. ૩૦૦થીય વધુ લોકો આવ્યાં હતાં, પણ આલ્બમ ૧૩૦ જ વેચાણાં.

કેટલાક ચતુરસુજાણ ઉધાર લઈ ગયા ને કહેતા ગયા કે પછી સમજી લેશું. તેઓ આલ્બમને હપ્તામાં ખરીદવા ઈચ્છતા હતા. વેગડજીને કાંઈ નહીં તોય ત્રીસ હજારનું નુકસાન થયું હશે. મને એમના માટે અપાર દુ:ખ છે, પરંતુ એમનાથી દૂર રહેવામાં જ મને ડહાપણ લાગ્યું. જો નજીક જાત તો મને જ કહેત – ભાઈ, તું જ મારાં બે-પાંચ આલ્બમ વેચાવી દે ! એમણે નર્મદાની પૂરી પરિક્રમા કરી ને હેમખેમ ઘેર આવી ગયા. આ આઘાતને તેઓ જીરવી શકશે કે કેમ એ કહેવું મુશ્કેલ છે. કદાચ એમનાં પત્ની કહી શકે.

કાન્તા

જ્યારે આલ્બમ છપાઈને આવ્યું હતું ત્યારે એ એટલા તો ઉત્તેજિત હતાં કે ઘરમાં ઊડાઊડ કરી રહ્યા હતા ! એમની આંખોમાં નવી ચમક હતી. એમનો ઉલ્લાસ જોવા જેવો હતો અને હવે એમનો વિષાદ જોયો નથી જતો. શરૂમાં જે આલ્બમ એમના માટે સુખનાં કારણ બન્યાં, એ જ હવે દારુણ દુ:ખનાં નિમિત્ત બન્યાં છે. એમનો ઉત્સાહ ઓસરી ગયો છે. કોલાજ બનાવવા છોડી દીધાં છે. ઘેરથી બહાર નીકળતા કતરાય છે. વગર વેચાયેલાં આલ્બમોના ઘરમાં જે ગંજ ખડકાયા છે, એને ચૂપચાપ જોતા રહે છે ને ઝૂર્યા કરે છે. એક જ વાત એમના કાળજાને કોરી રહી છે – આ છીપર મેં છાતીએ ક્યાં બાંધી ! આ આલ્બમ મારી પાંચ વરસની બચતને ખાઈ ગયું.

હું કહું છું, “એક વાર તમે જ તો કહેતા હતા કે મારી કળા માટે હું મારા પ્રાણ પણ પાથરી શકું છું, અને હવે જરાક જેટલા નુકસાનમાં આવડો વલોપાત કરો છો ? આટલી ખોટ આપણે ખમી શકીએ છીએ. આપણે ફના નથી થઈ ગયાં, તેમ આપણી અર્થવ્યવસ્થા પણ ચોપટ નથી થઈ ગઈ.” એ કહે છે, “નુકસાનની વાત નથી. લોકોમાં બુક-કલ્ચર કેમ પેદા નથી થતું ? લોકો પુસ્તકો ખરીદતાં કેમ નથી ?” મેં કહ્યું, “નથી ખરીદતાં તો શું એમનો જીવ લઈ લેશો ? કે પોતાનો જીવ દઈ દેશો ? શા માટે આવડો જીવ બાળી રહ્યા છો ? આપણે જાણતાં જ હતાં કે આ થવાનું છે. આના પરિણામનું આપણને પૂર્વાનુમાન હતું. આપણે એક એવું નાટક જોઈ રહ્યાં હતાં, બલકે ભજવી રહ્યાં હતાં, જેના અંતની આપણને પહેલેથી જાણ હતી. જરા વિચારો, તમારાં આટલાં વર્ષોની હોંશ પૂરી થઈ, તમારાં કોલાજોને આલ્બમ રૂપે સ્થાયિત્વ મળ્યું, એ શું ઓછું છે ? સમય આવ્યે બાકીનાં આલ્બમ પણ વેચાઈ જશે. આકળા-ઉતાવળા ન થાવ. હિંમત રાખો. આશાવાદી બનો. આપણે ખોયું ઓછું ને મેળવ્યું વધુ છે.” પણ એ મારું સાંભળે તો ને !

એમનો સંતાપ જોયો નથી જતો. એ ન ખાય તો હું ખાઈ ન શકું. એ ન સૂએ તો હું સૂઈ ન શકું. એ બહાર ન જાય તો હું પણ ક્યાંય જવા ન ઈચ્છું. હે ભગવાન, મને સહારો આપ જેથી હું એમને ફરીથી ખુશખુશાલ જોઈ શકું.

પત્રકાર

આથીય વધુ ખરાબ સમાચાર આવવા તો હજી બાકી હતા. દિવસે તંદ્રામાં અને રાત્રે નિદ્રામાં વેગડજીને વગર વેચાયેલાં આલ્બમોના જ વિચાર આવતા રહ્યા. આ ભંગારને વેચવામાં તો આયખું વીતી જશે. આવા વિચારોએ આખરે એમને હૉસ્પિટલ ભેગા કરી દીધા. ઘાટો વધીને ચાલીસ હજારથીયે વધુનો થઈ ગયો.

ત્યાં જ એક અપ્રત્યાશિત ઘટના ઘટી. જોકે આજકાલ ભાગ્યની ચર્ચાને દકિયાનૂસી માનવામાં આવે છે, પણ જીવનમાં ભાગ્યની ભૂમિકા છે જરૂર. અચાનક વેગડજીને વિદેશથી એમનાં આલ્બમની ૧૫૦૦ નકલોનો ઑર્ડર મળ્યો ! પહેલાં તો એમને પોતાની આ ખુશકિસ્મતી પર વિશ્વાસ ન બેઠો, પરંતુ પત્રનો પાંચ વાર પાઠ કર્યા બાદ એમને ખાતરી થઈ ગઈ કે આ સ્વપ્ન નથી, પણ યથાર્થ છે. હારેલા જોદ્ધા જેવા વેગડજી ચમત્કારિક ઢંગથી સાજા થઈ ગયા.

અવસાદની કાલિમા દૂર થઈ ને ખુશાલીની લાલિમા વેરાઈ. તાજી જાણકારી મુજબ એ હૉસ્પિટલથી સીધા મુંબઈ ચાલ્યા ગયા છે. પોતાના આલ્મબનો બીજો ભાગ છપાવવા માટે !

કાન્તા

આ ખુશખબર સાંભળીને હું પણ ઝૂમી ઊઠી. વેગડજીએ દુનિયાને બતાવી દીધું છે કે તેઓ સન્માન અને સરાહનાને યોગ્ય છે, માત્ર વૃદ્ધ પેન્શનર નથી, પરંતુ પ્રભુ ! એમના ઉપર એટલી બધી કૃપા ન કરો કે એ બહેકી જાય ! આ તો તમે એમને વધારે પડતા આશાવાદી બનાવી દીધા ! ઘોર આશા તો ક્યારેક ઘનઘોર નિરાશા – એમને આ બે અંતિમોની વચ્ચે રહેતાં શીખવાડો પ્રભુ !

વેગડ

મને તમારું કંઈ નથી સંભળાતું. અત્યારે હું સાતમા આસમાન પર છું !



કાળનું કાવ્ય

નર્મદાકાંઠે ચાલતાં ચાલતાં કેવા કેવા વિચાર આવતા ! એક વાર વહેલી સવારે જાગી ગયો હતો. સૂતાં સૂતાં વિચારતો રહ્યો – ખરબો વર્ષો સુધી સૂર્ય એકલો રહ્યો હશે. એ પછી એમાં ભારે હલચલ થઈ હશે. આ ઊથલપાથલ થકી એમાંથી ગ્રહો છૂટા પડયા અને એની આસપાસ ઘૂમવા લાગ્યા. સૂર્ય બચરવાળ થયો. મને એ જાણવાનું મન થયું કે સૂર્યનો બ્રહ્મચર્યાશ્રમ ક્યારે પૂરો થયો અને ગૃહસ્થાશ્રમ ક્યારે શરૂ થયો. વૈજ્ઞાનિકો પાસે આનો જવાબ હશે જ. પરંતુ મને કાળના ઈતિહાસમાં નહીં પણ કાળના કાવ્યમાં રસ છે. મને કાળના અફાટ વિસ્તારમાં ભોમિયા વિના ભમવું છે. મને કાળનો ટહુકો સાંભળવો છે. (૮૩ પૂરા થવામાં છે. કાળના ટહુકા સંભળાવા લાગ્યા છે !)

વળી એક દિવસે વિચાર આવ્યો – આપણી કાળગણના પૃથ્વી પર આધારિત છે. પૃથ્વી જેટલા સમયમાં સૂર્યની એક પરિક્રમા પૂરી કરે, એટલો સમય એક વર્ષ અને પૃથ્વી પોતાની ધરી પર જેટલા સમયમાં એક ચક્કર પૂરું કરે, એટલો સમય એક દિવસ. દેખીતું છે કે આ કાળગણના ત્યારે જ શક્ય છે જ્યારે પૃથ્વી હોય. પરંતુ, જ્યારે પૃથ્વી નહોતી ત્યારે પણ કાળ તો હતો જ.

આમ કાળ બે પ્રકારના થયા. પૃથ્વી પહેલાંનો અને પૃથ્વી પછીનો. આપણે પૃથ્વીના જન્મ પછીના કાળને માનીને ચાલીએ છીએ. પૃથ્વીના જન્મ પહેલાંનો કાળ ઘાટઘૂટ વિનાનો હતો. એમાં નહોતાં દિવસ-રાત, નહોતું અજવાળું-અંધારું, નહોતાં ભૂત-વર્તમાન-ભવિષ્ય ! કંઈ જ નહોતું.

એ હતો વણશોધાયેલો કોરો કુંવારો કાળ !

કેવો મોટો કાળ ! કેવડું મોટું બ્રહ્માંડ ! પરંતુ આટલી અમથી પૃથ્વીના આવ્યા બાદ જ કાળને જોખવાનાં દાંડી-ત્રાજવાં અને માપ-દંડ આવ્યાં. કાળને વિવિધ નામોથી શણગારવાનું કાર્ય પૃથ્વીના પ્રાકટ્યના લીધે શક્ય બન્યું, ભાઈ કાળ ! તું પૃથ્વીનો ઋણી છો. ગુમનામીના ગર્તમાંથી તને પૃથ્વીએ જ બહાર કાઢ્યો. પૃથ્વીના આગમન પહેલાં તેં જે વૈતરું કર્યું, એ તો વ્યર્થ જ ગયું ને !

પરંતુ હજી એક ત્રીજો કાળ પણ છે. જ્યારે સૂર્ય નહીં રહે, પૃથ્વી નહીં રહે (કાળની હાંડીમાં આવા તો કેટલાય ગ્રહ-નક્ષત્ર રંધાતા હશે) કાળ તો ત્યારે પણ રહેશે. આમ કાળનો પથારો ત્રિવિધ થયો – પૃથ્વીના જન્મ પહેલાંનો, પૃથ્વીની હયાતી વેળાનો અને પૃથ્વીના વિલય પછીનો. આપણા ઋષિઓએ આ અર્થમાં કાળને ત્રિકાળ કહ્યો હશે ?

એ સાચું કે કાળનો ઢાંચો હંમેશાં એ જ રહેવાનો, તેમ છતાં મહિમામંડિત કાળ તો આપણો જ. જેમ ખોદતાં ખોદતાં કોદાળી આગળ અચાનક ગુપ્તધન આવી જાય, તેમ પૃથ્વી સુધી આવતાં આવતાં કાળ અમૂલ્ય દીપ્તિથી પ્રજ્વળી ઊઠ્યો.

(આવા અજબગજબના વિચારો તો નર્મદાકાંઠે જ આવે ને !)

મારું માનવું છે કે જ્યારે પૃથ્વી નહીં રહે, ત્યારે કાળ પૃથ્વી માટે ઝૂરશે. એની જાહોજલાલી પૃથ્વીની સાથે ચાલી ગઈ. એ ચાલતો તો રહેશે, પરંતુ કોઇ કોઇ જેમ ઊંઘતાં ઊંઘતાં ચાલે તેમ અથવા આંખે કપડું બાંધેલા બળદની જેમ. જેવી કોઈક નવી પૃથ્વી આવશે કે

એનાં મનની બંસી બજી ઊઠશે !

વળી એક દિવસે થયું કે શું કાળનો છેડો હશે ? કયા મુલકના તીરે કાળનો કાફલો લાંગરશે ? અને જ્યારે કાળની જીવનયાત્રા પૂરી થશે, ત્યારે એને યાદ કરી બે આંસુ સારવાવાળું કોઈ નહીં હોય !

બ્રહ્માંડમાં આપણી પૃથ્વી ભલે અલ્પજીવી હોય, પણ કાળની તવારીખમાં એ અમર રહેશે.

એક સરસ મજાનું ભોજપુરી લોકગીત છે. એમાં કહ્યું છે કે અડધા તળાવમાં હંસ તરે છે અને અડધામાં હંસણી; પરંતુ જ્યાં સુધી એમાં કમળ નથી, ત્યાં સુધી એ અધૂરું છે. અડધા બાગમાં કેવડા મહેક છે અને અડધામાં ગુલાબ; પરંતુ જ્યાં સુધી એમાં ભમરો નથી, એ બાગ અધૂરો છે, એવી જ રીતે આપણે કહી શકીએ કે અડધા બ્રહ્માંડમાં તારક-વૃંદ છે અને અડધામાં ગ્રહ-નક્ષત્ર; પરંતુ જ્યાં સુધી એમાં પૃથ્વી નથી, એ બ્રહ્માંડ અધૂરું છે અથવા, પૃથ્વી તો જાણે બ્રહ્માંડનો તુલસીક્યારો !

આમ, નર્મદાકાંઠે ચાલતાં ચાલતાં મેં પૃથ્વીનો જયધ્વનિ જગાવ્યો હતો.

થાય છે મારો આ નાજુક-નમણો લેખ કાળની કાળમીંઢ શિલા પર કંડારું અથવા કાળને હાથોહાથ આપું. પરંતુ આવું તો હું કાળધર્મ પામ્યા બાદ જ કરી શકું ! પરંતુ હવે થોભું. નહીં તો કાળની વાત કોઈ કાળે પૂરી નહીં થાય !



ભાષણ જે ન થયું

ગુજરાત સાહિત્ય અકાદમીનો સન્માન સમારંભ અમદાવાદમાં ૯-૭-૧૧ની સાંજે યોજાઈ ગયો. ૪ ભાષાના ૧૧ લેખકોને સાહિત્યના ગૌરવ પુરસ્કાર આપવામાં આવ્યા. આટલા બધા સાહિત્યકારો હોવાથી (ચાર વર્ષના પુરસ્કારો એકસાથે આપવામાં આવેલા) પુરસ્કૃત લેખકોને બોલવા માટે સમય આપવો સંભવ નહોતું, પરંતુ જો પાંચ મિનિટનો સમય મળ્યો હોત તો હું જે કહેત, એ અહીં આપું છું.

નમસ્કાર

તમે દુનિયાની સારામાં સારી હોટેલમાં કાં ન જમો, માતાના હાથના રોટલાનો સ્વાદ તમને ક્યાંય નહીં મળે. મારાં હિન્દી પુસ્તકોને અનેક પુરસ્કારો મળી ચૂક્યા છે. કેન્દ્ર સરકારનો મહાપંડિત રાહુલ સાંકૃત્યાયન પુરસ્કાર સુધ્ધાં મળી ચૂક્યો છે. પરંતુ આજે મારું ગુજરાત મને જે સન્માન આપી રહ્યું છે, એ તો માતાના હાથનો રોટલો છે. આવો આનંદ મને ક્યારેય નહોતો થયો. હું હૃદયથી આભારી છું અને ગૌરવનો અનુભવ કરી રહ્યો છું.

વળી એક લાખ રૂપિયાની રકમ કાંઈ નાની તો ન કહેવાય. તમે પેલા માણસ વિશે તો સાંભળ્યું જ હશે. એક માણસને એક લાખની લૉટરી લાગી. આની એને એટલી ખુશી થઈ કે એનું હાર્ટફેઈલ થઈ ગયું ! મારી પણ કાંઈક આવી જ દશા થવાવાળી હતી, પણ કાન્તાએ મને બચાવી લીધો. એણે કહ્યું કે હું તમારી અર્ધાંગિની છું, આમાંથી અડધી રકમ મારી રહેશે. હવે પચાસ હજારમાં કેવી રીતે હાર્ટફેઈલ થાય ! આટલામાં તો હાર્ટ ઍટેકેય ન આવે ! આમ હું બચી ગયો. દર મોટા પુરસ્કાર ટાણે એ મને આવી જ રીતે બચાવી લે છે.

શાંતિનિકેતનમાં અભ્યાસ પૂરો કરીને જ્યારે ઘરે આવવા લાગ્યો ત્યારે ગુરુ આચાર્ય નંદલાલ વસુના આશીર્વાદ લેવા ગયો. ચરણસ્પર્શ કરીને બેઠો તો એમણે કહ્યું કે બેટા, જીવનમાં સફળ ન થજે. મને થયું, આ તે કેવા આશીર્વાદ ! પછી કહે, તારું જીવન સાર્થક કરજે. આ વાક્ય હૃદયમાં શિલાલેખની જેમ જડાઈ ગયું છે. આ જ વાત એક પરકમ્માવાસી જરા જુદી રીતે કહે છે. એક પરકમ્માવાસી જઈ રહ્યો છે. ચાલતાં ચાલતાં રાત થઈ ગઈ. એને ચિંતા થવા લાગી કે ક્યાંક ધર્મશાળાના દરવાજા બંધ ન થઈ જાય. પરંતુ પછી કહે કે ધર્મશાળાના દરવાજા બંધ થઈ જાય તો વાંધો નહીં, હું બહાર ઝાડ નીચે સૂઈ રહીશ. પણ મંદિરના દરવાજા બંધ ન થજો. મારા પ્રભુ વિના હું નહીં રહી શકું. જ્યારે આવી તાલાવેલી જાગે ત્યારે જીવન સાર્થક થાય. મેં કોશિશ તો કરી, ઈમાનદાર કોશિશ, પરંતુ મારા ગુરુની આજ્ઞાનું પાલન ઢંગથી ન કરી શક્યો. તેમ છતાં, Not failure, but low aim is crime વાક્યથી થોડું આશ્વાસન મેળવું છું.

પાણી બે પ્રકારનાં હોય છે – ગૃહસ્થ પાણી અને પરિવ્રાજક પાણી. કૂવા-તળાવનાં પાણી ગૃહસ્થ પાણી છે, એક ઠેકાણે ઘર વસાવીને રહે છે. નદીનાં પાણી પરિવ્રાજક પાણી છે, સતત ચાલતાં રહે. આવી એક નદી નર્મદા વિશે થોડું કહું.

મારું શરીર લગભગ નિરાકાર છે. એને જ્યારે કપડાં પહેરાવું, ત્યારે એ કિંચિત આકાર

ગ્રહણ કરે. તેમ છતાં આ માંયકાંગલા શરીર વડે મેં નર્મદાની પૂરી પરિક્રમા કરી છે. એટલું જ નહીં, ૨૦૦૨માં જ્યારે મને પંચોતેરમું બેઠું, ત્યારે મેં આ પરિક્રમા ફરીથી શરૂ કરી દીધી. આ વેળા કાન્તા સાથે ચાલી. નર્મદાની પરિક્રમા કરતાં કરતાં અમે નર્મદાની સહાયક નદીઓની પણ પરિક્રમા કરી. નર્મદાની સહાયક નદી બુઢનેરનો એક પ્રસંગ સંભળાવવા ઈચ્છું છું. અત્યંત સુરમ્ય પ્રદેશ. શાલવૃક્ષોનાં ગાઢ વન. એક ઊંચા પહાડ પરથી ઊતરીને અમે જઈ રહ્યાં હતાં, ત્યાં એક નાનું નાળું આવ્યું. નામ માત્રનું પાણી. એને ઓળંગીને હું આગળ વધ્યો. થોડી વાર પછી કાન્તા આવી. દુર્ભાગ્યથી એનો પગ એવી જગ્યાએ પડયો જ્યાં ઉપર તો સૂકી ધરતી હતી પણ નીચે ઢીલો કાદવ હતો. એમાં એનો પગ ખૂંપી ગયો. જેમ જેમ પગ કાઢે, તેમ તેમ વધુ ખૂંપે. એને લાગ્યું જાણે કોઈક એને નીચેથી ખેંચી રહ્યું છે. એ ખૂબ ડરી ગઈ. એના મોંમાંથી ચીસ નીકળી ગઈ. એની ચીસ સાંભળતાં જ હું દોડ્યો. ગરીબો પણ આવી ગયો. અમે એને સહારો આપ્યો તો એણે બહુ કઠણાઈથી પોતાનો પગ બહાર કાઢ્યો. આના પછી ગુસ્સાથી એવી તો ઊકળી કે શું કહું ! પહેલાં એ ભયભીત હતી, હવે ક્રોધિત. એ ક્રોધિત થઈ તો હું ભયભીત થયો. આત્મરક્ષામાં એક શબ્દ ન બોલ્યો. માફી જ માગતો રહ્યો. જ્યારે એનો ક્રોધ શાંત થયો, ત્યારે ઈશ્વરને ધન્યવાદ આપ્યા, ‘‘હે સર્વવ્યાપી ! તને કોટિ કોટિ ધન્યવાદ !’’

ભલે વાલ્મીકિએ ન લખ્યું હોય, ભલે તુલસીએ ન લખ્યું હોય, પણ એવું બની ન શકે કે ચૌદ વરસના વનવાસમાં એક વાર પણ પ્રભુ શ્રીરામને સીતાજીની વઢ ન ખાવી પડી હોય. આ કોઈ અમૂર્ત કલ્પના નથી, આ હું સ્વાનુભવ પરથી કહી રહ્યો છું.

કાન્તા મારી સાથે નર્મદાકાંઠે સવાર હજાર કિલોમીટરથીય વધુ ચાલી. (હું ૪૦૦૦ કિ.મી.થી વધુ ચાલ્યો.) અપાર કષ્ટ વેઠ્યાં. આથી આપ સૌની સાક્ષીએ મારા પુરસ્કારની પૂરેપૂરી રકમ હું એને આપું છું. હવે જો એને હાર્ટઍટેક આવે તો એનો જવાબદાર હું નહીં.



કંચન બરસે મેહ

હિન્દીના લેખકો / વાચકોના અભિપ્રાય

૧ વેગડજીનાં પુસ્તકો વાંચીને લાગ્યું કે જાણે હું પણ એક અદૃશ્ય અને અનિમંત્રિતયાત્રીની જેમ એમની જોડે નદીનાળાં-ખાઈઓ-કોતરો ઓળંગવાનું સુખ લઈ રહ્યો છું. જો ગણેશજી એમનાં એમનાં એમનાં માતાપિતાની ચોપાસ ફરીને ફરીને ધરતીની પરિક્રમા કરી શકે છે તો શું આપણે વેગડજીનાં પુસ્તકોનાં પાનાં પર ‘‘ચાલીને’’ નર્મદામૈયાની પરિક્રમા કરવાનું પુણ્ય ન લૂંટી શકીએ ?

નિર્મલ વર્મા, દિલ્લી

૨ અમૃતલાલની ગાયકી ધ્રુપદની નહીં, લોકગીતિની છે; જેમાં મનુજના સુખદુ:ખ, ચડાવ-ઉતાર, તડકો-છાંયો ક્યારે આવે છે અને ક્યારે ચાલ્યા જાય છે ખબર જ નથી પડતી. આ સહજ ભાષાની સિદ્ધિ છે. એમણે જે કાંઈ જોયું-જાણ્યું અને માણ્યું – અતુલનીય છે.

મોહનલાલ વાજપેયી, શાંતિનિકેતન

૩ આવો દુર્લભ સંયોગ ક્યારે બને કે એક જ લેખકમાં આદર્શ બોધ પણ હોય અને યથાર્થ બોધ પણ હોય ? એનામાં પ્રકૃતિ જોડે તાદાત્મ્ય સ્થાપિત કરવાની પ્રતિભા પણ હોય અને સજીવ વર્ણન-સામર્થ્ય પણ હોય. કરુણાની સાથે હાસ્યોદ્રેક ક્ષમતા પણ હોય અને શ્રદ્ધાની સાથે તટસ્થ બૌદ્ધિક વિશ્લેષણ વૃત્તિ પણ હોય ! મારું ચાલે તો હું ‘‘સૌંદર્યની નદી નર્મદા’’ને અભ્યાસક્રમમાં મૂકું કેમ કે આ સૌંદર્યનો જ નહીં, સંસ્કૃતિનો પણ ઉત્તમ પાઠ છે.

રમેશચંદ્ર શાહ, ભોપાલ

૪ ‘‘સૌંદર્યકી નદી નર્મદા’’ (ગુજરાતીમાં ‘‘પરિક્રમા નર્મદામૈયાની’’) જ્યારથી વાંચી હતી, ત્યારથી જ અભિભૂત હતો. આ એક એવું આખ્યાન છે જે સ્મૃતિમાં અંકિત થઈ જાય છે. વેગડજીનાં યાત્રા-વૃત્તાંતોએ હિન્દીના રચના અનુભવને અનુભવને ગરિમા અને વિસ્તાર આપ્યા છે.

કમલેશ્વર, દિલ્લી

૫ હું એવા બીજા કોઈ લેખક-યાત્રીને નથી જાણતો કે જેણે એક નદીને પોતાના સર્જનાત્મક પ્રયત્ન અને જીવનનું કેન્દ્ર બનાવી હોય. નર્મદાનાં કેટલાંયે ધ્વનિઓ, છબિઓ, મર્મ અને રસ, પ્રવાહ અને ઉચ્છલતા વેગડજીના શબ્દોમાં મળે છે. હિન્દીમાં આવી નદીગાથા બીજી કોઈ નથી. હિન્દી હંમેશાં વેગડજીની ઋણી રહેશે. જો તેઓ ન હોત તો આપણે નર્મદાની અપાર સૌંદર્યગાથાથી વંચિત રહી ગયા હોત.

અશોક વાજપેયી, દિલ્લી

૬ અમૃતલાલ અમૃતલાલ અમૃતલાલ વેગડે નર્મદાના ભેંકાર કાંઠાઅો કાંઠાઓ ચાલીને એની સંપૂર્ણ સંપૂર્ણ સંપૂર્ણ યાત્રા કરી છે. એમનું વૃત્તાંત અત્યંત રોમાંચક અને રુચિર છે. એમની યાત્રામાં સાહસપૂર્ણ અભિયાન, આધ્યાત્મિક અનુભવ, જગત,

પ્રકૃતિ અને માનવના ઉત્તેજક સાક્ષાત્કારનું તાત્ત્વિક ચિંતન છે તથા વિરાટતા અને ગહનતાનો ભાવ છે.

શ્રીલાલ શુક્લ, લખનઉ

૭ આવું લોકજીવનથી સંપૃક્ત માર્મિક યાત્રા – વૃત્તાંત હિન્દીમાં હિન્દીમાં બીજું કોઈ છે – હું નથી જાણતો. નર્મદાની આ પરિક્રમા કોઈ સહેલ નહીં, પણ સંકલ્પ છે. એમાં ધાર્મિક ઉત્સાહ એટલો એટલો એટલો નથી જેટલી વ્યાકુળતા પોતાની ધરતી, નદી અને લોકજીવનથી આત્મીય સંબંધ સ્થાપિત કરવાની છે. આમાં નદી જેવો જેવો ઉત્સાહ, પારદર્શિતા અને ઉદાત્તતા છે. ક્યાંક એ કવિતા લાગે છે, ક્યાંક સચેત સામાજિકતા, વ્યંગ્યની ધાર તો ક્યાંક તત્ત્વદર્શીય લોકચિંતન. પહેલા પુસ્તક પર જ મુગ્ધ હતો. બીજું પુસ્તક એ મુગ્ધતાને વધુ ગહરાવે છે. આ વૃત્તાંત હિન્દીની એક ધરોહર છે.

પ્રભાકર ક્ષોત્રિય, દિલ્લી

૮ વેગડજીના અંતરતમમાં નર્મદા પ્રવાહિત થઈ રહી છે. જે નદી બહાર દેખાય છે, અ઼ેનાથી અ઼ેનાથી અ઼ેનાથી ઘણી મોટી અને જીવંત નદી એમની ભીતર છે. વેગડજી પોતાની ભાષાના સૌંદર્યથી એક બીજી જ નર્મદાની રચના કરી દે છે. એમને વાંચ્યા પછી નર્મદાને જોવાની ઢબ બદલાઈ જશે. કોઈ પણ લેખક માટે આ એની સર્વોત્તમ ઉપલબ્ધિ છે કે એ વાચકને એની દૃષ્ટિથી જોવા માટે વિવશ કરી દે.

ઋતુરાજ, જયપુર

૯ એક સમય એવો આવશે આવશે વેગડની કૃતિઓ બતાવશે કે એક નર્મદા નદી હતી, જેની એક ભરીપૂરી સંસ્કૃતિ હતી. વેગડની સમસ્ત સાધના નર્મદાની પવિત્ર પરિક્રમા છે અને અને આ વસુધા પ્રત્યે પ્રત્યે હાર્દિક ભાવાંજલિ, જેણે આપણને જીવન આપ્યું છે અને જેને બચાવીને જ આપણે કૃતકાર્ય થઈ શકશું.

જ્યોતિષ જોશી, દિલ્લી

૧૦ સૂર માટે જેમ કૃષ્ણ, તુલસી માટે જેમ રામ, મીરાં માટે નટનાગર, વેગડ માટે એવી જ નર્મદા. એમનાં પુસ્તકો થકી નર્મદા હવે વેગડ માટે જ નહીં, આપણા સૌ માટે ‘‘આંખિન દેખી’’ થઈ ગઈ છે. આ એમની કલમની તાકાત છે. નર્મદામાં પાણી નહીં, પણ અમૃત વહે છે. વેગડજીએ જેવી અભિવ્યક્તિ આપી છે, એનાથી આપણી હિન્દી ભાષા પણ અમૃતમયી થઈ ગઈ છે.

વિજયબહાદુરસિંહ, ભોપાલ

૧૧ આપ સભ્યતાનો માર્મિક અર્થ અમને જણાવો છો. આપની નર્મદા પદયાત્રાઓ મર્મનો રોમાંચ છે. લોકોએ ભારતીય ભાષાઓમાં આપને ખૂબ વાંચ્યા છે અને હવે વિશ્વ ભાષામાં પણ આપ પ્રગટ થયા છો. આપ એકલા અને નિરંતર આ કામ કરી રહ્યા છો. આપ જે ચેતના અને રોમાંસ ભરી રહ્યા છો – મનમાં એની ઊંડી સરાહના છે. આપને અને કાન્તાજીને સલામ.

જ્ઞાનરંજન, જબલપુર

૧૨ મા નર્મદાનાં કરોડો બેટાબેટીઓ. એમાં એક બેટો છે હિન્દી-ગુજરાતીનો અજોડ સાહિત્યકાર અમૃતલાલ વેગડ. આ બેટો પોતાની સૌભાગ્યવતી પત્ની કાન્તાની સાથે વારે વારે જ નહીં, પણ વારંવાર નર્મદાની પદયાત્રાઓ કરે છે. એમાં આ બેટાનું કે

આ સૌભાગ્યવતી પત્નીનું બૂઢું શરીર ન તો થાકે છે, ન થંભે છે. નર્મદાકાંઠે નર્મદાકાંઠે નર્મદાકાંઠે હજારો સાધુ-સંન્યાસીઓ પોતપોતાની સાધનામાં રત હશે, પણ માત્ર વેગડ વેગડ વેગડ દંપતીઅ◌ે દંપતીએ દંપતીએ તપશ્ચર્યાઓની સમાંતર પોતાની કલમથી એક દીર્ઘ રેખા ખેંચી છે.

બાલકવિ બૈરાગી, નીમચ

૧૩ આ પુસ્તકો પુસ્તકો લખ્યાં પણ આપનામાંથી અપનામાંથી અપનામાંથી પ્રગટ થયાં છે. પાંચે વિષય (શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ)ની તરસ છિપાઈ અને ત્રણે દુ:ખોનો તાપ દૂર થઈ ગયો. આનંદના ધ્વનિથી આકાશ ગુંજી ગુંજી ઊઠ્યું, અનહદનો ઝંકાર સંભળાવા લાગ્યો અને પ્રેમનાં વાદ્ય બજવાં લાગ્યાં.

અરુણેશ નીરન, દેવરિયા, (ઉ.પ્ર.)

૧૪ રસૂલ હમજાતોવના "મારું દાગિસ્તાન" પછી માત્ર અને માત્ર આપના પુસ્તકે જમને દીવાનગીની હદ સુધી પ્રભાવિત કર્યો છે. આપનાથી બેહદ ઈર્ષ્યા છે અને બેહદપ્રેમ પણ !

રામસ્વરૂપ કિસાન, હનુમાનગઢ (રાજસ્થાન)

૧૫ ઉપાસના દેવી-દેવતાઓની નહીં બલકે બલકે નદીની, એક નદીના સૌંદર્યની અદ્ભુત. વેગડજીનાં પુસ્તકો વાંચીને મિખાઈલ શોલોખોવના અમર ઉપન્યાસ "ધીરે વહે છે ડૉન"ની યાદ આવે છે.

વિનયભૂષણ, રાંચી

૧૬ અમૃત-કાન્તાનું આ પદ-પર્યટન શું છે – અનંત ગીતો સિવાય, ભાષાની કમનીયતા સિવાય, એક નદીની ધારામાં પ્રવહમાન અ◌ેક એક સમૃદ્ધ સંસ્કૃતિની પ્રાણગાથા સિવાય ! તઅ◌ો તેઓ તેઓ ગુજરાતી-ભાષી છે પણ હિન્દીના શ્રેષ્ઠ યાત્રા-ગદ્યકાર બનીને ઊભર્યા છે. એક વ્યક્તિ જેની જેની જેની કવિ, કથાકાર, નાટ્યકાર અથવા અન્ય કોઈ રૂપમાં ઓળખ નથી, એ માત્ર એક જ વિધાને અપનાવીને એવું ઉત્કૃષ્ટ સર્જન કરી શકે છે કે આપણા સમયના શ્રેષ્ઠતમોમાંથી એક બની જાય છે !

રમેશ દવે, ભોપાલ

૧૭ વેગડજીએ સ્કૂટર-સવારીનું વર્ણન એવી રીતે કર્યું છે જાણે રથની સવારી કરી રહ્યા હોય ! બાંધી લે છે એ પોતાના જાદુથી. દુ:ખમાં મસ્તી. દેશની દીનતાને નિસ્પૃહતાથી પ્રસ્તુત કરવી એમની વિશેષતા છે. વેગડજીના લીધે નર્મદામૈયાને નર્મદામૈયાને નર્મદામૈયાને નવેસરથી જોઈ.

પ્રકાશ દુબે, નાગપુર

૧૮ "સૌંદર્યકી નદી નર્મદા" હું એટલી બધી વાર વાંચી ગયો છું કે એ પરિક્રમા મને મારી લાગવા લાગી છે. હું તો ભાગ્યે જ આપની સાથે પરિક્રમામાં થોડું પણ ચાલી શકું, પરંતુ આપ સદા એમ જ માનજો કે હું આપની પાછળ પાછળ છું.

વિષ્ણુ ખરે, દિલ્લી

૧૯ નર્મદા-સૌંદર્યથી અભિભૂત વેગડજીના ગદ્યનો હું કાયલ (પ્રશંસક) છું. એ ગદ્યમાં કવિતા છે અને એવી સહજ, સરલ, પ્રવહમાન કવિતા છે જાણે નર્મદા જાતે એ ગદ્યમાં વહેતી હોય. હિન્દીમાં આવું ગદ્ય, નદી અને આસપાસના જનજીવનનું આવું આત્મીય વર્ણન છે જ કેટલું !

વિષ્ણુ નાગર, દિલ્લી

૨૦ રામ-સીતાની આ જોડી વન વનમાં વિહરવાને બદલે એક નદીની પરિક્રમા માટે પોતાની ઈચ્છાથી નીકળી છે. તુલસીદાસે એ પૂરી ઘટના પોતાના મૃદુલ પદોમાં આપણને સુણાવી છે. વેગડે પોતાના શબ્દોમાં એ બધું કહી દીધું છે જે જે ત્યાં ગયા વગર ભાગ્યે જ જોઈ શક્યા હોત. એમનો નર્મદાપ્રેમ એમના પ્રત્યેક વાક્યમાં નીતરે છે. કાશ, આ જોડી વારે વારે ધરતી પર નવા નવા રૂપે જન્મ લેતી રહે.

નાસિરા શર્મા, દિલ્લી

૨૧ "તીરે તીરે નર્મદા"માંની આંતરયાત્રા પોતાનામાં એક અપૂર્વ અનુભવ છે. લોકચેતના અને લોકલયને નર્મદા સાથે જોડીને વેગડજીએ એને પૂરા પ્રમાણ સાથે પ્રસ્તુત કરી છે, પૂરું પુસ્તક એક સરસ કવિતા છે. એની સહજતા એની શક્તિ છે. એની સર્જનાત્મકતા આપણું મન મોહી લે છે.

કૃષ્ણદત્ત પાલીવાલ, દિલ્લી

૨૨ "તીરે તીરે નર્મદા" પ્રકૃતિની સંસ્કૃતિ યાત્રા છે. લેખક નર્મદાના માત્ર સૌંદર્યનો જ આનંદ નથી લેતા, બલકે નદીકાંઠેના નદીકાંઠેના નદીકાંઠેના જનજીવનની ધડકન પણ છે આમાં. નર્મદાના છિન્નભિન્ન થઈ રહેલા સૌંદર્યની ચિંતા આ પુસ્તકને એમના પ્રથમ બે પુસ્તકોથી જુદું પાડે છે અને સમય-સાપેક્ષ પણ બનાવે છે.

પ્રભાત રંજન, દિલ્લી

૨૩ ટાઢ-તડકો, વરસાદ, મગર, સાપ, પાગલ, શરાબીનો સામનો કરતી, જોખમથી ભરેલી કષ્ટપૂર્ણ યાત્રા ! આપના જ વશની વાત છે. આપની કલ્પનાશીલતા અને ઉપમાઓ ઉપમાઓ છે. "ઉપમા અમૃતસ્ય" કહેવાનું મન થાય છે. ક્યારેક કાન્તાજીની સાથે અલવર આવો.

શચી આર્ય, અલવર (રાજસ્થાન)

૨૪ હું મરાઠીભાષી છું, છતાં પુસ્તક વાંચવામાં ખૂબ આનંદ આવ્યો. તમારી ભાષા ખૂબ સરળ છે ક્યાંય પ્રદર્શન નહીં, આડંબર નહીં, જાણે દેહાતની નિસર્ગકન્યા !

ધર્માવત તારાચંદ, પુણે

૨૫ મહાદેવી વર્માના ગદ્ય પછી આવી સરસતા અન્યત્ર નથી જોઈ. "સૌંદર્યકી નદી નર્મદા" વાંચીને મેં તરત સાહિત્યિક રુચિવાળાં મારાં મારાં ફોન લગાવ્યો. એમણે તો એ પહેલેથી જ વાંચી લીધું હતું ! એમણે કહ્યું કે "સૌંદર્યકી નદી નર્મદા" કો પઢના નર્મદાકો જીના હૈ. મેં કહ્યું, ના, જીના નહીં, યહ તો નર્મદાકો પીના હૈ હૈ શબ્દ-દર-શબ્દ, ઘૂંટ-દર-ઘૂંટ પીવું અને પછી અસીમ તૃપ્તિ !

ગીતાંજલિ દુબે ઉજ્જૈન

૨૬ "સૌંદર્યકી નદી નર્મદા" તો હું વાંચતી જ રહું છું. ન જાને કેટલી વાર અંતિમ પૃષ્ઠ પર પહોંચતી અને તરત ભાગીને પ્રથમ પૃષ્ઠ પર આવી જતી ! પહેલી વાર વાંચતી વેળા અમુક અંશોને રેખાંકિત કરેલા. વળી પાછું એમ જ. બાદમાં જોયું કે આખું પુસ્તક જ રંગી ચૂકી હતી ! કેટલાય અંશો તો મેં ગોખી લીધા છે જેથી જ્યારે પુસ્તક ન હોય, ત્યારે એમાંથી જ રસ લઈ શકું.

પ્રતિમા એસ. મૈથ્યુ, ભોપાલ

૨૭ એવું લાગે છે કે આ પરિક્રમામાં હું પણ તો હતો આપની સાથે. સાચું માનજો,

આપની નર્મદા-પરિક્રમા આ પુસ્તકોના માધ્યમથી નિરંતર ચાલતી રહેશે અને મારા જેવા યાત્રી જ્યારે મન થશે ત્યારે આપની સાથે સામેલ થતા રહેશે.

વ્રજેશ શર્મા, ઈન્દોર

૨૮ આ કૃતિઓ કૃતિઓ ઋચાઓની જેમ પ્રકૃતિની વચ્ચે જીવન-વ્યાપારની કવિતાઓ છે. હિન્દીમાં આટલું સાર્થક સૌંદર્ય, આટલું મધુર અને કલ્યાણકારી અંકન દુર્લભ છે. આના લેખક વેગડજી લેખકોની વચ્ચે કિંવદંતી-પુરુષ બની ગયા છે.

કમલા પ્રસાદ, ભોપાલ

૨૯ તમારું ગદ્ય એટલું જીવંત અને અને છે કે અેને અેને અેને યાત્રા-વૃત્તાંતની પરિધિમાં મૂકવું અેને અેને અેને જાણીજોઈને સીમિત કરી દેવા જેવું છે. એક મહાકથા અને મહાકાવ્યના બધા જ ગુણો આ યાત્રા-વૃત્તાંતોમાં છે. એ માનવીય ઉષ્માથી એટલા તો ભર્યાભર્યા છે કે સાહિત્યની અનેક વિધાઓને એકસાથે સ્પર્શ કરે છે. નર્મદાયાત્રાની હોંશ પણ જગાડે છે તમારા શબ્દ.

કુમાર કુમાર અંબુજ, ભોપાલ

૩૦ વેગડજીના દળમાં સામેલ થઈને નર્મદાકાંઠે ચાલ્યા બાદ લાગ્યું કે નર્મદાના ધ્વનિ અને વેગડજીના શબ્દો વચ્ચે કેટલું બધું સામંજસ્ય છે ! સૂર અને તાલની આ લયબદ્ધતાને નજરે નિહાળવું અદ્ભુત રહ્યું. નર્મદા વિશે લખતાં, વિચારતાં, સ્કેચ કરતાં અને પરિક્રમા કરતાં તેઓ સ્વયં નર્મદા બની ગયા છે.

રાજીવ મિત્તલ, આગ્રા

૩૧ વેગડને સાહિત્ય અકાદમી, દિલ્લીના સભાગારમાં સાંભળવા એક વિરલ અનુભવ હતો. વેગડના કથારસમાં તો જાણે પૂરો ઉપસ્થિત સમાજ તણાઈ ગયો, જ્યારે એમણે બે ભાષાઓ – ગુજરાતી અને હિન્દીની નિર્મલ ધારા અને પરંપરાને એકાકાર કરી બતાવી. નર્મદાના આ યાત્રીએ બહુ સાદગી સાથે પોતાના લેખન, સૌંદર્યબોદ્ધ મસ્તી તથા પદયાત્રામાં મળેલ મહેકની ઝીણામાં ઝીણી વિગત રજૂ કરી.

પ્રતાપસિંહ, દિલ્લી

૩૨ તમારાં પરિક્રમા પુસ્તકો વાંચીને મેં ઘણું બધું મેળવ્યું. તમારાં પ્રેરણાસ્રોત પ્રેરણાસ્રોત પ્રેરણાસ્રોત જીવનસંગિની તમારી આ સાંસ્કૃતિક રઝળપાટમાં સામેલ થયાં, આ બહુ મોટી વાત છે.

પ્રદીપ પંત, દિલ્લી

૩૩ તમારી અનૂઠી ઉપમાઓની સ્તુતિ કરું કે સહજ, સરળ શૈલીની સરાહના કરું, તમારી ચિત્રાત્મક ભાષાની દાદ દઉં કે તમારાં રેખાંકનોની પ્રશંસા કરું ! તમે મને નર્મદાની પરિક્રમા કરાવી દીધી. પ્રત્યક્ષ કરી હોત તો કદાચ આટલો આનંદ ન લઈ શકી હોત. ત્યારે ત્યારે યાત્રાનાં કષ્ટો કષ્ટો જ વધુ યાદ આવત. ઘરમાં બેસીને તમારી કલમના સહારે મેં પરિક્રમાનું પુણ્ય લૂંટી લીધું છે. આજન્મ ઋણી રહીશ.

માલતી જોશી, ભોપાલ

૩૪ પુસ્તક વાંચતા ઉંમર થઈ ગઈ. કેટલાંક પુસ્તકો વારે મન થાય એવાં હોય છે, પણ ‘‘સૌંદર્યકી નદી નર્મદા’’નો તો પાઠ કરવાનું મન થાય છે. આને વાંચીને તો વ્યક્તિમાં સૌંદર્યનું ઝરણું જ ફૂટી નીકળે છે. મારું ચાલે તો હું પુસ્તકની હજારો નકલો છાત્રો અને વાચકો વચ્ચે વહેંચાવું.

રામશંકર દ્વિવેદી, ઉરઈ (ઉ.પ્ર.)

૩૫ “અમૃતસ્ય નર્મદા” (ગુજરાતીમાં “સૌંદર્યની નદી નર્મદા”)નું એક એક બુંદ મન-પ્રાણમાં ઊતરતું ગયું. વેગડજીની કલમમાં જાદુ છે, એક આત્મીય સંમોહન છે. કરાડો-કોતરોમાં કાન્તાજીને એમની સાથે જોઈને અત્યંત સુખદ અનુભૂતિ થઈ.

શૈવાલ સત્યાર્થી, ગ્વાલિયર

૩૬ આખા દેશમાં એવો બીજો કલાસાધક નથી કે જે એક પવિત્ર નદીની સાધનાને બહાને પ્રકૃતિ અને પર્યાવરણની રક્ષા કાજે પોતાને ન્યોછાવર કરી રહ્યો હોય. ૮૨મા વર્ષમાં પ્રવેશ કરી ચૂકેલા વેગડજીની સંકલ્પ-ચેતના અને ઉદ્યમનો બીજો કોઈ વિકલ્પ નથી.

કિશન કાલજયી, દિલ્લી

૩૭ પોતાના અનુભવોને કવિત્વનો સંસ્પર્શ આપીને વેગડે “અમૃતસ્ય નર્મદા”ને એક ક્લાસિક ગ્રંથ બનાવી દીધો છે. કાન્તાબહેનના આલેખમાં એટલાં માર્મિક અને હૃદયસ્પર્શી વર્ણન આવ્યાં છે કે કોણ જાણે કેમ, હું વારંવાર રડ્યો. એમનો પૂરો લેખ પારિવારિક આચારસંહિતાનો કવિત્વપૂર્ણ દસ્તાવેજ બની ગયો છે.

રાજેશ્વર વર્મા લલિત, ધનબાદ

૩૮ આપનાં આપનાં આપનાં આપનાં આપે ક્યારેક હસાવ્યા તો ક્યારેક રડાવ્યા. હું ખરે જ આશ્ચર્યચકિત આશ્ચર્યચકિત આશ્ચર્યચકિત છું કે આપે આપે આપે આપે કુશળતાપૂર્વક વાચકોને નર્મદાની સાથે સાથે ખુદ આપનાથી પણ જોડી રાખ્યા છે.

આભા, વારાણસી

૩૯ વેગડજીનું લક્ષ્ય માત્ર પોતાના માટે પુણ્ય અર્જિત કરવાનું નથી. એમના લેખનના માધ્યમથી અસંખ્ય લોકો નર્મદાની પરિક્રમા કરી ચૂક્યા છે. ગુજરાતીભાષી વેગડજી માટે માટે જેમ હિન્દી પણ ઉપાસ્ય બની ગઈ છે. એમના હૃદયનો કાવ્યરસ અને કાવ્યપ્રવાહ એમનાં ગદ્યમાં ઊભરાઈ આવે છે.

શારદા પાઠક, જબલપુર

૪૦ આપનાં પુસ્તકોએ મને ભીતરથી નવડાવી દીધો. આટલું નિર્મળ પુસ્તક, મહાત્મા ગાંધીની આત્મકથા પછી, હવે આવ્યું છે.

અજાતશત્રુ, ઉલ્હાસનગર

૪૧ “બુઠી નદી અને બૂઢો યાત્રી” વાંચીને ગદ્ગદ થઈ ગયો. હું ૨૩ વર્ષનો છાત્ર છું. કોઈક યાત્રામાં આપની જોડે ચાલવા ઈચ્છું છું. મને નર્મદાનો અને અને આપનો સંગાથ એક સાથે મળી રહેશે અને આપને મળશે એક યુવા બોજો ઊંચકનાર.

અભિમન્યુસિંહ લોધી, ગ્વાલિયર

૪૨ તમારાં પુસ્તકો વાંચીને અમે નીકળી પડ્યા પરકમ્મા પર. હજુ સુધી ચાર નાની નાની પદયાત્રાઓ કરી ચૂક્યા છીઅ઼ે. યાત્રાઓ નેમાવર અને મહેશ્વરની વચ્ચે રહી. બધા વિવેકાનંદ યુવામંડળથી જોડાયેલા છીએ.

રવિશંકર ભાટિયા, ઈન્દોર

૪૩ આપનાં પુસ્તકોથી પ્રેરણા લઈને અમે નર્મદા પદયાત્રાનો સંકલ્પ લીધો છે. દર વર્ષે નવેમ્બરમાં દસ દિવસ ચાલવાનો સંકલ્પ છે. પ્રથમ ચરણમાં હંડિયાથી ખલઘાટ સુધી ચાલી ચૂક્યા છીએ. આપના સમયના કેટલાય માર્ગ વિલુપ્ત થઈ ગયા છે.

રવિન્દ્રકુમાર રવિન્દ્રકુમાર અંબાડકર, ભોપાલ

૪૪ તમે નાનાં નાનાં વાક્યોમાં એટલા જીવન-મર્મ, એટલા પ્રકૃતિ-દૃશ્ય અને એટલા માનવીય પ્રસંગ પરોવી દેવામાં સક્ષમ છો કે અચરજ થાય છે. તમારા અનૂઠા ગદ્યનો તો હું શરૂથી જ પ્રશંસક રહ્યો છું. તમારા પુસ્તકોથી મેં ઘણું મેળવ્યું છે.

પ્રયાગ શુક્લ, દિલ્લી

૪૫ વેગડ દાયકા પહેલાં પહેલાં પહેલાં મારા પ્રિય બન્યા, મળ્યા વગર જ. શ્રદ્ધાના કેન્દ્ર. એમનું જીવન ધન્ય છે. એમના માટે નહીં, આપણા માટે. એમને વાંચતાં વાચક વિરાટ સાથે જોડાય છે. સૃષ્ટિનાં પાવન તત્ત્વોનો સ્પર્શ કરે કરે છે. જ્યારે જ્યારે નર્મદાદર્શનની ઈચ્છા થાય છે, વેગડજીનાં સંસ્મરણોને વાંચું કેમ કે આ માત્ર સંસ્મરણો નથી પણ મનુષ્યના મનને સૃષ્ટિ, પ્રકૃતિ અને માનવીય ગુણો સાથે જોડનાર સેતુ છે.

હરિવંશ, રાંચી

૪૬ બ્યાસી વરસનો આ બૂઢો બાળક / પરિક્રમા કરી રહ્યો છે પોતાની માની ઉમંગપૂર્વક / યૌવન એનાથી શરમાતું / એની રગોમાં નર્મદાનું રક્ત દોડી રહ્યું / મૃત્યુ આગળ ઊભો આ નિર્ભીક વૃદ્ધ શિશુ / સાથે છે એની જન્માંતરોની સખી / રાધા, જેને હું કાન્તાબહેનના રૂપે પિછાણું છું.

દેવવ્રત જોશી, રતલામ

૪૭ આપના ગદ્યમાં રહેલી પવિત્રતા, શુચિતા જોઈને લાગે છે કે આપ જાણે જન્મજન્માંતરથી નર્મદાની પરિક્રમા કરી રહ્યા છો. નહીં તો શું માત્ર એક જ જન્મમાં નર્મદાજીના અંત:સ્થલમાં આવો પ્રવેશ સંભવ થઈ શકે ?

શત્રુઘ્ન ચતુર્વેદી, સાગર

૪૮ સંજય થકી ધૃતરાષ્ટ્ર મહાભારતના યુદ્ધનો આંખો દેખ્યા હાલ જાણી શક્યા. મારા જેવા કેટલાય ધૃતરાષ્ટ્રોને આપે સૌંદર્યદૃષ્ટિ પ્રદાન કરી છે. આપના સહસ્રો વાચકોને આપે જે દિવ્ય સૌંદર્યદૃષ્ટિ આપી છે, એ અવર્ણનીય છે.

ગજાનન વૈદ્ય, મહૂ

૪૯ શ્રી વેગડ સતત યાત્રી છે. નર્મદા પછી એમણે એની સહાયક નદીઓની ખોજ-ખબર લેવી શરૂ કરી દીધી છે. નવી કેડીઓ કંડારતા જઈ રહ્યા છે – ચરૈવેતિ, ચરૈવેતિ.

સરયૂકાન્ત ઝા, રાયપુર

૫૦ મુગ્ધ થઈ ગયો, પૂરેપૂરો ! બસ નર્મદામાં તણાઈ રહ્યો છું. હા, એ પણ કહેવું જોઈએ કે આવતે વર્ષે અમારા હિન્દીના પાઠ્યક્રમમાં ''સૌંદર્યકી નદી નર્મદા''ના કેટલાક ચૂંટેલા અંશ લેવામાં આવશે, જેથી અમારા વિદ્યાર્થીઓને પણ નર્મદામાં ડૂબકી લગાવવાનો આનંદ મળે.

રૂપર્ટ સ્નેલ (રીડર, હિન્દી વિભાગ, લંડન વિશ્વવિદ્યાલય)

૫૧ વેગડના લેખનમાં જે પવિત્ર સમર્પણ, વિનમ્રતા અને પૂજાભાવ છે, એ જ એમનાં યાત્રા સંસ્મરણોનો પ્રાણ છે. આ એમની ભાષાના સહજ લયમાં ધબકે છે. આ લેખકની સિદ્ધિ છે. આ સિદ્ધિ કઠણ સાધનાથી સિદ્ધ થાય છે. નર્મદા વેગડજી માટે નદી નહીં, પણ એમનું જીવન છે. આ એમનાં સંસ્મરણોની આત્મીયતામાં શકાય છે.

વિશ્વનાથ પ્રસાદ તિવારી, ગોરખપુર (ઉ.પ્ર.)

ગુજરાતી લેખકો / વાચકોના અભિપ્રાય

૧ ''નવનીત સમર્પણ''માં તમારા લેખ વાંચું છું. એ જ હળવા વિનોદવાળી શૈલી અને નર્મદા માટેનો અગાધ પ્રેમ. વહાલાં વહાલાં કાન્તાબહેનના પણ મીઠા ટહુકા સંભળાયા કર્યા. અમે વચ્ચે શાંતિનિકેતન જઈ આવ્યાં. તમારું પુસ્તક "સ્મૃતિઓનું શાંતિનિકેતન'' લઈને ગયાં હતાં એમાં તમારું બંગાળી શીખવાનું ને તમારા નામનો બંગાળી ઉચ્ચાર એ બધું વાંચી બહુ રમૂજ પડી.

કુન્દનિકા કાપડીઆ, નંદિગ્રામ

૨ ''અરધી સદીની વાચનયાત્રા ભાગ-૩''માં સૌથી લાંબો, ૧૩ પાનાંનો લેખ થયો છે શ્રી અમૃતલાલ વેગડનો. એમનું પુસ્તક "સ્મૃતિઓનું શાંતિનિકેતન'' મને બહુ ગમી ગયું છે. ''મિલાપ'' નામનું નવું દૈનિક શરૂ થવાનું હોય તો હું તો એમને અમેરિકાની થોડા માસની સફરે મોકલું અને મિસીસીપી મૈયાની પરિક્રમાની લેખમાળા લખાવું ! એમનું મુગ્ધ બાળકપણું સહુ વાચકોના નસીબમાં વરસો સુધી માણવાનું રહો !

મહેન્દ્ર મેઘાણી, ભાવનગર

૩ શ્રી અમૃતલાલ વેગડે એમનાં પંચોતેરમા વર્ષે અમૃતપર્વે – પત્ની કાન્તાબહેન સાથે નર્મદાની ફરીથી પ્રદક્ષિણા શરૂ કરી. એ દરમિયાન નર્મદાના સૌંદર્યમાં તેઓ એવા તો ઓગળી ગયા કે ''અમૃતલાલ'' ન રહ્યા; ''અમૃત'' રૂપે જ અવશિષ્ટ રહ્યા. એ અમૃતને ઘૂંટડે ઘૂંટડે આસ્વાદવાનો અવસર આજે સાંપડ્યો છે. આપણે એનો મોકળા મને લાભ ઉઠાવીએ.

ચંદ્રકાન્ત શેઠ, અમદાવાદ

૪ ''સ્મૃતિઓનું શાંતિનિકેતન'' વાંચી લીધું. તમારી બળકટ ભાષામાં હૃદયને સ્પર્શી ભાવો જગાડી શકવાની શક્તિને પરિણામે અવારનવાર ભાવવિભોર થઈ આંખમાં ઝળઝળિયાં આવી જતાં. આથી થોડી થોડી વારે પુસ્તક તક એકબાજુ મૂકી આંખો ધોવા જવું પડતું હતું.

જ્યોતિ ભટ્ટ, વડોદરા

૫ ''નવનીત સમર્પણ''માં તમારા લેખો જોયા, એમાંનું કેટલુંક તમારા અનુભવના નિચોડ જેવું આંતર્દર્શી છે. એવું ઘણું ઊંડું ઊતરે અને સ્પર્શી જાય. શાંતિનિકેતનના જૂના અંતેવાસીઓને તેમ જ અંગત મિત્રોને મોકલવા માટે તમારા પુસ્તકની કેટલીક નકલો લીધી છે.

ગુલામ મહોમ્મદ શેખ, વડોદરા

૬ નામાંકિત ચિત્રકાર અને સાહિત્યકાર અમૃતલાલ વેગડના શાંતિનિકેતનના વિદ્યાર્થીજીવનનાં સંભારણાં વાંચીને ત્યાં ઊડીને જવાનું મન થયેલું.

તારક મહેતા, અમદાવાદ

૭ અમૃતલાલભાઈ નર્મદાપુત્ર તો છે જ, પણ વધારામાં શાશ્વતીનો સ્પર્શ પામેલા કળાકાર

પણ છે. આધુનિક કે અનુઆધુનિક કળાના ચોકઠામાં એમની મોટા કાઠાની કળાને બેસાડી શકાય એમ નથી.

અશ્વિન મહેતા, તીથલ-વલસાડ

૮ અમૃતલાલ વેગડની કલમે નર્મદાની સફર માણવી એટલે દીવાનખાનામાં સૂતાં સૂતાં ટીવી પર જામેલી મૅચ જોવી ! આપણે તો ઘેર બેઠે નર્મદા !

સોનલ રાજીવ બક્ષી, ગાંધીનગર

૯ વેગડનાં પરિક્રમા પુસ્તકો વાંચતી વેળા એવું લાગે છે કે જાણે આપણે વેગડના વરઘોડામાં જાનૈયા થઈને જોડાયા હોઈએ.

ચંદ્રકાન્ત ભટ્ટ, અમદાવાદ

૧૦ વેગડનાં નર્મદાયાત્રા ગ્રંથની વિશેષતા એ છે કે તમે ગમે તે પૃષ્ઠથી વાંચો, તો ય તેનો ભાષા-પ્રવાહ અને સૌંદર્ય તરત જ વાચકને વહેતા કરી દેશે. નર્મદાનાં જળ તો જ્યાંથી અંજલિ ભરો, ત્યાં મીઠાં !

બકુલ ટેલર, સુરત







